Gopi : Premni Dhwaja (Comentery on Bhramargit)
Written by Prof. Rajan Kadia, Mehsana

પ્રકાશક : શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન
'શ્રી વલ્લભકૃપા', ૪/ વિવેક એપાર્ટમેન્ટ,
નવરંગપુરા ટેલિફોન એક્ષચેન્જ પાછળ, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૪૦૯૪૫૯

●

© કોપીરાઇટ : **પ્રા.રાજન કડીયા, મહેસાણા**
(લખાણના સર્વ હક્ક લેખકને સ્વાધીન)
ચિત્રોના હક્ક પ્રકાશકને સ્વાધીન

●

પ્રથમ આવૃતિ :
ફાગણ સુદ ૧૫, સં.૨૦૫૪
માર્ચ,૧૯૯૮
પ્રત : ૧૧૦૦

●

મુદ્રક : દિલીપ રાજન કડીયા
ભાગ્ય મુદ્રા (ઑફસેટ યુનિટ)
૧૫૮, જી.આઈ.ડી.સી., ફેઝ-૧
હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨
ફોન :૫૫૦૩૩

●

આર્ટ પ્લેટ તથા આવરણ :
મુદ્રણ સ્થાન : **બીમ ઓફસેટ પ્રા.લિ.**
બેઝમેન્ટ,ગોયેલ ટાવર, સહજાનંદ કૉલેજ રોડ,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫

●

પોઝીટીવ : મલ્ટી સ્કેન ગ્રાફિક્સ
બી-૭, મહાકાંત કોમ્પલેક્ષ, વી.એસ.હોસ્પિટલ સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬



પ.ભ. શ્રી નિતિનચંદ્ર ભાઈશંકર જાની
પ.ભ. શ્રી ત્રિવેણીબેન નિતિનચંદ્ર જાની
શ્રી ઠાકોરજીના ચરણકમળમાં સૈન્ય દંડવત પ્રણામ

અર્પણ

શુદ્ધાદ્વૈત વેદાંતના પ્રસારક અને પોતાની ચરણરજથી
પુષ્ટિમાર્ગીય નિજસેવકોની ચિંતાઓના વિદારક
નિ.લી.પૂ.પા.ગો. શ્રી વ્રજરાયચરણ મહારાજશ્રી
(રાજનગર-અમદાવાદ)
નાં પાદપદ્મોમાં સાદર.
આપશ્રીએ જ્ઞાનરૂપી અંજન-શલાકા વડે અજ્ઞાનરૂપી
અંધકારથી અંધ બનેલાં અમારાં નેત્રોને ઉઘાડયાં છે.
આપશ્રીના કૃપાબળે જ **'ગોપી : પ્રેમની ધ્વજા'**
ગ્રંથના પ્રકાશનની અમને પ્રેરણા મળી છે.
પુષ્ટિ-સાહિત્ય-ઉદ્યાનમાં નવપલ્લિત આ પુષ્પ
આપશ્રીનાં ચરણકમળમાં સમર્પિત કરી
કૃતાર્થતા અનુભવું છું.

આપશ્રીની ચરણરજના અભિલાષી
મહેન્દ્રભાઇ મો.શાહનાં
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

અનુક્રમણિકા

- મૂકં કરોતિ વાચાલમ્ (પ્રસ્તાવના) 05
- પ્રકાશકનું નિવેદન 15
- 'ભ્રમર ગીત ': ભાવના 19
- વંદના (પ્રા.વીણાબેન શેઠ) 20
- આશીર્વચનો અને આવકાર 21

૧. વહાલો લાડ કરીને બોલાવે રે ૦૧
૨. પ્રેમપંથ પાવકની જ્વાળા ૦૯
૩. પ્રીતિ કરી કાહૂ સુખ ન લહ્યો ૨૩
૪. સખા સખા કછુ અંતર નાહીં ૩૬
૫. ઉદ્ધવ, બેગિ હી બ્રજ જાહુ ૪૯
૬. બિન ગોપાલ બૈરિન ભઇં કુંજૈં ૫૯
૭. પાતી લિખિ, ઊધો કર દીન્હીં ૭૫
૮. હમ તેં કછુ સેવા ન ભઇ ૮૬
૯. ઊધો કો ઉપદેશ સુનો, બ્રજનાગરી ૧૦૦
૧૦. પાતી મધુબન તેં આઇ ૧૧૪
૧૧. નિર્ગુન કૌન દેશકો વાસી ? ૧૩૨
૧૨. મધુકર, તુમ હો સ્યામ-સખાઇ ૧૪૭
૧૩. ઊધો, મન નાહિં દસ-બીસ ૧૬૪
૧૪. ગોપી : પ્રેમની ધ્વજા ૧૭૯
પરિશિષ્ટ-૧ : ગોપી-ઉદ્ધવ સંવાદ (સૂરદાસ) 01
પરિશિષ્ટ-૨ : મૂળ ભ્રમરગીત (અનુવાદ સાથે) 04
પરિશિષ્ટ-૩ : ગ્રંથ-પ્રકાશનમાં દ્રવ્યસહાય આપનાર દાતાઓની સૂચિ 13

(કુલ પેજ ૪૮ + ૧૯૨ + ૩૨ = ૨૭૨ + ફોટા =૩૭૬)

પ. પૂ. પા.



પ.ભ. શ્રી મહેન્દ્રભાઇ મોહનલાલ શાહ
પ.ભ. શ્રી તરલાબેન મહેન્દ્રભાઇ શાહ
પૂ. પા. શ્રી ના ચરણકમળમાં સદૈન્ય દંડવત પ્રણામ

મૂકં કરોતિ વાચાલમ્

'ભ્રમર ગીત'પરંપરાનું બીજ શ્રીમદ્ભાગવતમાં પડેલું છે. એમાં મુખ્યત્વે તો ભક્તિનો ઉત્કર્ષ જ્ઞાનથી જ થાય છે ; પરંતુ એ જ્ઞાન ભક્તિ રસમાં ઑગળી જવું જોઈએ, એ દર્શનની સ-રસ ચર્ચા સૂરદાસજીના ભ્રમરગીતમાં દેખાય છે. અન્યોક્તિ દ્વારા 'ભ્રમર'નેબહાને શ્રીકૃષ્ણને અને ઉદ્ધવજી સુધ્ધાનેં ખટમીઠાં મહેણાં સંભળાવાય છે. આ જ કારણે ભ્રમરગીત ઉપાલંભ કાવ્ય કહેવાય છે. ઉપાલંભ એ મીઠો ઠપકો છે. કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ **'કાન્તાસમ્મિત તયોપદેશયુજે'** નું સુંદર દૃષ્ટાંત છે. તેમાં "કાન્તા " ભાવે પ્રિયતમને ગમે તે કહી શકાય,છતાં એમાં ઔચિત્ય ભંગ ન થાય, એવી મોહિની છે. "ભ્રમરગીત" માં પણ મનરૂપી ભમરાને ગોપીરૂપી ભક્ત આવો જ ઠપકો આપે છે, એ વાત સૂરદાસજીનાં પદોમાં સહજ-મધુર રીતે ગુંથાઈ છે.

કૉલેજના મારા અભ્યાસકાળ દરમ્યાન અને તે પછી કૉલેજમાં અધ્યાપન નિમિત્તે ત્રીસ વર્ષ સુધી બી.એ અને એમ.એ.ના વિદ્યાર્થીઓને અવારનવાર ભ્રમરગીત ભણાવવાનો અમૂલ્ય સંયોગ સાંપડેલો. પરંતુ કૉલેજ-સેવામાંથી છ વર્ષ વહેલી સ્વૈચ્છિક નિવૃતિ લીધા પછી તરત શ્રીવલ્લભની કૃપાથી "વૈષ્ણવ પરિવાર" માસિકનું તંત્રીપદ સંભાળવાનો યોગ થયો. પૂજ્યપાદ ગો.શ્રી ઇન્દિરા બેટીજી હાથમાં કલમ પકડાવવાનું નિમિત્ત બન્યાં. આપશ્રીના આશીર્વાદથી શ્રી સુબોધિનીજીની જેવા ગ્રંથો પ્રત્યે અભિરુચિ જાગી. ખાસ કરીને તામસ પ્રકરણમાં આવેલ 'રાસપંચાધ્યાયી' પરનાં શ્રી સુબોધિનીજી અવલોકતાં સુખદ આશ્ચર્ય થયું કે અગાઉ શ્રી કૃષ્ણ,ગોપીજનો અને રાસલીલા વિશે મારી જે અવધારણા હતી, તેવધારે દૃઢ થઈ, એથી ગોપીગીત વગેરેનું આસ્વાદન કરવાનો ને ઉપનિષદોના બ્રહ્મ-ચિંતનનો બ્રહ્મવાદના સંદર્ભમાં પુનઃસ્વાધ્યાય કરવાનો મનોરથ જાગ્યો.

પરાભક્તિની અભિવ્યક્તિ :

'ભ્રમરગીત'બાહ્ય રીતે તો મીઠો ઠપકો આપતું હૃદયગાન છે ;પરંતુ એના મૂળમાં છે વિપ્રલંભ શૃંગારમંડિત પરમ પ્રેમની - પરાભક્તિની ભાવના. આચાર્યોએ ભક્તિના મુખ્ય બે પ્રકાર ગણાવ્યા છે : (૧) **ગૌણી અથવા અપરાભક્તિ** અને (૨) **પરાભક્તિ.** ગૌણી ભક્તિ સાધનરૂપા છે. જ્યારે પરાભક્તિ સાધ્યરૂપા છે. લૌકિક વિષયો અથવા કામનાઓની પૂર્તિ માટે પૂજા-ઉપાસના, શ્રવણ-કીર્તન વગેરે સાધનરૂપ છે. તે સકામ ભક્તિ પણ કહેવાય છે. જ્યારે ભગવાનનાં **પરમપ્રેમ** (તાદૃશી અવસ્થા અથવા સિધ્ધદશા) જાગે, તે સાધ્યરૂપા છે. અનાસક્ત-નિર્લેપભાવે,સહજ રીતે પ્રભુમાં જે નિષ્કામ પ્રેમ જાગે તે સાધ્યરૂપા-પરાભક્તિ છે. શાંડિલ્ય ભક્તિસૂત્રમાં કહ્યું છે, **'સા પરાઽનુરક્તિરીશ્વરે'**- 'તે (ભક્તિ) ઇશ્વરમાં પરમ અનુરાગરૂપ છે.' નારદ-ભક્તિસૂત્રમાં પણ કહ્યું છે કે 'ભક્તિને લીધે સંત-પુરુષોના હૃદયમાં અધિષ્ઠિત થયેલા ભગવાન, ભક્તને વશ થયેલા હોઇ, તેમના હૃદયમાંથી દૂર સરકી જઇ શકતા નથી.'

રસસાગર શ્રીમદ્ ભાગવત :

શ્રીભાગવતજી તો ભક્તિરસનો સાગર છે. વેદરૂપી કલ્પવૃક્ષનું પરિપક્વ સુમધુર ફળ છે. શુકદેવજીના પવિત્ર મુખસંબંધના લીધે પરમાનંદરૂપ અમૃતથી ભરપૂર છે. એ ફળમાં નથી ગોટલી કે નથી છાલ;બસ રસ જ રસ છે. વળી, શ્રીપ્રભુના દ્વાદશ અંગરૂપ શ્રીભાગવતજીનો દશમ સ્કંધ તો હૃદયરૂપ ગણાયો છે. આથી એમાં સારરૂપે કહેવાયેલી વિરહ-વ્યથા કથા અધિકારી ભક્તકવિઓના હૃદયમાં, બીજમાંથી ઘેઘૂર વડલો પ્રગટે તેમ, તેમાંના ભાવને વિવિધ ભાવભંગીઓ સાથે સ-રસ રીતે વિકસી છે. ખાસ કરીને અષ્ટછાપ મહાનુભાવો સૂરદાસ,નંદદાસ,પરમાનંદદાસ અને કૃષ્ણદાસે પણ 'ભ્રમરગીત'પર પદરચના કરી છે.

શ્રી કૃષ્ણ જ્યારે રાસલીલા-પ્રસંગ પછી મથુરા ચાલ્યા જાય છે, ત્યારે ગોકુલમાં ગોપીજનો એમના વિરહમાં તડપે છે. શ્રીકૃષ્ણને એટલી ફુરસદ મળતી નથી કે ગોકુળ જઇને તેઓ ગોપીઓની વિરહવેદના શાંત કરી શકે.આથી પોતાના અંતરંગ મિત્ર ઉદ્ધવજીને પોતાના દૂતરૂપે ગોકુળ મોકલે છે, જેથી તેઓ માતા યશોદા,પિતા નંદ, ગોપસખા તથા આત્મસ્વરૂપ ગોપીજનોના ખબરઅંતર પૂછી એમને સાંત્વના આપે. શ્રીકૃષ્ણના આદેશ મુજબ ઉદ્ધવજી ગોકુલમાં જઇ નંદ-યશોદાને ક્ષેમકુશળ પૂછી, શ્રીકૃષ્ણનો સંદેશો આપે છે.તેઓ જલદી પાછા આવશે જ એવું આશ્વાસન પણ આપે છે. પછી ગોપીઓ સાથે પણ વાર્તાલાપ થાય છે. એમાં શ્રીકૃષ્ણ પરબ્રહ્મ રૂપ છે, સૌના હૃદયમાં નિત્ય રહેલા છે;આથી એ આત્મારામના વિયોગમાં દુ:ખી ન થવા સમજાવે છે. આમ 'ભ્રમરગીત'માં ઉધ્ધવ-ગોપી સંવાદ છે અને શ્રીમદ્ ભાગવતમાં તો આ પ્રસંગ આલેખતા માત્ર દશ જ શ્લોક છે.તો પછી આ પ્રસંગ 'ભ્રમરગીત'કેમ કહેવાયો ! એવો સવાલ થાય તે સ્વાભાવિક છે. એના આધ્યાત્મિક રીતે અને ભક્તિમાર્ગની રીતે જુદા જુદા શબ્દોમાં જે જવાબ સામે આવ્યા છે, તે બધામાં મૂળ વિભાવના એક જ છે અને તે છે આકસ્મિક એક ભમરાનું આગમન. એને જોઇને ગોપીઓ દ્વારા એને સંબોધીને કહેલી પોતાના હૃદયની વાત.

'ભ્રમરગીત'નામકરણ :

ભાગવતકાર સામે સમસ્યા આવી : ઉદ્ધવજી શ્રીકૃષ્ણના દૂત હતા, તેમના પરમ મિત્ર હતા અને યાદવોના મંત્રી પણ હતા. ઉપરાંત, અહીં વ્રજમાં તો તે અતિથિ બનીને આવેલા. હિન્દુ સંસ્કૃતિ વિવેક-આધારિત. પૂજ્ય અને અતિથિનો અનાદર ન કરાય. પરંતુ ગોપીઓ એક બાજુ તો વિરહાગ્નિથી બળતી હતી અને ઉપરથી પ્રાણેશ્વર શ્રીકૃષ્ણને નિર્દય જાણી એમના પર રોષે ભરાઇ હતી. વડીલ સામે વિરહ-વેદનાની વાત શી રીતે કરાય !અતિથિનું અપમાન પણ શેં થાય ! આમ, સામાજિક મર્યાદા જાળવવાની અને હૃદયનો ઉભરો ઠાલવવાની મથામણ વચ્ચે ભાગવતકારે અદ્ભુત માર્ગ કાઢ્યો. એમની વિવેકબુધ્ધિએ 'ભ્રમર'નું પાત્ર મૂકી આપ્યું, જેથી મર્યાદા પણ જળવાય અને હૈયાની વેદના પણ ઠલવાય. ઉદ્ધવ-ગોપી વાર્તાલાપ દરમિયાન જ એક ભમરો અચાનક ઊડતો ઊડતો આવ્યો અને એક ગોપીના પગ ઉપર બેસવા મથતો ગણગણવા માંડ્યો. બસ, ગોપીઓને લાગ મળ્યો. ઉદ્ધવજીને પડતા મૂકી, ભમરા પર વરસી પડી ! પુરુષ અને ભ્રમરની વૃત્તિ લગભગ એકસરખી-રસ ચૂસીને ઊડી જવાની. એમાંય ઉદ્ધવજીનો વર્ણ અને વેશભૂષા શ્રીકૃષ્ણ સમાન.શ્યામવાન અને પીત વસ્ત્ર. ભમરા સાથે પણ એનું અદ્ભુત

સામ્ય ! શ્યામ ભ્રમર અને પીળી પાંખો. ગોપીઓ ભમરાને વિષે ઉદ્ધવજીને અને અન્યોક્તિરૂપે શ્રીકૃષ્ણને લગભગ ઠોલવા જ માંડી !

'ભ્રમરગીત'પરમ્પરા :

આ પ્રસંગ પાછળ શ્રીભાગવતમાં રહેલી મૂળ વિભાવના કરતાં નંદદાસ કે સૂરદાસની દૃષ્ટિ ભિન્ન છે; અને અષ્ટછાપ કવિઓનો દૃષ્ટિકોણ આધુનિક 'પ્રિયપ્રવાસ'વગેરેમાં દેખાતો નથી. 'ઉદ્ધવશતક'માં એનો પુટ જોવા મળે છે.તુલસીદાસકૃત 'ભ્રમરગીત'(કૃષ્ણા-ગીતાવલી)માં તો શ્રીરામના ચરિત્ર અનુસાર ર્વત્ર મર્યાદાનું પાલન થયેલું દૃષ્ટિગોચર થાય છે. આ સમગ્ર ભ્રમરગીત-પરંપરાની વેશદ ચર્ચા હવે પછીનાં ઉપોદ્ઘાતરૂપ શરૂઆતની પ્રકરણોમાં કરેલ છે, તેથી મહીં માત્ર સંકેત કર્યો છે. એ પરંપરા બરાબર સમજાય, તો પ્રસ્તુત 'ભ્રમરગીત'નું હત્ત્વ આપોઆપ સમજાશે.

દ્ધવજીના વ્રજગમનનો હેતુ :

શ્રીકૃષ્ણ ઉધ્ધવજીને વ્રજમાં મોકલે છે, તેની પાછળ ભાગવતકારના બે હેતુ : (૧) માતાપિતાની કુશળતા પૂછી એમને દિલાસો આપવો અને (૨) ગોપીઓની રહ-વ્યથા દૂર કરવા એમને સમજાવવી. અહીં જ્ઞાનમાર્ગ કે યોગમાર્ગના ઉપદેશની સગુણ-નિર્ગુણ વચ્ચેના ઝઘડાની કોઇ વાત જ નથી. ઉદ્ધવજીને જ્ઞાનનું ગુમાન ા નથી કે ગોપીઓમાં ક્યાંય રોષ નથી. હા, શ્રીકૃષ્ણના અલૌકિક પરબ્રહ્મ રૂપ તરફ સંકેત જરૂર કર્યો છે.;પરંતુ સમયાનુસાર આ ઉદ્દેશ્યમાં ફેરફાર થતો ો અને ભક્તિકાળમાં મુખ્ય ઉદ્દેશ્ય બન્યો : જ્ઞાન ઉપર પ્રેમનો એટલે કે બુદ્ધિ ર હૃદયનો વિજય. નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસનાને બદલે સગુણ-સાકાર ની ભક્તિ-ભાવનાની શ્રેષ્ઠતા સાબિત કરવી.

આ ભાવનું ભાથું પણ એમને શ્રીમદ્ભાગવતના 'ભ્રમરગીત'માંથી (૧૦/ /૧૬) જ સાંપડ્યું છે.

વિસૃજ શિરસિ પાદં વેદમ્યહં ચાટુકારૈ
રનુનયવિદુષસ્તેડભ્યેત્ય દૌત્યૈર્મુકુન્દાત્ ।
સ્વકૃત ઇહ વિસૃષ્ટાપત્યપત્યન્યલોકા
વ્યસૃજદકૃતચેતાઃ કિં નું સન્ધેયમસ્મિન્ ॥

'હે મધુકર ! જો, તને સાફ કહી દઉં છું કે મારા પગ પર તારું માથું ન ટેકવ. હું જાણું છું કે તું મનમાં કપટ અને વાણીમાં વિનય એવી ખુશામતખોરીમાં ચતુર છે. જરૂર, તું આ બધું શ્રીકૃષ્ણ પાસેથી જ શીખી આવ્યો છે. પણ નક્કી જાણજે કે અહીં તારી દાળ ગળવાની નથી. જે શ્રી કૃષ્ણ માટે અમે પતિ, પુત્ર અને સગાંસંબંધીરૂપ આલોક તથા સ્વર્ગરૂપ પરલોકનો-સર્વસ્વનો ત્યાગ કર્યો; છતાં તે જ એની કદર કરવાને બદલે નિર્મોહીની જેમ અમને છોડીને ચાલી નીકળ્યા ! હવે તું જ કહે, એમની સાથે કંઇ સમાધાન થાય ? એવા ઠગારાનો ભરોસો શી રીતે કરાય ?'

અહીં ઉદ્ધવજી જ્ઞાનની ગાંસડી છોડવા બેસતા નથી. એ તો એમની દૃઢ પ્રેમભક્તિ જોઇ શ્રદ્ધાથી એમનાં ચરણોમાં મસ્તક નમાવે છે

અહો યૂયં સ્મ પૂર્ણાર્થા ભવત્યો લોકપૂજિતાઃ ।
વાસુદેવે ભગવતિ યાસામિત્યર્પિતં મનઃ ॥

'હે દેવીઓ ! તમે ધન્ય છો. તમારું જીવન સફળ થઇ ગયું છે. તમે આખા જગત માટે પૂજનીય છો ;કારણકે તમે આ રીતે ભગવાન શ્રી કૃષ્ણને તમારું સર્વસ્વ સમર્પિત કરી દીધું છે.'પછી કહે છે, 'તમે તો મુનિઓને પણ સુદુર્લભ એવી કૃષ્ણમાં સવોત્તમ પ્રેમભક્તિ પામ્યાં છો; એવો આદર્શ જગતના લોકો સામે પ્રસ્થાપિત કર્યો છે, જેને અનુસરી તેઓ ભગવાન સાથે મન જોડી શકશે.'

'ગોપી'શબ્દનો પ્રયોગ :

આ પ્રેમલક્ષણા ભક્તિનાં સાકાર સ્વરૂપ એવાં ગોપીજનોને 'પ્રેમની ધ્વજા'કહી ભક્ત-કવિઓએ વંદન કર્યાં છે. આવાં ગોપીજનોને સમજી શકાય, તો 'ભ્રમરગીત'નું રહસ્ય વધુ સારી રીતે સમજાય.

'ગોપી'શબ્દની અનેક અર્થછાયાઓ છે. ઋગ્વેદમાં વિષ્ણુ માટે 'ગોપ', 'ગોપતિ' અને 'ગોપા' જેવા શબ્દ વપરાયા છે. જે ગોપ-ગોપી પરમ્પરાનાં સૌથી પ્રાચીન પ્રમાણછે. ક્યાંક વિષ્ણુને સૂર્ય ગણી, ગ્રહ-નક્ષત્રોને ગોપી કહ્યાં છે. પરંતુ પ્રચલિત અર્થ છે ગોપાલક (આહીર) જાતિની સ્ત્રી. પશુપાલક આહીર (ગુજરાતમાં ભરવાડ) પ્રજા પરંપરાગત રીતે વિનોદપ્રિય અને આનંદી રહી છે. એમના કુળદેવતા ગોપાલ-કૃષ્ણ હતા, જે પ્રેમના દેવ ગણાતા. ખૂબ સુંદર,લલિત અને મધુર.ગોપીઓના પ્રેમારાધ્ય. એમનામાં જે આનંદનૃત્ય થતાં, તે જ રાસ. છઠ્ઠી સદી સુધીમાં આ રાસ પ્રકારાંતરે દેશભરમાં પ્રચલિત થયા. લગભગ એ સમયે રચાયેલાં પુરાણોમાં આ લોકગીત અને નૃત્ય-સ્વરૂપ ધાર્મિક હેતુ સાથે સ્થાન પામ્યું અને આધ્યાત્મિકતાના રંગે રંગાવા માંડ્યું. દક્ષિણના આલવાર ભક્તિ-ગીતોમાં ગોપી-કૃષ્ણ-લીલાનાં અનેક મનોહર વર્ણન મળી આવે છે. કાવ્યમાં સૌપ્રથમ **'ગાથા સપ્તશતી'** માં ગોપી અને રાધા તથા શ્રીકૃષ્ણના શૃંગાર' (સંયોગ-વિપ્રયોગબંને) સંબંધી ચર્ચા જોવા મળે છે. ૧૨મી સદીમાં જયદેવકૃત 'ગીતગોવિંદ'અને ૧૪મી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યાપતિની પદાવલીમાં રાધાકૃષ્ણની લોકકથાઓમાંનું ભાવલાલિત્ય જોવા મળે છે.

૧૬મી સદીમાં વિકસિત કૃષ્ણ-ભક્તિ સાહિત્યનો મુખ્ય આધાર છે શ્રીમદ્ ભાગવત. એમાં ગોપી-કૃષ્ણના પ્રેમભાવને આધ્યાત્મિક પુટ અપાયો અને ગોપી,ગોપીભાવ તથા રાધાભાવની ખૂબ ગંભીર અને રહસ્યભરી વ્યાખ્યાઓ થવા માંડી. એના મૂળમાં 'બ્રહ્મવૈવર્તપુરાણ' જેવાં પુરાણ છે; છતાં ક્યાંક સ્વતંત્ર કલ્પનાના રંગ પણ એમાં ભળ્યા છે. 'મહાભારત'માં આ આધ્યાત્મિક દૃષ્ટિકોણ છે જ નહીં; પણ હરિવંશમાં એનાં દર્શન થાય છે. જો કે 'હરિવંશ', 'વિષ્ણુપુરાણ' અને 'ભાગવત'ની ગોપીઓનું વર્ણન રહસ્યાત્મક નથી; લગભગ લૌકિક જેવું જ છે. પરંતુ ભક્ત-કવિઓએ રહસ્યાત્મક કલ્પનાઓ જરૂર કરી છે.

ગોપી - પ્રેમની ધ્વજા :

આચાર્ય નિમ્બાર્કના હંસ-સંપ્રદાયમાં કૃષ્ણ-બ્રહ્મની અચિંત્ય શક્તિને દ્વિવિધ ગણાવી છે : (૧) ઐશ્વર્ય અને (૨) માધુર્ય. ઐશ્વર્ય શક્તિ છે રમા,લક્ષ્મી અથવા ભૂ. તથા ગોપી અને રાધા તે માધુર્ય અથવા પ્રેમશક્તિ છે. આમ, શ્રીરાધાને

શ્રીકૃષ્ણની આહ્લાદિની શક્તિ ગણાવી છે. 'દશશ્લોકી'માં કહ્યું છે કે -

અંગે તુ વામે વૃષભાનુજાં મુદા વિરાજમાનામનુરૂપસૌભગામ્ ।
સખી-સહસ્રૈઃ પરિસેવિતાં સદા સ્મરેમ દેવી સકલેષ્ટકામદામ્ ॥

ગોપી વિશે સૌથી વધુ ચર્ચા ચૈતન્ય-સંપ્રદાય અને પુષ્ટિમાર્ગ (વલ્લભ-સંપ્રદાય) માં મળે છે. જો કે પુષ્ટિમાર્ગમાં ગોપીજનનું સ્વરૂપ અને પ્રકાર લગભગ ચૈતન્ય-સંપ્રદાય જેવાં જ છે. ક્યાંક નામોમાં ફરક જોવા મળે છે. અહીં ગોલોકમાં ચાલતા નિત્યરાસની ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણના પરમાનંદ-સ્વરૂપનો વિસ્તાર કરનારી, પ્રભુની સામર્થ્ય-શક્તિરૂપા છે. એમની ઉત્પત્તિ રસબ્રહ્મ શ્રીકૃષ્ણના આનંદ-વિગ્રહથી થઇ છે. એમના વિના બ્રહ્મનું પરમાનંદ-સ્વરૂપ અપૂર્ણ છે. ગોપીઓ ધર્મી-સ્વરૂપ શ્રી કૃષ્ણની ધર્મરૂપા છે. રાધાજી પૂર્ણ આનંદની સિદ્ધશક્તિ છે. આથી તે 'સ્વામિની' ગણાય છે. જેમ બાળક પોતાનું પ્રતિબિંબ જોઇને ખીલી ઊઠે છે, તેમ રાધા અને ગોપીજન સ્વરૂપે રસરૂપ કૃષ્ણબ્રહ્મ જ પોતાનો પ્રસાર કરીને અત્યંત પ્રસન્ન થાય છે.

શ્રીમદ્ભાગવતની શ્રીસુબોધિનીજીની ટીકામાં 'રાસપંચાધ્યાયી' ના ફળ-પ્રકરણમાં શ્રીવલ્લભાચાર્યજીએ અનન્યપૂર્વા (સ્વકીયા, શ્રુતિરૂપા) અને અન્યપૂર્વા (પરકીયા,ઋષિરૂપા) એવી બે પ્રકારની ગોપીઓ પૈકી દરેકના તામસ,રાજસ,અને સાત્ત્વિક એવા ત્રણ ભેદ બતાવી,એ ત્રણના અન્યોન્ય પ્રભાવવાળી નવ અને નવ મળી અઢાર પ્રકારની ગોપીઓ ઉપરાંત એક ગુણાતીતા અથવા નિર્ગુણા એવા ઓગણીસ પ્રકાર બતાવ્યા છે. 'ગોપીગીત'માં આ ગોપીજનોની વાત છે. જોકે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ આ ગોપીઓમાં રાધાજીના નામનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. આ ગોપીઓ કૃષ્ણની રસશક્તિ છે. એમનાથી અભિન્ન છે. છતાં લીલામાં તે ભિન્ન અને ભક્તોમાં આનંદભાવ જગાડનારી રસાત્મક શક્તિના પ્રતીકરૂપ છે. સ્વયં રાધા રસસિધ્ધિ પ્રતીક છે અને અન્ય ગોપીઓ ગોપીરૂપ બનવાના મનોરથ સેવતા ભક્તોની પ્રેમસાધનાની વિવિધ અવસ્થાઓનું પ્રતીક છે. એમાં માધુર્યભાવ મુખ્ય છે.

અષ્ટછાપ કવિઓમાં સૂરદાસજીએ આ માધુર્યભક્તિનો સૌથી વધુ વિકાસ કર્યો છે. એમણે રાધા-કૃષ્ણને પ્રકૃતિ અને પુરુષરૂપે દર્શાવ્યાં છે. અને અન્ય ગોપીઓને

રાધાજીની વિવિધ પ્રેમ-અવસ્થાઓની સખીઓ રૂપે.આમ, એક બાજુ ગોપીઓને રસબ્રહ્મના આનંદને વિસ્તારનારી શક્તિરૂપે, તો બીજી બાજુ દામ્પત્ય અથવા કાન્તાભાવે ભક્તિ કરનાર અનન્ય ભક્તોરૂપે ચિત્રિત કરી છે. ગોપીઓ રાધાજીના કાયવ્યૂહરૂપે એમનાથી ભિન્ન નથી તેમ શ્રીકૃષ્ણથી પણ ભિન્ન નથી. ખંડિતા ભાવના એક પદમાં સૂરદાસજી કહે છે -

રાધિકા ગેહ-હરિ-દેહવાસી । ઔર તિય ઘરનિ ઘર તનુપ્રકાસી ॥
બ્રહ્મ પૂરન દ્વિતીય નહીં કોઉ । રાધિકા સબૈ, હરિ સબૈ વોઉ ॥
દીપ-સોં દીપ જૈસેં ઉજારી । તૈસેં હી બ્રહ્મ ઘર ઘર વિહારી ॥

એ જ રીતે દાનલીલાના એક પ્રસંગમાં ગોપીઓનો મહિમા વર્ણવતાં એમને વેદની ઋચાઓ કહી છે. શ્રીકૃષ્ણના સગુણ પરમાનંદ સ્વરૂપને નીરખવાની શ્રુતિઓની ઈચ્છા પૂરી કરવા માટે પરબ્રહ્મ જ્યારે નિજ ધામનાં દર્શન કરાવે છે,જ્યાં પ્રકૃતિની રમણીય શોભા વચ્ચે કિશોર શ્યામ ગોપીઓ સાથે ક્રીડા કરે છે ; ત્યારે શ્રુતિઓએ પોતાને ગોપીરૂપનું દાન કરવા પ્રાર્થના કરી. પ્રભુએ વરદાન આપ્યું કે જ્યારે હું મથુરામંડળમાં ગોપવેશ ધારણ કરીશ, ત્યારે તમે ગોપી બનીને મારી સાથે વિહાર કરશો. આમ, વેદની ઋચાઓ જ અહીં ગોપી બનીને શ્રીહરિ સાથે વિહાર કરે છે. રાસલીલાનાં એ ગોપીજનોનો મહિમા વેદપુરાણની સાખે ગાતાં, સૂરદાસજી બ્રહ્માજીના મુખે કહેવડાવે છે-

ગોપી-પદ-રજ મહિમા, બિધિ ભૃગુ-સોં કહી ।
બરષ સહસ તપ કિયો, તઊ મેં ના લહિ ॥

●

ભાર ભયૌ જબ પૃથી પર, તબ હરિ લિયૌ અવતાર ।
વેદ ઋચા હ્વૈ ગોપિકા, હરિસંગ કિયૌ વિહાર ॥
જો કોઉ ભર્તા-ભાવ હૃદય ધરિ હરિ-પદ ધ્યાવૈ ।
નારિ પુરુષ કોઉ હોઈ, શ્રુતિ-ઋચા-ગતિ સો પાવૈ ॥

તિનકી પદરજ કોઉ જો, બૃંદાવન ભૂ માંહ ।
પરસૈ સોઉ ગોપિકા - ગતિ પાવૈ સંસય નાહિં ॥

'ભ્રમરગીત'ના મૂળમાં ભક્તિરસની જે સિદ્ધ-અવસ્થાનું વર્ણન છે.તેને મૂલવવા સૂરસાગરમાં 'ભ્રમરગીત' ને લગતાં નવસો જેટલાં પદ છે. તેમાંથી સો જેટલાં પદો વીણીને નજર સામે રાખ્યાં છે. તદુપરાંત નંદદાસ, પરમાનંદદાસ,કૃષ્ણદાસનાં પદો પણ ભક્તના હૃદયભાવનું રસાસ્વાદન કરાવવા ઉપયોગમાં લીધાં છે. દયારામભાઈકૃત 'પ્રેમરસ ગીતા' નાં પ્રાસંગિક પદો પણ ઉપયોગમાં લીધાં છે. ભક્તિનો પ્રવાહ સતત વહ્યા કરે એ માટે સંવાદશૈલીમાં વાર્તાકથનનો પ્રકાર સ્વીકાર્યો છે. એ પ્રવાહ ક્યાંક ધીરગંભીર હશે, ક્યાંક કલકલ નિનાદ કરતો ચંચળ ગતિએ ધસમસતો હશે; તો ક્યાંક ઉદ્ધવજીની જ્ઞાનચર્ચાનો પથ્થર વચ્ચે આવતાં ઊંચા તરંગરૂપે ઊછળ્યો પણ હશે; છતાં એકંદરે ભક્ત-ભ્રમરના ગુંજારવનો મધુર ધ્વનિ હૃદયને આપ્લાવિત કરતો રહે અને ગોપીજનોના વિપ્રયોગ સ્વરૂપે પ્રાપ્ત થયેલ ફલાત્મક પ્રસાદ ઉદ્ધવજીની જેમ આપણા જીવનને પણ પ્રેમભક્તિમાં પ્રેરે અને પોષે તે માટે પ્રભુને પ્રાર્થના કરું છું.

શ્રી પ્રભુ અને શ્રીમહાપ્રભુજીની અહેતુકી કૃપા તથા પૂજ્યપાદ આચાર્ય ચરણોના આશીર્વાદથી જ આ પ્રેમના દિવ્ય સામ્રાજ્યમાં બીતાંબીતાં પગ મૂકવાની ધૃષ્ટતા કરી છે. વાક્પતિ શ્રીવલ્લભે હૃદયમાં બિરાજી કાલીઘેલી ભાષામાં બે શબ્દ બોલાવડાવ્યા છે; કેમકે આપની કૃપા જ મૂંગાને બોલતો કરવાને સમર્થ છે.

'ભ્રમરગીત'ના સ્વારસ્યને અહીં કેટલું પ્રગટ કરી શકાયું છે, એ તો ગુણગ્રાહી વિદ્વાનો અને રસગ્રાહી ભાવિક વાચકોએ નક્કી કરવાનું છે. એમાં જે કાંઇ સારું છે તે તો અવશ્ય શ્રીપ્રભુનુંજ છે; છતાં જીવબુદ્ધિથી કંઇ દોષ રહી ગયો હોય તો ઉદારતાપૂર્વક ક્ષમા કરવા વિનમ્ર પ્રાર્થના છે. આ પછી વેણુગીત,યુગલગીત,પ્રણયગીત,ગોપીગીત,ઉદ્ધવગીત અને રુદ્રગીત તથા અષ્ટછાપ મહાનુભાવો વિશે આ જ રીતે રસાસ્વાદ કરાવવાનો મનોરથ છે. એ માટે શ્રી ઠાકોરજીની શક્તિ, મતિ અને ગતિનું દાન કરે તેવી પ્રાર્થના.

આ ક્ષણે પૂજ્યપાદ ગો.શ્રી ઇન્દિરા બેટીજીની અનહદ કૃપાનું સ્મરણ અનાયાસ

થઇ આવે છે. પુષ્ટિસાહિત્યના ઉદ્યાનમાં પ્રવેશવાનું સૌભાગ્ય આપશ્રીની મહોદરતાએ જ અપાવ્યું છે. આપશ્રીનાં ચરણકમળમાં દંડવત પ્રણામસહ ઋણસ્વીકાર કરતાં કૃતાર્થતા અનુભવું છું.

પૂ.પા. ગો. આચાર્યચરણોએ આશીર્વાદ પાઠવીને અમારા પર કૃપા કરી છે. પૂ.શાસ્ત્રીજીઓએ પણ આ ગ્રંથને શુભકામના પાઠવી છે અને અન્ય ભગવદીયોએ આવકાર લખી આપીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી છે, તે સૌનો આ ક્ષણે હૃદયપૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકના પ્રકાશનકાર્યમાં ઊંડો રસ લઇ, મને વારંવાર ઢંઢોળી એના લેખનમાં પ્રવૃત કરવા બદલ શ્રી મહેન્દ્રભાઇ મો.શાહનો તથા શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન સંસ્થાનો પણ આભાર માનું છું. જે વિવિધ મહાનુભાવોની પદરચનાઓનો અહીં ઉપયોગ કર્યો છે, એ સૌના પ્રત્યે પણ ઋણભાવ સ્વીકારું છું. આચાર્ય રામચંદ્ર શુક્લ અને લાલા ભગવાનદીનજીની 'ભ્રમરગીત'પરની વિસ્તૃત ટીપ્પણીઓનો આ ગ્રંથને સુચારુ બનાવવામાં ક્યાંક ઉપયોગ કર્યો છે. એ બંને મહાનુભાવો આપણી વચ્ચે નથી, છતાં એમનો ઋણસ્વીકાર કરી શ્રદ્ધાભાવે વંદન કરું છું.અંતે એક જ મનોરથ છે -

તવ ચરણસરોજે મન્મથશ્ચંચરીકો

ભ્રમતુ સતતમીશ પ્રેમભકત્યા સરોજે.

હે પ્રભુ ! મારો ચિત્તરૂપી ભ્રમર આપના ચરણારવિંદમાં નિરંતર પ્રેમભક્તિપૂર્વક ભ્રમણ કરતો રહે એ જ અભીપ્સા.

મહેસાણા
મકરસંક્રાંતિ, સં.૨૦૫૪
તા.૧૪-૧૧-૯૭

દાસાનુદાસ
નાં
સદૈન્ય ભગવત્સ્મરણ

પ. ભ. શ્રી બિપિનભાઇ શિવપ્રસાદ ત્રિવેદી
પ. ભ. શ્રી પ્રવિણાબેન બિપિનભાઇ ત્રિવેદી
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
અમદાવાદ

॥ શ્રી નટવર પ્રભુ વિજયતે ॥

પ્રકાશકનું નિવેદન

'ગોપી : પ્રેમની ધજા 'નામક આ સચિત્ર ગ્રંથનું પ્રકાશન **'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન'** દ્વારા થઇ રહ્યું છે,જે આ 'ભ્રમરગીત 'નું પુસ્તક શ્રી નટવરપ્રભુ (શ્રી નટવરલાલ શ્યામલાલજીનું મંદિર દોશીવાડાની પોળ, કાલુપુર-અમદાવાદ)ની અસીમ કૃપાનું ફળ છે. મારા પૂ.ગુરુદેવ નિ.લી. શ્રી વ્રજરાયચરણજીની પ્રેરણા અને આશીર્વાદ મને સતત મળતાં રહ્યાં હતાં. આજે પણ વૈષ્ણવાચાર્ય પ.પૂ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજનાથજી મહારાજશ્રી તથા પ.પૂ.પા.ચિ.ગો.૧૦૮ શ્રી મધુસુદનલાલજી મહોદયશ્રી (પૂ.તિલકબાવાશ્રી)ના આશીર્વાદ મળી રહ્યા છે.

હું મારા ગુરુદેવ નિ.લી. શ્રી વ્રજરાયચરણને ૮૪ વૈષ્ણવોનું સચિત્ર વાર્તાનું પુસ્તક પધરાવવા ગયો, ત્યારે આપ આ પુસ્તકને બરાબર નિહાળી ખૂબ જ પ્રસન્ન થયા. આપશ્રીએ આજ્ઞા કરી કે, 'મહેન્દ્ર, તું આવાં સુંદર સચિત્ર પુસ્તકો બહાર પાડ એવી મારી ઈચ્છા છે. હું તને આવાં સારાં કાર્ય કરવા મારા અંતરથી આશીર્વાદ આપું છું.

ત્યારથી મારા મનમાં વિચાર સ્ફૂર્યો કે ભ્રમરગીત ઉપર સચિત્ર પુસ્તક તૈયાર કરાવવું. જેમાં મારા ઠાકોરજી "શ્રીનટવરપ્રભુ" તેમજ મારા પૂ.ગુરુદેવ નિ.લી. શ્રી વ્રજરાયચરણનાં ચિત્રજી મૂકવાં, એવા મનોરથ સાથે મેં પુસ્તક પ્રકાશન અંગે પ્રયત્ન આદર્યા. ગ્રંથના લેખનકાર્ય માટે હું કોઇ સારા લેખકની શોધમાં હતો, ત્યાં મને **પ્રા.રાજનભાઇ કડિયા** (મહેસાણાવાળા) નો વિચાર આવ્યો. હું એમને રૂબરૂ મળવા માટે મહેસાણા ગયો. તેમની સાથે ભ્રમરગીતના સચિત્ર પુસ્તકના પ્રકાશન અંગે ચર્ચા-વિચારણા કરી.અંતે તેમણે મને આ પુસ્તક અંગે પૂરેપૂરું માર્ગદર્શન આપવાની તેમજ પુસ્તક લખી આપવાની મારી વિનંતી પણ સ્વીકારી.વળી ભવિષ્યમાં બીજા પુસ્તકો લખવા અંગે પણ સંમતિ આપી.

ત્યારબાદ પુસ્તકનાં સુંદર ચિત્રો માટે પ.ભ.શ્રી વિમલાબેન ભાટીયા અને શ્યામસુંદરભાઇને મળ્યો. તેઓ જોધપુરનાં વતની છે અને પુષ્ટિમાર્ગના જાણકાર

છે. અમે તેમને કેટલાંક ચિત્રો બનાવવા માટે રૂપરેખા આપી.તેમણે કહ્યું કે ચિત્રો ખૂબ જ સુંદર થશે. હું તમને ભાવાનુરૂપ ચિત્રો બનાવી આપીશ અને આ પુસ્તક મારું છે તેમ સમજીને તન-મન-ધનથી જેટલી સેવા થશે તેટલી કરીશ,તેમણે અમને ૮૪ વૈષ્ણવોની સચિત્રવાર્તામાં પણ સારું એવું માર્ગદર્શન આપ્યું હતું. તેમના આ સહયોગ બદલ અમો આભારી છીએ.

(૩) અમોએ પ.ભ. શ્રી નાનુભાઇ કાનજીભાઇ ભંડેરી (મોટીગરમલીવાળા)ને પત્ર લખી જાણ કરી કે અમો આવું સુંદર સચિત્ર પુસ્તક પ્રકાશિત કરવાના છીએ.તેઓએ અમારી વિનંતી સ્વીકારી અને પોતાના તરફથી દ્રવ્ય-સહાય આપવાનું કહ્યું. પુષ્ટિમાર્ગના પ્રચાર-પ્રસારનું કાર્ય ઉપાડી લીધું. તેમનું બહોળું કુટુંબ તેમના દીકરાઓ જે પરદેશ (યુ.એસ.એ.)માં રહે છે. તેઓની પાસેથી તેમજ ગામડાઓમાં ફરીફરીને સેવા પ્રાપ્ત કરી અમને મોકલી આપી છે. તેમના અમો ખૂબ ઋણી છીએ અને તેમનો આભાર માનીએ છીએ.

(૪) મને સૌરાષ્ટ્રનાં ગામડાં બતાવનાર પ.ભ. શ્રી લાલજીભાઇ વેલજીભાઇ ખમીરદાણાવાળા (મરજાદી) કેશોદને હું કદાપિ ભૂલી શકું એમ નથી. એમણે સૌરાષ્ટ્રનાં ગામડાંમાં પુષ્ટિ-માર્ગનો સારો એવો પ્રચાર-પ્રસાર કર્યો છે. તેમણે મને ૮૪ વૈષ્ણવોની વાર્તાના પુસ્તકમાં ખૂબ જ સાથ-સહકાર આપ્યો હતો. તેમનો પણ હું ખૂબ આભારી છું.

(૫) પ.ભ. શ્રી પ્રવીણભાઇ હંસરાજભાઇ કાનાબાર વેરાવળવાળાને કેમ ભૂલી શકાય ? તેમણે ૮૪ વૈષ્ણવોના પુસ્તકમાં ખૂબ જ સહાય આપી હતી. તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ પુષ્ટિમાર્ગના પ્રચાર-પ્રસારની સેવા કરે છે. શ્રી આચાર્ય મહાપ્રભુજીની બેઠકની ટહેલ પણ કરે છે. તેમનો પણ હું ઋણી છું.

(૬) પ.ભ.શ્રી અશ્વિનભાઇ ડી.ઉનડકટ, જામનગરવાળાને અમે ટપાલ લખી જણાવ્યું તો તેમણે જણાવ્યું કે હું પુષ્ટિમાર્ગના પ્રચાર-પ્રસારનું કાર્ય કરીશ. તેમણે ૮૪ વૈષ્ણવો સચિત્ર વાર્તાના પુસ્તકમાં ખૂબ જ સાથ-સહકાર આપ્યો હતો. તે જ પ્રમાણે આ પુસ્તકમાં પણ સાથ-સહકાર આપ્યો છે. તેમને કેમ ભૂલાય ?

(૭) પ.ભ. શ્રી લલિતભાઇ મનસુખલાલ મહેતા, રાજકોટવાળાએ કે જેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં ખૂબ પરિશ્રમ લઇ સારો સહકાર આપ્યો છે. તેમણે ઘેરઘેર ફરીને પ્રચાર કરી નામ નોંધાવ્યાં છે. તેમને પણ કેમ ભૂલી શકાય ?તેમનો આભાર માનું તેટલો ઓછો છે.

(૮) પ.ભ.શ્રી ગિરધરભાઇ નરસિંહભાઇ જીવાણી (જાલીમ આર્ટ) પગમાં ચંપલ પણ પહેરતાં નથી છતાં ઘણાં ગામોમાં પગે ચાલીને ફરી ફરીને પ્રચાર કર્યો છે. તેઓશ્રી સૌરાષ્ટ્રથી પગે ચાલીને વ્રજમાં ગયા હતા અને વ્રજપરિક્રમા કરી હતી. તેમને આ સ્થાને ભૂલી શકાય તેમ નથી.

(૯) પ.ભ. શ્રી સતવારા નથુભાઇ મેઘજીભાઇ રાઠોડ, ભાણવડ (સૌરાષ્ટ્ર) આ પુસ્તક માટે તેઓને પત્ર લખી જાણ કરી, તો તેમણે આ પુસ્તક માટે ખૂબ જ પ્રચાર અને પ્રસાર કર્યો અને તેઓએ ઘણા જ વૈષ્ણવોને લાભ લેવડાવ્યો. તેઓએ ૮૪ વૈષ્ણવોની સચિત્ર વાર્તાના પુસ્તકમાં પણ ખૂબજ પ્રચાર અને પ્રસાર કર્યો હતો. તેમનો પણ હું આભારી છું.

(૧૦) પ.ભ.શ્રી છોટાભાઇ જીવરાજભાઇ મહેતા, અધ્યક્ષ,આંતરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ મુંબઇ.(મહારાષ્ટ્ર શાખા) કે જેમને રૂબરૂ મળવાનું બન્યું નથી. ફક્ત પત્ર દ્વારા જ મળ્યા છીએ. છતાં ભ્રમરગીત પુસ્તક માટે તેઓશ્રીએ મુંબઇમાંથી ખૂબજ સેવા લાવી આપી છે. તેઓ પુષ્ટિમાર્ગના પ્રચાર અને પ્રસારનું કાર્ય ખૂબજ તન-મન અને ધનથી કરે છે. તેઓએ ૮૪ વૈષ્ણવ સચિત્ર વાર્તા પુસ્તકમાં ખૂબજ સેવા આપી હતી.તેમનો પણ આભારી છું.

(૧૧) પ.ભ. શ્રી જયેન્દ્રભાઇ વિઠ્ઠલદાસ પરીખ (ગોધરાવાળા)નો પણ ઋણી છું. તેમને ગોધરા, કાંકણપુરા અને પંચમહાલ જિલ્લામાં આ પુસ્તકનો પ્રચાર-પ્રસારનું કાર્ય ઉપાડી લીધું છે. તેમનો પણ હું ઋણી અને આભારી છું.

(૧૨) પ.ભ.શ્રી હરેન્દ્રભાઇ શેઠ (દાહોદ)તો ઘરના છે. તેઓ તો પંચમહાલ જિલ્લામાં સાથ અને સહકાર હંમેશા આપતા રહ્યા છે અને માર્ગદર્શન પણ આપે છે. તેમનો પણ ખૂબજ ઋણી અને આભારી છું.

(૧૩) પુસ્તકના કાર્યમાં સહયોગ આપનાર પ.ભ. શ્રી અશ્વિનભાઇ એન.દેસાઇ, પ.ભ.શ્રી વિનોદચંદ્ર આર શાહ, પ.ભ.શ્રી કાન્તીભાઇ આર.ગાંધી તથા પ.ભ.શ્રી હરિપ્રસાદ સી.દેસાઇ,પ.ભ.શ્રી ચીમનલાલ એન.બેંકર, પ.ભ.શ્રી કનુભાઇ એમ.શાહનો પણ ખૂબ જ ઋણી અને આભારી છું.

(૧૪) આ પુસ્તક **'ભ્રમરગીત'**નું રસાસ્વાદન કરાવનાર જાણીતા લેખક **પ્રા.રાજનભાઇ કડિયા** (મહેસાણા)એ અતિશય પરિશ્રમ ઉઠાવ્યો છે. તેઓશ્રીએ બે વરસ સુધી વૈષ્ણવ પરિવારનું તંત્રીપદ પણ સંભાળ્યું હતું. અને આજે પણ **'મુક્તવાણી'** નામના માસિકનું તંત્રીપદ સંભાળી રહ્યા છે. ગુજરાતી ભાષાના ઊંડા અભ્યાસી છે. વિવિધ ક્ષેત્રમાં કાર્ય કરી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તેમનો હું આભાર માનું, તેટલો ઓછો છે. આ સુંદર પુસ્તક લખી આપવા માટે તેમણે ખૂબ સાથ અને સહકાર આપ્યો છે. તેમનો પણ હું ખૂબ આભારી છું.

હવે પછીનાં વેણુગીત, યુગલગીત, ગોપીગીત, રુદ્રગીત, ઉદ્ધવગીત અને અષ્ટસખા કવિઓનાં સચિત્ર જીવનચરિત્ર પ્રગટ કરવાનો મનોરથ છે. આશા છે કે ભ્રમર-ગીત સચિત્ર રસદર્શન.કર્યા પછી બીજાં પુસ્તકો માટે પણ સંસ્થાને સહયોગ આપવા તેમને મારી ભાવભરી નમ્ર વિનંતી છે.

છેલ્લે નામી-અનામી જેમણે આ **'ભ્રમરગીત'** પુસ્તક અંગે સેવા આપી હોય તેમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું અને તેમનો ઋણી છું. જે વૈષ્ણવ ભાઇ-બહેને આ પુસ્તકમાં દ્રવ્ય-સહાય આપી, આ પુસ્તકના પ્રકાશનનું કાર્ય સરળ બનાવ્યું છે, તેઓનો હું આ પ્રસંગે આભાર માનું તેટલો ઓછો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન વતી
મહેન્દ્રભાઇ મોહનલાલ શાહના
સપ્રેમ જય શ્રીકૃષ્ણ.

'ભ્રમરગીત': ભાવના

રસબીજં વેણુગીતં ગોપિકાગીત-વૃક્ષકમ્ ।
સુફલં યુગ્મગીતં હિ ભ્રમરં ભ્રમરં મતમ્ ॥

શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધમાં મુખ્ય ચાર ગીત છે : એમાં (૧) વેણુગીત (અ.૧૮) એ ભક્તિરસનું બીજ છે;(૨) ગોપીગીત (અ.૨૮) એ વૃક્ષ છે;(૩) યુગલગીત (અ.૩૨) પરિપક્વ ફળ છે;જ્યારે (૪) ભ્રમરગીત (અ.૪૭)એ ગુંજન કરતો ભક્તરૂપી ભ્રમર છે.

શ્રીવલ્લભં વેણુગીતં, વિઠ્ઠલં યુગ્મગીતમ્ ।
ગોપીગગીતં ગોકુલેશઃ સુભક્ત ભ્રમરં મતમ્ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્યજી વેણુગીત છે, શ્રીવિઠ્ઠલેશજી યુગલગીત છે; શ્રી ગોકુલેશજી ગોપીગીત છે અને પુષ્ટિભક્ત ભ્રમરગીત છે, એમ પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ માનવામાં આવે છે.

મધુર મધુપગીતં વિપ્રયોગ - સ્વરૂપમ્
વિવિધ રસવિગાઢં સ્વાનુભાવેન પૂર્ણમ્ ।
પ્રણત વ્રજવધૂનાં સ્નેહદાઢર્ય વિલાસમ્
જયતિ જયતિ નિત્યં ભાવનીયં રસજ્ઞૈઃ ॥

(ફળરૂપ) વિપ્રયોગ શૃંગારનું નિરૂપણ કરતું **'ભ્રમરગીત'** મનને અત્યંત આનંદ આપનાર છે. તે વિવિધ રસોથી અતિ સમૃદ્ધ છે અને સ્વાનુભાવ - અંતરગત ભાવથી ભરપૂર છે. તેમાં વ્રજાંગનાઓના વિનયી છતાં સુદૃઢ સ્નેહનો વાક્ વિલાસ છે. રસિકજનો માટે તે નિરંતર *ભાવનીય છે - તેનો જય થાઓ, જય થાઓ.

★ 'ભાવન'શબ્દના વિવિધ અર્થ છે : (૧) ભાવના, ધ્યાન (૨) ભાવતું, ગમતું (દા.ત., મનભાવન) (૩) મહેણું. અહીં 'મહેણું'અર્થ જ વધુ બંધબેસતો છે;કારણ કે 'ભ્રમરગીત'- ઉપાલંભ કે મીઠો ઠપકો આપતું મહેણાં મારતું પ્રેમગીત છે.)

વંદના

લાગું પાયે પડી કર જોડી રહી
નટવર પ્યારા
શ્રીવ્રજરાયજી, વંદન અમારાં
તમને ભક્તો સદા પોકારે
દર્શન દેજો દીનદયાળ
આવો ઘડી એ ઘડી
નટવર પ્યારા
શ્રીવ્રજરાયજી વંદન અમારાં
સેવકજનના છો પ્રાણ-આધાર
સૌનાં કરો તમે રખવાળા
લીધી સૌની ખબર
નટવર પ્યારા
શ્રી વ્રજરાયજી મૃદંગ પેટી
ઘોડેસવારીના તમે છો શોખીન
કલા પ્રેમે પ્રેરી છે
નટવર પ્યારા
શ્રી વ્રજરાયજી, વંદન અમારાં
શ્રીજીને સદા સુખ દાતા
સેવક અંગે સદા હરખાતા
જીવન જીવી જાણ્યું
ત્યાગી માયા મમતા
નટવર પ્યારા
શ્રી વ્રજરાયજી વંદન અમારાં.

- વીણા શેઠ

॥ શ્રી નટવરપ્રભુ વિજયતે ॥

વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો.૧૦૮ શ્રી વ્રજનાથજી મહારાજશ્રીના

આશીર્વચન

'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન' દ્વારા 'ગોપી : પ્રેમની ધ્વજા'(ભ્રમરગીત) સચિત્ર પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું. તે સંપ્રદાય માટે ઉત્તમ વાત છે. લેખક **પ્રા. શ્રી રાજનભાઈ કડિયા** દ્વારા સરસ રીતે લખાયેલ આ પુસ્તક સંપ્રદાયને ખૂબ ઉપયોગી થશે. અત્યારના આ કલિકાલમાં યુવાવૈષ્ણવ સૃષ્ટિને સરળ, સુપાચ્યરૂપમાં સાંપ્રદાયિક સાહિત્ય ઉપલબ્ધ થાય તે ખૂબ જ જરૂરી છે. જેમાં પ.ભ.શ્રી મહેન્દ્રભાઈનું આ યોગદાન ખૂબજ સુંદર છે. ગ્રંથમાં લીલા સંબંધી ચિત્રો તેમજ સંપ્રદાયાચાર્યોનાં ચિત્રજી પણ મૂકવામાં આવ્યાં છે. પ્રકાશકે જે અથાગ મહેનત કરી જે સાંપ્રદાયિક-સેવાનું કાર્ય કર્યું છે તે ઘણું જ સરાહનીય છે. ભવિષ્યમાં પણ તેમના દ્વારા આ જ રીતે પુસ્તક-પ્રકાશનની નામસેવા રહે તેવી અમારા શ્રી નટવરપ્રભુના ચરણાવિંદમાં વિનંતી અને પ્રસ્તુત કાર્ય માટે અમારા શુભાશીર્વાદ.

પ.ભ. શ્રી મહેન્દ્રભાઈનો ગીતપંચક તથા અષ્ટસખા કવિઓનાં સચિત્ર જીવન-ચરિત્ર પ્રગટ કરવાનો મનોરથ નટવરપ્રભુ પૂર્ણ કરે એવા મારા આશીર્વાદ છે.

અસ્તુ !

શ્રી નટવરલાલ શ્યામલાલ મંદિર
દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૫૩૫૬૨૭૦

ગો.શ્રી વ્રજનાથજી
(રાજનગર-અમદાવાદ)

॥ શ્રી નટવરપ્રભુ વિજયતે ॥
વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો. ૧૦૮ શ્રી મધુસૂદનલાલજી
(શ્રી તિલકબાવા) મહોદયશ્રીના

આશીર્વચન

'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન' દ્વારા પ્રકાશિત થનાર સચિત્ર ગ્રંથ **'ગોપી : પ્રેમની ધ્વજા'** પ્રા. રાજનભાઇએ અલ્પશિક્ષિતો તથા યુવાપેઢી પણ વાંચી - સમજી શકે તેવી સરળ ભાષામાં અને રોચક શૈલીમાં તૈયાર કર્યું છે, જે ખરેખર ભક્તિ રસાયનરૂપ છે. એના પ્રકાશક પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ મો.શાહનો સંપ્રદાય માટે ખૂબ જ સ્તુત્ય પ્રયાસ છે.

હાલના કલિયુગના - વ્યસ્ત જીવનમાં આ રીતનાં સરળ ભાષામાં પુસ્તકો યુવા વૈષ્ણવો ઝડપથી પસંદ કરશે. પહેલાંનાં દળદાર અને ભારેખમ પુસ્તકો આજના યુવા વૈષ્ણવો, તેમની વ્યસ્તતાને કારણે વાંચવામાં રુચિ ધરાવતાં નથી. શ્રી પ્રા. રાજનભાઇ કડિયાએ આજની જરૂરિયાતને પારખી આ પુસ્તક લખ્યું છે, તે ખૂબ આનંદનો વિષય છે.

આવાં સાંપ્રદાયિક નવીન પુસ્તકો પ્રકાશિત થતાં રહે તેવી મારી હાર્દિક ઇચ્છા સહ શુભાશીર્વાદ.

અસ્તુ !

શ્રી નટવરલાલ શ્યામલાલ મંદિર
દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૫૩૫૬૨૭૦

ગો. શ્રી મધુસૂદનલાલજી
(તિલકબાવા)ના આશીર્વાદ
(રાજનગર-અમદાવાદ)

॥ શ્રી વલ્લભ ॥
વૈષ્ણવાચાર્ય પ્રાતઃસ્મરણીય પ.પૂ.પા.ગો.૧૦૮
શ્રી વ્રજરાય પ્રભુચરણ પ્રતિ

ભાવ-સુમન

શુદ્ધાદ્વૈત વાચસ્પતિઃ વિદ્યામ્ભોનિધિઃ શુદ્ધાદ્વૈત તિલકાયત, પદવાક્યપ્રમાણ પારાવારપારીણઃ, શ્રીકૃષ્ણ દ્વૈપાયન દર્શન-મિહિરઃ, શુદ્ધાદ્વૈત સહસ્રાંશુઃ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ પ્રાતઃ સ્મરણીય, પરમવંદનીય, પરમશ્રદ્ધેય પૂજ્ય શ્રી વ્રજરાયજી મહાપ્રભુ -

શ્રી નટવરગોપાળના હુલામણા નામે સમસ્ત વલ્લભી વૈષ્ણવસૃષ્ટિમાં સૌના લાડીલા એવા આપશ્રીનાં ચરિત્ર-ગાન કરવાનો લાભ 'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન' દ્વારા પ્રકાશિત પુસ્તક **'ગોપી : પ્રેમની ધ્વજા'**ના માધ્યમથી મળ્યો. જે માટે હું આપશ્રીનો ખૂબ ઋણી છું. જીવબુદ્ધિથી આપશ્રીના વિરાટ ચરિત્રના ગુણગાન શું કરી શકીએ ? પરંતુ **બુદ્ધિ પ્રેરક શ્રીકૃષ્ણસ્ય...**'આપના દ્વારા અત્રે ચરિત્રગાન ગાતાં હું અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું.

આજથી લગભગ ૬૭ વર્ષ પૂર્વે એટલે કે સંવત ૧૯૮૭ના આસોવદ ૧૦ના ખૂબજ ધન્ય શુભદિવસે રાજનગરમાં અસારવા શ્રી ગુસાંઇજીની બેઠકમાં પૂ. માતાશ્રી વ્રજપ્રિયા વહુજીની કૂખે આપશ્રીથી વિખૂટી પડી ગયેલી દૈવી સૃષ્ટિના અંગીકારાર્થે સાક્ષાત્ શ્રીગુસાંઇજી પોતે જ શ્રીવ્રજરાયજી મહારાજશ્રી સ્વરૂપે ભૂતળ ઉપર પધાર્યા. આપશ્રીના પ્રાગટ્યથી પૂજ્ય શ્રી પિતૃચરણ રણછોડલાલજી મહારાજશ્રી તથા તેમના પૂજ્ય પિતામહ (દાદાશ્રી) શ્રી મધુસૂદનલાલજીને અત્યંત આનંદ થયો. ચારેય દિશાઓમાં મંગળ વધામણાં મોકલ્યાં. વૈષ્ણવોની ભારે ભીડ ભરાણી. નંદ-મહોત્સવની તૈયારીઓ ધામધૂમથી થવા માંડી. ગોપી, ગ્વાલ સહુ શણગારવામાં આવ્યાં અને ત્યાર પછી તો બસ...

નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી
રણછોડલાલ ઘેર આનંદ ભયો,
જય જય શ્રી વ્રજરાયકી
અસારવા બેઠકે આનંદ ભયો
જય જય શ્રી વ્રજરાયકી.

વલ્લભ અને વૈષ્ણવ સૌ આ રીતે હર્ષોલ્લાસથી આનંદોદ્ગારો કરતા જાય

અને અતિ આનંદમાં મગ્ન બની સૌ નાચવા લાગ્યાં. શ્રી રણછોડલાલજી મહારાજશ્રી દહીં, દૂધ છાંટતા જાય અને સૌ વૈષ્ણવો પર કૃપા વરસાવે જાય. અવર્ણનીય, અનિર્વચનીય, અદ્ભુત આનંદ હતો, આ નંદમહોત્સવ સમયનો વૈષ્ણવોની ખુશીનો કંઇ પાર ન હતો. શ્રી વિઠ્ઠલનાથજીના પ્રાગટ્ય વખતે ઘેર અડેલમાં જેવો નંદ-મહોત્સવ ઊજવાયો હતો તેવો જ અપ્રતીમ, સુંદર નંદમહોત્સવ લગભગ છ કલાક સુધી ઊજવાયો. સૌ મહાઆનંદના સાગરમાં હિલોળા લેતાં હતાં. આ સમયે આપશ્રીના દાદાજી પ.પૂ. મધુસૂદનલાલજી મહારાજશ્રીને વાર્ધક્ય આડે ન આવ્યું. ભાવાવેશમાં યૌવન જાણે પ્રગટ થઇ ગયું ! આનંદ મહોત્સવમાં નાચી-કૂદીને આપશ્રી અત્યંત ભાવવિભોર બની ગયા હતા.

શ્રી વ્રજરાયજી મહારાજશ્રીએ સંવત ૧૯૯૧માં માત્ર ચાર જ વર્ષની બાલવયમાં શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય દિને વિદ્યાભ્યાસની શરૂઆત કરી. સંપ્રદાયના પ્રખર વિદ્વાન શ્રી દામોદર શાસ્ત્રી તથા કાશીના સર્વશાસ્ત્રજ્ઞ શ્રી સોમનાથ શાસ્ત્રી પાસે આપશ્રીને વિદ્યાભ્યાસ માટે મોકલવામાં આવ્યા. માત્ર પાંચ જ વર્ષના ટૂંકાગાળામાં આપશ્રીએ વિદ્યાક્ષેત્રે અપ્રતીમ સિદ્ધિ હાંસલ કરી.

વિધિપૂર્વક વ્યાકરણ, ન્યાય-શાસ્ત્ર, બ્રહ્મસૂત્ર પરનું અણુભાષ્ય, વિદ્વન્મંડલ, તત્ત્વાર્થદીપ, નિબંધ, ષોડશગ્રંથો, શ્રી સુબોધિનીજી, ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવત સહ પ્રસ્થાન ચતુષ્ટય વગેરે ગ્રંથોનો પણ તલસ્પર્શી અભ્યાસ કર્યો. પોતાની તૈત્તિરીય શાખાનો પણ સસ્વર અભ્યાસ કર્યો. પરિણામે સંવત ૨૦૨૯માં વારાણસીના પંડિતોએ આપશ્રીને **'વિદ્યામ્ભોનિધિઃ'**અને **'શુદ્ધાદ્વૈત તિલકાયત'**ની પદવી અર્પણ કરી. સંવત ૨૦30માં **'પદવાક્ય પ્રમાણ પારાવાર પારીણ'**ની પદવી પણ કાશીના વિદ્વાનોએ આપી. વધારે ગૌરવ લેવા જેવી વાત તો એ છે કે ચારેય પીઠના જગદ્ગુરુ શ્રી શંકરાચાર્યોએ આપશ્રીને સંવત ૨૦૨૧માં **'શુદ્ધાદ્વૈત વાચસ્પતિ'**ની પદવી અર્પણ કરી. આપશ્રીએ વ્રજભાષા, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી તથા શ્રી મહાપ્રભુજીની તેલુગુ ભાષા પર પણ સારું એવું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાક્ષેત્રે આપશ્રીએ હરણફાળ ભરી વિવિધ પદવીઓ પ્રાપ્ત કરી. આપશ્રીનું 'वेदपारगः' અને 'तत्त्वसूत्रभाष्य प्रदर्शक' સ્વરૂપ દર્શન કરાવ્યું. આપશ્રીની સંસ્કૃતભાષા પ્રત્યેની ચાહના તેમજ તેના પરના પ્રભુત્વને કારણે આપશ્રીને **'સોલા ભાગવત વિદ્યાપીઠ'**ના કુલપતિ બનાવવામાં આવ્યા હતા, જે આપશ્રીની એક મહાન સિદ્ધિ છે અને વૈષ્ણવ સંપ્રદાય માટે ખૂબ ગૌરવ લેવા જેવી વાત છે.

આપશ્રી પુષ્ટિ સંપ્રદાયાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ખૂબજ નજીકની બારમી પેઢીના કુલાવતંસ છે. જે રીતે સેવા પ્રણાલિકામાં શ્રી ગુસાંઇજીએ ભાવ સહિતના રાગ-ભોગ-શૃંગારને પ્રધાનતા આપી, તે જ રીતે શ્રી વ્રજરાયજીપ્રભુચરણ પણ સર્વ રીતે કલાકુશલ હતા. શ્રીનટવરપ્રભુની સેવામાં આપની સેવાસમાધિ અને ભાવસમાધિનાં દર્શન આંતર અને બાહ્ય રીતે બંને રીતે અનુભવાય છે. બાહ્ય રીતે દેખાતા આપશ્રીના શોખ અને શૃંગારિતાને આપના અંતરંગ ભક્તોએ પુષ્ટિ સિદ્ધાંત મુજબ આત્મસાત કરેલ.

આપ માત્ર સેવા-સાહિત્ય રસિક જ નહીં;સંગીતકલાના પણ વિશેષજ્ઞ હતા. ઉત્તમ કક્ષાના મૃદંગવાદક પણ હતા. સિતાર, ઝાંઝ, હારમોનિયમના પણ આપ જાણકાર હતા. સંગીતકલાના મર્મજ્ઞો પાસેથી આપે તે કલાને આત્મસાત કરી હતી. હવેલી સંગીતમાં તો આપશ્રીએ **'કોવિદ'**ની ડીગ્રી હાંસલ કરેલ હતી. શ્રી નટવરલાલ શ્યામલાલ નટવરગોપાલજી કીર્તનકલામાં પણ ખૂબ જ નિપુણ હતા. શ્રી નટવરલાલ શ્યામલાલ પ્રભુને રીઝવતાં આપ સન્મુખમાં કીર્તન-સેવા કરતા, ત્યારે આપશ્રી ભગવદ્ સ્વરૂપમાં કેવા તદ્દરૂપ થઇ જતા તે તો જે કૃપાપાત્ર વૈષ્ણવોને ઝાંખી થઇ હોય તેનાં અહોભાગ્ય!સૌને રસ-લીલામાં મગ્ન કરી દેતા હતા.

માત્ર ૧૩ જ વર્ષની નાની વયે એટલે કે સંવત ૨000માં વૈશાખ સુદ ત્રીજના દિવસથી શાસ્ત્રજ્ઞ શ્રી વ્રજરાયજી પ્રભુચરણોનો સેવા શ્રૃંગાર શિક્ષણારંભ શ્રી રણછોડલાલજી મહારાજશ્રીએ શરૂ કર્યો. નાથદ્વારાના મુખ્યાજી વિષ્ણુદત્તજી પાસે પણ આપશ્રીએ વિધિપૂર્વક સેવાપ્રણાલીનો અભ્યાસ કર્યો અને પ્રવીણતા પ્રાપ્ત કરી. પુષ્ટિ સેવા પદ્ધતિમાં મહત્ત્વની બાબતો જેવી કે સેવાની રીત, સામગ્રી, સંગીત-કીર્તન, માર્ગીય સાહિત્ય, શૃંગાર, સાજ, ભાવ-સ્નેહ અને સંયમ જે સર્વેનાં દર્શન આપશ્રીમાં સાક્ષાત્ થતાં હતાં. આપશ્રી ઘોડેસવારીના પણ ખૂબ જ શોખીન હતા. અશ્વપારખુ પણ હતા. ચાર ઘોડાની બગીમાં બિરાજીને આપશ્રીએ વૈષ્ણવોને ઝાંખી કરાવેલ. આપશ્રી કુશળ તરવૈયા પણ હતા. નર્મદા નદીનો પટ ખૂબ પહોળો છે, જે આખી નદી આપશ્રી તરીને પાર આવતા. તરતા ત્યારે આપશ્રીનાં અંતરંગ સેવકો પણ આપની સાથે હોય. એવાં દર્શન કરવાનો લહાવો પણ ઘણા વૈષ્ણવોને મળેલ હતો. આપશ્રી માટે શું લખીએ ? આપશ્રીનું ચરિત્ર બુદ્ધિથી પર છે. આપશ્રી સર્વગુણોના ભંડાર હતા.

આપશ્રીની વિદ્વત્તા અને નૈતિકતાને કારણે આપશ્રી સંવત ૨૦૧૮માં **'અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ'**ના પ્રમુખ તરીકે નિમાયા. આપશ્રી

યોગ્યતાંના આધારે પ્રમુખપદે નિમાયા તે તો ગૌરવની વાત છે જ, પરંતુ પરિષદને પણ યોગ્ય પ્રમુખ મળ્યા તે સંસ્થાનું પણ ગૌરવ છે. આજના જમાનામાં સત્તા અને સંપત્તિવાળા જ ઘણું ખરું પ્રમુખપદે નિમાતા હોય છે. જે સંસ્થાને ઘણું ખરું ઉન્નતિના બદલે અવનતિના માર્ગે લઇ જતા હોય છે.જ્યારે આવા સુયોગ્ય પ્રમુખ સંસ્થાને ઉન્નત-સુંદર બનાવે છે.

આપશ્રીએ આપના જીવનકાળ પર્યંત અનેક યાત્રાઓ વૈષ્ણવો સાથે કરી છે. આપે દક્ષિણ તેમજ પૂર્વ ભારતની પણ યાત્રાઓ કરેલ છે. સંવત ૨૦૩૦ની યાત્રામાં આપે શ્રી મહાપ્રભુજીની આઠ બેઠકો પ્રસિદ્ધ કરી. આપે સંવત ૨૦૩૨માં સપરિવાર વ્રજની લીલી પરિક્રમા કરી. આ યાત્રા દરમ્યાન આપે આપના અંતરંગ જીવોને સતત સહવાસ દ્વારા સ્નેહ-સંસ્કાર-માર્ગીય સિદ્ધાંતો હૃદયારૂઢ કરાવ્યા. ઘણા ઘણા મનોરથો કર્યા અને વૈષ્ણવોને ખૂબ આનંદ લેવડાવ્યો.

આપશ્રી આબાલવૃદ્ધ સૌને હાસ્ય-વિનોદ કરીને આસક્તિનું દાન કરતા હતા. આપશ્રી સંધ્યા-આરતીનાં દર્શન પછી વચનામૃત કરતા અને વૈષ્ણવોની સેવા-સંબંધી સમસ્યાઓનું સમાધાન કરતા. આ રીતે દરેક ઉત્સવ વખતે વૈષ્ણવોને અવર્ણનીય આનંદ લેવડાવતા. જન્માષ્ટમી વખતે આપશ્રી યશોદાજી સ્વરૂપે ઝાંખી આપતા, તે નંદ મહોત્સવ થયો તે (કૃષ્ણ જન્મ સમયે) સમયની જ સમગ્ર લીલા તાદૃશ થઇ જાય. તે જ રીતે હોળી-ખેલના છેલ્લા પાંચ દિવસ રસિયા ગાતા અને રાળ ઉડાડે તે સમયની અલૌકિકતાની તો વાત જ શી કરવી !તેઓ પોતે વિરહ દશામાં તદ્રૂપ થઇ જતા. ઘણા વૈષ્ણવોને આવાં દર્શનનો લાભ મળ્યો હશે, જે આપણાં સૌનાં અહોભાગ્ય. આપશ્રીએ ઘણો જ પરિશ્રમ લઇને સુંદર સાહિત્ય પણ પ્રસિદ્ધ કરેલ છે. જીવ નિષ્કિંચન હોય કે ધનિક, પણ પધરામણી માટે આપશ્રીને વિનંતી કરે તો તરત જ પરિશ્રમ લઇ પોતે પધારતા અને પોતાનું **'મહોદાર ચરિત્રવાન'** અને **'કૃપાનિધિ :'** સ્વરૂપ સાર્થક કરતા હતા. આપશ્રીની યાદદાસ્ત ઘણી જ સરાહનીય હતી.

પ્રગટ અનુભવ આપીને સુખરાસ દેખાડ્યાં
જેવો મનોરથ જેઉનો તેવા રંગે રમાડ્યા
આ લીલા આગે નવ સુણી, હવે પાછળ રોશો,
અખંડ લીલા કલિકાલમાં, બડભાગી જોશો.

આજની યુવા પેઢીના માનસપટ પર એક ધૂન સવાર થઇ ગયેલ છે કે બાળકોને અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવાં. અંગ્રેજી બોલતાં-લખતાં સ્વતંત્ર રીતે આવડે તેને

સારી જગ્યાએ નોકરી મળી જાય, પ્રતિષ્ઠા મળે. આપણે સૌ ભારતીયો હોવા છતાં ભારતની સંસ્કૃતિની ગરિમા ભૂલતા જઇએ છીએ અને ગુલામીના પ્રતીક જેવી અંગ્રેજી ભાષાનું જ પ્રભુત્વ આપણા સૌના માનસ પર છે. આવા સમયમાં આપણા સૌના લાડીલા શ્રી વ્રજરાયજી મહાપ્રભુએ આપશ્રીને અત્યંત પ્રિય એવી સંસ્કૃત ભાષામાં **'પુષ્ટિદર્શન', 'પ્રણવમ્', 'ઓમ્ પ્રણવ' અને 'મેરી સમાધિભાષા'** વગેરે ગ્રંથો આજની યુવાપેઢી માટે જ અતિ પરિશ્રમ લઇને સંપ્રદાયના સાહિત્યમાં મૂક્યા છે કે જેથી નવી પેઢી સંસ્કૃત ભાષાને કે સૌથી પ્રાચીન ભાષા છે જે સર્વભાષાઓનું ઉદ્ગમ સ્થાન-જનેતા છે, તેને પ્રેમ કરતા થાય, તેને સમજતા થાય, સંસ્કૃતભાષા જીવનમાં સુખ, શાંતિ, સમુન્નિતિ, સંસ્કાર દૃઢતા, વ્યક્તિ - વિકાસ કરતી, વિકાસ સાધતી ભાષા છે. આજના વૈજ્ઞાનિકો પણ તેનો સ્વીકાર કરે છે. આપણે આપણા પ્યારા શ્રી નટવરગોપાળજીનાં ચરણોમાં નતમસ્તક થઇ આપણી ભુલાયેલી સંસ્કૃતભાષાને સમજીએ, વાંચીએ, આત્મસાત કરીએ અને સંસ્કૃતિના બુઝાતા દીવામાં ઘી પૂરવાનું કાર્ય કરીએ.

આપશ્રીની સૃષ્ટિ ઘણાં બધાં શહેરો-નગરો-ગામોમાં ફેલાયેલી છે. માતર, ખેડા, કરમસદ, વડોદરા, સિનોર, માલસર, ડભોઇ, રાજપીપળા, ગોધરા, રાધનપુર, પાટડી વગેરે ગામોમાં આપશ્રીએ પરિશ્રમ લઇ દૈવી જીવો પર કૃપા કરી અને વિખૂટી પડેલી સૃષ્ટિને શરણે લઇ કૃતાર્થતા અર્પી છે. સંપ્રદાયમાં પ્રમેય અને પ્રમાણથી જીવની શરણાગતિ સિદ્ધ થાય છે. આ કલિ કાળમાં જીવ તો સાધન કરવાને પણ અસમર્થ છે. કૃપાબલથી જ જીવ સન્મુખ થાય છે. આપશ્રીનું વ્યક્તિત્વ **'યાવદ્ચંદ્ર દિવાકરૌ'** છે. આપશ્રીએ **'આસુરવ્યામોહ-લીલા'**જ કરી છે. તેઓશ્રી આધિદૈવિક સ્વરૂપે આપણી વચ્ચે જ છે. **'અંતે જૈસો હૂં તૈસો તિહારો શ્રીવલ્લભ અબ જિન છાંડ દેહૌ મોહિ ગ્રહતે.'**

મારી નાની કલમ આપશ્રીના અવર્ણનીય, અપરિમિત સ્વરૂપનું શું રસદર્શન કરાવી શકે?ઉપરોક્ત લખાણમાં જે કાંઇ ઉત્તમ છે તે આપશ્રીનો કૃપા-પ્રસાદ છે અને ક્ષતિ રહી ગઇ હોય તે જીવ-બુદ્ધિથી થયેલ મારી ભૂલને આપ આપના વિશાળ હૃદયથી ક્ષમા કરશો તેવી વિનંતી કરી, આ કાલાઘેલા શબ્દો પૂ.શ્રીના ચરણારવિંદમાં સમર્પિત કરું છું.

મહેન્દ્રભાઇ મોહનલાલ શાહનાં
સદૈન્ય ભગવત્ સ્મરણ

૪, વિવેક એપાર્ટમેન્ટ,
નવરંગપુરા ટેલિફોન એક્ષચેન્જ પાછળ,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૪૦૯૪૫૯

|| શ્રી ગોપાલલાલજી વિજયતે ||

આશીર્વચન

ગોપી : પ્રેમની ધ્વજા ('સૂરદાસકૃત'ભ્રમરગીતનો રસાસ્વાદ)

લેખક પ્રા. રાજન્ કડિયા અને પ્રકાશક **'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન'**જેનું મુખ્ય સંચાલન પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ એમ.શાહ કરે છે. આ ગ્રંથ ભાવભક્તિરસ પ્રધાન અને તાપાત્મક ભાવવાળા વલ્લભીય વૈષ્ણવનોને ખૂબ જ ઉપકારક પ્રેરક અને પ્રાણધારકપણ અનુભવાશે. જેમાં શ્રીનાં સુંદર કલાત્મક અને કથાત્મક ચિત્રો જે રંગીન છે અને પ્રાચીન શૈલીમાં પ્રગટ થયેલાં છે, તે અતિ શોભનીય છટા બતાવે છે. **વ્રજ પરિક્રમા** કરતાં જ્યારે ઉદ્ધવક્યારી પર પડાવ આવતાં ભ્રમરગીતને ઉદ્ધવજીનો પ્રસંગ રાસલીલા દ્વારા દર્શન થતાં જે તીવ્ર વિરહ વેદના તે દર્શન કરનારને જાગે છે, તેવી જ રીતે આ ગ્રંથ અવલોકન કરતાં વૈષ્ણવોને તેવી શ્રીકૃષ્ણ વિરહ ભક્તિની ઝલક અનુભવાશે તેમાં શંકા નથી. આ રસાસ્વાદ જે છે તે મુખથી નહીં, પણ હૃદયથી લેવાનો અને માણવાનો છે, જ્યારે જ્વલંત વિજય પ્રાપ્ત થયો હોય ત્યારે ધજા ફરકાવવામાં આવે છે તે જ પ્રકારે પ્રભુને પણ પરવશ કરી ઋણી બનાવનાર શ્રી ગોપીજનો સાચે જ પ્રેમની ધ્વજા સ્વરૂપ છે. તદર્થ આ ગ્રંથનું નામ પણ સાર્થક બને છે. આ સુંદર ગ્રંથમાં તન-મન-ધનથી અને અનેકવિધ રીતે સહયોગ આપનાર વલ્લભીય વૈષ્ણવોને પણ અમો હાર્દિક અભિનંદન અને આશીર્વાદ પાઠવીએ છીએ. સાથે પુનઃ સ્નેહી શ્રી મહેન્દ્રભાઇને આ ભગવદ્ સેવાના સાહિત્ય પ્રકાશન કાર્યમાં વધુ ને વધુ પ્રોત્સાહન મળે તેવા, સંકલ્પ સહિત શુભેચ્છા પાઠવીએ છીએ.

એ-પ૬, ગિરિવર બંગલો,
રામવાડી બસ સ્ટેન્ડ,
ઇસનપુર રોડ,
અમદાવાદ-૩૮૨૪૪૩

શુભમ્
ગોસ્વામી શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી
(ગોસ્વામી શ્રી ઘનશ્યામલાલજી)

|| શ્રી વલ્લભો જયતિ ||

આશીર્વચન

'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન'દ્વારા પ્રકાશિત 'ગોપીપ્રેમની ધ્વજા'(ભ્રમરગીત)નું પ્રકાશન કરવામાં આવ્યું તે આનંદદાયક છે. લૌકિકમાં જેમ યુગોત્સવ મનાવાય છે, તેવી રીતે જ સર્વથી શ્રેષ્ઠ આ શ્રીવલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવો માટે આ ગ્રંથ પણ યુગોત્સવરૂપ જ છે. લેખક શ્રી - પ્રા. રાજન્ભાઇ કડિયા દ્વારા લખાયેલ આ ગ્રંથ ખૂબ જ સુંદર છે. આની સાથે તેમાં લીલા સંબંધી ચિત્રો તથા વલ્લભ સંપ્રદાયના આચાર્યોનાં ચિત્રજી પણ તેમાં મૂકવામાં આવ્યાં છે, જેથી વાચકનો જ્ઞાનની સાથે ભાવ પણ વધે. સોનામાં સુગંધ જેવા આ ગ્રંથનું શ્રી પ.ભ.મહેન્દ્રભાઇ એમ.શાહે અથાગ મહેતન કરી સંપ્રદાય માટે લાગણીપૂર્વક કાર્ય કર્યું છે. તેમનો પ્રકાશન માટેનો સ્નેહ જ બતાવે છે કે તેઓ આ સંપ્રદાયની, સાહિત્ય સેવા કરવાના ઇચ્છુક છે.

આ કાર્યની જેમ બીજા વૈષ્ણવો કે તેવી વૈષ્ણવ સંસ્થાએ આ યુગમાં મિથ્યા, અન્યત્ર દોડ લગાવીને કરાતા દ્રવ્યનો અન્ય વિનિયોગ કમ સે કમસ ગ્રંથ પ્રકાશનમાં કરવો જોઇએ. આ કાર્ય આચાર્ય મહાપ્રભુજીની પરમ કૃપાથી જ થઇ શકે છે. હવે પછી ભવિષ્યમાં પણ તેમના દ્વારા પુસ્તક પ્રકાશનના કાર્યને વેગ મળે એવી હાર્દિક ઇચ્છા અને શુભાશીર્વાદ.

શ્રી વલ્લભ મંદિર,
૨-બી, એવરેસ્ટ પાર્ક,
ગોરધનવાડી, કાંકરિયા,
અમદાવાદ-૨૮.
ફોન : ૪૩૨૬૧૯૬

કનૈયાલાલજીના આશીર્વાદ
(અમદાવાદ, વિરમગામ, કામવન)

॥ શ્રી વલ્લભકૃપાનિધિ ॥

આશીર્વચન

પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ શાહ

'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન સંસ્થા દ્વારા 'ભ્રમરગીત'પુસ્તકનું પ્રકાશન થઇ રહ્યું છે, જાણીને અત્યંત આનંદ અનુભવું છું. પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ પુષ્ટિ સંપ્રદાયના સક્રિય કાર્યકર છે. અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહે છે.

'ભ્રમરગીત'ભ્રમણામાં નાખે તેવું જ ગીત છે. 'ભ્રમરગીત'માં ગોપીઓ સંબોધન કરે છે, ભ્રમરને સંભળાવે છે અને કટાક્ષ કરે છે, કૃષ્ણ ઉપર. જ્ઞાનથી પર ભક્તિનો મહિમા દેખાડવા આ ભ્રમરગીત છે. વિરહમાં વ્યાકુળ બનીને ગોપીઓએ ભગવાનને કપટી-નિષ્ઠુર જેવા ઠપકા પણ આપ્યા છે. સંપૂર્ણ ભ્રમરગીત રસપૂર્ણ હોવા ઉપરાંત આધ્યાત્મિક વિચારધારાથી ભરપૂર છે અને તેથી ભાવિક ભક્તોને એ પ્રભાવિત કરે છે. ભ્રમરગીત પુસ્તકના લેખક પ.ભ. શ્રી પ્રા. રાજનભાઇ કડિયાને આ પ્રયાસ માટે અભિનંદન અને આશીર્વાદ આપું છું અને આવાં પુસ્તકોનું સર્જન કરતા રહે એવી અપેક્ષા રાખું છું.

પ.ભ.શ્રી મહેન્દ્રભાઇને પણ આવા સુંદર પ્રકાશનકાર્ય માટે શુભેચ્છા સાથે આશીર્વાદ આપું છું અને ભવિષ્યમાં આવાં પુસ્તકોનું પ્રકાશનનું કાર્ય કરતા રહે એવી શ્રી બાલકૃષ્ણ પ્રભુને અંતરથી પ્રાર્થના કરું છું.

૬૮, સ્નેહકુંજ
સુમન-સજની કો.ઓ.હા.સોસાયટી,
જયંતપાર્ક પાસે, ઘોડાસર, કેનાલ રોડ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૫૦
ફોન : ૫૩૫૮૪૯૫

લી.
અ.સૌ. કાલિન્દીબેટીજી
અમદાવાદ.

પૂ. કેશવરામ કા. શાસ્ત્રીજીનાં

આશીર્વચન

ભ્રમરગીત

'ગોપીઃ પ્રેમની ધ્વજા' શીર્ષક નીચે પ્રસિદ્ધ થતો સૂરદાસકૃત'ભ્રમરગીત'નો રસાસ્વાદ હિંદી ભાષાના એક ગણ્યકોટિના તદ્દવિદ પ્રા. રાજનૂભાઇ કડિયા દ્વારા તૈયાર થઇ પ્રસિદ્ધ થઇ રહ્યો છે, એનો સમાદર કરતાં મને ઘણો જ આનંદ થાય છે.

દશમ સ્કંધમાં આવતાં કમનીય ગીતોમાં 'ભ્રમરગીત'વિશિષ્ટ પ્રકારનું દૂત કાવ્ય હોઇ કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ પણ એક ગુણ્યકોટિની રચના છે. આવા ઉત્તમં દૂતકાવ્યને માત્ર અષ્ટછાપ કવિઓમાંના મૂર્ધન્ય અને હિંદી સાહિત્યના જગન્માન્ય ભક્ત કવિની રસપૂર્ણ ભાવવાહી વાણીમાં મૂર્ત થતાં એક વિશિષ્ટ પ્રકારની મહત્તા મળી છે. એ હિંદી સાહિત્યના વિકાસની દૃષ્ટિએ મહત્ત્વ પામે છે.

વાસ્તવમાં આ વિરહ કાવ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણનો ગોપાંગનાઓને જે વિરહ થયો તેને દર્દભરી વાણીમાં અપાતો આપણે વાંચીએ છીએ ત્યારે 'સાધારણીકરણ'કાવ્ય-સિદ્ધાંત અનુસાર વાચકો તેમજ શ્રોતાઓ ગોપાંગનાઓ સાથેની તાદૃશતાનો અનુભવ કરે છે. આવી સુંદર સૂરદાસના ભ્રમરગીતની પ્રત્યેક કડીને વિષય-વાક્ય બનાવી આપવાનો પ્રા. રાજન્ કડિયાનો પ્રયત્ન પણ દાદ માંગી લે તેવો છે. સાંપ્રદાયિક રીતે તાપ-ક્લેશનું કેવું સ્વરૂપ હોય એનો પણ અનુભવ માણી શકાય છે, જાણી શકાય છે અને એકાત્મકતા પણ અનુભવાય છે.

આવા પ્રયત્નો માટે પ્રા. રાજન કડિયાને અભિનંદન આપતાં આનંદ અનુભવું છું, તેમજ આ ગ્રંથના સંપાદક 'શ્રીમદ વલ્લભાચાર્ય પુષ્ટિ ગ્રંથ પ્રકાશન'વતી ભાઇ શ્રી મહેન્દ્રભાઇ મોહનલાલ શાહ દ્વારા આ ગ્રંથનું પ્રકાશન કરી ત્રિરંગી ચિત્રોથી સનાથ કરી ભગવાન શ્રીકૃષ્ણ લીલાઓ તેમજ અન્ય પ્રકારના પ્રસંગોને પ્રત્યક્ષ કરવાની સુવિધા કરી આપી છે, એ આ ગ્રંથની વિશિષ્ટતા છે.

'મધુવન'લૉ કૉલેજ પાસે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.

કેશવરામ કા શાસ્ત્રી
(ડી. લિટ્)

પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજીનાં

આશીર્વચન

'ભ્રમરગીત'

ભ્રમરને મહર્ષિઓ ષટ્પદના ગૌરવશીલ સંકેતથી વર્ણવે છે. સર્વ શ્રુતિ સ્મૃતિ ઉપનિષદ શાસ્ત્રોના તજજ્ઞને ષટ્પદ કહેવાય છે. ષટ્શાસ્ત્ર ષડ્દર્શનોના રસાલ માધુર્યનું પરિવેષણ કરવાનું રસરાજ ભગવાન સૌભાગ્ય પોતાનામાંથી જ કો'ક અંગીકૃત તદીય જનને સમર્પે છે.

ભગવાને આ માધુર્ય-પીયૂષનું વ્રજાંગનાઓના મુખારવિંદના માધ્યમથી પરિવેષણ કર્યું. નિર્ભરા ભક્તિ, અહૈતુકી ભક્તિ, નિર્વ્યાજ ભક્તિ સમાધિભાષાના મહાપ્રાણ સમા શ્રી ભ્રમરગીતમાં ભારોભાર ભરી છે.

અન્યોક્તિના વ્યાજથી ગાયેલી શ્રી વ્રજસુંદરીઓની ભગવચ્ચરણ-સરોજમાં નિરંતર વસેલી અનન્ય ભાવોક્તિની અતિમધુર સ્નેહસરિતા છે. મર્મજ્ઞ, રસજ્ઞ અને સુજ્ઞ ભાઇ શ્રી રાજનભાઇએ અન્તર્મુખ ભૂમિમાં વસીને આ નિર્વ્યાજ ભક્તિનું વસાણું પીરસ્યું છે, જે નિત્યપેય રસાયણ છે. બહિર્મુખ પણ આ પીયુષ રસાયણના એકાદ વિપ્રુટ બિંદુનું આચમન કરશે, તો ભગવચ્ચરણોની અનન્ય ભક્તિનાં આસ્વાદન થયા વિના રહેશે નહીં. ભાઇશ્રી રાજનભાઇએ તો આવાં અલૌકિક અમૃત સ્રોતસ્ વહાવ્યાં છે. આવાં પીયૂષ સ્રોતસ્ શ્રદ્ધાનિષ્ઠ વર્ગના હૃદયને સમર્પણ કરવાનું સહજ ઔદાર્ય પ.ભ.ભાઇશ્રી મહેન્દ્રભાઇને આપ્યું છે. એ ભગવાનની અનુકમ્પાને વારંવાર વંદન કરી વિરામ લઉં છું. ભાઇ મહેન્દ્રભાઇની આ વૈષ્ણવી નિષ્ઠાનું પોષણ વાંચી વિરમું છું.

શ્રી ભાગવત વિદ્યાપીઠ
કૃષ્ણધામ, સોલા,
અમદાવાદ-૩૮૨૪૮૧
ફોન : (૭૯૦) ૪૭-૩૧૬૩

કૃષ્ણશંકર શાસ્ત્રીના
જય શ્રીકૃષ્ણ

પૂ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજીનાં

આશીર્વચન

'ભ્રમરગીત' - આહ્લાદ

'ભ્રમરગીત'અનન્યભક્તોના અંતઃકરણના ઉત્કટ-ઉષ્ણ-ભાવની અભિવ્યક્તિ છે, શબ્દ-શરીર છે. સુમનની સુંદરતા-સુગંધ-દૂરથી પણ જાણી માણી શકાય;સુકુમારતા પાસે સ્પર્શથી સમજાય, અંદર રહેલો મકરંદ-રસતો માત્ર ભ્રમર જ જાણે-માણે છે;તે રસપાનથી રસમત્ત દશામાં ગુંજારવ કરતો રહે છે, તે 'ભ્રમરગીત'છે. પ્રણયરસમત્ત શ્રી ગોપીજન-ભ્રમરનું 'ભ્રમરગીત'તો શ્રી ભાગવતના દશમ સ્કંધના ૪૩-૪૪ (પ્રક્ષિપ્ત ૩ ગણતાં ૪૬-૪૭) અધ્યાયોમાં છે. તેમાંના દશ શ્લોક 'ભ્રમરકથા'છે, જેને પ્રાયઃ સામાન્યતઃ'ભ્રમરગીત'કહેવામાં આવે છે. વિરહ-જ્વર-સંતપ્ત ભક્તોનું સાંત્વન ભગવાન કરે છે. શ્રીનંદ યશોદાજી અને શ્રીગોપીજનનું આ સાંત્વન છે. તેમાં જ્વર-શમન માટે ભગવાને ઉદ્ધવજી સાથે 'જ્ઞાન-સંદેશ'મોકલ્યો છે, ભાવપોષણ માટે તો છે - 'પ્રિય-સંદેશ'. આમાં જ્ઞાનોદ્યાનમાં ભમતા ભ્રમર ઉદ્ધવજી અને પ્રેમોદ્યાનમાં પરિભ્રમણ કરતાં શ્રી ગોપીજન - ભ્રમરને ભગવાને 'ભ્રમ-રહિત'કરીને 'ભ્રમર-હિત'કર્યું છે. તેથી બંનેનો ગુંજારવ પણ તેમાં છે, શ્રી ગોપીજનનો 'ભક્તિ-સંદેશ'

मनसो वृत्तयोः नः स्युं कृष्णपादाम्बुजाश्रयाः ।**અને 'ઉદ્ધવગીત'**
एताः परं तनुभृतो भुवि गोपवध्वः ।

શ્રી ગોપીજનને કૃષ્ણમાં પૂર્ણાસક્તિ છે. ભગવાન સર્વત્ર-સર્વદા હોવાનું જ્ઞાન નથી, અજ્ઞાન છે, તે 'જ્ઞાન-સંદેશ'થી દૂર થતાં, વિરહજ્વર શમ્યો. વિરહ તો ભગવદ્રુપ યથાવત્ રહ્યો. 'પ્રિયસંદેશ'થી પુષ્ટ થયો. ઉદ્ધવજીનું જ્ઞાન-મુખ્યતાનું અજ્ઞાન ગયું. વ્રજભક્ત દર્શને-સ્વાનુભવે, આંતરનિષ્ઠા અને ઉત્કટ ઉષ્ણભાવની અધિકતા સ્વીકારી લીધી. 'ભ્રમરકથા'માં વક્રોક્તિ કે વ્યાજોક્તિથી કૃષ્ણ-પ્રણય-પ્રકોપ શબ્દશરીરે સાકાર થયો. વિકાર કોઇ તેમાં નથી. કામશાસ્ત્રાનુકૂલ-પુષ્ટિ-ભક્તિમાર્ગીય આ મતાન્તર ભાષા સમાધિભાષાથી વિરુદ્ધ નથી, પ્રેમપરિભાષા છે!ભ્રમરને નિમિત્ત બનાવીને કાલ અને ઉદ્ધવજીને ઉપાલંભ પણ દેવાયો છે. આ ત્રણેને સ્પર્શતું 'ભ્રમરગીત'સાથે સાથે ભગવાન-શ્રી ગોપીજન-ઉદ્ધવજી આ ત્રણેમાં

પણ હૃદયને સ્પર્શેલું-સ્નેહસાન્દ્ર છે. 'ભગવત્સંદેશ'લઇને ગયેલા ઉદ્ધવજી પાછા તો 'ભગવદીય સંદેશ'લઇને આવ્યા છે. તેમને વ્રજભક્તોના કોપમાં પણ કમનીયતા લાગી છે, માન છતાં અભિમાન નથી દેખાયું, દોષારોપ છતાં નિર્દોષતા લાગી છે, વક્રોક્તિમાં પણ વિશિષ્ટતા લાગી છે;ઉપકાર સ્વીકારે નહીં ઉપાલંભ આપે, છતાં આત્મીયતા તેમાં અનુભવાઇ છે!સ્વતંત્ર ભક્તિની સ્વતંત્ર રીતભાત માણી છે!

શ્રી દયારામભાઇએ તે દર્શાવી છે, - 'જેના વિયોગમાં અમે આંસુ સારીએ લોલ; કહો તો તેને હમણાં પ્રકટ બતાવીએ રે લોલ.' આ રસમસ્તીને તો મસ્તક નમી જ પડે છે. આહ્લાદ અનુભવાય છે.

આ 'ભ્રમરગીત'નું દૂરથી રસદર્શન જ નહિ, પણ નિકટતાથી આસ્વાદન ભ્રમરવૃત્તિથી પ્રા. શ્રી રાજનભાઇ કડિયાએ કરાવ્યું છે, પુષ્ટિ ભક્તિમાર્ગના જહાજ શ્રી સૂરદાસજીના 'ભ્રમરગીત'ના અવલંબને - **'ગોપી : પ્રેમની ધ્વજા'**એ શ્રી પરમાનંદદાસજીના શબ્દા ધ્યૈથી ! આ આલેખક-પ્રકાશકને હાર્દિક ધન્યવાદ!વિશેષ આલેખન-પ્રકાશન માટે હાર્દિક મંગલકામના!ગ્રંથમાં ચિત્રો પણ મનો-નયન-રમ્ય છે. ધન્યવાદ!

ભદ્રહૃદય શ્રી મહેન્દ્રભાઇ મો. શાહનો મનોરથ તો આ જ પ્રકારે સચિત્ર વેણુગીત-યુગલગીત-ગોપીગીત-અષ્ટસખાનો રસાસ્વાદન કરાવવાનો ગ્રંથ પ્રકાશન દ્વારા છે. મનોરથ તો ભક્ત કરે, મનોરથપૂરક પ્રભુ છે. શીઘ્ર આ મંગલ મનોરથ પ્રભુ પૂર્ણ કરે તેવી હાર્દિક મંગલકામના!

ખૂબ શીઘ્રતામાં, શુકલ-મંગલ વાંછતાં વિરમું છું.

વ્રજવિહાર
મોટીપોળ, મોદી સાંથ,
નડિયાદ-૩૮૭૦૦૧
ફોન : ૫૦૯૦

લિ.
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
પ્રભુવંદન

ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણાવતા
અવતરે ત્યારે ભગવાન-સંબંધી બધું પણ
છે. ભગવાન શ્રીકૃષ્ણ જો પરબ્રહ્મનો પૂર્ણાવતાર
પ્રેમનો ભક્તિનો પૂર્ણાવતાર છે.

શ્રી નારદજી કહે છે, **'યથા વ્રજગોપિકાનામ્** 'કોઇ પોતા પૂર્ણતયા વિક
પોતાના પ્રેષ્ઠને સમર્પિત કરી દે અને એ પ્રેષ્ઠના સ્વલ્પ વિસ્મરણમાંય
વેદના થાય, એ સંવેદનાનું નામ જ ભક્તિ છે. ભક્તિની આમ વ્યા
બાદ ભક્તિમાર્ગના પરમ આચાર્યશ્રી નારદજીને થયું કે મેં ભક્તિની વ્યાખ્યા તો પ્રસ્તુત કરી, પરંતુ એનું કોઇ પ્રકટ દૃષ્ટાંત-એનું કોઇ પ્રત્યક્ષ પ્રમાણ આપું તો ઠીક, એટલે એમણે અવિલંબે સૂત્ર આપ્યું : **'યથા વ્રજગોપિકાનામ્.'**

પ્રેમની પૃષ્ઠભૂમિ પર પ્રકટ થયેલા આ પૂર્ણ ભગવદવતાર તથા પૂર્ણ ભક્તિઅવતારની વચ્ચે દાસ્ય, સખ્ય, માન-દૈન્ય આદિ અનેક ભાવોનું લીલાકરણ થયું છે. ભક્તિસાગરનાં સઘળાં મોતીઓ, રત્નો પ્રકટ્યાં છે. વિશુદ્ધ, આધિદૈવિક, અલૌકિક દિવ્ય એવા સ્નેહની સૂક્ષ્માતિસૂક્ષ્મ ભૂમિકાઓનાં રસમય નિરૂપણ શ્રીમદ્ ભાગવતજીની કથામાં, વ્રજભક્તોનાં પદો વગેરેમાં સુલભ થાય છે.

એમાંય પ્રેમની પીડા!વિરહ!ન સહેવાય અને ન કહેવાય એવી સ્થિતિ!ફરિયાદ. પણ કરવી છે, પીડાને પ્રકટ પણ કરવી છે અને ઔચિત્ય પણ જાળવવું છે!કેવી મુશ્કેલી!

વિયોગની અવસ્થા-એક વિશેષ યોગની અવસ્થા પાતંજલ પ્રણાલીનો નહીં પણ એક અભૂતપૂર્વ અવસ્થા, લોક-વેદાતીત અવસ્થાનું નિરૂપણ ગોપિકા, શુક, સૂર, નંદદાસાદિના દ્વારા થયું - થયા કર્યું. એ છે ભ્રમરગીત!

આજના કઠોર અને કટુતા ભરેલા માનવજીવનમાં આવી અનેક નિર્મલ, સુખદ અને પ્રેરક અભિવ્યક્તિઓની આવશ્યકતા-બલ્કે અનિવાર્યતા છે. આવી મધુર

કથાઓ જ માનવીને નિષ્ઠુર, પદાર્થવાદી અને ધ્યેયવિહીન બનતો રોકે છે. આવાં પ્રકાશનો એ આપણી મહાકષ્ટે અર્જિત અને સંચિત સંસ્કૃતિ-ધારાને કલિના કલ્મષ સમુદ્રમાં રોકનારા આડબંધો છે.

પ્રા.શ્રી રાજનભાઇ કડિયા દ્વારા અત્યંત સરળ છતાં સ્નિગ્ધ, સુચારુ અને સ-રસ શૈલીથી લખાયેલ, અનેક અવતરણોથી પુષ્ટ થયેલ આ પુસ્તક સૌ વૈષ્ણવોને, કૃષ્ણપ્રેમીઓને તેમજ સંસ્કૃતિ પ્રેમીઓને ઘણું જ ગમશે. પ્રભુ એમને હજી આવી સુંદર રચનાઓ તૈયાર કરવામાં પ્રેરણા આપતા રહે એવી પ્રાર્થના. શ્રી મહેન્દ્રભાઇએ પણ ઘણો પરિશ્રમ કરીને આ ગ્રંથને સજાવ્યો છે, સચિત્ર કર્યો છે. તેમને પણ અભિનંદન આપું છું.

આ જ પ્રકારે સચિત્ર વેણુગીત - યુગલગીત - ગોપીગીત - અષ્ટસખાનો રસાસ્વાદન કરાવવાનો મનોરથ તો ભક્ત કરે. મનોરથ પૂરક પ્રભુ શીઘ્ર આ મંગલ મનોરથ પૂરો કરે તેવી હાર્દિક મંગલકામના.

૬૦૧, સત્યમ્ ટાવર,
ધૂમકેતુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.

યોગેશ શાસ્ત્રીનાં
જય શ્રીકૃષ્ણ

પૂ.શ્રીદેવેશભાઇ શાસ્ત્રીનાં

આશીર્વચન

પરમ ભગવદીય પ્રા. રાજનભાઇ કડિયાએ 'ગોપીઃ પ્રેમની ધ્વજા'માં સૂરદાસજીના 'ભ્રમરગીત'નો સરસ રસાસ્વાદ કરાવ્યો છે. નિરવધિ રસની પૌનઃપુન્યતા માટે નયનરમ્ય હૃદયંગમ ગ્રંથનો આકાશ અપાયો છે. રસરાજ આનંદકાર શ્રી કૃષ્ણનાં પ્રેમ-પતાકારૂપ ગોપીજનો સાથેના પ્રેમસંબંધોનું અત્રે બહુઆયામી દર્શન કરાવ્યું છે.

મહાન સાહિત્યકાર અને વિવેચક ફ્રાંસિસ બેકને પુસ્તકોની ગુણવત્તાનું વર્ગીકરણ કરતાં કહ્યું હતું. - 'Some Books are to be Tased, others to be swallowed and some few to be chewed adn digested.'કેટલાંક પુસ્તકો માત્ર ચાખવા જેવાં જ હોય છે. બીજાં મોટા ભાગનાં તો ગળી જવા જેવાં હોય છે. બહુ થોડાં પુસ્તકો ચાવી ચાવીને પચાવવા જેવાં હોય છે. 'પ્રસ્તુત પુસ્તક છેલ્લા પ્રકારના વર્ગમાં આવે છે, જેમાં તેને ચાવી ચાવીને પચાવવાનું હોય છે. ચંદનને જેટલું ઘસવામાં આવે તેટલું સુગંધવાળું બને છે, તેમ આ રસને જેટલો વાગોળવામાં આવે તેટલો વધારે સ્વાદિષ્ટ લાગે છે. કેટલાંક પુસ્તકો વિહંગાવલોકન કરવા જેવાં હોય છે. એટલે કે ઝડપથી ઉપરછલ્લી નજર દોડાવી મૂકી દેવા જેવાં હોય છે. કેટલાંક પુસ્તકો સિંહાવલોકન કરવા જેવાં એટલે કે પાછળ તરફ નજર રાખી ધીમે ધીમે આગળ વધવા જેવાં હોય છે. પરંતુ પ્રસ્તુત પુસ્તક તો 'ભ્રમરાવલોકન'થી માણવા જેવું છે. ભ્રમરગીતની સૃષ્ટિની ભ્રમરદૃષ્ટિ વિના કેવી રીતે નિહાળી શકાય?

પ્રા. શ્રી રાજનભાઇ કડિયાએ સૂરદાસજીનાં અસંખ્ય પદો, નંદદાસજી, પરમાનંદદાસજી, કૃષ્ણદાસ તેમજ શ્રીમદ્ ભાગવતની આધારભૂત રસસામગ્રીના સમુદ્રમાંથી અમૃતમય આચમનપાન કરાવ્યું છે, પ્રયાસ ખૂબ સ્તુત્ય છે. પરમ કૃપાળુ પ્રભુ તેમને આવાં અનેક પુસ્તકો લખવા પ્રેરણા પ્રદાન કરે એવી પ્રાર્થના સહ.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન દ્વારા પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ એમ. શાહના માધ્યમથી વૈષ્ણવ સૃષ્ટિને રસાસ્વાદને લાભ આપેલ છે. તેમને પણ ધન્યવાદ.

દેવેશભાઇ મહેતા (શાસ્ત્રી)
અમદાવાદ

અંતરથી આવકાર

પરમ ભગવદીય અને મારા વડીલ મિત્ર પ્રા. રાજનભાઇ કડિયાએ રસસ્થાળમાં ખૂબ જ સરળ ભાષામાં પીરસેલ ભ્રમરગીતનું રસાસ્વાદન પુસ્તક વલ્લભી-વૈષ્ણવ જનસમુદાય માટે ઉપયોગી નીવડશે. 'ભ્રમરગીત'નું હાર્દ વૈષ્ણ ના હૃદયકમળ સુધી પહોંચે એ પણ એમનો અવિરત પ્રયાસ રહ્યો છે. શ્રીમદ્ ભાગવતમાં આપેલ મૂળ ભ્રમરગીતના શ્લોકો અને સૂરદાસ વગેરેનાં પદોનું અનુસંધાન કરી, એક સુંદર સુગ્રથિત સંકલનનું સમર્પણ કર્યું છે. આ એમનું અણમોલ સમર્પણ ભગવદીયોના ખોળે હીંડોળા લેશે અને વલ્લભકુળ પરિવાર વહાલસોયી રીતે આ પુસ્તકને અવશ્ય સ્વીકારશે. ભક્તિ સદા શ્રેષ્ઠતમ છે પ્રભુના વિપ્રયોગમાં સંયોગાત્મકતાનો આવિર્ભાવ કરી વૈષ્ણવો સમક્ષ પ્રભુનું નખશીખ, અતિ મોહક સ્વરૂપ ખડું કરી દેશે. ખરેખર આ પુસ્તકનું એક વાર વૈષ્ણવજન નિરાંતે આસ્વાદન કરે તો આ સૌથી કઠિન તેવો પ્રભુનો સંદેશ બહુ જ સહજ રીતે સમજી શકાશે. એટલું જ નહિ, પરંતુ ગોપિકાઓ 'પ્રેમની ધ્વજા'છે અને 'ઊધો સીધો ભયો'આ બંને બાબત હૃદયારૂઢ થાય છે.

પ્રા. રાજનભાઇ કડિયાએ વૈષ્ણવ પરિવારનું તંત્રીપદ સંભાળ્યું હતું. તે સમયની એમની લેખિની અને પ્રભુની એમના ઉપર થયેલી વિશેષ કૃપાને કારણે વલ્લભ-વિચારધારાનું એમના મનોવ્યાપારમાં થયેલ અસ્ખલિત-રમણ કે નીતરા કાચ જેવું અહીં અનુભવાય છે, જે આપણને ભારોભાર ભીંજવી દે છે. 'વૈષ્ણવ પરિવાર'માં સૂરદાસનાં પદોનો રસાસ્વાદ, સુબોધિજીની સૂક્તિ ઉપરના ચિંતન લેખો અને અષ્ટછાપ સખાઓ ઉપરના હિન્દી દૃશ્યરૂપક ઉપરથી તૈયાર કરેલ ગુજરાતી વાર્તાન્તર વગેરેનું શાંતિપૂર્વકનું પઠન-ચિંતન-મનન, કરવાથી હું તેમના નિકટ પરિચયમાં આવ્યો હતો. વૈષ્ણવોને ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચાડે એવું કૌવતભર્યું સામર્થ્ય પ્રા. રાજનભાઇની લેખિનીમાં વર્તાય છે.

વૈષ્ણવ-સમુદાય સમક્ષ ભ્રમરગીતનું રસાસ્વાદન જે એમણે કરાવ્યું, તે માટે હું ખરેખર એમને ધન્યવાદ પાઠવું છું અને પ્રભુકૃપાથી એમની આ લેખન-પ્રવૃત્તિ અવિરત ચાલ્યા કરે, એવી પ્રભુને પ્રાર્થના અને વિભુને વંદના સાથે વિરમું છું.

ડૉ. પ્રા. પ્રદ્યુમ્ન સી. રાયજીવાળા

(એમ.કોમ.,પીએચ.ડી.ડી)

૮, સુફલમ્ સોસાયટી, કદમ્બપલ્લી વિસ્તાર,
નાનપુરા, સુરત.

॥ श्री गोवर्धन प्रभु विजयते ॥

॥ श्री नवनीतप्रियो प्रभु विजयते ॥

पुष्टिमार्ग अलौकिक मार्ग है । इस गुप्त मार्ग में कई महा अलौकिक रत्न छिपे हुए हैं । आज के पुष्टिमार्गीय वैष्णव जन काफी प्रयास करते हैं । मार्ग के ग्रंथो का अवलोकन करनेवालों में से प.भ.श्री **प्रा.राजनभाई कडिया** एक हैं । जिन्होंने अष्टसखा श्री नंददासजी, श्री सूरदासजी तथा श्री परमानंददासजी रचित श्री **उद्धव गोपी प्रसंग** (भ्रमरगीत) सम्बन्धित पदों कों अलग अलग स्थानों से चुनकर एकत्रित करके अलौकिक भावों को सचित्र करके उनकी गूढता को सरल करके सर्व सामान्य वैष्णव समझ सके और अलौकिक आनंद प्राप्त कर सके ऐसा प्रयत्न किया है ।

श्रीमद् वल्लभाचार्य पुष्टि ग्रंथ प्रकाशन ने हमें चित्र तैयार करने को कहा, जो भगवत् कृपासे पूर्ण हुआ । हम चित्रकार माँ-बेटे श्रीमद् वल्लभाचार्यजी पुष्टि ग्रंथ प्रकाशन के आभारी हैं । प.भ.श्री महेन्द्रभाई शाहने काफी श्रम लिया हैं ।

चित्रकार
विमलाबेन भाटिया
श्यामसुंदर पुरोहित
जोधपुर (राजस्थान)

પ્રસ્તુત ગ્રંથ **'ગોપી : પ્રેમની ધ્વજા'**

પ્રત્યે અંતરના ઉદ્‌ગારો

હર્ષોલ્લાસ સહ નિવેદન કે સંવત ૨૦૫૪ના નૂતનવર્ષના પ્રથમ દિવસે પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર પ્રસારના અનેકવિધ ક્ષેત્રે જેમની સેવા અત્યંત નોંધપાત્ર છે તે શ્રીના કૃપાપાત્ર તથા શ્રીવલ્લભ અને વલ્લભનીયના વહાલા પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ મોહનલાલ શાહે 'ભ્રમરગીત'ઉપર આધારિત **'ગોપી : પ્રેમની ધ્વજા'**નામનો બેનમૂન ગ્રંથ **પ્રા.શ્રી રાજનભાઇ કડિયા** દ્વારા લખાઇને તૈયાર થઇ રહ્યો છે, તે અંગેની મને જાણ કરી. પુસ્તક માટેની તમામ વાતો જાણ્યા પછી હું ખૂબ જ રાજી થયો અને તરત જ તેમની ઇચ્છાને માન આપીને તૈયાર થયેલ શરૂઆતનાં પ્રકરણોનું અવલોકન કર્યું.

શ્રી ભાગવતનો દશમ સ્કંધ શ્રીનાથજીબાવાનું હૃદય છે. તેમાં આવતો 'ભ્રમરગીત'નો પ્રસંગ સાચા પ્રેમનું સ્વરૂપ છે. ગોપીઓને પ્રભુ પ્રત્યે કેવો - કેટલો ગાઢ પ્રેમ હતો તે જાણી શકાય છે. અષ્ટછાપ કવિશ્રી સૂરદાસજી રચિત 'ભ્રમરગીત'ના આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રભુના વિરહ તાપથી તપ્ત ગોપીજનોને આશ્વાસન આપવા અને ઉપદેશ આપવા માટે ઉદ્ધવજી વ્રજમાં જાય છે. પણ ગોપીઓની પ્રેમ પરાકાષ્ટા જોઇને તેમનો જ્ઞાનગર્વ ઓગળી જાય છે. ગોપીઓ કહે છે -

ઊધો તુમ ભયે ભૌરે, પાતી લેકે આયે દૌરે,
જોગ કહાં રાખે યહાં , હમારે રોમરોમમેં શ્યામ હૈ.

ગોપીઓ તો ભગવાનની સ્વામિનીઓ છે. ભ્રમરને મીષ બનાવીને વ્યથા ભરી વાણીથી જણાવે છે કે 'અમે રહ્યાં ગામડાનાં ગમાર, મથુરાની યુવતીઓએ તેમને વશ કરી લીધા હોય ત્યાં અમારા જેવી સામાન્ય સ્ત્રીઓને તેઓ શા માટે યાદ કરે!' ગોપીઓનો આવો નિર્મળ, **અપ્રિતમ** શુદ્ધ સ્નેહ જોઇને ઉદ્ધવજી તો ગોપીઓના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને મથુરા પાછા ફરે છે. ગુરુ બનીને ઉપદેશ આપવા ગયા પણ શિષ્ય બનીને પાછા ફર્યા. તેમને ખાત્રી થઇ કે સમગ્ર વ્રજમંડળ પ્રેમ ભક્તિથી ભરેલું છે. 'ભ્રમરગીત'માં આવતા તમામ પ્રસંગોને સુંદર રીતે સરળ શૈલીમાં વણી લઇને **'ગોપી : પ્રેમની ધ્વજા'**નામનું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે, 'ભ્રમરગીત'ના વિવિધ પદો ઉપરાંત નંદદાસ, પરમાનંદદાસ અને

દયારામભાઇના પદોના આધારે ૫૦ જેટલા સુંદર મજાના ભાવવાહી બહુરંગી ચિત્રજીઓ આર્ટ પેપર ઉપર રજૂ કરવામાં આવ્યાં છે. સૌથી ભારે ઉચ્ચ પ્રકારના કાગળો ઉપર ઓફસેટ પ્રીન્ટમાં આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. ઉપરાંત પાકું બાઇન્ડીંગ અને સુંદર મજાનું મુખપૃષ્ઠ સૌનું ધ્યાન ખેંચે તેવાં છે.

આ પુસ્તકના લેખક પ્રા. રાજનભાઇ કડિયાએ આવો સુંદર મજાનો અમૂલ્ય અદ્વિતીય ગ્રંથ તૈયાર કરીને વૈષ્ણવ સમાજને અર્પણ કર્યો તે તેમની પુષ્ટિ સંપ્રદાયની એક મહાન સેવા કહી શકાય. પ.ભ.શ્રી રાજનભાઇ કડિયાએ મહેસાણાની કોલેજમાં બી.એ. તથા એમ.એ.ના વિદ્યાર્થીઓને ૩૦ વર્ષ સુધી ભણાવીને એક મહાન સફળ પ્રાધ્યાપક તરીકે **અપ્રિતમ** સેવા બજાવી છે. આ ઉપરાંત તે કોલેજના હિન્દી વિભાગમાં અધ્યક્ષ તરીકે મહત્ત્વની કામગીરી પણ તેમણે બજાવી છે. તેઓ પુષ્ટિ સંપ્રદાયના મહાન જ્ઞાતા છે, વ્યાખ્યાતા છે. તાજેતરમાં જ મહેસાણાથી પ્રસિદ્ધ થતું 'વૈષ્ણવ પરિવાર'સામાયિકના તંત્રી મહોદય પ.ભ.શ્રી રમેશભાઇ પરીખની નાદુરસ્ત તબિયતને કારણે બે વર્ષ સુધી તંત્રીપદ સંભાળીને **સફળ સંચાલન** કર્યું હતું. આવા વિદ્વાન પ્રા.શ્રી રાજનભાઇએ આવા વૈષ્ણવોને અત્યંત ઉપયોગી ગ્રંથ વૈષ્ણવોને અર્પણ કર્યો તે માટે તેમને કોટી કોટી ધન્યવાદ. મારા હાર્દિક અભિનંદન. તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ ગણાશે.

વિશેષમાં આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં જેમણે અથાગ પરિશ્રમ ઉઠાવીને સતત દોડધામ કરીને જે મહેનત કરી છે તે અત્યંત સેવાભાવી પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ મોહનલાલ શાહને કેમ ભુલાય ? પૂ.ગો.બાલકો, શાસ્ત્રીજીઓ તથા જાણકાર ભગવદીયોને મળી જરૂરી માર્ગદર્શન, સલાહ-સૂચનો વગેરે મેળવીને આ ગ્રંથને બેનમૂન બનાવવા માટે શ્રી મહેન્દ્રભાઇએ ખૂબજ દોડધામ કરીને અત્યંત પરિશ્રમ ઉઠાવ્યો છે. તે માટે તેઓશ્રી અત્યંત ધન્યવાદને પાત્ર છે.

પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ કેટલાંય વર્ષોથી અમદાવાદમાં પુષ્ટિ સંપ્રદાયની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય સેવા આપી રહ્યા છે. તેમનો બહોળો અનુભવ, ઊંડી સૂઝ તથા સમજ શક્તિ તેમજ કાર્ય કરવાની અનોખી પદ્ધતિને કારણે કેટલાય ગો.બાલકો તથા સંપ્રદાયના આગેવાનો તેમને અગત્યના કામો-આયોજનો પ્રકાશનો સોંપે છે અને પ્રભુ કૃપાથી તે તેઓ પાર પાડે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી સેવા ટ્રસ્ટ દ્વારા આ પૂર્વે ' વૈષ્ણવની સચિત્ર વાર્તા'નામનો ૧૧૨ ચિત્રજીઓ સહિતનો અત્યંત આકર્ષક દળદાર ગ્રંથ પ.ભ.શ્રી મહેન્દ્રભાઇની અથાગ મહેનતને કારણે જ પ્રાપ્ત થયો હતો. હવે વિવિધ' પદો

તથા રંગબેરંગી ચિત્રજીઓ સહિતના આ બેનમૂન 'ગોપી : પ્રેમની ધ્વજા'નામનો આ અત્યંત આકર્ષક ગ્રંથ પ્રગટ થયો છે તે તેમની એક મહાન સેવા કહી શકાય. તે માટે તેમને ધન્યવાદ, અભિનંદન અને તેમનો ખૂબ ખૂબ આભાર.

ખરેખર આ પુસ્તક અત્યંત મહત્ત્વનું છે. આવા સુંદર બેનમૂન પુસ્તક પ્રગટ કરવા બદલ આ ગ્રંથના સંકલનકર્તાઓ લેખક તથા પ્રકાશકને મારા હાર્દિક અભિનંદન. વાસ્તવમાં તેમનો પ્રયાસ અત્યંત સ્તુત્ય છે. આશા છે કે આ પુસ્તક વૈષ્ણવોને તથા ઇતર જીજ્ઞાસુજનોને અત્યંત ઉપયોગી - લાભદાયી બની રહેશે.

અંતમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિગ્રંથ પ્રકાશન દ્વારા પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ શાહ આવા સુંદર મજાના અલૌકિક ગ્રંથો પ્રકાશીત કરીને નામ સેવાનું મહત્વપૂર્ણ કાર્ય થતું રહે એ જ અંતરની અભિલાષા. વિશેષ આનંદની વાત શ્રી મહેન્દ્રભાઇપાસેથી જાણવા મળી કે હવે આ ગ્રંથ પછી થોડા જ સમયમાં આ રીતે જ 'વેણુગીત', 'ગોપીગીત'અને 'યુગલગીત'તેમજ 'રાસપંચાધ્યાયી'તથા 'અષ્ટસખા'ના ગ્રંથ પણ સુંદર મજાના ચિત્ર સહિત પ્રગટ કરવામાં આવશે. પરમકૃપાળુ શ્રીનાથજીબાવા તેમની આવી સેવા કરવા અલૌકિક સામર્થ્ય બક્ષે એ જ અભ્યર્થના. છેવટે આ પુસ્તકના પઠનથી વૈષ્ણવોને સેવામાં અને વ્યવહારમાં ફક્ત પ્રેમજ સૌથી મહત્વનું પરિબળ છે તે જાણવા મળે છે. પ્રેમ-ભાવ વિનાની સેવા નકામી.

ભાવ વિનાની ભક્તિ કરશે
તે પથ્થર કેમ તરશે

ભલે સેવામાં મોટો વૈભવ હોય, સુંદર સજાવટ હોય, પણ તેમની પાછળ પ્રેમભાવ નહીં હોય તો તેનો શો અર્થ ? સ્નેહયુક્ત રંચક સેવા પ્રભુ મેરૂસમાન માને છે. ગોપીઓના પ્રેમને વશ થઇને જ શ્રીકૃષ્ણ પ્રભુ તનક દહીં - છાશ માટે નાચતા હતા: ગોપીઓ સાવ સામાન્ય હતી, ગામડાની ગમાર હતી પણ તેમની પાસે પ્રભુ પ્રત્યે શુદ્ધ હૃદયનો સાચો પ્રેમ હતો. આથી જ શ્રી મહાપ્રભુજીએ 'ગોપી : પ્રેમની ધ્વજા'કહી તેને નવાજ્યા હતા. જે ગ્રંથ આપની પાસે મોજૂદ છે તેનું પઠન કરીએ -ગોપીજનોનું અનુસરણ કરીએ. પ્રેમના પંથે પ્રયાણ કરી પ્રભુ પ્રાપ્તિ અર્થે પ્રયત્નો કરીએ એજ હાર્દિક ભાવના.

લિ.
ચિમનલાલ એન. બેંકર
અમદાવાદ
ના વંદનસહ જય શ્રીકૃષ્ણ

સંવત ૨૦૫૪, માગસર વદ ૯
તા. ૨૧-૨-૯૮, મંગળવાર
સ્થળ : શ્રી ગુંસાઇજીની બેઠક,
અસારવા, અમદાવાદ.

ઉદ્ધવજીને ગોપીઓનો સંદેશો
કાનુડાને જઇને કહેજે...વ્રજમાં વહેલો આવ

(રાગ : પંખીડા...ઓ પંખીડા...)

ઓધાજી...ઓધાજી...ઓધાજી....ઓધાજી...
કાનુડાને જઇને કહેજે, વ્રજમાં વહેલો આવ;
નંદ જશોદાજી રડી રહ્યાં છે, જોઇને તારી વાટ - ઓધાજી (૧)
ઓધાજી...ઓધાજી...ઓધાજી...ઓધાજી...
કાન કુંવરને જઇને કહેજે, ગોકુળમાં ઝટ આવ;
તારા વિરહમાં ઝૂરી મરે છે, ગોપીઓ દિન ને રાત-ઓધાજી (૨)
મારા મનના મોહન તું વહેલો વહેલો આવ;
તારી વહાલી કુબ્જાને તું સાથે તેડી લાવ;
ઝટ આવ, જલદી આવ, તાપ સમાવ મારા તાપ સમાવ
કાનુડાને જઇને કહેજે, વ્રજમાં વહેલો આવ - ઓધાજી (૩)
ગોકુલગામની ગાયો તો તલસે છે આજ,
એના વાછડા વલવલે વિરહમાં તારી કાજ;
દયા વરસાવો, પ્રેમ વરસાવો, ગોકુલવાસીઓ કાજ
કાનુડાને જઇને કહેજે, વ્રજમાં વહેલો આવ - ઓધાજી (૪)
ગોકુળ ગામમાં રડે છે સૌ નરનારીને બાળ,
તારા વિરહમાં વ્રજવાસીઓના છૂટી જશે પ્રાણ;
કૃપા કરી દોડ્યા આવો, લેવાને સંભાળ,
કાનુડાને જઇને કહેજે, વ્રજમાં વહેલો આવ - ઓધાજી (૫)
તારા વિયોગે તલસે છે ગોપીને ગોવાળ
સુનુ લાગે છે આજ ગોકુલીયું ગામ;
જલ્દી પધારો, વિનંતી સ્વીકારો 'ગોપીજન'ની આજ.
કાનુડાને જઇને કહેજે, વ્રજમાં વહેલો આવ - ઓધાજી (૬)

ચિમનલાલ એન. બેંકર (ગોપીજન)
ના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

ગોપીકા ગુરવઃ પ્રોક્તાઃ

શ્રીહરિરાયપ્રભુચરણ આજ્ઞા કરે છે કે 'શ્રી ગોપીજનો પુષ્ટિભક્તિના ગુરૂ છે.' શ્રીમદ્ ભાગવત એ તો શ્રી ગોવર્ધનનાથજીનું નામ સ્વરૂપ છે. તેમાં દશમસ્કંધ એટલે તો શ્રી ગોવર્ધનનાથજીનું હૃદય છે. દશમ સ્કંધના ૪૬માં અને ૪૭ અધ્યાયમાં ઉદ્ધવજીના પ્રસંગ ઉપર શ્રીમહાપ્રભુજીએ શ્રી સુબોધિનીજીમાં સુંદર ભાવો બતાવ્યા છે તેમાં વિપ્રયોગ લીલાનું નિરૂપણ છે. મથુરામાં શ્યામસુંદરજીના મિત્ર છે ઉદ્ધવજી. તેઓ તેમને પૂછે છે "આપનું મુખ ઉદાસ કેમ છે?" સૂરદાસજીના શ્યામ આંખોમાં આસું ભરીને કહે છે 'ઊધો ! મોહી વ્રજ બિસરત નાહીં. હું મથુરામાં રહું છું પણ મારા પ્રિય વ્રજને વિસરી શકતો નથી. મારા પ્રિય વ્રજવાસીઓ મને સતત યાદ આવ્યા કરે છે. હે ઉદ્ધવ! તું મારો સંદેશો લઇ વ્રજવાસીઓ પાસે જા. મારી મૈયાને, નંદબાવાને અને વ્રજવાસીઓને સાંત્વન આપી આવ.' ગોપીઓની ભક્તિ જ્ઞાનથી પર છે, પરંતુ ઉદ્ધવજી જાણતા ન હતા કે જ્ઞાનથી પણ પર ભક્તિ હોઇ શકે. એઓશ્રીને મન જ્ઞાન સર્વસ્વ હતું.

બીજી બાજુ પ્રભુના મથુરા પધાર્યા પછી શ્રી ગોપીજનો જે તાપ-ક્લેશ આનંદનો અનુભવ કરી રહ્યાં છે, તેનું સૂરદાસજીએ એક પદમાં સુંદર વર્ણન કર્યું છે. **'ના હિન રહ્યો મનમેં ઠોર'**આ પદની અંતિમ પંક્તિઓ નીચે મુજબ છે.

'શ્યામ ગાત્ર, સરોજ, આનન, લલિત ગતિ મૃદુહાસ ।
'સૂર'ઐસે દરસકો યહ, મરત લોચન પ્યાસ ॥'

પ્રિયતમના ભાવાત્મક માનસી સ્વરૂપની લાવણ્ય, માધુર્ય સુધાનો આ શ્રી ગોપીજનો વિરહ અવસ્થામાં અનુભવ કરી રહ્યાં છે. છતાં તૃપ્તિ થતી નથી. તેથી ઉદ્ધવજીને કહી રહ્યાં છે. **'મસ્ત લોચન પ્યાસી'** અમારાં નેત્રો સદાપ્યાસા જ રહે છે. આનુ નામ તાપ-ક્લેશ આનંદ. આ તાપક્લેશ આનંદની બહુજ વિલક્ષણ અનુભૂતિ છે. શ્રી ઉદ્ધવજી બ્રહ્માનંદનો તો અનુભવ કરી રહ્યા હતા. પરંતુ ભજનાનંદ તાપક્લેશાનંદનો એઓને અનુભવ ન હતો. શ્રી ગોપીજનો વિરહ ભાવાત્મક તાપક્લેશનો આનંદ સ્વરૂપનો અનુભવ કરી રહ્યાં હતાં તેનું જ્ઞાન ઉદ્ધવજીને થતાં પોતાની બ્રહ્માનંદ અવસ્થાને હીન ગણીને ગોપીજનોના ચરણ રજની કામના કરવા લાગ્યા અને શ્રી ગોપીજનોની કૃપાથી ચરણ પ્રાપ્ત થતાં ઉદ્ધવજી શ્રી ગોપીજનોના અનુરાગ પ્રવાહમાં નિમગ્ન થઇ ગયા. મથુરામાં જે વખતે તેઓ પ્રભુ સન્મુખ થયા તે સમયની તેમની અવસ્થાનું ચિત્રણ સૂરદાસજીએ ભ્રમરગીતમાં આલેખ્યું છે.

ભ્રમરગીત ભક્તિ માર્ગના ગુરુઓની કથા છે. આ ગુરુઓની ચરણરંજની અણુ જેટલી નહીં, પરંતુ પરમાણું જેટલી પણ કૃપા થઇ જાય તો જીવન ધન્ય થઇ જાય.

'યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।
તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥'

જે મને બધે જુએ છે અને બધાંને મારામાં જુએ છે, તેને હું અદૃશ્ય રહેતો નથી અને તે મને અદૃશ્ય રહેતો નથી. પરમ ભગવદીય પ્રા. શ્રી રાજનભાઇ કડિયાએ સૂરદાસજી નંદદાસજી કૃત ભ્રમરગીતનો રસાસ્વાદ **'ગોપીપ્રેમની ધ્વજા'**ના પુસ્તકમાં સુંદર રીતે સમજાવ્યો છે. પ.ભ.શ્રી રાજનભાઇનો પ્રથમ પરિચય જ્યારે પૂ.ગો.ઇન્દિરાબેટીજી સાથે આપશ્રીના સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે પુસ્તકના પ્રકાશન માટે.મહેસાણા જવાનું થયું ત્યારે પ.ભ.શ્રી રમેશભાઇ પરીખના ઘરે ગયો હતો. અપરોક્ષ રીતે તો અમે બન્ને એકબીજાના લેખન કાર્યથી પરિચિત હતા જ.

પ.ભ.શ્રી રાજનભાઇ કડિયાનું જીવન ખૂબજ પરિશ્રમ ભર્યું રહ્યું છે. લેખક, કવિ, પ્રાધ્યાપક, પત્રકાર, પ્રકાશક જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની જવાબદારી સફળતાપૂર્વક પાર પાડી છે. આવી બહુમુખી પ્રતિભા ધરાવનાર શ્રી રાજનભાઇ ખૂબજ સાલસ સ્વભાવના, સૌમ્ય પ્રકૃતિના અને મિતભાષી છે. વૈષ્ણવ પરિવારના ભૂતપૂર્વ તંત્રી તરીકે પણ સૌ વૈષ્ણવોને યાદ રહેશે. પોતાના જીવનમાં આવતા પ્રત્યેક કાર્યને પડકારૂપ માનીને, જે કાર્ય હાથમાં લે તે કાર્યને નિષ્ઠાપૂર્વક પાર પાડે છે. ગુજરાતના પ્રસિદ્ધ કવિશ્રી ઉમાશંકરભાઇ **શ્રી રાજનભાઇ** માટે **'જીવતો જાગતો શબ્દકોષ'**કહેતા. દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ પ્રાપ્ત કરનાર રાજનભાઇ આપણા જીવનમાં પ્રેરણારૂપે છે. પ્રુફરીડીંગ, જોડણી, ભાષા પરનો કાબૂ અજોડ છે.

ઉદ્ધવજી બૃહસ્પતિના શિષ્ય હોવાથી જ્ઞાન માર્ગના ઉચ્ચકક્ષાના મર્મજ્ઞ હતા. જ્ઞાનને ભક્તનો સાથ ન હોય તો અકારણ અભિમાન આવે છે અને પરિણામે જ્ઞાનીનું પતન થાય છે. ઉદ્ધવજીના હૃદયમાંથી પોતાના જ્ઞાનનું અભિમાન ઓગળી જાય અને સાથે સાથે ગોપીજનોની પ્રેમલક્ષણાભક્તિ ભળે તેથી પ્રભુએ તેમને વ્રજમાં મોકલ્યા અને આ કાર્યો ગોપીજનો રૂપી પ્રેમની ધ્વજા સિવાય બીજું કોણ કરી શકે ? અને એ કારણે જ ગોપીજનોને પુષ્ટિમાર્ગના ગુરૂ કહી નવાજ્યા છે. પ.ભ.શ્રી રાજનભાઇ કડિયાએ ભ્રમરગીત પુસ્તક દ્વારા નામ સેવાનું સ્તુત્ય કાર્ય કર્યું છે. ભવિષ્યમાં પણ એઓશ્રી દ્વારા પુષ્ટિભક્તિના પોષણ માટે અન્ય પ્રકાશનો પ્રગટ થતાં રહેશે એવી શ્રીનાથજીબાવા, શ્રી યમુનાજી અને શ્રી મહાપ્રભુજીના ચરણોમાં દંડવત્ સાથે પ્રાર્થના કરું છું.

શ્રી નટવરપ્રભુની અસીમ કૃપાથી સૂરદાસ કૃત ભ્રમરગીત પુસ્તકનું પ્રકાશન 'શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન'સંસ્થા દ્વારા થઇ રહ્યું છે. એ સંસ્થા હવે પછી અન્ય પ્રકાશનો પ્રગટ કરવાના મનોરથ પણ સેવે છે. આવા સચિત્રને સુંદર પુષ્ટિમાર્ગીય પ્રકાશન માટે સંસ્થાના સુકાની પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ શાહ અત્યંત ધન્યવાદને પાત્ર છે. હવે પછી પ્રગટ થનાર સચિત્ર વેણુગીત, યુગલગીત, ગોપીગીત અને અષ્ટછાપ કવિઓના પ્રકાશન દ્વારા પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ શાહ પુષ્ટિ જગતને રસાસ્વાદ કરાવતા રહેશે એવી અંતરની અપેક્ષા સેવું છું. પ્રકાશકને એના સહકાર્યકર્તાઓ પણ એટલા જ અભિનંદનના અધિકારી છે.

પૂ.ગો.શ્રી ઇન્દિરાબેટીજીના કૃપાપાત્ર પ.ભ.શ્રી પ્રા. રાજનભાઇ કડિયા પુષ્ટિ સાહિત્યના ઉદ્યાનને પલ્લવિત કરી સૌરભ ફેલાવતા રહેશે એવી ભાવના સાથે વિરમું છું.

તા. ૧-૧-૯૮

શ્રી કૃષ્ણાશ્રય,
બી/૧૪૩, આશુતોષ એવન્યુ,
નારણપુરા, અમદાવાદ-૧૩.

કાન્તિભાઇ ર. ગાંધી

ગોપીજનોની વિનંતી

૧. ઉદ્ધવ આજ્ઞા માગી ઊઠ્યા આનંદમાં જઇ નિજ રથે બેઠા;મન ગોવિંદમાં. ઉદ્ધવને અબળા સહુ કહે, કરે આ વિનંતી, વહાલાજીને વિનય કરીને કહેજો ઘણી વિનંતી.

૨. વિવેકી જ્ઞાની છો તમો, ઘણા ગુણવંત છો, તમારી મહિમા મોટા શિરોમણી સંત છો.

૩. તમારા દર્શન થકી દુષ્કૃત સૌ ટળે, તમારી કૃપા જેને કૃષ્ણ તેને મળે.

૪. ઉદ્ધવ કહે અબળા તમો આનંદરૂપ છો, ત્રિલોકમાં તારૂણી તમો પ્રેમ અનુપ છો.

૫. વ્રજરસ ઉદ્ધવ વંદે, નંદે નિજદેહને, ધન્ય ધન્ય દ્રુમવેલી, કૃપા ઘણી એહને.

૬. ગોપીની ચરણરેણુ ઉડી લાગે અંગને, તેને કૃતાર્થ કરીએ, પામ્યા સત્સંગને.

૭. ઉદ્ધવે શીશ નામ્યું, ગોકુળ ગામને, હરિનું રમણજાણી નમ્યા તે ઠામને

૮. પછી પોતે પંથ પળ્યા, હૃદયે રંગ છાપ છે, વસુધાવ્રજની જોતા આનંદ થાય છે.

૯. ઉદ્ધવજી ઉલટભર્યા મધુપુર આવ્યા, જઇ હરિચરણ નમ્યા, ભીતર ભાવીયા

૧૦.ગોપીની પ્રેમ કથા સૌ માંડી કહી, ધન્ય ધન્ય જીવતી જન રસમાં છકી રહી

૧૧.જશ વ્રજ જુવતી કેરો, જીહ્વાએ શું કહું?મંદમતી મારે માટે મહિમા નવ લહું

૧૨.એવી કૃપા કરશો ક્યારે મુજપર નાથજી, અખંડ એકવૃત્તિ, સદા તમ સાથજી

૧૩.કૃષ્ણ વિના નજર ન આવે એવી દશા એમની, સમોવડ કોણ કરે?શ્યામા રસ પ્રેમની.

સાખી

સમોવડ કોણ કરે એની ? એવી એ વ્રજનાર છે.
હરિવિયોગે શરીર સૂકે, પુષ્ટ થાય પ્રભુ જોઇને
ઉદ્ધવ કહે તેને દર્શન દીજે, રહ્યા ચરણ ચિત્ત પાઇને,
હરિ ગુણો ગાતા હેતશું, ઉદ્ધાર્યા અધમ અનેક,
કહે પ્રિતમ પલકના છોડીએ, હરિ કીર્તનની ટેક,

(ઇતિ. પ્રીતમદાસ કૃત સરસગીતામાંથી સાભાર)

કાન્તિભાઇ ર. ગાંધી

શુભેચ્છા

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન તરફથી 'ગોપી : પ્રેમની ધ્વજા'નું પ્રકાશન થઇ રહ્યું છે તે આનંદની વાત છે. સુંદર ચિત્રજી ભ્રમરગીતની અલૌકિક ઝાંખી કરાવતા આ પુસ્તકને આવકારતા આનંદ અનુભવું છું.

સેવામાં આપણે ત્યાં લલિતકલાઓનો સમુચિત આદર થયો છે. એમાંય ચિત્રકલા અને સાહિત્યકલાનો તો વિશેષ. આ સમયે આવા સુંદર ચિત્રજી સાથેના પુસ્તકો વૈષ્ણવોને પ્રાપ્ત થયા છે તે આપણા માટે ગૌરવની વાત છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશનનું કાર્ય વૈષ્ણવોને ઉત્તમ પુસ્તકો સુલભ કરી આપે છે. શ્રી મહેન્દ્રભાઇ શાહ આ માટે ખૂબ જ જહેમત લઇ રહ્યા છે. પ્રભુ એમના આ સેવાકાર્યને સફળતા બક્ષે એજ પ્રાર્થના.

પ્રા. રાજનભાઇ કડિયાની સિદ્ધહંસ્ત કલમે લખાયેલ આ પુસ્તક સૌ વૈષ્ણવને ખૂબ ઉપયોગી નીવડશે એટલું જ નહીં પણ ભક્તિયોગ વધારનારું નીવડશે. સંસ્થા તરફથી આજ રીતે 'વેણુગીત', 'ગોપીગીત', 'રૂદ્રગીત', 'રાસપંચાધ્યાયી', 'અષ્ટછાપ કવિઓ'વિશે પણ ચિત્રજી સહિતની પુસ્તક શ્રેણીઓ પ્રકાશિત થશે. અભિનંદન અને શુભેચ્છાઓ તો હોય જ ને!

- વીણા શેઠ

ભ્રમરગીત

ના, ના અડજે ચરણે અમને
ઓ કપટીના બંધુ
પુષ્પનો રસ લઇ છોડી દે તું
પ્રભુએ છોડ્યાં અમને ૧
નથી દુર્લભ એ શ્યામ માટે
અબળા મળવી દુર્લભ
લક્ષ્મી જેનાં ચરણ તળાંસે
અમે રહ્યાં વનવગડે ૨
દૂતપણું તું કરવા આવ્યો
સુંદર શબ્દો બોલે
સર્વ ત્યાગી ઘર ઘરથી નીસર્યાં
છેહ જ દીધો પ્રભુએ ૩
કાળો છે ને કપટી પણ એ
કથા મારે શું કહેવી?
હવે ભાઇબંધી નહિ કરું હું
દુ:ખની વાત ક્યાં રડવી? ૪
વ્યાધના નાદે હરિણી વીંધાયે
વીંધાયાં પ્રભુને બોલે
શરણે ગયાં એ કપટી કાળાના
રડીએ રાતને દિન ૫
વાત કહે બીજી મધુપ હે
છોડ તું વાતો એની
જે ઇચ્છે તે માગ સદાયે
શ્યામનો છે તું દૂત ૬
કહે અંગ, શું યાદ કરે એ?
બંધુ ને સંભારે ?
અમે ચરણની દાસી છૈયે
ભુજા શું મસ્તક ધરશે ? ૭
નથી અમારે ક્યાંય જવું ને
મધુપુરીને શું કરીએ ?
દર્શનની ઇચ્છામાં અમે અહીં
દિન રાત ગુજાર્યા કરીએ ૮

- વીણા શેઠ (અમદાવાદ)

રંગાઇ જાને રંગમાં

રંગાઇ જાને રંગમાં શ્રીનાથજીના રંગમા ને વલ્લભપુરના રસમાં
સંગ બસો બાવનનો કરજે વાર્તા ચોરાસીની સાંભળજે
તાદૃશી વૈષ્ણવનો સંગ કરીને સત્સંગમાં તું રહેજે...રંગાઇ
શિક્ષાપત્ર હરિરાય કેરૂ વાંચજે મનન ષોડશનું તું કરજે
સર્વોત્તમના પાઠ કરીને વલ્લભના શરણમાં રહેજે...રંગાઇ
પદ એકતાલીસ તું કરજે વલ્લભાખ્યાન નિત્ય એક કરજે
વેણુગીત યુગલગીત ભ્રમરગીતનું ગુંજન કાયમ કરજે...રંગાઇ
સ્નાન ગંગામાં તું કરજે પાન યમુનાજીનું કરજે
વિશ્રામ ઘાટે બેસીને તું ગોપી ગીતને ગાજે...રંગાઇ
સેવા શ્રીજીની તું કરજે કીર્તન અષ્ટસખાના ગાજે
અષ્ટાક્ષરનો જાપ જપીને જીવન ધન્ય બનાવજે...રંગાઇ
ભાગવત ગીતાનું જ્ઞાન લેજે સુબોધિનીજીનું પાન તું કરજે
ગિરિરાજજીને દૂધ ચડાવી પરિક્રમા તું કરજે...રંગાઇ
ચોરાસી બેઠક તું કરજે મિસરી મેવાના ભોગ ધરજે
દાસી લક્ષ્મી જેવી તેવી પ્રભુ ચરણમાં રાખી લેજે...રંગાઇ

લક્ષ્મીબેન અશ્વિનભાઇ દેસાઇ
(અમદાવાદ)

'ગોપીજનોનો વિરહ'

જાવ જાવ કપટી કાના રે, તમ સાથ કોણ બોલે;
સખી શરદ પૂનમની રાતે, રમવા આવ્યા તમારી સાથે ?
અમે ઘણાં કર્યા કલ્પાંત, - તમારી સાથે કોણ બોલે;
જાવ જાવ કપટી કાના રે - તમ સાથ કોણ બોલે ?
મધરાતે બંસી બજાવી, ઘરકામ ત્યજીને આવી;
મને ભોળી ભરમાવી, તમ સાથ કોણ બોલે?
જાવ જાવ કપટી કાના.
અમને વનવગડામાં એકલાં મેલ્યાં, ત્યાં કોણ અમારૂં બેલી;
એક મળી સખી અલબેલી, તમ સાથે કોણ બોલે ?
જાવ જાવ કપટી કાના.
અમે યમુના ગગરી ભરતા, ત્યારે ચીર જગરી કરતા;
મારી તૂટી મોતીની માળા, તમ સાથે કોણ બોલે ?
જાવ જાવ કપટી કાના.
અમે યમુનાજીમાં પગ ભરતાં, ત્યારે વસ્ત્ર અમારા હરતા;
ચીર લઇ કદંબ પર ચઢતા, તમ સાથ કોણ બોલે ?
જાવ જાવ કપટી કાના.
તમે ગોવર્ધનને તોળ્યો, તમે ઇન્દ્રનો મદ ઉતાર્યો;
તમે બ્રહ્માનો ભેદ જાણ્યો, રે તમ સાથ કોણ બોલે ?
જાવ જાવ કપટી કાના.
તમે કાલીયનાગને નાથ્યો, તેની ફેણ ઉપર તમે નાચ્યા;
તમે માશી પૂતનાને મારી રે, તમ સાથે કોણ બોલે ?
જાવ જાવ કપટી કાના.

તમે વચન આપ્યું હરી રે, તમે ના આવ્યા વ્રજ ફરીને:
તમે બેઠા કુબ્જા વરીને રે, તમ સાથે કોણ બોલે ?
જાવ જાવ કપટી કાના.
તમે જશોદાજીના જાયા, તમે વ્રજ વનિતાના પ્યારા;
પુરુષોત્તમ પ્રાણ પ્યારા, રે તમ સાથે કોણ બોલે રે ?
જાવ જાવ કપટી કાના.
તમે કપટી કાન અમારા, અમારા હૃદય કમળ વસનારા;
પુરુષોત્તમ પ્રાણ પ્યારા, તમ સાથ કોણ બોલે રે ?
જાવ જાવ કપટી કાના.

- પ.ભ.શ્રી જમનાબેન

પુસ્તક પ્રાપ્તિસ્થાન માટે સેવાભાવી પ્રતિનિધિઓ

૧. અમદાવાદ : મહેન્દ્રભાઇ જોષી
C/o.બાલકૃષ્ણલાલજીની હવેલી,
ધનલક્ષ્મી સોસાયટી, મણીનગર ચારરસ્તા,
અમદાવાદ-૩૮૦૦૦૮.

૨. અમદાવાદ : પ.ભ.શ્રી અશ્વિનભાઇ નવનીતલાલ દેસાઇ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.

૩. મુંબઇ : પ.ભ.શ્રી છોટાભાઇ જી.મહેતા
C/o.આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય
વૈષ્ણવ પરિષદ, સાત સ્વરૂપની હવેલી,
૬૧, એ.ડૉ.મહાત્મા મરચન્ટ રોડ, ભૂલેશ્વર,
મુંબઇ-૪૦૦૦૦૨.

૪. વડોદરા : પ.ભ.શ્રી જનકભાઇ
C/o.જનક કોટન કંપની
૧૦૧, ગેલેક્ષી કોમ્પલેક્ષ, અલકાપુરી,
વડોદરા- ૩૯૦ ૦૦૫

૫. સુરત : પ.ભ.શ્રી વલ્લભદાસ માણેકલાલ શાહ
શ્રી કૃપારત્ન કોર્નર,
મોટા મંદિર પાસે, ચૌટા બજાર,
સુરત-૩૯૫૦૦૩.

૬. ગોધરા : પ.ભ. શ્રી જયેન્દ્રભાઇ વિઠ્ઠલદાસ પરીખ
૧૩, શાંતિનિવાસ સોસાયટી,
ગોધરા (પંચમહાલ)

૭. દાહોદ : પ.ભ. શ્રી હરેન્દ્રભાઇ શેઠ
ગુજરાતી વાડ,
દાહોદ - ૩૮૯૧૫૧ (પંચમહાલ)

૮. **ઝાલોદ** : પ.ભ.શ્રી શશીબેન કૃષ્ણકાન્તભાઇ દેસાઇ
C/o.દેસાઇ મેડીકલ સ્ટોર્સ, સર્વોદય સોસાયટી,
વાંસવાડા રોડ, ઝાલોદ - ૩૮૯૧૭૦ (પંચમહાલ)

૯. **ગાંધીનગર** : પ.ભ.શ્રી કનુભાઇ તલાટી
શ્રીનાથજી કુંજ'પ્લોટ નં. ૪૦૩/બી,
સેક્ટર-૩૦, ચારરસ્તા,
ગાંધીનગર-૩૮૨૦૩૦.

૧૦. **રાજકોટ** : પ.ભ. શ્રી મેસર્સ ટી.કે. કામદાર
દવાના વહેપારી, સર લાખાજીરાજ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧ (સૌરાષ્ટ્ર)

૧૧. **જામનગર** : પ.ભ.શ્રી અશ્વિનભાઇ ડી. ઉનડકટ
'શ્રીજીકૃપા'પવન ચક્કી,
ડૉ. બક્ષીના બંગલા પાછળ,
જામનગર (સૌરાષ્ટ્ર)

૧૨. **જેતપુર** : પ.ભ.શ્રી છોટુભાઇ ભીમજીભાઇ સોની
C/o.કાલીન્દી જ્વેલર્સ,
શ્રોફ બજાર, ધોરાજી ગેટ પાસે,
જેતપુર - ૩૬૦૩૭૦ (સૌરાષ્ટ્ર)

૧૩. **જુનાગઢ** : શ્રી અધિકારીજી જમનાદાસભાઇ
C/o.શ્રી નાથજીની પેઢી, મોટી હવેલી પાસે,
જુનાગઢ-૩૬૨૦૦૧ (સૌરાષ્ટ્ર)

૧૪. **કેશોદ** : પ.ભ. શ્રી લાલજીભાઇ વેલજીભાઇ ખીમરદાણાવાળા
C/o.શૈલેશ ટ્રેડીંગ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે,
કેશોદ (સૌરાષ્ટ્ર)

૧૫. **માંગરોલ** : પ.ભ.શ્રી ગોરધનભાઇ કરશનદાસ વિઠલાણી
શ્રીનાથજી ફર્નિચર માર્ટ, જેલરોડ,
છાપરા સોસાયટી, માંગરોલ (સૌરાષ્ટ્ર)

૧૬. **ભાણવડ** : પ.ભ. શ્રી સતવારા મેઘજીભાઇ નથુભાઇ રાઠોડ
કાપડના વહેપારી, ગાંધીરોડ,
ભાણવડ (સૌરાષ્ટ્ર)

૧૭. **ધોરાજી** : પ.ભ.શ્રી પ્રભુદાસ ખોડીદાસ પારેખ
વઘાસીયા ચોરા પાસે,
ધોરાજી (સૌરાષ્ટ્ર)

૧૮. **પોરબંદર** : પ.ભ.શ્રી રૂપેશભાઇ ડી. અમલાણી
C/o.દામોદરભાઇ પ્રાગજીભાઇ અમલાણી
ગોપીનાથજીની હવેલી પાસે, ઝવેરી બજાર,
પોરબંદર (સૌરાષ્ટ્ર)

૧૯. **વેરાવળ** : પ.ભ.શ્રી પ્રવિણભાઇ હંસરાજભાઇ કાનાબાર
'કૃષ્ણાશ્રય'૪૦૧, પ્રતિક એપાર્ટમેન્ટ,
મહિલા મંદિર રોડ, વેરાવળ (સૌરાષ્ટ્ર)

૨૦. **મોરબી** : પ.ભ.શ્રી અતુલભાઇ (મુખીયાજી)
C/o.શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક
મોરબી (સૌરાષ્ટ્ર)

૨૧. **વઢવાણ સીટી** : પ.ભ.શ્રી રાજેશભાઇ ગોરધનદાસ કંસારા
વાસણના વહેપારી, ખારવાની પોળ,
વઢવાણ સીટી (સૌરાષ્ટ્ર)

૨૨. **મોટી ગરમલી** : પ.ભ.શ્રી નનુભાઇ કાનજીભાઇ ભંડેરી
મોટી ગરમલી, વાયા. ચલાલા,
જી. અમરેલી (સૌરાષ્ટ્ર)

૨૩. **ધારી** : પ.ભ.શ્રી વિરજીભાઇ સવદાસભાઇ
C/o.શ્રી બાલકૃષ્ણલાલની હવેલી ટ્રસ્ટ,
ધારી(સૌરાષ્ટ્ર)

૨૪. **કલોલ** : પ.ભ.શ્રી નવનીતભાઇ વલ્લભદાસ ગાંધી
એ-૩, દિવ્ય પ્રકાશ સોસાયટી,
સરદાર બાગ પાસે, કલોલ (ઉ.ગુ.)

૨૫. શ્રીનાથ દ્વારા : પ.ભ.શ્રી જગમોહનભાઇ. અરેરા
શ્રી વિઠ્ઠલનાથજીના મંદિર પાસે,
નાથદ્વારા (રાજસ્થાન)

૨૬. અહમદનગર : પ.ભ.શ્રી નારાયણદાસ જમનાદાસ
C/o. પરસોત્તમદાસ ગોકુલદાસ એન્ડ સન્સ
ન્યુ ક્લોથ માર્કેટ,
અહમદનગર (મહારાષ્ટ્ર)

૨૭. ખરગોન : પ.ભ.શ્રી નટવરલાલ મથુરાલાલ મહાજન
કાપડના વહેપારી, ૧૩, હોસ્પીટલ રોડ,
ખરગોન (એમ.પી.)

૨૮. મંદસોર : પ.ભ.શ્રી વલ્લભદાસ પારેખ
C/o.પ્રેમસુખ શ્યામસુખ એન્ડ સન્સ
નઇ આબાદી, મંદસોર (એમ.પી.)

૨૯. મંદસોર : પ.ભ.શ્રી શ્યામલાલજીભાઇ નાગર
નાગર ઇલેક્ટ્રીક સ્ટોર્સ, ગૌશાળા બસ સ્ટેન્ડ પાસે
મંદસોર (એમ.પી.)

૩૦. ઉદેપુર : પ.ભ. શ્રી મદનલાલ એલ.પારેખ
૭૨/૭૪, સેક્ટર ૬ હીરનગરી
ઉદેપુર (રાજસ્થાન)

૩૧. લુણાવાડા : પ.ભ. શ્રી ડાયાભાઇ ગુલાબચંદ
શ્રી ગોકલનાથજીના મંદિર પાસે, ખડકીમાં,
લુણાવાડ (પંચમહાલ)

૩૨. પાટીદડ : પ.ભ. શ્રી જીવાણી ગીરધરભાઇ નરસીંહભાઇ
(જાલીમ આર્ટ)
પાટીદડ વાયા. ગોંડલ જિ. રાજકોટ (સૌરાષ્ટ્ર)

33. શાપુર (સોરઠ) : પ.ભ. શ્રી છગનભાઇ પી. પટેલ
આદર્શ સોસાયટી,
શાપુર સોરઠ (સૌરાષ્ટ્ર)

૧. વહાલો લાડ કરીને બોલાવે રે

રાત્રે દશેક વાગ્યે રામજીભાઇ સૂવાની તૈયારી કરતા હતા, ત્યાં ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. રામજી માસ્તરે ફોન ઉપાડ્યો. બોલ્યા, 'જય શ્રીકૃષ્ણ...રામજી બોલું છું.'

'... ...'

'અરે! અનુભાઇ, તમે ? ભલા માણસ, કોણ ગુરુજી?'

'... ...'

'હા, આખી જિંદગી નિશાળમાં ભણાવ્યું છે, પણ એથી શું?'

'... ...'

'એ તો વિદ્યાર્થીઓ માટે ગુરુજી, પણ આજે તો વિદ્યાર્થીઓયે ક્યાં કોઇને ગુરુ માને છે!એમને મન કાં તો પંતુજી ને કાં તો માસ્તર ! પણ તમે તો મિત્ર છો. તમે ગુરુજી કહો તે બરાબર નહીં.'

'... ...'

'ભલે. ક્યારે ગોઠવવું છે ?'

'... ...'

'પણ એ દિવસોમાં તો જન્માષ્ટમીનો ઉત્સવ આવશે ને ?'

'... ...'

'હા, મેં કહ્યું હતું. પણ પછી ક્યારેક ગોઠવો તો ?'

'... ...'

'સારું આવીશ. પણ એક શરત. ઝાઝા લોકોને ભેગાં નહીં કરવાનાં.'

'... ...'

'કારણ કે અનુભવીઓએ કહ્યું છે કે સત્સંગ બે જણ વચ્ચે જ થાય. ટોળાની વચ્ચે સત્સંગ ન ચાલે. ત્યાં પ્રવચન જ થાય. પ્રવચન મોટે ભાગે મિથ્યા શ્રમરૂપ જ નીવડતાં હોય છે.'

'… …'

'શાસ્ત્રોએ કહ્યું છે **'વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ, વાદવિવાદે જાયતે કંઠશોષઃ'**ઝાઝા ભેગા થાય, ત્યાં વાદવિવાદ થાય, સંવાદ ન્ સધાય. આથી, ત્યાં ગળું દુખાડવા સિવાય ખાસ કોઇ પરિણામ આવતું નથી.'

'… …'

'હવે ઠાકોરજીએ જ પ્રેરણા કરી છે, તો એમને જેવા ગુણ ગવડાવવા હશે તેવા ગવડાવશે. અત્યારે તો કોઇ વિષય નક્કી કરતા નથી. મળીએ ત્યારે ઠાકોરજી જે સુઝાડશે અને જેમ બોલાવશે તેમ કરીશું.'

માસ્તરે ફોન મૂક્યો.

●

સવારે માસ્તરે આવતાંવેંત કહ્યું, 'અનંત ! આવતા અઠવાડિયે તારે ત્રણેક દિવસ માટે મારી સાથે આવવાનું છે.'

'ક્યાં ?'

'અમદાવાદ.'

'કેમ ?'

'બસ, એક ભગવદીયનું ભાવભર્યું નિમંત્રણ છે; એટલે જવું પડશે.'

'શાને માટે ?'

'બસ, મહેમાનગતિ માણવા.'

'તમે અને મહેમાનગતિ ! શું કંઇ સત્સંગ ગોઠવ્યો છે ?'

'એમ જ સમજને.'

'પણ આવતા અઠવાડિયે તો જન્માષ્ટમીનો ઉત્સવ આવશે. એ દિવસોમાં બહાર જવાનું કેમ ગોઠવ્યું ?'

'એટલા માટે કે રજાઓના દિવસો છે અને અનુભાઇને એ વધુ અનુકૂળ આવે એમ છે.'

'પણ તમે અચાનક ગોઠવ્યું શી રીતે ? તમે સામાન્ય રીતે તો ખાસ ક્યાંય બહાર જતા નથી!'

'નથી જતો, પણ આ વખતે જવું પડે એમ છે. સાંભળ.' અને કશી જ પ્રસ્તાવના વગર રામજી માસ્તરે રાત્રે ટેલિફોન પર થયેલ વાતચીતનો સાર કહી સંભળાવ્યો. પછી બોલ્યા, 'બસ, આવી વાત છે, અનંત.'

'એટલે જવાનું તો તમે નક્કી જ કરી નાખ્યું છે ને ? તો ભલે, જઇ આવો. એમાં મારી શીં જરૂર છે?'

'કંપની આપવા આવવાનું છે, એમ માન ને ! કંઇ રોકાણ તો નથી ને ?'

'ના. પણ આ વખતે હું લાભ લઇ શકું તેમ નથી. તમે જ જઇ આવો.'

'ભલે…જેવી તારી મરજી.'

●

રામજીભાઇને બચપણથી જ ધાર્મિક-આધ્યાત્મિક સાહિત્ય વાંચવાનો ભારે ચટકો. સંતો-ભક્તોને મળવાનો અને એમની સાથે જ્ઞાનગોષ્ઠિ કરવાનો પણ રસ. ભજન-સત્સંગ હોય ત્યાં બધું પડતું મૂકીને દોડી જાય. એમના આગ્રહથી ક્યારેક હું પણ સાથ આપવા-પૂરતો એમની સાથે જતો; પણ અધ્યાત્મના વિષયમાં મારી ચાંચ ઝાઝી ડૂબતી નહીં. ક્યારેક માસ્તર સાથે એ વિષયમાં ચર્ચા થતી. ધીરે ધીરે થોડુંક સમજાવા માંડ્યું. પછી ખબર પડી કે આ વિષય તો અગાધ દરિયા જેવો છે. એમાં જેટલા ઊંડા ઊતરો, એટલો વધુ ને વધુ ચસકો લાગતો જાય. હું જોકે એ રંગમાં પૂરો રંગાયો નહોતો, પણ હવે એમાં રસ જરૂર પડતો હતો.

અગાઉથી નક્કી થયા મુજબ માસ્તર જન્માષ્ટમીના આગલા દિવસે સવારે દસેક વાગતાં અનુભાઇના ઘરે પહોંચી ગયા. એમના ફ્લેટના દ્વાર આગળ મૂકેલો ડોરબેલ વગાડ્યો. થોડીવારમાં બારણું ખૂલ્યું. માલાબહેન સ્મિત કરતાં બારણા વચ્ચે દેખાયાં. ભાવપૂર્વક હાથ જોડી સામસામે 'જય શ્રીકૃષ્ણ'કર્યા. માસ્તર અંદર દાખલ થયા, ત્યાં તો અનુભાઇ પણ 'જય શ્રીકૃષ્ણ'કહેતા ધસી આવ્યા. સૌ દીવાનખાનામાં જઇને ગોઠવાયાં.

'બોલો. અનુભાઇ ! કઇ રીતે ગોઠવ્યું છે?'માસ્તરે સીધો જ પ્રશ્ન કર્યો.

'ગુરુજી, તમે તો ખૂબ તપાવ્યા. હવે ગોઠવવાનું તમારે મનનો તાપ હળવો થાય, એવું કંઇક રસપાન કરાવો. કયો વિષય વિચાર્યો છે ?'

'ઠાકોરજીએ જ તમને વિરહતાપ કરાવ્યો છે. મને પણ કંઇક એવી જ પ્રેરણા થઇ, એટલે અહીં આવતાં પહેલાં 'તાપ'નો અનુભવ થયો હશે ! શ્રીભાગવતજી અને 'સૂરસાગર'સાથે પધરાવી લાવ્યો છું ! આમ તો કશુંય વિચાર્યું નહોતું, પણ એમ લાગે છે કે એ વિષય પર જ ચર્ચા રાખીએ.'

'કઇ વાત ?' રામજીભાઇ અને અનુભાઇ વાતે વળગ્યા.

'તમે હમણાં જ કહ્યું ને કે ખૂબ તપાવ્યા. બસ એ તાપને જ વિષય બનાવીએ.'

'એમાંથી કયો મુદ્દો તારવશો ?'

'શ્રીભાગવતજીમાં 'ભ્રમરગીત'પ્રસંગ આવે છે, એ તો તમે જાણો જ છો.'

'હા. પણ...'

'વાહ!તમે તો ગુરુજી, મારા 'મનની જ વાતનો પડઘો પાડ્યો.'

ચા લઇને આવતાં માલાબહેન બોલી ઊઠ્યાં. એમની સાથે જ પાછળ પાછળ એમની બંને દીકરીઓ પણ ઊભી હતી. એમણે સસ્મિત વદને ભાવપૂર્વક 'જય શ્રીકૃષ્ણ'કર્યા. મેં પણ સામે 'જય શ્રીકૃષ્ણ' કર્યા. અનુભાઇએ બંને દીકરીઓનો પરિચય આપ્યો. રામજીભાઇએ પૂછ્યું, 'તમારી બધાંની માનસિક તૈયારી કેવી છે?'

'અમે સજ્જ છીએ, પણ બે-ત્રણ જિજ્ઞાસુ ભગવદીયો આવવાનાં છે. એમને બપોરનો સમય આપ્યો છે. તમે ત્યાં સુધી થોડોક આરામ કરી લો.'

'થોડીક વારમાં ભોગ ધરાશે. પ્રસાદ લેવાનો સમય પણ થશે. પ્રસાદ લીધા પછી જ થોડાક રીલેક્સ થજો,' માલાબહેને કહ્યું.

'મારે અત્યારે આરામની જરૂર નથી. ત્યાં સુધી આપણે થોડોક કાર્યક્રમ વિચારી લઇએ,' રામજીભાઇએ સૂચન કર્યું.

'તમે શું સૂચવો છો ?'

'આપણે બે-અઢી કલાકની બેઠકો રાખીએ. રાત્રે તમને બધાંને ફાવશે ?'

'જરૂર ફાવશે. આમેય રાત્રે દશ-અગિયાર તો વાગી જ જાય છે,' અનુભાઇએ પોતાની અનુકૂળતા જણાવી દીધી.

'તો આજે એવું કરીએ. બપોરે ત્રણેક વાગતાં વાર્તા ચાલુ કરીએ. સાંજે છ સુધી ચલાવીએ. પછી રાત્રે બધાંને અનુકૂળ હશે, તો દોઢ-બે કલાક બેસીશું. કાલે તો ઉત્સવનો દિવસ છે, એટલે તમે સેવામાંથી મોડાં પરવારશો ને?'રામજીભાઇએ માલાબહેન તરફ જોઇને પૂછ્યું.

'ના. અમે આ ત્રણ દિવસનું આયોજન વિચારી જ રાખ્યું છે. સવારે દસ વાગતાં પહેલાં પરવારી જવાશે.'અનુભાઇએ જ જવાબ આપ્યો.

'તો કાલે સવારે દસથી બાર, પછી બપોરે ત્રણથી છ અને રાત્રે આઠથી દસ. એ રીતે ગોઠવીશું.'રામજીભાઇએ પણ એમના આયોજનમાં સાથ પુરાવતાં કહ્યું,

'સારું, પણ એક પ્રશ્ન મનમાં રમે છે, એનું સમાધાન કરશો ?'

'બોલો.'

'ગયા અઠવાડિયે ફોન પર આપણે જ વાત થઇ, ત્યારે તમે કહેલું કે, 'સત્સંગ બે જણ વચ્ચે જ થાય.' એ અંગે થોડીક વધુ સ્પષ્ટતા કરશો ?' અનુભાઇએ કહ્યું.

'અનુભાઇ ! આમ તો આપણા અનુભવી ચિંતકો-મનીષીઓએ પોતાના અનુભવના નિચોડરૂપે જે કેટલાંક સૂત્રો આપ્યાં છે, તેમાંનાં ઘણાંખરાં તો કહેવતો રૂપે લોકજીવનમાં વણાઇ ગયાં છે. છતાં કેટલીક કહેવતો પરસ્પર વિરોધી પણ હોય છે; એટલે પ્રસંગ અને પરિસ્થિતિના સંદર્ભમાં જ એ લાગુ કરવી જોઇએ, એમ ડાહ્યા માણસો કહે છે. દા.ત.,'એક કરતાં બે ભલા.'અને 'બગડે બે.'આ બંને પરસ્પર વિરોધી કહેવતો છે. સત્સંગમાં પણ બે જિજ્ઞાસુઓ વચ્ચે સત્સંગ થાય. બે એટલા માટે કે સત્સંગમાં સંગ જરૂરી છે;પણ બંને જિજ્ઞાસુ હોવા જોઇએ. કોઇએ કહ્યું છે કે -

જ્ઞાની સે જ્ઞાની મિલે, કરે જ્ઞાન કી બાત,
ઔર ગધે સે ગધા મિલે, તો કરે લાતંલાત.

એટલે 'સત્સંગ'શબ્દ માનીએ છીએ તેટલો સામાન્ય નથી. શાસ્ત્રોએ સત્સંગનો જે મોકળા મને મહિમા ગાયો છે, એ જ એની ગંભીરતા અને મહત્તા દર્શાવે છે.

શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધ (૧/૧૮/૧૩)માં કહ્યું છે કે,

તુલયામ લવેનાપિ ન સ્વર્ગં ના પુનર્ભવમ્ ।
ભગવત્સંગિસંગસ્ય મર્ત્યાનાં કિમુતાશિષઃ ॥

એવો જ ભાવ વ્યક્ત કરતાં ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે -

તાત સ્વર્ગ અપબર્ગ સુખ ધરિઅ તુલા એક અંગ ।
તૂલ ન તાહિ સકલ મિલિ જો સુખ લવ સતસંગ ॥
સંત સંગ અપવર્ગ કર કામી ભવ કર પંથ ।
કહહિં સંત કવિ કોવિદ શ્રુતિ પુરાણ સદ્‌ગ્રંથ ॥

ભગવદીય એટલે કે સદા ભગવન્મય રહેનાર અનન્ય પ્રેમી ભક્તના ક્ષણભરના સંગની તુલના સ્વર્ગ કે મોક્ષ સાથે પણ કરી શકાય એમ નથી. તો પછી માણસના ઇચ્છિત પદાર્થની તો વાત જ શી કરવી ? સંતોનો સંગ ભવબંધનમાંથી છૂટવાની ગુરુચાવી છે; જ્યારે લૌકિક પુરુષોના સંગથી સંસારનાં બંધન દૃઢ થાય છે. એટલે જેઓ શ્રદ્ધાભાવથી પ્રેમપૂર્વક સત્સંગમાં રુચિ ધરાવે છે તેઓ જ આ વાત સમજી શકે. એક તો જગતમાં સંતો છે જ બહુ ઓછા અને જે છે તેમને મેળવવા એ અતિ દુર્લભ છે. નસીબજોગે કદાચ ભેટી જાય, તો એમને ઓળખવા એ એનાથીયે મુશ્કેલ છે.

નારદ-ભક્તિસૂત્રમાં કહ્યું છે - **'મહત્સંગસ્તુ દુર્લભોઽગમ્યોઽમોઘશ્ચ ।'**

સંતોનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે. આથી જ કહેવાયું છે -

એક ઘડી આધી ઘડી, આધી મેં પુનિ આધ,
તુલસી સંગત સંતકી, કટે કોટિ અપરાધ.

એટલે પ્રભુની કૃપા વગર સંતોનો સંગ થવો મુશ્કેલ છે -**'બિનુ હરિ કૃપા મિલહિં નહિં સંતા.'** આજના હળાહળ કલિયુગમાં તો સત્સંગ એ જ એકમાત્ર જીવનની કૃતાર્થતાનું સાધન છે; પણ એમાં સત્સંગને નામે બકાસુર (પાખંડ)ન ઘૂસી જાય, તેનો પણ વિવેક હોવો જરૂરી છે. સંતો, કવિઓ, ઋષિ-મુનિઓ અને વેદ-પુરાણો જેવા સદ્‌ગ્રંથોનો આવો જ મત છે.

કંચન તજના સુલભ હૈ, સુલભ ત્રિયાકા નેહ ।
માન બડાઇ ઈરષા, ત્યજના દુર્લભ એહ ॥

દંભ સહિત કલિ ધરમ સબ છલ સમેત વ્યવહાર ।
સ્વારથ સહિત સનેહ સબ રુચિ અનુહરત અચાર ॥

[કળિયુગના સઘળા ધર્મોમાં દંભ, વ્યવહારમાં કપટ, પ્રેમમાં સ્વાર્થ અને આચરણમાં સ્વચ્છંદતાની જ બોલબાલા છે;એટલે સાચો ધર્મ, સરળ વ્યવહાર, નિઃસ્વાર્થ પ્રેમ અને શાસ્ત્રોક્ત આચરણ શોધવાં દોહ્યલાં થઇ પડ્યાં છે. તે એટલે સુધી કે ચોર-લૂંટારા જ ચતુર ગણાય છે અને પાંખડીઓ મહાત્મા ગણાય છે]

'ગુરુજી, સાચા સંત કે ભગવદીયને શોધવા ક્યાં ?'

'અનુભાઇ, મારી એક વિનંતી છે. તમે આ 'ગુરુજી'કહેવાનું બંધ કરો તો મને વધુ ગમશે. તમને 'રામજી'કહેવાનું ન ગમતું હોય, તો લોકો કહે છે તેમ 'માસ્તર'કહેશો તો ચાલશે.'

'જો ગુરુજી સંબોધન તમને ન ગમતું હોય, તો હું નામથી જ બોલાવીશ. એ બહાને પણ રામજીનું નામ લેવાશે. મને એમાં કશી તકલીફ નથી કે એવી કશી આભડછેટ પણ નથી.'

'આભાર'કહી, રામજીભાઇએ વાત આગળ ચલાવી. ભગવદીય પુરુષો શોધવાથી નહીં જડે, પણ જો સંપર્કમાં આવનાર અથવા બીજાઓ દ્વારા મહિમા સાંભળીને એવા ભગવદીયના સંપર્કમાં અવાય, ત્યારે એમના આચરણમાં અને વચનમાં સચ્ચાઇ કેટલી છે તથા વાણી અને વ્યવહારમાં એકતા કેટલી છે;એની વિવેકપૂર્વક ચકાસણી જરૂર કરી લેવી જોઇએ. જોકે એ થોડુંક અઘરું કામ છે, પણ મુશ્કેલ નથી. મહાપુરુષો કહે છે -

સકલ ધરમ વિપરીત કલિ કલ્પિત કોટિ કુપંથ ।
પુન્ય પરાય પહાર વન દુરે પુરાન સુગ્રંથ ॥
સુર સદનનિ તીરથ પુરિન નિપટ કુચાલિ કુસાજ ।
મનહું મવાસે મારિ કલિ રાજત સહિત સમાજ ॥

કલિયુગમાં બધું ધર્મ-વિરુદ્ધ થઇ ગયું છે. અનેક નવાનવા કાલ્પનિક પંથ અસ્તિત્વમાં આવ્યા છે. પુણ્ય પર્વતોમાં ભરાઇ ગયું છે. સદ્‌ગ્રંથો જંગલોમાં ખોવાઇ ગયા છે;એટલે કે જંગલો અને પર્વતોની ગુફામાં એકાંત વાસ કરનારા મહાત્મા**ઓમાં** જ પુણ્ય અને સદ્‌ગ્રંથોનું વાંચન-મનન સીમિત બન્યું છે. મંદિરો, તીર્થો અને પવિત્ર

નગરોમાં સઘળે ઘોર ભ્રષ્ટાચાર અને દૂષિત વાતાવરણ ફેલાઇ ગયું છે. જાણે કળિયુગે એ બધાં જ સ્થાનોમાં પોતાની આખી ફોજ (કામ, ક્રોધ, લોભ, દંભ, કપટ, હઠાગ્રહ, અસત્ય, હિંસા, બિનજરૂરી સંગ્રહ, વ્યભિચાર વગેરે) સાથે ઘેરો ઘાલ્યો ન હોય !

'શ્રી મહાપ્રભુજીએ પણ આવું જ કહ્યું છે ને ?' અનુભાઇએ કહ્યું -

સર્વ માર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ ।
પાખંડપ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ॥
મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ, પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥

'હા, બધા જ મહાપુરુષો એક જ સત્યને પિછાણનારા હોય છે. આથી એમની વાણીમાં શબ્દાંતરે એ જ એક સત્ય પ્રગટ થાય છે. શ્રીમહાપ્રભુજી તો પ્રભુના મુખારવિંદ-સ્વરૂપ છે, વાક્પતિ છે. આપશ્રીએ પણ શાસ્ત્રોના જ સારરૂપ વેદવાણીનું પાન કરાવ્યું છે. ષોડશગ્રંથો તો ગાગરમાં સાગર સમાન છે. આપશ્રીની દૃષ્ટિ પણ વિશાળ અને ગુણગ્રાહી રહી છે. સાંપ્રદાયિક સંકુચિતતા કે ધાર્મિક અસહિષ્ણુતાનો લેશ પણ આપનામાં ક્યાંય નજરે પડતો નથી. આથી જ આપ 'જગદ્‌ગુરુ'નું બિરુદ પામ્યા છે ને!'

'સાચી વાત છે. વહેતું જળ સદા નિર્મળ રહે છે. આપણે સંકુચિતતાના ખાબોચિયાથી દૂર રહેવું. ચેતતા નર સદા સુખી.'

એટલામાં માલાબહેનનો સ્વર સંભળાયો. 'હવે જો તમારા મનનું સમાધાન થઇ ગયું હોય તો ઊઠો. ભોગ સરાવી દીધા છે. પ્રસાદ લઇ લો તો અમે પણ જલદી પરવારી શકીએ.'

'ચાલો. અમે પણ તૈયાર જ છીએ.'

'અનુભાઇ, એમ લાગે છે કે પ્રભુ લાડ લડાવતાં, હરપળે સાદ કરીને જીવને બોલાવતા જ હોય છે. આપણે જો આપણા કાન બંધ કરી રાખીએ, તો જુદી જ વાત છે.' ઊભા થતાં થતાં રામજીભાઇ બોલ્યા, 'ચાલો, પ્રસાદ લઇ પાવન થઇએ અને પ્રભુના ગુણાનુવાદ ગાવા માટે પાત્ર બનીએ.'

પ. ભ. શ્રી કિશોરભાઈ જયંતિલાલ શાહ
પ.ભ. શ્રી દક્ષાબેન કિશોરભાઈ શાહ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
અમદાવાદ

૨. પ્રેમપંથ પાવકની જ્વાળા

પ્રસાદ લઇ અમે સૌ વાતે વળ્યાં હતાં, ત્યાં થોડી વારમાં ત્રણ વૈષ્ણવો પધાર્યા. અનુભાઇએ એમને ‘જય શ્રીકૃષ્ણ’કહી આવકાર્યા. એમાં એક હતા વામનભાઇ. બીજા હતા મોહનભાઇ. ત્રીજાં હતાં રાધાબેન. અનુભાઇએ જ પરસ્પર સૌનો ટૂંકો પરિચય આપ્યો. આગંતુક ત્રણે જિજ્ઞાસુ હતાં.

રામજીભાઇએ કહ્યું, ‘અનુભાઇ, આપણે એવું રાખીએ કે પરસ્પર પ્રશ્નોત્તર જેવી ચર્ચા થયા કરે. શ્રીપ્રભુનું ગાન તો અષ્ટછાપ મહાનુભાવો પૈકી સૂરદાસ, નંદદાસ, પરમાનંદદાસ અને અન્ય ભગવદીયોએ કર્યું જ છે. આપણે તો માત્ર એનું અનુગાન જ કરવાનું છે. એના સ્મરણ-ચિંતનથી વધારે આનંદ આવશે.’

‘શાના વિશે સત્સંગ ગોઠવ્યો છે.’વામનભાઇએ પૂછ્યું.

‘ભ્રમરગીત પર.’રામજીભાઇએ જ જવાબ આપ્યો.

‘કયા ભ્રમરગીત પર?’મોહનબાઇએ વધુ સ્પષ્ટતા માંગી.

‘આપણે સૂરદાસના ભ્રમરગીત વિશેનાં પદોને મુખ્ય આધાર ગણીશું. નંદદાસના ભ્રમરગીત અને પરમાનંદદાસનાં એ વિષય પરનાં પદો ઉપરાંત ભ્રમરગીત પર આધારિત દયારામભાઇનાં ‘પ્રેમરસ ગીતા’નાં તથા અન્ય ભગવદીયોનાં પદોનો પણ જરૂર પડે ત્યાં ઉપયોગ કરીશું.’

‘આવાં કેટલાં ભ્રમરગીત છે ?’ વામનભાઇ બોલ્યા.

‘ભ્રમરગીતની તો આખી સુદીર્ઘ પરંપરા છે. એના અગ્રણી છે સૂરદાસ. એનાં મૂળ છે શ્રીભાગવતજીમાં. દશમસ્કંધના ૪૭માં અધ્યાયમાં ગોપીજનો દ્વારા ભ્રમરને ઉદ્દેશીને બોલાયેલા દસ શ્લોક એ મૂળ આધાર. જોકે અધ્યાય ૪૬ અને ૪૭ બંને ભ્રમરગીતના પોષક જ છે;પરંતુ એક નાનકડા બીજને પકડીને સૂરદાસજીએ લગભગ

જાણીતો

કવાય?’

કૃષ્ણના
પીજનો
ા પૂજ્ય
ાગ્નિથી
કલે છે.
હૈયામાં
ોલોની
માજિક
પ્રબુદ્ધ
શકાય

મરો
ડાની
ાડતા
શાગ્ર
ાનાં

વર્ણ
એ
માં
ાય

૮૦૦-૯૦૦ જેટલાં પદો રચ્યાં છે. આપણે એ પરંપરા પર પહેલાં કંઇક દૃષ્ટિપાત કરી લઇએ, જેથી પદોનો રસાસ્વાદ કરવામાં વધુ આનંદ માણી શકાય.'

'હા, એ ઠીક રહેશે.'માલાબહેને સૂર પુરાવ્યો. તેઓ સાહિત્યના વિષય સાથે એમ.એ. થયાં હતાં. એમાં પણ ગૌણ વિષય તરીકે હિન્દી સાહિત્ય પસંદ કરેલું;એટલે ભ્રમરગીતની મહત્તા તેઓ બરાબર જાણતાં હતાં.

'રામજીભાઇ, આ પ્રસંગ ભ્રમરગીત કેમ કહેવાયો?'અનુભાઇએ પાયાનો જ પ્રશ્ન પૂછ્યો.

'સાહિત્યમાં ભ્રમરગીત-પરંપરા કાવ્યકલાની દૃષ્ટિએ પણ ખૂબ સમૃદ્ધ પરંપરા છે. એની શરૂઆત સૂરદાસજીથી થઇ છે અને લગભગ મોટા ભાગના મધ્યકાલીન સંતોએ એના વિશે પદો રચ્યાં છે. આધુનિક કાળમાં પણ એનાં આકર્ષણમાંથી કવિઓ છૂટી શક્યા નથી. આમ તો ભાગવતજીમાં આવેલ મૂળ પ્રસંગ અનુસાર 'ભ્રમર'ને સંબોધીને કહેવાયેલ વાત અથવા ગવાયેલ ગીત તે ભ્રમરગીત, એવો સીધોસાદો અર્થ છે. પરંતુ હિન્દી સાહિત્યમાં એ ઉપાલંભ કાવ્ય તરીકે મૂલવાયું છે. ઉપાલંભ એટલે આત્મીય જનનો મીઠો ઠપકો. લોકકવિની ભાષામાં કહું તો **'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો'**જેવો ઘાટ ! એનો પ્રાણ છે વિપ્રલંભ શૃંગાર.

શ્રીકૃષ્ણ વ્રજમાં ગોપીજનો સાથે મહારસ ખેલ્યા. તે પછી કંસનું તેડું આવતાં અક્રૂરજી સાથે મથુરા ગયા. એથી પ્રેમાસ્પદ પ્રભુના વિરહમાં ગોપીજનો ઝૂર્યા કરે છે, તે એટલે સુધી કે શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં કરતાં મૂર્છિત થઇ જાય છે!શ્રીકૃષ્ણને વ્રજમાં આવી ગોપીજનોને સાંત્વના આપવા જેટલો અવકાશ મળ્યો નથી;પરંતુ એમની યાદ સતત આવ્યા કરે છે. આથી પોતાના અંતરંગ મિત્ર અને પ્રેમીભક્ત એવા ભાઇ ઉદ્ધવને દૂત બનાવીને ગોકુલ મોકલે છે;જેથી નંદ-યશોદા, ગોપસખાઓ તથા ગોપીજનોને પોતાનો સંદેશો પાઠવી શકે અને એમને સમજાવીને શાંત કરી શકે.

ગોકુલ આવ્યા પછી ઉદ્ધવજી જ્યારે ગોપીજનોને મળે છે, એમને શ્રીકૃષ્ણની સર્વવ્યાપકતા અને એ નિર્ગુણ - નિરાકાર હોવાની વાત સમજાવે છે, ત્યારે જોગાનુજોગ એક ભમરો એક ગોપીના પગને કમળ સમજી એના ઉપર ગણગણતો ભમ્યા કરે છે. એને ઉદ્દેશીને, પરંતુ હકીકતમાં ઉદ્ધવજી અને શ્રીકૃષ્ણ બંનેને લાગુ પડે એવી વ્યાજોક્તિથી જે મધુર સંવાદ રચાય છે, તે સાહિત્યમાં ભ્રમરગીત તરીકે જાણીતો છે.

'જો કે પારસ્પારિક સંવાદ હોય,' તો એને ભ્રમરગીત શી રીતે કહેવાય?'

'એમાં પણ ભાગવતકારની અદ્‌ભુત સૂઝ વરતાઇ આવે છે. ઉદ્ધવજી શ્રીકૃષ્ણના દૂત છે અને મિત્ર પણ છે. વ્રજમાં અતિથિ તરીકે પધાર્યા છે, એટલે ગોપીજનો માટે તે બંને રીતે **'અતિથિ દેવો ભવ'**ના ન્યાયે પૂજ્ય છે. આંગણે આવેલ પૂજ્ય અતિથિનો અનાદર તો કરાય નહીં!બીજી બાજુ, ગોપીજનો પ્રભુના વિરહાગ્નિથી તડપે છે અને શ્રીકૃષ્ણ સ્વયં પધારવાને બદલે શુષ્ક સંદેશો લઇને દૂતને મોકલે છે. આથી એમને દાઝ્યા ઉપર ડામ કે ઘા ઉપર મીઠું ભભરાવ્યા જેવું લાગે છે. હૈયામાં ધૂંધવાઇ રહેલો આક્રોશ ઊભરાઇને બહાર આવવા જોર કરી રહ્યો છે, પણ વડીલોની સામે ન તો ગુસ્સો કરાય કે ન તો વિરહની વાત પણ કરાય!કેમ કે એ બંને સામાજિક મર્યાદાથી વિરૂદ્ધ છે. આ સમસ્યા ભાગવતકાર સામે હતી. વેદવ્યાસ જેવા પ્રબુદ્ધ મુનિ એમાંથી સુંદર માર્ગ શોધી કાઢે છે, જેથી હૈયાની વાતને પ્રગટ કરી શકાય અને સામાજિક મર્યાદાનો ભંગ પણ ન થાય.'

'વ્યાસજીએ એવો શો માર્ગ કાઢ્યો?'

'ગોપીજનો અને ઉદ્ધવજી વચ્ચે વાતચીત ચાલે છે, તે દરમિયાન એક ભમરો ઊડતો ઊડતો આવે છે અને એક ગોપીજનના પગ પર બેસવા જાય છે. બસ!ગામડાની અભણ અને ગમાર ગણાતી એ ગોપીઓને બહાનું મળી જાય છે. ઉદ્ધવજીને પડતા મૂકી એ ભમરા પર તૂટી પડે છે. એમાં એમની વ્યવહાર-કુશળતા અને કુશાગ્ર બુદ્ધિનાં દર્શન થાય છે. એમને પુરુષ અને ભ્રમર એ બંનેમાં સમાન રીતે રસલંપટતાનાં દર્શન થાય છે.

વળી, શ્રીકૃષ્ણ તથા ઉદ્ધવજીનો વેશ ભ્રમર સાથે સામ્ય ધરાવે છે. શ્યામ વર્ણ અને પીળું પીતામ્બર ભ્રમરના રૂપ-રંગને આબેહૂબ મળતાં આવે છે. આથી એ ભ્રમરને સંબોધીને મીઠો ઠપકો આપે છે. એ રીતે હૈયાનો ઊભરો ઠાલવે છે. એમાં મોટા ભાગની વાત ભ્રમરને સંબોધીને કહેવાઇ છે, આથી એ ભ્રમરગીત કહેવાય છે.'

'પુષ્ટિમાર્ગીય રીતે પણ એનો આવો જ અર્થ થાય?'માલાબહેને પૂછ્યું.

'શ્રીમહાપ્રભુજી ઉદ્ધવજીને વ્રજમાં મોકલવા પાછળનું ઔચિત્ય એક કારિકામાં દર્શાવે છે - **'પ્રમાણં ચ પ્રમેયં ચ ઉપપત્તિશ્ચ બાધકમ્ ।'** જો આ ચારેય હેતુ સિદ્ધ થતા ન હોય, તો ઉદ્ધવજીને વ્રજમાં મોકલવાનું પ્રયોજન ન રહે. અધ્યાય ૪૬-૪૭માં તામસ-રાજસ-સાત્ત્વિક ભક્તોને આશ્વાસન આપવા, નિજભક્તોનું વિરહજનિત દુઃખ દૂર કરવા પ્રભુ ઉદ્ધવજીને મોકલે છે. વ્રજજનોને શ્રીકૃષ્ણમાં પ્રેમ છે, પણ તે પરબ્રહ્મરૂપે સર્વવ્યાપક છે, એનું જ્ઞાન નથી. ઉદ્ધવજીને આ જ્ઞાન છે, પણ શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમ નથી. અન્યોન્યના સંપર્કથી જ આદાન-પ્રદાન થાય અને જ્ઞાન તથા પ્રેમ સમરસ બને, એવી આ અદ્‌ભુત લીલા છે.

૪૬મા અધ્યાયના પ્રથમ શ્લોકમાં ઉદ્ધવજીની યોગ્યતા અને વિશ્વસનીયતા બતાવી. ઉદ્ધવ સાક્ષાત્ ઉત્સવ-સ્વરૂપ છે, વિશ્વાસુ છે, નિપુણ છે, યાદવોમાં શ્રેષ્ઠ છે. રહસ્ય સમજી-સમજાવી શકે તેવા દક્ષ છે - મંત્રી છે. પ્રભુના પ્રિય (દયિત) મિત્ર છે, જેમને હૈયાની બધી વાત કહી શકાય. બૃહસ્પતિના શિષ્ય હોઇ, વિવેક અને ધૈર્યવાળા છે. સ્ત્રીજનો સાથે એકાંતમાં વાત કરવા માટે પણ વિશ્વાસપાત્ર છે - એ વાત બીજા શ્લોકમાં કહી. પછીના ચાર શ્લોકમાં હેતુરૂપ કથન (૧) **ગચ્છોદ્ધવ વ્રજં સૌમ્ય (૨) તા મન્મનસ્કા મત્પ્રાણામદર્થે ત્યક્તદૈહિકાઃ (૩) સ્મરતોઽઙ્ગ વિમુહ્યન્તિ વિરહૌત્કંઠ્ય વિહ્વલાઃ (૪) ધારયંત્યતિકૃચ્છ્રેણ પ્રાયઃ પ્રાણાન્ કથંચન ।**

(૧) હે સૌમ્ય !તમે વ્રજમાં જાઓ. ત્યાં વસતાં અમારાં માતા-પિતાને પ્રીતિ થાય એમ કરો. ગોપીજનોને મારા વિયોગના દુઃખમાંથી મુક્ત કરો.

(૨) ગોપીજનોનું મન હંમેશા મારામાં જ લાગેલું રહે છે. એમના પ્રાણ, એમનું જીવન-સર્વસ્વ હું જ છું. તેઓ તો દેહધર્મ પણ છોડીને બેઠાં છે, તેમની સંભાળ રાખવી એ મારો ધર્મ છે.

(૩) હું ગોપીજનોનો પ્રિયતમ છું. મારું સ્મરણ કરતાં તેઓ વારંવાર મૂર્છિત થઇ જાય છે. હરક્ષણ મારા માટે વ્યાકુળ રહે છે.

(૪) 'હું આવીશ'એમ મેં તેમને કહેલું. તેઓનું જીવન તો માત્ર એ જ એક આશાએ ટકી રહ્યું છે. હું જ તેમનો આત્મા છું. તેઓ સદા મારામાં તન્મય રહે છે.

'વ્રજં ગચ્છ' વ્રજમાં જાઓ, એ ભગવાનની આજ્ઞા વેદરૂપ હોવાથી **'પ્રમાણ'** છે. ચોથા શ્લોકમાં **'તા મન્મનસ્કા'** - હંમેશાં મારામાં જ ચિત્તવાળી છે, એ ગોપીજનોનું સ્વરૂપ **'પ્રમેયરૂપ'** છે. પાંચમા શ્લોકમાં **'વિહ્વલા'** એ ગોપીજનોની નાજુક સ્થિતિ **'ઉપપત્તિરૂપ'** છે. છઠ્ઠા શ્લોકમાં **'ધારયંત્યતિકૃચ્છ્રેણ'** ભારે કષ્ટપૂર્વક શરીર ટકાવી રહ્યાં છે - એ સ્થિતિ બતાવી, ઉદ્ધવ વ્રજમાં ન જાય, તો ભારે અનર્થ થાય, એમ કહ્યું તે **'બાધક'** છે.

'એટલે મૂળ હેતુમાં કોઇ ફેર નથી;પરંતુ અહીં ભક્ત અને ભગવાનના ભાવથી વિચાર થયો છે. પ્રભુ ઉદ્ધવજીને જ્ઞાનનો સંદેશો લઇને વ્રજમાં મોકલે છે, જેથી વ્રજજનોનો વિરહાગ્નિ દૂર કરી શકાય. ભગવાન તો સદા સર્વત્ર હોય જ છે;પરંતુ પ્રભુ પ્રેમના કારણે ભક્ત જ્યારે અંતર્મુખ બને છે, ત્યારે તેના અંતઃકરણમાં પ્રભુનો આવિર્ભાવ થાય છે. ભક્તને જ્યારે બાહ્ય અનુસંધાન થાય, ત્યારે પ્રભુદર્શન ન થતાં વિરહને કારણે તે દુઃખ અનુભવે છે. આ દુઃખ દૂર કરવા એને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન આપવું જરૂરી છે. એથી ઉદ્ધવજીને પ્રભુ એ નિમિત્તે વ્રજમાં મોકલે છે. ઉદ્ધવજી જ્ઞાનીભક્ત છે;પરંતુ પુષ્ટિભક્તમાં રહેલો પ્રેમ કેટલો દિવ્ય છે, તેનું પ્રત્યક્ષ દર્શન કરાવવા પ્રભુએ આ લીલા પણ જાણીબૂજીને કરી છે. એમાં ઉદ્ધવજીના વિષે લોકોને પ્રેમલક્ષણાભક્તિની સર્વોપરિતા સમજાવવાનો ભાવ મુખ્ય છે.'

'એટલે ભ્રમરગીતમાં જ્ઞાન અને ભક્તિ અથવા નિર્ગુણ અને સગુણમાં શ્રેષ્ઠ શું, એ સિદ્ધ કરવાનો હેતુ રહેલો છે?'અનુભાઇએ પૂછ્યું.

'સૂરદાસ અને એમના સમયના ભક્ત-કવિઓનો હેતુ લગભગ એવો જ હતો - જ્ઞાન ઉપર પ્રેમની એટલે કે બુદ્ધિ ઉપર હૃદયની શ્રેષ્ઠતા સિદ્ધ કરવી, નિર્ગુણ - નિરાકાર બ્રહ્મની ઉપાસના કરતાં સગુણ-સાકાર બ્રહ્મની પ્રેમ-લક્ષણા ભક્તિ ઉત્તમ છે એવું સિદ્ધ કરવું. શ્રીભાગવતજીમાં જણાવ્યું છે તેમ, શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને વ્રજમાં મોકલે છે, એની પાછળ બે કારણ છે :

(૧) માતા-પિતાની કુશળતાના સમાચાર પૂછવા અને એમને દિલાસો આપી પ્રસન્ન કરવાં.

(૨) ગોપીજનોની વિરહ-વ્યથા દૂર કરવા, એમને પણ દિલાસો આપી શાંત કરવાં.

અહીં ઉદ્ધવજી કંઇ જ્ઞાનની ગાંસડી લઇને ગોપીજનોને સમજાવવા આવતા નથી. વળી, એમને પોતાના જ્ઞાનનું કશું ગુમાન પણ નથી;છતાં ઉપરનાં બંને કારણોમાં જે વ્યાવહારિક શિષ્ટાચાર દેખાય છે, એ જ માત્ર કારણ નહોતું. ઉદ્ધવજી સૌપ્રથમ નંદ-યશોદા પાસે આવે છે. એમની સામે ઇશ્વરની સર્વવ્યાપકતાનું નિરૂપણ કરે છે. પછી નિર્ગુણ-નિરાકાર સ્વરૂપ પણ સમજાવે છે. છેલ્લે કહે કે સજ્જનોની રક્ષા માટે ભગવાન ઉત્તમ, અધમ, મિશ્ર, વગેરે યોનિઓમાં ક્રીડા માટે શરીર ધારણ કરે છે.

'એ જ રીતે ગોપીજનો સમક્ષ ઉદ્ધવજી જાય છે. ગોપીઓ પ્રભુના ક્ષેમકુશળ પૂછે છે. પછી પ્રભુ ન પધાર્યા એ માટે ઠપકો આપે છે અને સ્ત્રીસહજ રીતે વેદનાથી વ્યાકુળ બની રડી પડે છે. એટલામાં જ એક ભમરો આવીને ગોપીના ચરણ પર બેસવા મથે છે. આ જોઇને ગોપી એ ભમરાને ઉદ્દેશીને પુરુષ દ્વારા કરેલા વિશ્વાસઘાતની આકરી ટીકા કરવા માંડે છે -

વિસૃજ શિરસિ પાદં વેદ્મ્યહં ચાટુકારૈ -
રનુનય-વિદુષસ્તેડધ્યેત્ય દૌત્યૈર્મુકુન્દાત્ ।
સ્વકૃત ઇહ વિસૃષ્ટાપત્યપત્યન્યલોકા -
વ્યસૃજદકૃત-ચેતાઃ કિં નુ સન્ધેયમસ્મિન્ ॥

'હે મધુકર ! જો, તું મારાં ચરણોમાં મસ્તક ટેકવીશ નહીં. હું જાણું છું કે તું કાકલૂદી કરી સ્ત્રીઓને ભોળવવામાં ખૂબ પાવરધો છે. શ્રીકૃષ્ણ પાસેથી તું આવું જ શીખીને આવ્યો લાગે છે કે રૂઠેલાં જનોને મનાવવા માટે દૂતકર્મ કરનારે કેટલી ખુશામત કરવી જોઇએ !પણ સાંભળી લે. અહીં તારી કશી દાળ ગળવાની નથી. અરે!જે શ્રીકૃષ્ણ માટે અમે પતિ, પુત્ર તથા સગાં-સંબંધીરૂપ આલોક અને સ્વર્ગ કે મોક્ષરૂપ પરલોક એ સઘળું છોડ્યું; છતાં એમનામાં સહેજે કૃતજ્ઞતા નથી. એ તો એવા કઠણ કાળજાના નીકળ્યા કે અમને છોડીને ચાલી નીકળ્યા !હવે તું જ કહે, આવા નગુણા સાથે અમે શા માટે સમાધાન કરીએ ? શું તું હજીયે એમ માને છે કે એ શ્રીકૃષ્ણમાં (એક વાર છેતરાયા પછીયે) વિશ્વાસ મૂકવો જોઇએ?' (ભાગ. ૧૦/૪૭/૧૬)

'ઉદ્ધવજી આ સાંભળીને પોતાની જ્ઞાન-ગાંસડી ખોલતા નથી. આ તકનો લાભ લઇ, ગોપીજનોને નિર્ગુણ બ્રહ્મનો ઉપદેશ આપવા પણ મંડી પડતા નથી અથવા એવી શિખામણ પણ નથી આપતા કે 'હે વ્રજવનિતાઓ!તમે શ્રીકૃષ્ણને પ્રેમ કરવામાં ભીંત ભૂલ્યાં છો!'ઊલટું, ગોપીજનોની આ દૃઢ પ્રેમભક્તિ જોઇને ઉદ્ધવજીનું મસ્તક શ્રદ્ધાથી ઝૂકી જાય છે.

ગોપીજનોની પ્રશંસા કરતાં તેઓ મુગ્ધ થઇ બોલી ઊઠે છે.

અહો યૂયં સ્મ પૂર્ણાર્થા ભવત્યો લોકપૂજિતાઃ ।
વાસુદેવે ભગવતિ યાસામિત્યર્પિતં મનઃ ॥

હે ગોપીઓ !તમે ધન્ય છો, કૃતાર્થ છો. તમારું જીવ્યું સફળ છે. તમે આખા જગત માટે પૂજનીય છો;કારણ કે તમે આ રીતે તમારું હૃદય જ નહીં, તમારું સર્વસ્વ ભગવાન વાસુદેવને સમર્પિત કર્યું છે અને તમે કૃષ્ણમય બની ગયાં છો!'

ગોપીજનોની આવી મુક્ત કંઠે પ્રશંસા કરવાનું કારણ પણ ઉદ્ધવજી સ્વયં જણાવે છે :

દાનવ્રત-તપોહોમ-જપ-સ્વાધ્યાય-સંયમૈઃ ।
શ્રેયોભિર્વિવિધૈશ્ચાન્યૈ; કૃષ્ણે ભક્તિર્હિ સાધ્યતે ॥
ભગવત્યુત્તમશ્લોકે ભવતીભિરનુત્તમા ।
ભક્તિઃ પ્રવર્તિતા દિષ્ટયા મુનીનામપિ દુર્લભા ॥
દિષ્ટયા પુત્રાન્ પતીન્ દેહાન્ સ્વજનાન્ ભવનાનિ ચ ।
હિત્વાવૃણીત યૂયં યત્ કૃષ્ણાખ્યં પુરુષં પરમ્ ॥

'દાન, વ્રત, તપ, હોમ-હવન, જપ, વેદાભ્યાસ અને યોગ વગેરે સાધનો તો કેવળ શ્રીકૃષ્ણની ભક્તિ પામવા માટે જ કરવાનાં છે. તમે તો ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે સર્વોત્તમ અનન્ય પ્રેમભક્તિને પામ્યાં છો, અને લોકો માટે એક દાખલો બેસાડ્યો છે. આવી પ્રેમલક્ષણા ભક્તિ તો મોટા મોટા ઋષિમુનિઓ માટે પણ અતિ દુર્લભ છે. ખરેખર, એ સૌભાગ્યની વાત છે કે તમે તમારા પુત્ર, પતિ, સ્વજન, દેહ તથા ગેહ (ઘર વગેરે) છોડીને, સૌના પરમ પતિ એવા પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું પતિરૂપે વરણ કર્યું છે.'

'એટલે શ્રી ભાગવતજીમાં સગુણ-નિર્ગુણનો વિવાદ બિલકુલ આવતો જ નથી?'રાધાબહેન કંઇક સંકિત સ્વરે બોલી ઊઠ્યાં.

'શ્રીભાગવતજીના જે શ્લોક આપણે જોયા, એમાં એક બાબત તો સ્પષ્ટ છે જ કે જ્ઞાન અથવા યોગથી નહીં;પણ પ્રેમલક્ષણાભક્તિથી જ પ્રભુને પામી શકાય છે અને ગોપીજનો એવી ભક્તિ પામવાને ભાગ્યશાળી બન્યાં છે. પણ એમાં સગુણ-નિર્ગુણનો કોઇ ઝઘડો કે વિવાદ નથી. પ્રભુને પામવા માટેના માર્ગની પસંદગી અંગેનો વિકલ્પ દર્શાવ્યો છે. ખરી રીતે તો શ્રીભાગવતજીનો ઉદ્દેશ્ય પણ જ્ઞાન, કર્મ અને ભક્તિ - એ બધાં વચ્ચે સુમેળ સાધવાનો જ રહ્યો છે. ત્યાં શ્રીકૃષ્ણનું મથુરા જવું એ ગોપીજનોના પ્રેમની દૃઢતા માટેની લીલા છે. એમના અનુરાગને વધુ ગહન - ગંભીર બનાવવા માટે હેતુપૂર્વક કરાયેલું સ્થાનાંતર છે.'રામજીભાઇએ સ્પષ્ટતા કરી.

'આ તમારું તારણ છે કે પછી ગ્રંથ-પ્રમાણ છે ?' અનુભાઇએ પૂછ્યું.

'આ મારું તારણ નથી. ગ્રંથો અને અનુભવી મહાનુભાવોએ જે પ્રમાણો આપ્યાં છે, તે જ આપણે માટે પણ પ્રમાણ. મહાનુભાવોના નામે પોતાની માન્યતા ઠોકી બેસાડવી અથવા એમાં પોતાનો વિચાર ભેળવી દેવો એ અપ્રમાણિકતા તો છે જ;સાથે સાથે એ છેતરપિંડી પણ ગણાય. એનાથી શ્રોતાઓ કે વાચકોનો દ્રોહ થાય;અને આત્મદ્રોહ પણ થાય. અહીં તો શ્રી ભાગવતજી મુખ્ય આધાર છે અને પ્રમાણ પણ છે.

ઉદ્ધવજી શ્રીકૃષ્ણના દૂત છે;એટલે તે પણ જે કાંઇ કહે છે, તે શ્રીકૃષ્ણ વતી જ કહે છે. એમાં પોતાની વાત ભેળવતા નથી. જો તેઓ પોતાનો મત ભેળવે, તો દૂત-ધર્મ દૂષિત થાય. ઉદ્ધવજી ભગવાનનો સંદેશો સંભળાવતાં પહેલાં સ્પષ્ટતા કરે છે : **'શ્રૂયતાં પ્રિયસંદેશો ભવતીનાં સુખાવહ ।'**- હે કલ્યાણીઓ!તમારા પ્રેમાસ્પદ ભગવાન શ્રીકૃષ્ણે તમને સૌને મહાસુખ આપવા માટે આ પ્રિય સંદેશો મોકલ્યો છે, તે સાંભળો.'

ત્યારપછી પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપ વિશે છ શ્લોક અને ચાર શ્લોક ચાર પુરુષાર્થ - **ધર્મ, અર્થ, કામ, મોક્ષ** - રૂપ છે. ત્રણ ગુણ **સત્વ, રજસ્, તમસ્**;તેથી સ્વરૂપ-નિરૂપણમાં બ્રહ્મ અને જીવ વિશે ત્રણ - ત્રણ શ્લોકથી સ્વરૂપ બતાવ્યું. બ્રહ્મ અને જીવ વાસ્તવમાં જુદા નથી; પણ ગુણોને કારણે ભેદ ભાસે છે. જો તે ભ્રમનું નિવારણ થાય, તો અંતઃકરણ શુદ્ધ થાય અને એવા નિર્મળ અંતઃકરણમાં જ ભગવદ્-પ્રકાશ થાય.

મહારાસ-પૂર્વે દોષનિવૃત્તિ કરાવી હતી. પણ જીવબુદ્ધિને વિયોગનો અનુભવ થાય છે, તે અહીં સમજાવ્યું છે. આથી જ શરૂઆત **'ભવતીનાં વિયોગો મે ન હિ સર્વાત્મના ક્વચિત્'** એમ કહીને કરી છે. ભગવાન કહે છે, 'હું સૌનું ઉપાદાન કારણ હોઇ, પ્રાણીમાત્રનો આત્મા છું, સૌમાં રહેલો છું. આથી તમને કદી મારો વિયોગ સંભવી શકે નહીં.'

આ શ્લોકની એક જ પંક્તિ છે. અહીં વાત વિયોગની છે. વિયોગ ચાર પ્રકારે થાય : **(૧) ભગવત્ કૃત (૨) ભક્તકૃત (૩) કાલકૃત (૪) દેશકૃત.** એ વાત અહીં **સ્પષ્ટ નથી.**

આથી શ્રીમહાપ્રભુજીએ એ ખૂટતો ઉત્તરાર્ધ પૂરો કર્યો છે :

'આત્મત્વાદ્, ભક્તવશ્યત્વાત્, સત્યવાક્ત્વાત્ સ્વભાવતઃ ।'

ભગવાન સર્વના આત્મા હોઇ, ભગવાનને તો ગોપીજનનો - ભક્તનો વિયોગ છે જ નહીં. ભગવાન ભક્તોને વશ છે;આથી ગોપીજનોને પણ ભગવાનનો વિયોગ સંભવે નહીં. ભગવાન કાલાતીત છે, તેથી કોઇ પણ કાળે વિયોગ નથી અને તે સર્વવ્યાપક છે, સર્વત્ર સદા બિરાજે છે;તેથી દેશ(સ્થળ)નો વિયોગ પણ થતો નથી. ભગવાન વ્રજ (હૃદય) છોડીને બીજે પધારતા નથી. વળી સ્ત્રીઓ ઉપર વિશેષ કૃપાપાત્ર છે. આથી વ્રજમાં રહેલાં ગોપીજનોને ભગવાનનો વિયોગ નથી;છતાં વિયોગ છે એમ લાગવાનું કારણ છે આત્મ-વિસ્મૃતિ અથવા અજ્ઞાન. સચ્ચિદાનંદ બ્રહ્મના જ ચિદંશરૂપ જીવ છે;એ ભુલાઇ ગયું છે. જીવ અને બ્રહ્મનો ભેદ દેખાય છે તે ભ્રમજનક છે. એ ભ્રમનું કારણ છે ત્રણ ગુણ. આથી આ બ્રહ્મ અને જીવનું સ્વરૂપ સ્પષ્ટ કરેલ છે;જેથી જીવને પોતાનું સ્વરૂપ સમજાય. એ સમજાતાં પરસ્પર એકરૂપતા-અદ્વૈત-સધાય.

ભગવાન કહે છે કે 'જેમ બધી નદીઓ આડીઅવળી ભમીને આખરે સમુદ્રમાં જ સમાઇ જાય છે;તેમ વિવેકી પુરુષોનાં વેદાભ્યાસ, યોગ-સાધન, સાંખ્ય (આત્મા-અનાત્મા વિવેક), સંન્યાસ, તપ, ઇન્દ્રિયનિગ્રહ અને સત્ય વગેરે સઘળા ધર્મો - એ મનનો નિરોધ કરવા માટેનાં સાધનો જ છે. એ બધાંનું ફળ છે મારો સાક્ષાત્કાર. મારી પ્રાપ્તિ થતાં જ એ બધાં સાધનો પણ સમાપ્ત થઇ જાય છે. સાધન જુદાં જુદાં;પણ ફળ એક જ - ભગવત્પ્રાપ્તિ.'

પછીના શ્લોકોમાં ભગવાને ગોપીજનો માટે સ્પષ્ટ સંદેશ આપ્યો :

યત્ત્વહં ભવતીનાં વૈ દૂરે વર્તે પ્રિયો દૃશામ્ ।
મનસઃ સન્નિકર્ષાર્થં મદનુધ્યાનકામ્યયા ॥૩૪॥
યથા દૂરચરે પ્રેષ્ઠે મન આવિશ્ય વર્તતે ।
સ્ત્રીણાં ચ ન તથા ચેતઃ સન્નિકૃષ્ટેઽભિગોચરે ॥૩૫॥
મય્યાવેશ્ય મનઃ કૃત્સ્નં વિમુક્તાશેષવૃત્તિ યત્ ।
અનુસ્મરન્ત્યો માં નિત્યમચિરાન્મામુપૈષ્યથ ॥૩૬॥
યા મયા ક્રીડતા રાત્ર્યાં વનેઽસ્મિન્ વ્રજ આસ્થિતાઃ।
અલબ્ધરાસાઃ કલ્યાણ્યો માઽઽપુર્મદ્વીર્યચિન્તયા ॥૩૭॥

'હે ગોપીજનો ! હું તમારાં નયનોની કીકી સમાન છું; એમાં કોઈ સંદેહ નથી. હું તમારાથી આટલો દૂર રહું છું, એનું કારણ એ છે કે તમે નિરંતર મારું ધ્યાન ધરી શકો. શરીરથી દૂર રહેવા છતાં પણ મનથી તમે મારી પાસે જ હોવાનો અનુભવ કરો; તમારું મન મારી પાસે રાખો. (૩૪)

કારણ કે સ્ત્રીઓ તથા અન્ય પ્રેમીઓનું ચિત્ત, પોતાનો પ્રિયતમ દૂર હોય ત્યારે જેટલા નિશ્ચલ ભાવથી તેનામાં લાગેલું રહે છે; તેટલા નિશ્ચલ ભાવથી પાસે રહેનાર પ્રિયતમમાં લાગતું નથી. (૩૫)

તમે જ્યારે સઘળી વૃત્તિઓથી રહિત સંપૂર્ણ મન મારામાં જોડી દઈ, મારું અનુસ્મરણ (વારંવાર યાદ કરવું) કરશો; ત્યારે બહુ જલ્દી તમે સદાયને માટે મને પ્રાપ્ત થઈ જશો. (૩૬)

હે કલ્યાણીઓ ! જે વેળા મેં વૃંદાવનમાં શરદપૂર્ણિમાની રાત્રિએ તમારી સાથે રાસક્રીડા કરી, તે વખતે જે ગોપીજનોને તેમનાં સ્વજનોએ રોકી રાખ્યાં હતાં અને જે વ્રજમાં જ રહી ગયાં હતાં; મારી સાથે રાસવિહારમાં જોડાઈ શક્યાં નહોતાં, તેઓ મહાભાગ્યશાળી હોવાથી મારી લીલાઓનું સ્મરણ કરવાથી જ મને પ્રાપ્ત થઈ ગયાં હતાં. (તમને પણ હું અવશ્ય મળીશ. તમારે નિરાશ થવાનું કોઈ કારણ નથી.) '(૩૭)

આમ, જગતના સૌ લોકોને અનન્ય પ્રેમલક્ષણાભક્તિનો પદાર્થપાઠ આપવા માટે જ શ્રીકૃષ્ણ ગોકુળમાંથી મથુરા ચાલ્યા જવાની લીલા કરે છે.'

'તો સૂરદાસજીનો ઉદ્દેશ્ય શું એનાથી જુદો છે ?' માલાબહેને પૂછ્યું.

'ના. એમનો ઉદ્દેશ્ય પણ એ જ છે. ફરક છે માત્ર રજૂઆતના દૃષ્ટિકોણનો. શ્રીભાગવતજીમાં નિર્ગુણ-સગુણ અથવા જ્ઞાન અને ભક્તિ વચ્ચે વિવાદ નથી. પણ સંવાદ છે. આખરે સમાધાન સધાય છે. અંતઃકરણ છે ત્યાં સુધી ઉપાધિ રહેવાની. ઉપાધિ ટળે તો જ ભ્રમ ટળે. માત્ર આત્મજ્ઞાનથી ભ્રમ ટળતો નથી. એટલે ઉપાધિથી નિવૃત્ત થવા માટે ભગવદ્‌ભક્તિ જેવો અક્સીર બીજો કોઈ ઇલાજ નથી, પણ એથી આત્મજ્ઞાન બિનજરૂરી છે; એવું કહી શકાય નહીં. અશ્રદ્ધારૂપી મેલને દૂર કરવા માટે જ્ઞાન પણ જરૂરી છે. ગીતાજીમાં ઠેર ઠેર ભક્તિ પામવાના સાધનરૂપે જ્ઞાનની આવશ્યકતા બતાવી છે. ભક્તિનું મુખ્ય લક્ષણ છે - ભગવાનમાં પરમ અનુરાગ. આ અનુરાગથી જ જીવ ભગવન્મય બને છે. આખરે તે ભગવાનમાં જ સમાઈ જાય છે. શ્રીમહાપ્રભુજીની પણ આજ્ઞા છે : **'જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ : ।'** પરંતુ જો **'પ્રભુના માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિ'** કરાય, તો જ તે પરમ અનુરાગનું કારણ બને છે.

'માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોઽધિકઃ ।
સ્નેહો ભક્તિરીતિ પ્રોક્તઃ તયા મુક્તિર્ન ચાન્યથા ॥'

માહાત્મ્ય - જ્ઞાનપૂર્વક સદૃઢ અને સર્વથી અધિક સ્નેહ શ્રીપ્રભુમાં થાય, તે ભક્તિ છે. તેનાથી જ મુક્તિ મળે છે. અન્ય સાધનથી નહીં - એ નારદ પંચરાત્રનું વિધાન પણ આ વાતનું જ પ્રમાણ છે. વાસ્તવમાં , ભક્તિનો ઉદય થવાથી જ્ઞાન ઓગળી જાય છે, એ અનુભવ-વાક્ય છે. સૂરદાસજીને પણ એજ અભિપ્રેત છે. છતાં એમણે ભક્તિની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા જ્ઞાન અને યોગ જેવાં સાધનો કેટલાં મુશ્કેલ અને અનિર્ણાયક છે; એનાં અદ્‌ભુત શબ્દચિત્ર આપ્યાં છે. એનાથી કાવ્ય-ચમત્કાર અને સરસતાની સૃષ્ટિ રચાઈ છે. સૂરદાસની આ મૌલિકતા છે અને વિશેષતા પણ છે.'

'એમાં ક્યાંક ક્યાંક જ્ઞાનની ઠેકડી પણ ઉડાડી હોય, એવું નથી લાગતું ?' માલાબહેનને અભ્યાસકાળનું સ્મરણ થઈ આવ્યું હોય, એમ બોલ્યાં.

'બિલકુલ નહીં ! સૂરદાસજી જેવા ભગવદીય કદી એવું ન કરે. ખરેખર તો, જે રીતે એમણે પ્રેમલક્ષણાભક્તિની સરસતા અને સરળતા સિદ્ધ કરી છે, તે અજોડ

છે. એમણે **'કોરા જ્ઞાન'** કે પોથીપંડિતો ઉપર ચાબખા જરૂર માર્યા છે;પણ એમાં કારણભૂત છે, તે સમયની પરિસ્થિતિ. કોઇ પણ વિધાન કરતાં પહેલાં તત્કાલીન સ્થિતિનો વિચાર કરવો અનિવાર્ય છે.

શ્રી શંકરાચાર્યજીએ (ઇ.સ. ૭૮૮-૮૨૦) અદ્વૈતવાદ સુદૃઢ કર્યો; એનો હેતુ બૌદ્ધોના વધતા જતા અનાત્મવાદને નાથવાનો હતો. શાંકર-દર્શન **'વેદાંત'**ના નામે રૂઢ થયું. જોકે એ **અદ્વૈત વેદાંત** છે; જ્યારે અન્ય ભક્તિમાર્ગીય આચાર્યોનું દર્શન **'વૈષ્ણવ વેદાંત'** ગણાય છે. શંકરાચાર્યના અદ્વૈતવાદને પગલે પગલે, સોળમી સદીમાં વામમાર્ગીઓ, કહેવાતા યોગીઓ-અઘોરી લોકોના નવા નવા સંપ્રદાય ઊભા થયા. મુસ્લિમ શાસન-સમયમાં ધાર્મિક અસહિષ્ણુતા અને સંકુચિતતાએ પગપેસારો કર્યો. હિન્દુ પ્રજામાં ભય અને **'અહં બ્રહ્માસ્મિ'**ની મિથ્યા મસ્તીમાં અતિશય આપવડાઇ, અકર્મણ્યતા અને ઉદ્ધતાઇએ માઝા મૂકી. સાત્ત્વિક ધર્મનિષ્ઠાનું સ્થાન પાખંડે લીધું. મુસ્લિમ શાસનના આશ્રયે ધર્માંધ વિધર્મીઓ હિંદુ દેવસ્થાનો તોડવા માંડ્યા. શાક્તો-વામમાર્ગી સાધકો **'પંચમકાર'**(મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન)નું સેવન કરવા માંડ્યા.

આ અત્યંત વિકૃત અને બિભત્સ આચાર-વિચારથી ધાર્મિક પતન થવા માંડ્યું. એને ખાળવામાં ન આવે. તો સમાજ દુરાચાર અને અનૈતિકતાની ઊંડી ખાઇમાં ધકેલાઇ જાય. આવી પરિસ્થિતિમાં ભક્તિની ભાગીરથી વહેતી કરવાનું કામ નાનું-સૂનું નહોતું. છતાં તુલસીદાસ અને સૂરદાસ જેવા સમર્થ સંતકવિઓએ એ બીડું ઝડપ્યું. વિકૃત અદ્વૈતવાદને સ્થાને પ્રેમલક્ષણાભક્તિને પ્રસ્થાપિત કરવા માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રવર્તાવેલો અને સૂરદાસે અપનાવેલો પુષ્ટિ-ભક્તિનો માર્ગ એક વ્યવહારુ ઉપાય હતો.'

'શું પુષ્ટિમાર્ગનો ઉદ્દેશ્ય પણ એવો જ છે ?' રાધાબહેને પૂછ્યું.

'શ્રીમહાપ્રભુજીની આજ્ઞા તમે જાણો છો, **'સર્વ માર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણી ।'** વળી, આપશ્રીએ શ્રીમદ્ભાગવતને ચતુર્થ પ્રસ્થાન તરીકે સ્વીકાર્યું. એમાં દર્શાવેલ રીતે પ્રભુનો અનુગ્રહ જ સર્વોદ્ધારક - સ્ત્રી, શુદ્રાદિ સૌ કોઇનો ઉદ્ધાર કરવાને સમર્થ - છે, એ પણ પ્રસ્થાપિત કર્યું.

'એ કઇ રીતે ?' વામનભાઇએ મૌન તોડ્યું.

'ભ્રમરગીત-પ્રસંગની ભૂમિકારૂપ ૪૭માં અધ્યાયમાં કહ્યું છે'

ક્વેમાઃ સ્ત્રિયો વનચરીર્વ્યભિચારદુષ્ટાઃ
કૃષ્ણે ક્વ ચૈષ પરમાત્મનિ રૂઢભાવઃ ।
નન્વીશ્વરોડનુભજતોડવિદુષોડપિ સાક્ષાત્-
શ્રેયસ્તનોત્યગદરાજ ઈવોપયુક્તઃ ॥૫૯॥

'ક્યાં આ દૂધ-દહીં વેચવા ભટકનારી; આચાર, જ્ઞાન અને જાતિથી હીન, ગામડાની ગમાર ગોવાલણો અને ક્યાં સચ્ચિદાનંદઘન ભગવાન શ્રીકૃષ્ણમાં એમનો અનન્ય પ્રેમ!એમને ધન્ય છે ! આથી સિદ્ધ થાય છે કે જેમ કોઇ અજાણતામાં પણ અમૃત પી લે, તો એ અમૃત પોતાના વસ્તુ - સામર્થ્યથી પીનારને અમર બનાવી દે છે;તેમ જો કોઇ ભગવાનના સ્વરૂપ અને રહસ્યને જાણ્યા વગર પણ એમને પ્રેમ કરે, એમનું ભજન કરે, તો તે સ્વયં પોતાની કૃપાશક્તિથી ભક્તનું કલ્યાણ કરે છે.'આ હીન જાતિનાં ગોપીજનો પ્રભુની ભક્તિ પ્રભુના અનુગ્રહથી જ પામી શક્યાં છે;એને લીધે જ તે પુષ્ટિભક્તિનાં ગુરુ કહેવાયાં છે - **ગોપિકા ગુરવઃ પ્રોક્તાઃ ।**

'શ્રીભાગવત-સુધાનિધિ મથકે અપનો પંથ પ્રકટ જનાયો.' અને

'સેવા-રીતિ પ્રીતિ વ્રજજનકી જનહિત જગ પ્રકટાઇ.'

એ પદોમાં આ વાત સ્વયંસ્પષ્ટ છે. કૃષ્ણદાસજી કહે છે -

શ્રીવલ્લભ પતિત-ઉધારન જાનોં ।

સરન લેત લીલા દરસાવત તાપર ઢરત ગોવર્ધન રાનોં ॥
સાધન વૃથા કરત દિન ખોવત શ્રીવલ્લભ કૌ રૂપ ન જાનોં ।
જાકી કૃપાકટાચ્છ સકલ ફલ'કૃષ્ણદાસ' તીનોં જનમ ન માનોં ॥

સૂરદાસજી પણ શ્રીભાગવતજીનો એવો જ મહિમા ગાય છે -

કહ્યો સુક શ્રીભાગવત વિચાર ।

જાતિ-પાઁતિ કોઉ પૂછત નાહીં, શ્રીપતિ કે દરબાર ॥
શ્રીભાગવત સુનૈ જો હિત કરિ, તરૈ સો ભવ-જલ પાર ।
સૂર સુમિરિ સો રટિ નિસિ-બાસર, રામનામ નિજ સાર ॥

શુદ્રો અને સ્ત્રીઓને પણ ભક્તિનો અધિકાર છે અને પ્રભુ એમના પર અધિક કૃપા કરે છે;એવો સ્વીકાર શ્રીભાગવતજીમાં છે; તેમ પુષ્ટિમાર્ગમાં પણ છે. આથી જ સર્વોત્તમ-સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું એક નામ **'સ્ત્રી-શૂદ્રાદિ ઉદ્ધતિક્ષમઃ'** છે. વળી **'શ્રીભાગવતપીયૂષ-સમુદ્રમથનક્ષમઃ'**-'શ્રી ભાગવત રૂપી અમૃતસાગરનું મંથન કરવાને સમર્થ'કહ્યા છે અને **'યાગાદૌ ભક્તિ માર્ગૈક-સાધનત્વોપદેશકઃ।'**યજ્ઞ વગેરે ભક્તિમાર્ગનાં જ સાધન છે, એવો ઉપદેશ કરનાર પણ કહ્યા છે. શ્રીશંકરાચાર્યનો અદ્વૈતવાદ - જે માયાવાદના નામે પણ ઓળખાય છે, તેને મિટાવનાર **'માયાવાદ-નિરાકર્તા'** પણ કહ્યા છે. આમ, શ્રીમહાપ્રભુજીનો પુષ્ટિ-ભક્તિમાર્ગ પ્રેમલક્ષણાભક્તિનો જ માર્ગ છે;અને સૂરદાસજી સુદૃઢપણે એને અનુસર્યા છે.'

'સૂરદાસજીના ભ્રમરગીતની ખાસ વિશેષતા કઇ ગણાય?'

મોહનભાઇએ પૂછ્યું.

'મોહનભાઇ!આપણે જો થોડોક વિરામ રાખીએ, તો હળવાં થવાય. ચાનો સમય પણ થયો જ છે. રામજીભાઇને પણ થોડોક વિશ્રામ મળે.'ગૃહિણીધર્મ બજાવતાં માલાબહેને સૂચન કર્યું.

અનુભાઇએ એમાં સૂર પુરાવ્યો. સૌ સંમત થયાં.

●

દિન દસ ઘોષ ચલહુ ગોપાલ ।

ગૈયન કી અવસરે મિટાવહુ ભેંટહુ ભુજ ભરિ ગ્વાલ ॥
નાચત નહીં મોર વા દિન તેં આયે બરષા-કાલ ।
મૃગ દૂબરે દરસ તુમ્હરે બિન સુનત ન બેનુ રસાલ ॥
બૃંદાવન ભાવતો તુમ્હારી દેખહુ સ્યામ તમાલ ।
સૂરદાસ મૈયા જસુમતિ કે ફિરિ આવહુ નઁદાલાલ ॥

●

ગો.વા. શિવકુંવર મોતીચંદભાઇ જુઠાણી
પ. ભ. શ્રી મોતીચંદભાઇ દેવજીભાઇ જુઠાણી
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
માળીયા-હાટીના

૩. પ્રીતિ કરિ કાહૂ સુખ ન લહ્યો

ચા-પાણીથી પરવાર્યા પછી, બધાં ફરી ગોઠવાઇ ગયાં. રામજીભાઇ સ્વાભાવિક ઢબે ગણગણતા હતા. - **'પ્રીતિ કરી કાહૂ સુખ ન લહ્યો.'**

સારંગ રાગની એ મંદ્ર ધૂન પણ માલાબહેને પકડી લીધી. 'તમને એ પદ આખું યાદ છે, રામજીભાઇ ?'

'યાદ તો છે, પણ મને કંઇ ગાતાં નથી ફાવતું.'

હું ગાઉં...' પણ કોઇ લીટી ભૂલી જવાય, તો યાદ કરાવજો.'

'ભલે.'

માલાબહેનનો સુમધુર સ્વર ગુંજી ઊઠ્યો -

પ્રીતિ કરિ કાહૂ સુખ ન લહ્યો;
પ્રીતિ પતંગ કરી પાવક-સોં, આપૈ પ્રાન દહ્યૌ.
અલિસુત પ્રીતિ કરી જલસુત-સોં, સંપુટ માંઝ ગહ્યૌ.
સારંગ પ્રીતિ કરી જુ નાદ-સોં, સન્મુખ બાન સહ્યૌ.
હમ જો પ્રીતિ કરી માધવ-સોં, ચલત ન કછૂ કહ્યૌ;
'સૂરદાસ'પ્રભુ બિનુ દુઃખ પાવત, નૈનનિ નીર બહ્યૌ.

'સરસ...!' 'ભ્રમરગીત'નો વિષય પણ આ વિરહનો જ છે. આ પદમાં ઇન્દ્રિયોના વિષય દુઃખદાયક છે, એનું નિરૂપણ છે; પરંતુ એ વિષયો મૃત્યુ જેવું અંતિમ પરિણામ આપનાર હોવા છતાંય એને છોડી શકાતા નથી; એમ ગોપીજનો પ્રભુને છોડી શકતાં નથી - એમના વિરહમાં તરફડે છે; એનું સુંદર નિરૂપણ થયું છે.' રામજીભાઇએ થોડીક સ્પષ્ટતા કરી.

'ગોપીજનોનો પ્રેમ તો અલૌકિક છે. એને વિષયોમાં લુબ્ધ જીવોનાં દૃષ્ટાંતો આપીને તુલના કરવામાં દિવ્ય પ્રભુ પ્રેમનું ગૌરવ ઓછું થયું ન ગણાય?અનુભાઇ બોલ્યા.

'તમે તુલસીદાસજીનો આ દોહો તો સાંભળ્યો જ હશે -

કામિનિ નારિ પિયારી જિમ લોભિહિ પ્રિય જિમિ દામ ।
તિમિ રઘુનાથ નિરંતર પ્રિય લાગહુ મોહિ રામ ॥

'કામી પુરુષને જેમ સ્ત્રી પ્રિય છે અને લોભિયાને ધન પ્રિય છે;તેમ શ્રીરામ મને અહર્નિશ પ્રિય બની રહો, એ જ અરજ છે.

'જો અધોગતિના નરકમાં લઇ જનાર વિષયાસક્તિમાં માનવી આટલો પ્રેમ રાખે;તો પછી પોતાના સ્વરૂપરમાં ભેળવી દેનાર પ્રભુમાં કેટલો બધો પ્રેમ રાખવો જોઇએ, એની જ વાત આ ભક્તોએ પણ કહી છે.

'ખેર!મોહનભાઇ, તમારો પ્રશ્ન હતો સૂરદાસજીના ભ્રમરગીતની વિશેષતા અંગેનો;ખરું ને ?'રામજીભાઇ મૂળ વાત પર આવતાં બોલ્યા.

'હા.'મોહનભાઇ જરા ટટ્ટાર થયા.

'આપણે જોયું કે ભ્રમરગીતનું મૂળ શ્રીભાગવતમાં છે; પણ તે બીજરૂપે છે. ખૂબ સૂત્રાત્મક છે. એનો વિકાસ સૌ પ્રથમ સૂરદાસજીએ જ કર્યો છે. 'સૂરસાગર'માં ત્રણ ભ્રમરગીત મળે છે; જેમાં બે તો ખૂબ જ ટૂંકાં છે. એક તો ભાગવતના મૂળનો માત્ર અનુવાદ છે, જે ચોપાઇ અને છંદમાં લખાયું છે. બીજું પદોમાં રચાયેલું છે. આ બંનેમાં ભ્રમર-પ્રસંગનો ક્યાંય સ્પષ્ટ ઉલ્લેખ નથી. વળી, આમાં તર્ક ઉપર વધુ ઝોક અપાયો છે. ત્રીજું ભ્રમરગીત ખૂબ વિસ્તૃત છે. એમાં આઠસોથીયે વધુ પદ છે. કાવ્યત્વની દૃષ્ટિએ પણ એ ઉત્તમ અને અજોડ રચના છે. જોકે એમાં પરોક્ષ રીતે તર્ક તો છે જ;પણ હૃદયની સચ્ચાઇનો રણકો એટલો બુલંદ છે કે એમાં તર્કની ઘંટડી સંભળાતી નથી. આ ખૂબીઓ આગળ ઉપર પદોના સંદર્ભમાં જોઇશું;પણ અહીં મુખ્ય વાત છે વિરહની તીવ્રતાની.

સંયોગ શૃંગાર અને વિપ્રયોગ શૃંગાર - બંનેમાં સૂરદાસજીનું નિરૂપણ અદ્‌ભુત છે. વાત્સલ્ય - નિરૂપણમાં તો સૂરદાસના પેંગડામાં કોઇ પગ ઘાલી શકે તેમ નથી. વિશ્વ - સાહિત્યમાં પણ અજોડ કહી શકાય, એટલી સજીવતા અને સ્વાભાવિકતા એમાં જોવા મળે છે. પરંતુ વિપ્રયોગ-જનિત અવસ્થાનું વર્ણન પણઊણું ઊતરે એમ નથી. ભ્રમરગીતનાં વિભિન્ન પદોમાં વિપ્રયોગ-શૃંગારની સઘળી દશેદશ અંતર્દશાઓનું વર્ણન જોવા મળે છે.

ભ્રમરગીતના આરંભમાં જ વાત્સલ્ય - રસમાંથી વિરહ કેવો નીતરે છે, તે જુઓ. શ્રીકૃષ્ણ મથુરા ગયા. આવવાનું કહીને ગયા, છતાં ગોકુલ પાછા ન આવ્યા. માતા યશોદા દુ:ખના દરિયામાં જાણે ડૂબવા માંડ્યાં. ખિજાઇને તેઓ નંદરાયજી સમક્ષ ફરિયાદ કરવા લાગ્યાં.

છાંડિ સનેહ ચલે મથુરા, કત દૌરિ ન ચીર ગહ્યો ।
ફાટિ ન ગઇ વજ્ર કી છાતી, કત યહ સૂલ સહ્યો ॥

'અરે રે ! આટઆટલાં વરસ સુધી એને છાતીએ વળગાડીને રાખ્યો. કેટલાં લાડપ્યારથી ઊછેર્યો અને એ બધું ભૂલીને મથુરા ચાલ્યો ગયો!દોડીને માનો પાલવ કેમ પકડી ન લીધો ? તમે પણ મથુરાથી શા માટે એને સાથે પાછો ન લાવ્યા?એને છોડતાં તમારી છાતી કેમ કરતાં ચાલી ? હવે, આ વિરહની પીડા શી રીતે સહન થશે ?'

આ સાંભળી, નંદરાયજી અકળાઇને યશોદાજી ઉપર રોષ ઠાલવે છે -

તબ તૂ મારિબોઇ કરતિ;
રિસનિ આગૈં કહિ જુ આવતિ, અબ લૈ ભાંડે ભરતિ.
રોસ કૈ કર દાંવરી લૈ, ફિરતિ ઘર ઘર ધરતિ;
કઠિન હિય કરિ તબ જો બાંધ્યો, અબ વૃથા કરિ મરતિ.

અકળામણ અને ધમપછાડા પ્રેમજન્ય વિરહને કારણે છે. એમાં નરી સ્વાભાવિકતા છે. નંદજી કહે છે, "જ્યારે એ કંઇક ઢોળ-ફોડ કરતો, ત્યારે તો તું એને મારવા દોડતી ! ગુસ્સે થઇ ફરિયાદ કરવા આવતી. માખણનાં મટકાં ભરવામાંથી ઊંચી નહોતી આવતી. હાથમાં દોરડું લઇ, એને પકડવા ઘેર ઘેર ફરતી અને કઠણ કાળજું કરીને ખાંડણિયે બાંધી દેતી!હવે, તારાં કર્યાં તું ભોગવ. આમ, માથાં પટક્યે શું થવાનું છે ?"

'ત્યારે પગ પછાડીને, જશોદાજી ગરજી ઊઠ્યાં -

નંદ ! બ્રજ લીજૈ ઠોંકિ બજાય;
દેહુ બિદા મિલિ જાહિં મધુપુરી, જહઁ ગોકુલ કે રાય.
નૈનનિ પંથ કહૌ ક્યાં સૂઝ્યો, ઉલટી દિયો જબ પાય;
રઘુપતિ દસરથ કથા સુની હી, બરુ મરતે ગુન ગાય.

આમાં ઉત્સુકતા છે, અધીરતા છે, વિરક્તિ અને તિરસ્કાર-મિશ્રિત ખિજવાટનું અદ્ભુત સામંજસ્ય છે.**'ઠોંકિ બજાય'**માં તો જબરજસ્ત વ્યંજના છે. કહે છે - 'લો, હવે બરાબર સંભાળી લો તમારું વ્રજ. તમને એનો જબરો મોહ છે ને?હું તો મારે આ ચાલી, મથુરા!જ્યાં મારો કાન્હો બેઠો છે. અરે!એને એકલો મથુરા મૂકીને આવતાં તમારા પગ શી રીતે ઊપડ્યા?તમારી આંખોને રસ્તો શી રીતે સૂઝ્યો ?તમે શું રાજા દશરથની વાત નથી સાંભળી?અરે, રામ વનવાસ જવા નીકળ્યા છે, એટલું સાંભળતાંમાં તો 'હે રામ!હે રામ!'કરતાં એમણે પ્રાણ તજી દીધા!અને તમે?તમે એને મૂકીને, હાથ હલાવતા ચાલ્યા આવ્યા, એકલા ?''

'આમાં એકેએક શબ્દમાં જાણે માતાનું હૈયું વલોવાતું હોય, એમ લાગે છે. એકેએક વાક્યમાં બબ્બે-ત્રણત્રણ ભાવ ગુંથાયા છે - જાણે એમાં ભાવ-પંચામૃત ન ભળ્યું હોય!' 'ભ્રમરગીત'નાં પદોની આ વિશેષતા છે, સૂરદાસની આત્માનુભૂતિનો અદ્ભુત રણકો છે. ગોપીજનોના વિરહભાવમાં તો આ સંવેદના વધુ ઘેરી અને વિશદ છે.'રામજીભાઇ ખૂબ ગંભીર થઇ ગયા. ક્ષણભર મૌન રહ્યા.

'રામજીભાઇ, તમે કહ્યું કે ભ્રમરગીતની આખી પરંપરા છે, તો એમાં બીજાં કોનાં કોનાં ભ્રમરગીત છે ?' રાધાબહેને પૂછ્યું.

'ઘણાં છે, પણ એમાં નંદદાસજીનું **'ભઁવરગીત'**મુખ્ય ગણાય. તુલસીદાસજીનું ભ્રમરગીત - **'કૃષ્ણ ગીતાવલી'**માં છે. પરમાનંદદાસે પણ આ વિષય પર પદ રચ્યાં છે. ત્યારપછી રહીમ, ઘનાનન્દ, મતિરામ, દેવ, ચાચા વૃંદાવનદાસ, વ્રજનિધિ, પ્રેમી, નાગરીદાસ, વ્રજવાસી, હંસરાજ બક્ષી વગેરેનાં પણ છૂટક પદ મળે છે. આધુનિક કાળમાં ભારતેન્દુ હરિશ્ચંન્દ્રજીએ પણ છૂટક પદો લખ્યાં છે. સત્યનારાયણ કવિરત્નનું **'ભ્રમરદૂત'**, હરિઔધનું **'પ્રિયપ્રવાસ'**, જગન્નાથદાસ રત્નાકરનું **'ઉદ્ધવ-શતક'**ધ્યાન ખેંચે એવા છે. ડૉ. રમાશંકર શુકલનું **'ઉદ્ધવ-શતક'**અને દ્વારકાપ્રસાદ મિશ્રનું**'કૃષ્ણાયન'**પણ ઉલ્લેખનીય છે. આપણે મહત્ત્વનાં 'ભ્રમરગીત'નો થોડોક પરિચય. મેળવી, પછી વ્રજમાં પહોંચી જઇએ.'

'વ્રજમાં ?' અનુભાઇ ચમક્યા.

'હા. વ્રજમાં જઇને જ ઉદ્ધવજી સામે ગોપીજનો કેવી ચાતુરી બતાવે છે, એ માણી શકાશે ને ?' સહજ સ્મિત સાથે રામજીભાઇએ કહ્યું. પછી કહે, 'સૌ પ્રથમ આપણે નંદદાસજીકૃત 'ભઁવરગીત'ની વિશેષતા જોઇએ.



ગો.વા. સોમાલાલ ચુનીલાલ શાહ
પ. ભ. શ્રી મધુબેન કાન્તિલાલ શાહ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ

'અષ્ટછાપના લગભગ દરેક મહાનુભાવ કવિઓએ ભ્રમરગીત-પ્રસંગ વિશે પદરચના કરી છે. પોતાના પ્રાણપ્રેષ્ઠ શ્રીઠાકોરજી પ્રત્યે પ્રેમની ઉત્કટતા વ્યક્ત કરવા માટે આ જ એકમાત્ર સશક્ત અને યોગ્ય પ્રસંગ ગણાય. એમાં સર્વોત્તમ રચના છે. નન્દદાસ રચિત ભઁવરગીત. માત્ર ૭૫ છંદોમાં, ક્રમબદ્ધ રીતે, પ્રશ્નોત્તર સ્વરૂપે રચાયેલું આ પ્રેમ-વિરહ-મધુર ગીત સાહિત્યનું અમૂલ્ય મોતી છે. વિદ્વાનોએ પણ એના ગુણ ગાતાં કહ્યું છે કે નંદદાસકૃત 'ભઁવરગીત'એ સૂરદાસના ભ્રમરગીતમાં દેખાતી ન્યૂનતાનું પૂરક છે. સૂરદાસની ગોપીઓ જે તર્ક રજૂ કરે છે, તે સામા પક્ષની વિચાર-પદ્ધતિની 'અવ્યાવહારિકતા'ને અનુલક્ષીને પ્રહારરૂપે કરે છે. આ તર્ક શાસ્ત્રસંમત નથી.

'નંદદાસની ગોપીઓનું બૌદ્ધિક સ્તર ખૂબ ઊંચું છે. આથી એમના તર્ક સૂક્ષ્મ અને શાસ્ત્રીય સિદ્ધાંતો પર આધારિત છે. પ્રેમની સાથોસાથ તે તર્ક અને પ્રમાણને પણ આધાર માનીને ચાલે છે. એ રીતે ઉદ્ધવજીના જ્ઞાનમાર્ગનું તર્કસંગત ખંડન કરે છે. જોકે આ ગોપીઓ લાગણીશીલ પણ છે. એથી ઉદ્ધવજી પ્રત્યે એમને સદ્દભાવ અને સહાનુભૂતિ છે. નંદદાસના ભઁવરગીતમાં લગભગ અડધાં પદ તો ઉદ્ધવ-ગોપી-સંવાદરૂપે છે. બાકીનાં પદોમાં ગોપીજનોની વિરહદશાનું સુંદર ભાવવાહી ચિત્રણ છે. આમ, શરૂમાં બુદ્ધિવાદનાં દર્શન થાય છે અને પછી ભાવુક્તાનાં દર્શન થાય છે.

'ભ્રમરગીત'પર જે સ્વતંત્ર વિવેચન કે રસદર્શનનાં પુસ્તકો લખાયાં છે, તેમાં મુખ્ય આધાર નંદદાસજી ભઁવરગીતનો જ લેવાયો છે;કારણ કે આ રચના ટૂંકી અને સળંગસૂત્ર છે. જ્યારે સૂરદાસજીનાં લગભગ ૮૦૦-૯૦૦ જેટલાં પદ છે;પણ તેનો સળંગસૂત્ર ક્રમ જોડવામાં ખૂબ જહેમત લેવી પડે છે. નંદદાસ પણ, સૂરદાસની જેમ જ્ઞાન ઉપર ભક્તિની, બુદ્ધિ ઉપર હૃદયના ભાવ-પ્રેમની સ્થાપના કરવાના ઉદ્દેશ્યથી જ આ રચના કરવા પ્રેરાયા છે. નંદદાસજીનું ભઁવરગીત વિરહ-વિભૂષિત કાવ્ય-રચના છે;પણ એમાં જ્ઞાન-ભક્તિનો ભવ્ય ભંડાર જોવા મળે છે. અભણ ગોવાલણોના તર્ક બૃહસ્પતિના શિષ્ય એવા પરમ બુદ્ધિશાળી ઉદ્ધવજીને પણ ઘડીભર ચૂપ કરી દે છે. ઉદ્ધવજી જ્યારે નિર્ગુણ બ્રહ્મનો ઉપદેશ આપતાં કહે છે -

યહ સબ સગુન ઉપાધિ, રૂપ-નિર્ગુન હૈ ઉનકો ।
નિરવિકાર નિરલેપ, લગત નહિં તીન્હોં ગુન કો ॥

હાથ ન પાંવ ને નાસિકા, નૈન બૈન નહિં કાન ।
અચ્યુત જ્યોતિ પ્રકાશ હૈ, સકલ વિશ્વ કે પ્રાન ॥
- સુનોં, બ્રજ-નાગરી ॥

ત્યારે ગોપીજન તરત સણસણતો જવાબ આપે છે -

જો મુખ નાહિંન હુતો, કહૌ કિન્હ માખન ખાયૌ ।
પાંયન-બિન ગૌ-સંગ કહૌ બન-બન કો ધાયૌ?

આથી તમારા એ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ સત્ય શી રીતે હોઇ શકે?સાચા તો અમારા પ્રાણવલ્લભ શ્યામસુંદર છે. જેમણે -

આઁખિનમેં અંજન દિયૌ, ગોવર્ધન લિયૌ હાથ ।
નંદ-જશોદા પૂત હૈં, કુંવર કાન્હ બ્રજનાથ ॥
-. સખા, સુન શ્યામ કે ॥

ઉદ્ધવજી અનેક તર્ક રજૂ કરે છે. વેદાંતનું રહસ્ય સમજાવવા મથે છે, અને ઉત્સાહમાં આવીને કહે છે -

પ્રેંમ જુ કોહુ વસ્તુ, રૂપ દેખત લૌં લાગૈ ।
વસ્તુ-દૃષ્ટિ બિન કહૌ, કહા પ્રેમી અનુરાગૈ ॥
તરનિ-ચંદ્ર કે રૂપ કૌ, ગુન નહિં પાયૌ જાન ।
તૌ ઉનકો કહા જાનિએં, ગુણાતીત ભગવાન ॥

'અરે બાલાઓ!તમે પ્રેમનો રાગ આલાપો છો, પણ પ્રેમને કદી પ્રત્યક્ષ જોયો છે?પ્રેમ એવી કોઇ વસ્તુ છે કે એનું રૂપ જોઇને એનામાં ચિત્ત ચોંટી જાય?વિવેક-દૃષ્ટિ વિના વસ્તુનું જ્ઞાન ન થાય. જો વસ્તુ પ્રત્યક્ષ નથી, તો એના તરફ પ્રેમ શી રીતે થાય?જેમ ચંદ્ર અને સૂર્યના રૂપ કે ગુણનું કશું જ્ઞાન થતું નથી, તો પછી ગુણાતીત બ્રહ્મને તો જાણી જ શી રીતે શકાય ?'

ગોપીજનો ઉપહાસ-પ્રિય છે. ઠંડી કાતર લાવે છે. રમત-વાતમાં ઉદ્ધવજીને વળતો ઉત્તર આપે છે -

તરનિ, અકાશ-પ્રકાશ, જાહિમેં રહ્યો દુરાઇ ।
દિવ્ય દૃષ્ટિં બિન કહૌ કૌન પૈ દેખ્યો જાઇ?
જિનકી વહ દૃષ્ટિ નહીં, દેખેં ક્યોં વૈ રૂપ ।
તિન્હૈં સાંચ ક્યોં ઊપજૈ, જે પરે કરમ કે કૂપ ?

પરંતુ આ તર્ક-વિતર્ક કરતાં કરતાં ગોપીજનોને એકદમ શ્યામસુંદરનું સ્મરણ થઇ આવે છે. એમની મૂર્તિ નજર સમક્ષ ખડી થાય છે. તેઓ ભાવવિભોર બની જાય છે. કૃષ્ણની કઠોરતાને ઠપકારે છે. પોતાની લાચારી અને દીનતાનો અનુભવ થતાં આંખોમાં પ્રેમસાગર ઉભરાય છે. એના પ્રવાહમાં ખેંચાઇને ઉદ્ધવજી આખરે હાર સ્વીકારી લે છે. ગોપીજનોની મહાનતાને વંદન કરે છે -

ધન્ય ધન્ય યે લોગ, ભજત જો હરિકો ઐસે ।
ઔર કોહૂ બિન રસહિં, પ્રેમ પાવત કહૌ કૈસે ?

અને વૃંદાવનમાં વૃક્ષ કે વેલી બની, સદાકાળ ત્યાં વસવાનો મનોરથ સેવે છે

'કૈ હ્વૈ રહૌં દ્રુમ-ગુલ્મ લતા બેલી બનમાંહી ।'

આમ, શ્રીભાગવતજીમાં જે પરિણામ બતાવ્યું છે, એ જ અવસ્થા અહીં પણ ફળરૂપે બતાવી છે.

'તમે જે તુલસીદાસના ભ્રમરગીતનો ઉલ્લેખ કર્યો હતો, એ તુલસીદાસ કયા?'વામનભાઇ કંઇક ગડમથલમાં હોય એમ પૂછી બેઠા.

'રામચરિતમાનસના કર્તા, સંત-શિરોમણિ તુલસીદાસનો જ એ ઉલ્લેખ છે. કૃષ્ણ-ગીતાવલી તુલસીદાસની જ રચના છે. એમાં ૬૧ પદ છે, જે શ્રીકૃષ્ણની બાલલીલા, યશોદાજીનું વાત્સલ્ય, ઊખલ-બંધન, ગોવર્ધન-ધારણ, ગોપી-પ્રેમ અને વિરહ, ગોપી-ઉદ્ધવ-સંવાદ અને ભ્રમરગીત વગેરેને લગતાં છે. એમાં બાલલીલા અને ગોપી-ઉદ્ધવ-સંવાદનું ખૂબ વિસ્તારથી ચિત્રણ થયું છે.

ગોસ્વામી તુલસીદાસકૃત 'કૃષ્ણ-ગીતાવલી'માં 'ભ્રમર'નો સ્પષ્ટ ઉલ્લેખ તો નથી, પણ ઉદ્ધવજી માટે એમણે **'મધુકર'**, **'મધુપ'**વગેરે સંબોધનનો ઉપયોગ કર્યો છે. સૂરદાસની ભક્તિ સખ્ય-ભાવની છે. 'અષ્ટસખા'તરીકે 'અષ્ટછાપ'કવિઓ જાણીતા છે. આથી એમના ભ્રમરગીતની ગોપીઓ ક્યાંક લોક-મર્યાદાનું ઉલ્લંઘન કરી બેસે છે;પણ તુલસીની ભક્તિ દાસ્ય ભાવની છે. એટલે એમનાં પદોમાં સર્વત્ર લોક-મર્યાદાનું પાલન જોવા મળે છે. અહીં ગોપીજનો ઉદ્ધવના જ્ઞાનનું ખંડન જરૂર કરે છે;પણ એમાં સૂરદાસની ગોપીઓ જેવી ધૃષ્ટતા અને આખાબોલાપણું તથા નંદદાસની ગોપીઓ જેવી તર્કબદ્ધ વાક્પટુતા નથી. તુલસીનાં આ પદોમાં ગોપીઓમાં સંકોચ અને સ્ત્રીસહજ લજ્જાનાં જ દર્શન થાય છે. જોકે પોતાના અનન્ય પ્રેમની બાબતે

અત્યંત વિશ્વાસ અને દૃઢતા જોવા મળે છે. પ્રભુ-પ્રેમ આગળ મુક્તિ પણ તુચ્છ છે, એમ તેઓ માને છે.

વહ અતિ લલિત મનોહર આનન, કૌન જતન બિસારૌં;
જોગ જુગતિ અરુ મુક્તિ વિવિધ વિધિ, વા મુરલી પર વારૌં.

આ ગોપીઓમાં નથી કોઇ અભિલાષા કે નથી કોઇ અસૂયા. વિરહ-વર્ણનમાં પણ દસે દશાઓનું -મૂર્છા સુધીનું - વર્ણન નથી. પૂર્વની સંયોગ અવસ્થાનાં સ્મરણ પણ એમને વિરહાગ્નિમાં દઝાડતાં નથી. છે તો માત્ર ભાવુકતા, દીનતા, વિનય અને શાલીનતા.

અષ્ટાંગ યોગ અને ભક્તિ-વિહીન જ્ઞાનની નિરર્થકતા તથા અનન્ય પ્રેમ અને ભક્તિની મહત્તાનો તુલસી સ્વીકાર કરે છે. એમની આગવી શૈલી અહીં પણ દેખાઇ આવે છે. ગોપીજનો ઉદ્ધવજીને કહે છે.

ગ્યાન કૃપાન સમાન લગત ઉર, બિહરત છિન છિન હોત નિનારે;
અવધિ જરા જોરતિ હઠિ પુનિપુનિ, યાતેં તનુ રહત સહત દુઃખ ભારે.

'જેમ જરા નામની રાક્ષસીએ કપાયેલા શરીરને જોડી 'જરાસંઘ'ને જિવાડ્યો હતો;તેમ શ્રીકૃષ્ણ પાછા આવશે એવી આશા જ અમારા શરીરને ટકાવી રહી છે;બાકી તમારી આ જ્ઞાનની બરછીએ તો અમારા ટુકડા જ કરી નાખ્યા છે !'

ઉદ્ધવજી એમનો વિરહ જોઇ ચકિત થઇ જાય છે. આવું જ વિરહની ઉત્કટતાનું એક અલંકારિક ચિત્ર જુઓ.

મોકો અબ નયન ભયે રિપુ, માઇ!
ગ્યાન - પરસુ દૈ પઠાયો બિરહ-બેલિ કૈસેહુ કઠિનાઇ ।
સો થાક્યો બરહ્યોં એકહિ તક દેખત ઇનકી સહજ સિંચાઇ ॥

'ખેતરમાં સતત સિંચાઇ કર્યા કરતી પાણીની નીક પણ આ આંખોમાંથી સતત સરતી અશ્રુધારા સામે શરમાઇ જાય છે ! જ્ઞાનની ફરસી વિરહ-વેલને કાપવા ઇચ્છે છે, પણ આંખો એને પોતાનું જળ સીંચી સીંચીને લીલીછમ રાખે છે. એ વેલો ભલા શી રીતે કરમાઇ શકે ?'

'પણ તુલસીદાસ તો પરમ રામ-ભક્ત હતા, પછી...'

'શ્રીકૃષ્ણ વિશે કવિતા ક્યાંથી લખે, એમ જ ને ?' મોહનભાઇની વાત પોતે જ પૂરી કરતાં રામજીભાઇએ કહ્યું, 'સાચા સંતો કદીયે સાંપ્રદાયિક સંકુચિતતાના કુંડાળામાં પડતા નથી. તુલસીને મન **'નિજ પ્રભુમય દેખહિં જગત'**- સર્વવ્યાપક પ્રભુ એક જ છે. એથી **'કા સન કરહિં વિરોધ ?'**- એ કોઇનોય વિરોધ કે દ્વેષ ન કરે. એ પોતાના ઉપાસ્ય પ્રત્યે અનન્ય હોય; પણ અન્ય ભગવદ્-સ્વરૂપો પ્રત્યે પણ સદ્ભાવ જ રાખે. તુલસી ઉદાર-મતવાદી હતા. અષ્ટછાપના કવિ નંદદાસના તેઓ ભાઇ થાય, એ પણ પ્રસિદ્ધ છે.'

'તો પછી પેલી **'તુલસી મસ્તક તબ નમે...'** કે એવી કંઇક વાત છે, તે...'અનુભાઇએ સ્મૃતિની વાટ સંકોરી.

'હા. એક વાર તુલસી વૃંદાવન ગયેલા. રામઘાટ પર એમનો વિશ્રામ. તે વેળા તેમને નાભાસ્વામી અને અન્ય ભક્તો સાથે શ્રીમદનમોહનજીના મંદિરમાં જવાનું થયું. ત્યારે ત્યાંના શ્રીવિગ્રહ સમક્ષ તેમણે પ્રાર્થના કરેલી, એવી લોકવાયકા છે. એ પ્રાર્થના છે -

કહા બરનઉં છબિ આજકી, ભલે બિરાજેઉ નાથ;
તુલસી મસ્તક તબ નવૈ, જબ ધનુષ-બાણ લેઉ હાથ.

કહે છે કે ભગવાને ધનુષ-બાણ ધારણ કરી, તુલસીને દર્શન આપ્યું હતું. પણ મહાપુરુષોના જીવનમાં આવી વાતો જોડી દેવાની પરમ્પરા કંઇ નવી નથી. કોઇ રામભક્ત તુલસી-પ્રેમીના ફળદ્રુપ ભેજાએ આવા ચમત્કારની પ્રચારલીલા કરી હોય, તો એમાં નવાઇ પામવા જેવું નથી ! અનુભવીજનો કહે છે કે જ્યાં બુદ્ધિની સીમા પૂરી થાય છે, ત્યાંથી શ્રદ્ધાની સરહદ શરૂ થાય છે. બાકી જગતમાં ચમત્કાર જેવી કોઇ બાબત નથી. એમાં અંધશ્રદ્ધાનો પુટ જ વિશેષ હોય છે. પણ એટલું નક્કી કે તુલસીની લોકપ્રિયતાને કારણે એમના વિરોધીઓ જાતજાતનાં તરકટ જરૂર કરતાં હતા !

તુલસીને મન શ્રીરામ અને શ્રીકૃષ્ણ - બંને એક જ પરબ્રહ્મનાં સ્વરૂપ છે. **'સીયારામમય સબ જગ જાનિ'**કહેનાર અનન્ય રામભક્ત તુલસીને શ્રીમદનમોહનજીના સ્વરૂપમાં ધનુષધારી શ્રીરામનાં દર્શન થાય, એ સ્વાભાવિક છે. તુલસીનું બાલલીલાનું એક પદ આ દૃષ્ટિએ જોવા જેવું છે. એક વાર માતા યશોદા કૃષ્ણને પ્રેમથી સમજાવે છે, 'જો સાંભળ!હવે આ છોકરમત છોડ. કાલે તારા વિવાહની વાત કરવા માટે

જવાનું છે. તારી માખણચોરીની વાત સાંભળી સામા પક્ષવાળાં તને પસંદ શી રીતે કરશે ?'

શ્રીકૃષ્ણ ડાહ્યા-ડમરા થઇ કહે છે, 'ભલે!હવે ઉધમાત નહીં કરું. પછી આંખ મીંચી ઊંઘવાનો ડોળ કર્યો. જયારે નંદરાયજી સૂઇ ગયા, ત્યારે ચૂપચાપ શ્યામસુંદર ઊઠ્યા. માતા પાસે જઇ, ઠાવકાઇથી કહેવા લાગ્યા -'મા, સવાર થયું છે, ઊઠ. મને જલદી નવું ઝભલું આપ.'

માતાએ આનંદિત થતાં કા'ના સામે જોયું. પછી એનું ભોળપણ જોઇ હસી પડ્યાં. કૃષ્ણ શરમાઇને માતાને વળગી પડ્યા.

ઉઠિ કહ્યો ભોર ભયો ઝઁગુલી દૈ, મુદિત મહરિ લખિ આતુરતાઇ;
બિહઁસી ગ્વાલિ જાનિ તુલસી પ્રભુ સકુચિ લગે જનની ઉર ધાઇ.

ખેર!આ પ્રસંગે એક સ્પષ્ટતા કરી લઉં. શ્રીમહાપ્રભુજી સ્વયં સંકુચિત સાંપ્રદાયિક વિચારધારા નહોતા ધરાવતા. આપશ્રી **શાસ્ત્રાર્થ પ્રકરણમાં આજ્ઞા** કરે છે કે **'અર્થોયમેવ નિખિલૈરપિ વૈદવાકયૈઃ રામાયણૈઃ સહિત ભારત પંચરાત્રૈં** ।'આપશ્રીએ રામાયણ, મહાભારત અને પંચરાત્રને પણ વેદતુલ્ય પ્રમાણ ગણ્યાં છે. વળી, સંવત ૧૫૬૫માં આપશ્રીએ સ્વયં **'રામાયણ લોકેશ્વરી ટીકા'** પણ રચી છે; કારણ કે 'રામાયણ પણ શ્રીભાગવતની જેમ સમાધિમાં અનુભવાયેલ સર્જન હોઇ, તે પ્રમાણ છે'એમ આપ **'સર્વનિર્ણય'** પ્રકરણમાં આજ્ઞા કરે છે.

સૂરદાસજીએ પણ શ્રીરામ વિશે લગભગ ૨૦૦ પદો રચ્યાં છે. એમણે શ્રીરામને 'ત્રિભુવન-નાથ'અને 'અંતર્યામી'તરીકે ઓળખાવ્યા છે.

આજુ દસરથ કૈં આઁગન ભીર;
યે ભૂ-ભાર ઉતારન-કારન પ્રગટૈ સ્યામ-સરીર.
ત્રિભુવન-નાથ દયાલ દરસ દૈ, હરી સબનિ કી પીર;
ભયે નિહાલ'સૂર'સબ જાચક, જૈ સાંચે રઘુવીર.

એ જ રીતે અન્ય પ્રસંગે રામ અને કૃષ્ણની એકતા દર્શાવતાં કહે છે -

લીલા કરત કનક-મૃગ માર્યો, બધ્યો બલિ અભિમાની;
સોઇ દસરથ-કુલચંદ અમિત બલ, આયે સારંગપાનિ.

આમ સંતો તો સદા ગુણગ્રાહી હોય છે. તેઓ શબ્દોની જાળ ફેલાવતા નથી. તેઓ સ્વયં ભ્રમમાં હોતા નથી. બીજાઓને ભ્રમમાં નાખતા નથી.



ગો.વા. ગંજીબેન ચુનીલાલ ભોગીલાલ
પ. ભ. શ્રી મનોરમાબેન હરિપ્રસાદભાઇ દેસાઇ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
(અમદાવાદ)પ્રાંતિજ

ઊલટું, અજ્ઞાનીઓના ભ્રમનું નિરસન કરવું, પક્ષપાતરહિત સત્ય વસ્તુનો બોધ આપવો - એ જ એમનો જીવન-ધર્મ હોય છે.

'અન્ય અષ્ટછાપ કવિઓનાં ભ્રમરગીત વિશે કહેશો?'માલાબહેનને વધુ રસ પડ્યો.

'અન્ય કવિઓએ સળંગસૂત્ર ભ્રમરગીત આપ્યાં નથી. હા, પરમાનંદદાસજીએ ભ્રમરગીત પ્રસંગ પર લગભગ એકસો જેટલાં પદ રચ્યાં છે. એમાં પણ હેતુ સૂરદાસજી જેવો જ છે. સૂરદાસજીનાં પદો સમજતી વેળા આપણે એનો પણ વિનિયોગ કરીશું.'રામજીભાઇએ એ વાત સમેટતાં કહ્યું. આપણે હવે એક-બે ધ્યાન ખેંચનારાં ભ્રમરગીતનો ટૂંકમાં પરિચય મેળવી લઇએ.'

'હા, ત્યાં સુધીમાં પ્રસાદ લેવાનો સમય પણ થશે.'માલાબહેને પણ સૂર પુરાવ્યો. રામજીભાઇએ વાત ચાલુ રાખી.

'ભારતેન્દુ હરિશ્ચન્દ્રે ભ્રમરગીત વિશે પદ લખ્યાં છે, તેમાં સૂરદાસની જેમ જ નિર્ગુણ-સગુણ વિવાદ તથા ઉદ્ધવજીના હૃદય-પરિવર્તનની વાત કહેવાઇ છે. માત્ર શબ્દો જુદા છે, ભાવ ભક્તિકાલીન છે. જો કે એમણે ખૂબ જ સહાનુભૂતિ તથા પ્રેમથી આ વિષયને સીંચ્યો છે.

'સત્યનારાયણ કવિરત્નકૃત **'ભ્રમરદૂત'** માં જ્ઞાન અને ભક્તિની તુલના નથી;પણ એ સમયની સામાજિક-રાજકીય વિષમ પરિસ્થિતિનું નિરૂપણ જોવા મળે છે. એમાં સંદેશો મથુરાથી ગોકુળ નથી જતો; ગોકુળથી મથુરા આવે છે. સંદેશો મોકલનાર કોઇ ગોપી નથી, સ્વયં માતા યશોદા છે; અને તે સંદેશો સ્વયં કૃષ્ણ ભમરાનું રૂપ ધારણ કરીને લઇ જાય છે!આ સંદેશો દેશની રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક સમસ્યાઓને લગતો છે. અહીં સભ્યતાનો અતિશાપ, પ્રવાસીઓની સમસ્યા, સ્ત્રી-શિક્ષણ, સ્ત્રીઓ ઉપર નવી ફેશનનો પ્રભાવ, દેશવાસીઓની દુર્દશા, નૈતિક અધઃપતન વગેરેનું માર્મિક વર્ણન થયું છે. આ સુધારાવાદી કાવ્ય ગણાય, ઉપાલંભ - કાવ્યની કક્ષામાં એને ન મૂકી શકાય.

'હરિઔધની કૃતિ **'પ્રિયપ્રવાસ'** માં પણ નવીન વાતાવરણની જ અસર છે. એમાં માખણચોર કૃષ્ણ એક સમાજ-સુધારક તરીકે ઉપસ્યા છે. ગોપીઓ પણ કૃષ્ણના ગોકુલવાસ દરમ્યાન, એમણે કરેલાં લોકોપકારનાં કાર્યોને જ યાદ કરે છે. રાધા

દેશભક્ત નાયિકા તરીકે ચિત્રિત થયાં છે;જેમણે સમગ્રજગતના દુ:ખમાં પોતાનું દુ:ખ ઓગાળી દીધું છે. આમાં લોકસેવા ઉપર ભાર મુકાયો છે;પણ એ કાવ્યની મધુરતા અને સરસતાના ભોગે થયું છે.'

'મૈથિલીશરણ ગુપ્તના'**દ્વાપર**'માં પણ ભ્રમરગીત પ્રસંગ વણાયો છે. એમાં ભમરાને બદલે એક પંખીને સંબોધીને ઉદ્ધવ ઉપર વચનબાણ ચલાવાયાં છે. અહીં ગોપીજનોમાં લજ્જા, વિનય અને વિવેક જળવાયો છે.

'શ્રી રત્નાકરનાં '**ઉદ્ધવશતક**'ભક્તિનું ઊંડાણ છે, તન્મયતા છે, તો વાક્ચાતુર્ય પણ છે. એમાં સૂરદાસ જેવી ભાવ-વિવશતા છે, તો નંદદાસ જેવી તર્ક અને ઉપહાસની અભિવ્યક્તિ પણ છે. 'ઉદ્ધવ-શતક'ની ગોપી શ્રીકૃષ્ણ અને પરબ્રહ્મ એક જ છે, એવું તો માને છે;પણ એ ભક્ત-હૃદય અદ્વૈત-ભાવનો સ્વીકાર કરતાં ખચકાય છે. પ્રેમ માટે બીજું પાત્ર તો જોઇએ;પણ તે ગુપ્ત. એમના પ્રેમને 'અંગત'ગણી, લોકનજરે ન ચડવા દેતાં એને પડદા પાછળ રાખવા મથે છે. 'રત્નાકર'ના વર્ણનમાં વ્યંગ્યની સાથોસાથ માર્મિકતા પણ પૂરતા પ્રમાણમાં જોવા મળે છે. જ્યાં તર્કનાં તીર પણ બૂઠાં બની જાય છે, એવા હૃદયના કોમળ ભાવોનું - ઉત્કટ અનુરાગનું માર્મિક ચિત્રણ છે. શ્રીકૃષ્ણની સ્મૃતિ, ગોપીજનોની વિરહદશા, ઉદ્ધવજીનો ઉપદેશ અને ગોપીજનો દ્વારા તેની પ્રતિક્રિયાનાં મનોરમ વર્ણન મૂળ ગ્રંથ વાંચવાથી જ માણી શકાય. ગોપીજનોનાં 'નંદલાલ'પરબ્રહ્મ અને મુક્તિથી પણ શ્રેષ્ઠ છે. એમને પામવા માટે તેઓ મૃત્યુ-સરખી ગમે તેવી પીડા સહેવા તૈયાર છે. હા, પ્રાણપ્રેષ્ઠ એ રીતે મળશે જ, એવી એમને ખાતરી થવી જોઇએ.

સહિહૈં તિહારે કહે સાઁસતિ સબૈ પૈ બસિ,
એતી કહિ દેઉ કન્હૈયા મિલિ જાયગો.

પરિણામે, ઉદ્ધવજી પણ આખરે નિર્ગુણ અને જ્ઞાનયોગનો રાગ આલાપવાનું ભૂલી જઇ, પ્રેમરસમાં ઝબોળાઇને પાછા ફરે છે. જાણે પ્રેમની મસ્તી છવાઇ ગઇ ન હોય!

લાલી મેરે લાલકી, જિત દેખૌં તિત લાલ;
લાલી દેખન મૈં ચલી, મૈં ભી હો ગઇ લાલ.

'રત્નાકરકૃત 'ઉદ્ધવશતક' શ્રીભાગવતજી, સૂરદાસ અને નંદદાસ - એ ત્રણેની વિશેષતાઓનો સુમેળ સધાયો છે. જોકે સૂરદાસ જેવી તન્મયતા અને ભાવવિભોર દશાનાં દર્શન ખાસ થતાં નથી. છતાં એની સૌથી મોટી વિશેષતા એ છે કે રત્નાકરજીએ

એમાં શ્રીકૃષ્ણ અને ગોપીજનો વચ્ચે બરોબર ઊતરે એવા સમાન અનુરાગ-ભાવની પ્રતિષ્ઠા કરી છે. એ રીતે, એનું સાહિત્યિક મૂલ્ય પણ ઊંચું છે.

'આમ, અનેક ભ્રમરગીતોમાં કેટલાંક સાચાં મોતી છે, તો ફટકિયાં પણ છે. છતાં અત્યાર સુધી એના પ્રત્યે કવિઓનું આકર્ષણ ઘટ્યું નથી.'રામજીભાઇ પૂર્ણવિરામ મૂકતાં બોલ્યા.

'આ બધા તો હિન્દી ભાષાના કવિઓ છે. શું ગુજરાતીમાં કોઇએ 'ભ્રમરગીત'વિશે નથી લખ્યું?'રાધાબહેન સહેજ ગળું ખુંખારતાં બોલ્યાં.

'લખ્યું છે!આપણા દયારામભાઇએ ભ્રમરગીત-પ્રસંગ પર આધારિત 'પ્રેમરસ ગીતા'લખી છે. એમાં ૨૧ પદ છે. પદનો ઢાળ અલગ ગણીએ, તો ૪૨ પદ થાય. છેલ્લું ઉપસંહારનું પદ છે. એનો વિનિયોગ પણ આપણે રસાસ્વાદ દરમિયાન કરીશું. દયારામભાઇ સિવાય, બહુ ઓછા જાણીતા વૈષ્ણવ કવિઓ - ગણપતરામ, નિરાંત મહારાજ, દેવીદાસ, નરભેરામ, પ્રીતમદાસ, મુરારિદાસ, રઘુનાથદાસ જેવા સંતો-ભક્તોએ પણ છૂટક પદ લખ્યાં છે. નરસિંહ મહેતા, મીરાંબાઇ અને પ્રેમાનંદ જેવા કૃષ્ણ-ભક્ત કવિઓ અને આધુનિક કવિઓમાં હરીન્દ્ર દવે, પ્રિયકાન્ત મણિયાર વગેરેએ પણ કેટલાંક કાવ્યો લખ્યાં છે. પણ આ બધાં 'ભ્રમરગીત'- પરમ્પરાનાં ન ગણાય;એને ઊર્મિકાવ્યો તરીકે, પ્રકીર્ણ ભક્તિગીત કહી શકાય.'

'રામજીભાઇ !આ પ્રથમ બેઠકમાં જ 'ભ્રમરગીત'ને સમજવા માટેની સુંદર પૂર્વભૂમિકા રચાઇ ગઇ. હવે ભ્રમરગીત માણવામાં ખરેખર રસ પડશે.'અનુભાઇએ આનંદની અભિવ્યક્તિ કરી.

'આજે રાત્રે બીજી બેઠક રાખીશું?'રાધાબહેને પૂછ્યું.

'કાલે જન્માષ્ટમીનો ઉત્સવ છે. સૌને ઉપવાસ પણ હશે જ. કાલે સવારે દસ વાગ્યાથી સળંગ બેઠક જમાવી દઇએ, તો વધુ ઠીક રહેશે.'માલાબહેને જ નિર્ણાયક અભિપ્રાય જણાવી દીધો.

'ભલે, તો કાલે સવારે જ સૌ વૃન્દાવન-ધામની યાત્રાએ નીકળીએ.'રામજીભાઇ સસ્મિત બોલી ઊઠ્યા. 'ચાલો, સૌને જય શ્રીકૃષ્ણ.'

'જય શ્રીકૃષ્ણ'કહી બધાં વીખરાયાં.

૪. સખા સખા કછુ અંતર નાહીં

આજુ બધાઇ કો દિન નીકો,
નંદ-ઘરુનિ જસોમતિ જાયો હૈ, લાલ ભાઁવતો જીકો. ૧
પંચ સબદ બાજન બાજત હૈં, ઘરઘર તેં આયો ટીકો,
મંગલ કલસ લિયેં બ્રજસુંદરિ, ગ્વાલ બનાવત છીકો. ૨
દેત અસીસ સકલ ગોપીજન, જીવૌ કોટિ બરીસો;
'પરમાનંદદાસ'કો ઠાકુર, ગોપ-ભેખ જગદીસો. ૩

સેવા-ખંડમાંથી માલાબહેનનો મધુર સ્વર સંભળાયો. રામજીભાઇ ઝટપટ પરવારી 'જય શ્રીકૃષ્ણ'કહેતા અનુભાઇ પાસે આવીને બેઠા.

આજે જન્માષ્ટમીનો ઉત્સવ હતો. માલાબહેન વહેલી સવારથી સેવામાં રત હતાં. બંને દીકરીઓ - હેમા ને ફાલ્ગુની પણ બહારની ટહેલમાં માતાને મદદ કરવામાં વ્યસ્ત હતી. બંને બી.કોમ. થયેલી;પણ અતિ વિનમ્ર અને સેવાનુરાગી. અનુભાઇનો મોટો દીકરો ધર્માંશુ ઇલેક્ટ્રોનિક્સમાં બી.ઇ. (એન્જિનિયર) થઇ, વ્યવસાય-સંચાલન(એમ.બી.એ.)ના અભ્યાસ માટે શિકાગોમાં વસે. નાનો દીકરો પરીક્ષિત પણ હાયર સેકન્ડરીના વિજ્ઞાન-પ્રવાહમાં ૯૫ ટકા ગુણ મેળવી, વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ થયો હતો. એ પણ આ વર્ષે ઇલેક્ટ્રોનિક એન્જિનિયરિંગના અભ્યાસક્રમ જોડાયો હતો. ઘેર શ્રીગિરિરાજજીનું સ્વરૂપ બિરાજે. પ્રભુ પ્રેમથી સખડીભોગ આરોગે. સમગ્ર પરિવાર ભાવુક.

પ્રભુને આજે નિયમના શૃંગાર ધરાવ્યા હતા. લાલ સુતરાઉ તનિયા અને પટકા, લાલ અતલસનું સૂથન, કેસરી દોરિયાનો રૂપેરી કિનારીવાળો ચાકદાર વાઘો, ઠાડાં વસ્ત્ર નીચે લીલાં રેશમી અને ઉપર લાલ સુતરાઉ ધર્યાં હતાં. ત્રણ જોડીનાં આભૂષણ શ્રી...ની શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં. શૃંગારનાં દર્શન કરી રામજીભાઇ અને અનુભાઇ પ્રભુની લીલાના સ્મરણ - રમણમાં ખોવાયેલા હતા. દસ વાગતાંમાં તો મોહનભાઇ અને રાધાબહેન આવી ગયાં. માલાબહેન પણ સેવામાં પહોંચી આવી ગયાં. એટલામાં વામનભાઇ પણ આવી ગયા. હેમા સૌને માટે ચા લઇ આવી. આજે પરીક્ષિત પણ, રજા હોવાથી સૌની સાથે ગોઠવાઇ ગયો હતો.

'રામજીભાઇ!કાલે તમે કહેલું કે સવારે વૃંદાવન-ધામની યાત્રાએ નીકળીશું. એ રહસ્ય શું છે?'અનુભાઇએ વાતનો આરંભ કર્યો.

'એમાં રહસ્ય કશું નથી. માનસી સેવાનું પદ તો તમે સાંભળ્યું જ હશે ?' રામજીભાઇ બોલ્યા. ત્યાં રાધાબહેને એ પદ શરૂ કર્યું.

યમુનાજળમાં કેસર ઘોળી સ્નાન કરાવું શામળા;
હળકે હાથે અંગો ચોળી લાડ લડાવું શામળા.

'હા...તો જેમ માનસી સેવા થાય, તેમ માનસી યાત્રા પણ થઇ શકે. આપણે એવી ભાવના કરીએ કે આપણે અત્યારે વ્રજભૂમિમાં છીએ. સામે શ્રી યમુનાજીના પુનીત પ્રવાહનો કલકલ નાદ સંભળાય છે...' રામજીભાઇ આ વાત કરતાં કરતાં જ જાણે ભાવ-જગતમાં ખોવાઇ ગયા. થોડીકવાર ચૂપચાપ બેસી રહ્યા. પછી બોલ્યા

ન તથા મે પ્રિયતમ આત્મયોનિર્ન શંકરઃ ।
ન ચ સંકર્ષણો ન શ્રીર્નૈવાત્મા ચ યથા ભવાન ॥
નિરપેક્ષં મુનિં શાન્તં નિર્વૈરં સમદર્શનમ્ ।
અનુવ્રજામ્યહં નિત્યં પૂયેયેત્યङ્ઘ્રિરેણુભિઃ ॥
(શ્રીમદ્ભાગવત, ૧૧/૧૪/૧૫-૧૬)

'ભગવાન શ્રીકૃષ્ણ ભક્તિયોગની શ્રેષ્ઠતા અને નિજભક્તો પ્રત્યેના પોતાના પ્રેમની વાત કરતાં કહે છે, 'હે ઉદ્ધવ ! તમારા જેવા પ્રેમી ભક્તો મને જેટલા વહાલા છે, તેટલા વહાલા તો મારા પુત્ર બ્રહ્મા, શંકર, સગાભાઇ બલરામ, સ્વયં અર્ધાંગિની લક્ષ્મી અને મારો પોતાનો આત્મા પણ વહાલો નથી. જેને કોઇની કશી જ અપેક્ષા નથી, જે પ્રપંચને સર્વથા ભૂલી જઇ, મારા જ ચિંતન-મનનમાં મગ્ન રહે છે અને કોઇના પ્રત્યે રાગદ્વેષ ન રાખતાં, સૌ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે, એવા ભક્તની પાછળ પાછળ હું ફર્યા કરું છું, જેથી તેનાં ચરણોની ધૂળ ઊડીને મારા ઉપર પડે, તો હું પવિત્ર થઇ જાઉં !'

'અનુભાઇ, આ શ્લોકમાં સ્વયં ભગવાને ઉદ્ધવજીનું સ્વરૂપ સમજાવી દીધું છે. એનો જ ઉદ્ઘોષ 'ભ્રમરગીત'માં આપણને પણ સતત સંભળાય, એ જરૂરી છે.'રામજીભાઇ બોલ્યા. સહેજ થંભીને પછી કહે -

'ભગવાન્ શ્રીકૃષ્ણમાં પરમ પ્રેમ એટલે પરાભક્તિ. સામાન્ય રીતે ભક્તિના મુખ્ય બે ભેદ ગણાય છે : (૧) સાધન-ભક્તિ અને (૨) સાધ્ય-ભક્તિ. સાધન-ભક્તિ દ્વારા અંતઃકરણ શુદ્ધ થાય છે. પરિણામે સ્વરૂપ - બોધ થાય છે. આ સ્વરૂપબોધ એટલે આત્મ - તત્ત્વનું જ્ઞાન. ત્યારપછી સાધ્ય-ભક્તિ સિદ્ધ થાય. સાધ્ય-ભક્તિને જ પરાભક્તિ કહે છે. આવી પરાભક્તિ એ પ્રત્યક્ષ જ્ઞાન છે. પરાભક્તિ સિદ્ધ ન થાય, ત્યાં સુધી જે સાધનજ્ઞાન થાય છે, તે પરોક્ષ જ્ઞાન હોય છે. પરાભક્તિ એટલે જ પરમ જ્ઞાન. બંને એક જ સ્થિતિનાં ભિન્ન ભિન્ન નામ છે. આ પરમ ભક્તિની પ્રાપ્તિ એ જ જીવનની સફળતા છે. એ પામવા માટેનો ક્રમ-સાધનભક્તિ, સાધનજ્ઞાન, પરાભક્તિ અને પરમજ્ઞાન - એ ઉદ્ધવજીના જીવનમાં જોવા મળે છે.'

'ઉદ્ધવજીનો વિશેષ પરિચય મળી શકે?'મોહનભાઇએ પૂછ્યું.

'શ્રુતિ પ્રમાણે તો **"સત્યાક્રૂરોદ્ધવો દમઃ ।"**સત્ય અક્રૂરજી છે અને દમ ઉદ્ધવ છે. દમ એટલે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એ દશેયનો નિગ્રહ અથવા નિરોધ. શ્રવણાદિ નવધા ભક્તિ સિવાયના વિષયોમાં ઇન્દ્રિયો ન જાય, તેનું નામ નિરોધ. ઉદ્ધવજી સાક્ષાત્ આવા નિરોધ-સ્વરૂપ છે. પ્રભુએ સમગ્ર લીલા-પરિકર સાથે પૃથ્વી પર અવતરણ કર્યું છે. મથુરામાં કંસની જેલમાં જ્યારે શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો, ત્યારે જ ઉદ્ધવજીનો પણ જન્મ થયેલો.

'શ્રીકૃષ્ણના પિતા વસુદેવના નાનાભાઇ હતા દેવભાગ. મથુરાના યદુવંશમાં ખૂબ જાણીતા. ભગવાનના પરમ ભક્ત. એમનાં પત્ની કંસા પણ પતિ-પરાયણ સાધ્વી સ્ત્રી હતાં. આ દંપતીને ત્યાં ભગવાનના નિત્ય સેવક ઉદ્ધવજી અવતર્યા. તેઓ પ્રેમી ભક્ત, પરમ તત્ત્વના જ્ઞાની, પ્રભુ-સ્વરૂપ જ હતા. બચપણથી ભગવાનની જ રમતો રમે. કોઇ ઝાડ નીચે માટીનું ભગવદ્-સ્વરૂપ બનાવે. યમુનાજીમાં સ્નાન કરે. વળતાં સુંદર ફળફૂલ લેતા આવે.



ગં. સ્વ. શાંન્તાબેન કેશવલાલ મોદી
પ. ભ. શ્રી સુર્યકાન્તાબેન જયેન્દ્રકુમાર પરીખ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
ગોધરા

આવેય ફૂલની માળા સિદ્ધ કરી પ્રભુને ધરે. ફળનો ભોગ ધરે. સેવામાં એવા તન્મય થઇ જાય કે ઘણી વાર શરીરનુંયે ભાન ભૂલી જાય. શ્રીમદ્ભાગવતમાં એનો પણ ઉલ્લેખ (૩/૨/૨,૫) જોવા મળે છે -

યઃ પંચહાયનો માત્રા પ્રાતરાશાય યાચિતઃ ।
તન્નૈચ્છદ્રચયન્ યસ્ય સપર્યાં બાલલીલયા ॥
પુલકોદ્ભિન્નસર્વાઙ્ગો મુંચન્મીલદ્દૃશા શુચઃ ।
પૂર્ણાર્થો લક્ષિતસ્તેન સ્નેહપ્રસર-સંપ્લુતઃ ॥

'ઉદ્ધવજી પાંચ વર્ષના હતા, ત્યારે બાલ્યાવસ્થામાં પણ ભગવાનની સેવા-પૂજા કરતા;તે એટલે સુધી કે માતા સવારનું કલેઉ (નાસ્તો) કરવા બોલાવે, છતાં જાણે કશું સાંભળતા નહીં અને કલેઉની પણ કશી પરવા કરતા નહીં. બચપણના આ સ્મરણથી ઉદ્ધવજીનાં અંગ રોમાંચથી પ્રફુલ્લિત થયાં. નેત્રોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. પ્રેમના પ્રવાહમાં ડૂબેલા ઉદ્ધવજીને જીવન કૃતકૃત્ય થયેલું લાગ્યું.

'માતા જો છેક પાસે આવી, કલેઉ કરવા ખૂબ આગ્રહ કરતાં;તો ઉદ્ધવજી એમની બાળસહજ બોલીમાં કહી દેતા : મા, હજી તો મારી સેવા પૂરી થઇ નથી. મારા પ્રભુ હજી આરોગ્યા નથી. પછી હું કલેઉ શી રીતે કરી શકું ?' પુત્રનો આવો સેવાપ્રેમ જોઇ માતા દંગ થઇ જતાં!પછી પ્રેમથી તેડી લઇ, ચૂમી ભરીને મનાવી લેતાં અને ઘરમાં લઇ જઇ કલેઉ કરાવતાં.

ઉદ્ધવજી જ્યારે આઠ વર્ષના થયા, ત્યારે એમને યજ્ઞોપવિત સંસ્કાર કર્યા. પછી દેવોના ગુરુ આચાર્ય બૃહસ્પતિ પાસે ભણવા મૂક્યા. ટૂંક સમયમાં જ સઘળી વિદ્યાઓનું રહસ્ય મેળવી લીધું. ભગવત્પ્રેમ તો બચપણથી હતો જ;પછી એને પામવામાં વાર શી?જેની બુદ્ધિ નિર્મળ અને અંતઃકરણ પવિત્ર હોય એને સાર-વાત ઝટ સમજાઇ જાય. ઉદ્ધવજી તો - **'શિષ્યો બૃહસ્પતેઃ સાક્ષાદુદ્ધવો બુદ્ધિસત્તમઃ ।'**સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય અને પરમ બુદ્ધિમાન હતા. આથી જ તે શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર અને યાદવોના મંત્રી બની શક્યા હતા ને!**વૃષણીનાં પ્રવરો મંત્રી કૃષ્ણસ્ય દયિતઃ સખા !'**

'ઉદ્ધવ'નામનો અર્થ શો થાય ?' અચાનક માલાબહેને પૂછ્યું.

'ઉદ્ધવ એટલે ઉત્સવ. અમરકોશ પ્રમાણે **ક્ષણઃ, ઉધ્ધર્ષઃ, મહઃ, ઉદ્ધવ અને** ઉત્સવ - બધા સમાન અર્થવાળા શબ્દો છે. ઉત્સવ એટલે અત્યંત આનંદનો પ્રસંગ.

આથી જ ઉદ્ધવજીને સાક્ષાત્ ઉત્સવ-સ્વરૂપ પણ કહ્યા છે - **'સાક્ષાત્ ઉદ્ધવઃ મૂર્તિમાન ઉત્સવ'**ઉદ્ધવજી પાસે સઘળી સમસ્યાઓનું સમાધાન હતું. ધીરજ, વિવેક, પવિત્રતા, વિનમ્રતા અને દીનતા - એ ઉદ્ધવજીનાં આભૂષણ હતાં.'

'ઉદ્ધવજીની શ્રીકૃષ્ણ સાથે મુલાકાત ક્યારે થઇ?'

'કંસની આજ્ઞાથી અક્રૂરજી શ્રીકૃષ્ણ-બલરામને ગોકુળથી મથુરા લઇ આવ્યા. ત્યાંની ઘટનાઓ તો જાણીતી છે. મામા કંસનો પ્રભુએ ઉદ્ધાર કર્યો. ત્યાર પછી તે વસુદેવ-દેવકીજી પાસે જ રહ્યા. ત્યાં યજ્ઞોપવીત સંસ્કાર થયો. સાંદીપનિ ઋષિના આશ્રમે વિદ્યા ભણવા ગયા. ત્યાંથી જ્યારે મથુરા પાછા આવ્યા, ત્યારથી ઉદ્ધવ સતત શ્રીકૃષ્ણની સાથે જ રહેતા. ભોજન પણ સાથે જ કરતા. પરસ્પર હૈયાની વાતો પણ કરતા. આમ, એ શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર - અંતરંગ સખા બન્યા. ભગવાનના દર્શનમાં અને એમની ટહેલ કરવામાં એમને ખૂબ આનંદ આવતો. શ્રીકૃષ્ણ પણ ઉદ્ધવ સમક્ષ પેટછૂટી વાત કરતા. આમ છતાં, શ્રીકૃષ્ણને આ પ્રિય ભક્તની શુષ્ક જ્ઞાનની વાત કઠતી.

જદુપતિ સખા ઊધૌ જાનિ ।
લગે મનમન યહૈ સોચન ભલી નહિં યહ બાનિ ॥
અંસ ભુજ ધરિ હોત ઠાડૌ, નિઠુર જૈસો કાઠ ।
સંગ યહ નહિં બનત નીકૌ, હોઇ કૈસેહું સાંઠ ॥
કનક કલસ અપાન જૈસેં, તૈસોઇ યહ રૂપ ।
'સૂર'કૈસેંહું પ્રેમ પાયે, તબહિં હોઇ સુરુપ ॥

યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ તો ઉદ્ધવજીને પોતાના ખાસ મિત્ર માનતા, પણ ઉદ્ધવજી કંઈક અતડા રહ્યા કરતા હતા. જીવ પ્રભુને યાદ કરે એ સાધન - ભક્તિ. પણ **પ્રભુ જીવના હિતનો વિચાર કરે, એનું સ્મરણ કરે તે સાધ્ય ભક્તિ અથવા પરાભક્તિ.** પ્રભુની આ અનંહદ કૃપાને કારણે જ એ પુષ્ટિ-ભક્તિ અથવા પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. પ્રભુ મનોમન વિચારવા લાગ્યા કે ઉદ્ધવની રીતભાત બરાબર નથી. અરે ! ઘણી વાર તો હું કંઈક વિચારમાં ખોવાયો હોઉં, ત્યાં ઓચિંતો આવી ચડે. ખભે હાથ મૂકીને ઠોઠુંજીની જેમ ઊભો રહે. જાણે ઝાડનું ઠુંઠું ! નહીં રસ કે નહીં પ્રાણ ! આવો સંગ ઝાઝા દી'નભે નહીં ! એને શેરડીના સાંઠા જેવો બનાવવો પડશે. જ્યાં ચાખો ત્યાં મધુર રસથી ભરપૂર ! બાહ્ય રૂપ તો એનું સોનાના કળશ જેવું છે, પણ એવો કળશ કે જેમાં જળ નથી. ઉદ્ધવ પણ એવો નીરસ છે. ગમે તેમ કરી, એને 'પ્રેમ'નો પ્યાલો પાવો પડશે, જેથી એ અમૃતપાનથી 'સુ-રૂપ'- અંદરથી પણ રૂપાળો બને ! એક વાર પ્રેમની ગાંઠે ગંઠાશે, પછી એમાંથી ક્યાંય નહીં છટકે! એક પુષ્ટિ-ભક્તે સાચું જ કહ્યું છે -

પ્રેમ-બંધન અજબ-ગજબ;

બ્રહ્મગાંઠ સમી એ ગાંઠ, ન તૂટે ન છૂટે !

આથી ભગવાને એક લીલા વિચારી. ભગવાન ક્યારે કઇ લીલા કરશે, એ કાં તો સ્વયં ભગવાન જાણે છે અથવા એમના કૃપાપાત્ર ભગવદીય જાણે છે. જીવ તો પોતપોતાની બુદ્ધિ અનુસાર લૌકિક અર્થ કરવા બેસી જાય છે! ભગવાનની લીલા જીવ શું જાણે?એ લીલા ભગવાને ગોપીઓના પ્રેમને વશ થઇને કરી, અકારણ કૃપા કરવાના નિજ-સ્વભાવને કારણે કરી, ઉદ્ધવના હિત માટે કરી કે પછી ગોપીજનોનો નિઃસ્વાર્થ પ્રેમ પ્રકાશમાં લાવી, જગતના કલ્યાણ માટે કરી - એ કોણ જાણે?કદાચ, બધાં કારણ સાચાં હોય!પણ ભગવદીય સૂરદાસજીએ મૂળ કારણ પકડી પાડ્યું.

જદુપતિ જાનિ ઉદ્ધવ રીતિ ।

જિહિં પ્રગટ નિજ સખા કહિયત, કરત ભાવ અનીતિ ॥
બિરહ દુઃખ જહઁ નાહિં નૈકહૂં, તહઁ ન ઉપજે પ્રેમ ।
રેખ રૂપ ન બરન જાકે, ઈહિં ધર્યૌ વહ નેમ ॥
ત્રિગુન તન કરિ લખત હમકો, બ્રહ્મ માનત ઔર ।
બિના ગુન ક્યોં પુહુમિ ઉધરૈ, યહ કરત મન ડૌર ॥
બિરસ રસ કિહિં મંત્ર કહિયે, ક્યોં ચલૈ સંસાર ।
કછુ કહત યહ એક પ્રગટત, અતિ ભર્યૌ અહંકાર ॥
પ્રેમ-ભજન ન નૈકું યાકેં, જાઇ ક્યોં સમુઝાઇ ।
'સૂર'પ્રભુ મન યહૈ આની, બ્રજહિં દેઉં પઠાઇ ॥

સૂરદાસજી કહે છે, "પ્રભુ ઉદ્ધવજીની રગરગથી વાકેફ છે. ઉદ્ધવજી પ્રગટપણે તો પ્રભુને 'સખા'ગણાવે છે;પણ એમનો ભાવ વિરોધાભાસી છે. એ એક બાજુ તો અદ્વૈતનો રાગ આલાપે છે, અને પ્રત્યક્ષમાં મને બ્રહ્મથી જુદો ગણે છે!જેમને ખરેખર વિરહજન્ય પીડાનો અનુભવ થયો નથી, એમના હૈયામાં કદી સાચો પ્રેમ પાંગરતો નથી. ઉદ્ધવ રૂપ-રંગ કે આકાર વગરના બ્રહ્મનું લઠ્ઠું પકડીને બેઠા છે; અને મને ત્રિગુણાત્મક સન્મનુષ્ય ગણે છે. પૃથ્વીનો ઉદ્ધાર ત્રિગુણાત્મક શરીરથી જ સંભવે, એમ માની મનોમન આકૃતિની કલ્પના કરે છે ! હવે આવા નીરસ માણસને ભલા પરમ રસની અતિ રહસ્યમયી ગુપ્ત વાત સમજાવવી શી રીતે ? અને પરમ પ્રેમના તંતુ વિના નિર્ગુણ બ્રહ્મના શુષ્ક ઉપદેશથી ભલા સંસાર ચાલે પણ શી રીતે ?

જો પ્રસંગવશ પ્રેમની વાત નીકળે છે, તો**'એકોડહં દ્વિતીયો નાસ્તિ'**નાં ગાણાં ગાય છે. એમાં જ્ઞાનના અભિમાનની ગંધ વરતાય છે. ભગવાન ભક્તના જરા સરખા પણ અભિમાનનો ભાવ ચલાવી લેતા નથી. પ્રેમ-ભક્તિના રસાનુભાવ વગર અહં ઓગળતું નથી. આથી પ્રભુએ મનોમન વિચાર્યું કે ઉદ્ધવ મારા કહેવાથી કંઇ નહીં સમજે. એને પ્રેમના સામ્રાજ્યમાં જ મોકલવો પડશે. જાતે જોશે, અનુભવશે ત્યારે ઠેકાણે આવશે ! ગોપી જનોના પરમ પ્રેમની ગૂઢતા અને તન્મયતા જોઇ જરૂર એનું હૃદય પ્રેમરસભીનું બનશે અને સગુણ ભક્તિની સરસતા અને સરળતા જોઇ એનું જ્ઞાન એ પ્રેમના રસમાં ઓગળી સમરસ બનશે.

આ પ્રેમલક્ષણાભક્તિમાર્ગમાં તો પ્રેમ એ જ સાધન અને સાધ્ય પણ છે. સત્સંગ એમાં સહાયક છે. સત્સંગથી અધ્યાસ અથવા ભ્રમ ટળી જાય છે ને દિવ્ય પ્રેમની પ્રાપ્તિ થાય છે. પછી આ પ્રેમ જ સાધન અને પ્રેમ જ ફળરૂપ બને છે. આથી ભગવાને લીલા કરી - **'બ્રજહિં દેઉ પઠાઇ!'**

●

મથુરાના ભવ્ય રાજભવનના વિશાળ બેઠકખંડમાં ઝૂલા ઉપર પ્રભુ વિચારમગ્ન બેઠા છે. ધીરેધીરે ઝૂલો ઝૂલે છે; પણ વિચારોનો વેગ ખૂબ છે. પ્રભુએ ઉદ્ધવને વ્રજમાં મોકલવાનો વિચાર કર્યો; ત્યાં ઉદ્ધવને પણ પ્રેરણા થઇ. તેઓ તરત જ પ્રભુ સમક્ષ આવી પહોંચ્યા. રોજની ટેવ મુજબ પ્રથમ પ્રભુને પ્રણામ કર્યા. પછી



ગો.વા. મણીલાલ છોટાલાલ શાહ
પ. ભ. શ્રી સુરેન્દ્રભાઇ મણીલાલ શાહ
ના પરિવારના જયશ્રી રાધે
મહેમદાવાદ

પાસે આવી, ખભે હાથ મૂક્યો ! શ્રીકૃષ્ણ જાણે એકદમ ચોંક્યા. ઝટ ઊભા થયા. ઉમળકાભેર ઉદ્ધવજીને ભેટી પડ્યા !

તબહિં ઉપઁગસુત આય ગએ ।
સખા સખા કછુ અંતર નાહીં ભરિ-ભરિ અંક લએ ॥
અતિ સુંદર તન શ્યામ સરીખો દેખત હરિ પછિતાને ।
ઐસે કો વૈસી બુધિ હોતી બ્રજ પઠવૈં તબ આને ॥

શ્રીકૃષ્ણ પણ જાણે ઉદ્ધવની રીતભાતથી ખુશ હોય, એમ **'સખા સખા કછુ અંતર નાહીં** બતાવવા લીલા કરે છે. ઉદ્ધવજી પણ શ્યામસુંદર જેવા જ શ્યામ વર્ણના છે. એ જોઈ પ્રભુને થોડોક ક્ષોભ થયો. જો આની અલ્લડ બુદ્ધિ ઉપર પ્રેમ-રસનો છંટકાવ થાય, તો જ એને નિર્ગુણ-સગુણનો ભ્રમ જાય. ગોપીઓના સત્સંગથી જ એ નિષ્કામ પ્રેમનો મર્મ પામી શકશે. વ્રજમાં મોકલવાથી એને મારા ભક્તો જેવી રસ-બુદ્ધિ જાગશે. આથી પ્રભુ ખૂબ ઊલટભેર ભેટે છે અને ખુશ થાય છે, જેથી ઉદ્ધવને વ્રજ મોકલવા તૈયાર કરી શકાય. પણ પ્રગટપણે એ ભાવ વરતાવા દેતા નથી. જગતના સામાન્ય જીવોનો સ્વભાવ જાણનાર પ્રભુ વિચારે છે -

આમ્ર-તરુવર પરે આમ્રફળ આવશે;બાવળે કંટકો બાઝશે.
કાગ ચેષ્ટા કરે ચાતુરી શતગુણી;હંસનો અંશ શું આવશે?

પણ ઉદ્ધવ જુદી માટીના છે. ગોપીઓને અપરોક્ષ જ્ઞાન છે. શ્રીકૃષ્ણને તે પોતાનું સર્વસ્વ ગણે છે; છતાં એમના આત્મ-સ્વરૂપે શ્રીકૃષ્ણ જ છે, એવો અદ્વૈત ભાવ દૃઢ થયો નથી. ઉદ્ધવ શ્રીકૃષ્ણના મિત્ર છે, પણ પરબ્રહ્મને કૃષ્ણથી જુદા માને છે. એમને જ્ઞાન છે, તે પરોક્ષ જ્ઞાન છે. વાત અદ્વૈતની કરે, પણ વ્યવહારમાં દ્વૈતભાવ રાખે. ભક્ત અને જ્ઞાની - બંનેમાંથી દ્વૈતભાવ જવો જોઇએ. હૃદય અને બુદ્ધિ બંનેનો સમન્વય થવો જોઇએ. આ સમન્વય માત્ર પ્રેમથી જ થઇ શકે. દ્વૈતભાવનો એ દોષ કાઢવા માટે જ શ્રીકૃષ્ણ ઉદ્ધવ અને ગોપીઓના સત્સંગ દ્વારા પરસ્પરને વિશુદ્ધ કરવાની લીલા રચે છે. તે વિચારે છે, ઉદ્ધવનો દ્વૈતભાવ ટળ્યો નથી, એટલું જ; બાકી છે તો મારો પ્રેમીભક્ત ! આવા ભગવદીયને થોડોક તપાવવાની જરૂર છે. તપશે એટલે શુદ્ધ કંચન આપોઆપ નીખરી આવશે.

મોર - ઈંડા કદી ચીતરવાં નવ પડે;સંત-સમુદાય શોભાવશે.

સૂરદાસજી પણ આ અદ્‌ભુત ગોઠિયાઓ પર હળવું તીર ચલાવતાં મૂછમાં હસી લે છે.

હંસ કાગકોં સંગ ભયો ।
કહઁ ગોકુલ કહઁ ગોપગોપિકા, બિધિ યહ સંગ દયો ॥
જૈસે કંચન કાંચ સંગ, જ્યોં ચંદન સંગ કુગંધિ ।
જૈસે ખરી કપૂર એક સમ, યહ ભયી ઐસી સંધિ ॥
યાકો જ્ઞાન થાપિ બ્રજ પઠવૌં ઔર ન યાહિ ઉપાઉ ।
સુનહુ 'સૂર'યાકોં બ્રજ પઠએં, ભલો બનેગો દાઉઁ ॥

ક્યાં ગોકુળ અને ત્યાંના ગોપગોપીઓનો પ્રેમ અને ક્યાં આ સાવ મીણ જેવો ઉદ્ધવ! મીણ જેવો એટલે જરાક ગરમી મળતાં ઓગળી જાય એવો નહીં;પણ જેને વિષયોનો જળ સ્પર્શી ન શકે એવો જિતેન્દ્રિય, છતાં હૃદયથી મૃદુ હંસ અને કાગનો આ વિચિત્ર મેળ વિધિએ જ કરી આપ્યો છે ને?પણ વાંધો નહીં. એ દુ:સંગથી લેપાય એવો નથી, માટે એના જ્ઞાન-ગુમાનને જરા થાબડીને, એને વ્રજમાં મોકલી જ દઇએ!બીજો કોઇ ઉપાય નથી. પછી પ્રભુ સૂરદાસજી સામે મર્મ દૃષ્ટિ નાખતાં, મરક-મરક શ્રીમુખથી કહે છે, 'સૂર!આને અલ્લડ ગોવાલણો પાસે મોકલવાનો દાવ જ ઠીક રહેશે, ખરું ને?'

ભાવથી ભેટ્યા પછી પ્રભુ પોતાના પરમ પ્રેમી સખાને એકાંતમાં લઇ જાય છે. હાથમાં હાથ પકડી પ્રેમથી પંપાળે છે. પ્રભુના શ્રીમુખ પર અપાર કરુણા ઉભરાય છે. આંખો પ્રેમથી ભીની બની છે. આ જોઇ ઉદ્ધવ કહે છે, 'પ્રભુ!શી વાત છે?ઘણાં સમયથી જોઉં છું કે આપ કંઇક બેચેન છો. હંમેશાં ઊંડા વિચારમાં ડૂબેલા રહો છો. ક્યારેક તો અસ્પષ્ટ રીતે કંઇક રટ્યા કરો છો!આપના અસુખનું કાંઇ કારણ?મારી સેવામાં કશી કચાશ રહી ગઇ છે કે શું?દયારામભાઇ આ વાતના સાક્ષી બન્યા છે -

એક સમે ઉદ્વેગી સરખા, અવલોકી વ્રજનાથને:
પૂછિયું ત્યાંહી તે જ સમે, ઉદ્ધવે જોડી હાથને.
કહો પ્રભુ અભિપ્રાય શો, ચિત્ત ઉદાસી સરખું થયું;
કૃપા કરી નિજ દાસને, કારણ જોઇએ તે કહું.



ગો.વા. શામજીભાઇ ગોવિંદભાઇ બારદાનવાલા
પ. ભ. શ્રી સાકરબેન શામજીભાઇ બારદાનવાલા
ના પરિવારના જયશ્રી કૃષ્ણ

પ્રભુ પ્રેમથી ગળગળા થઇને કહે છે, 'અરે ઉદ્ધવ ! તારી સેવાથી તો હું ઘણો ખુશ છું!તું જ મારો અંતરંગ મિત્ર છે. મારી વ્યથાને સમજનાર અને તે અંગે પૂછનાર અહીં મથુરામાં એક તું જ પહેલો મળ્યો. હું તારાથી કશું છુપાવીશ નહીં. આજે તારી આગળ હૈયું ઠાલવીશ, ત્યારે જ મને ચેન પડશે.

ત્યારે શ્રીવિઠ્ઠલજી વદ્યા વળતું, શું કહું અકથિત તે કથા;
મ્હારા શ્રીગોકુળના ભક્તનો, સ્નેહ વિસરતો નથી સર્વથા.
સેવા-પ્રીતે વશ કર્યો બહુ, તે કહો કયમ વીસરું?
અઋણો એનો થાશ નહીં હું, કોટી કલ્પેકહું ખરું.
તે પણ મ્હારે વિજોગે અતિ, દુઃખ ધરે છે તે લહું,
અંતર્ગત વિના એક પ્રેમની, વાત કોણ થકી કહું.
અંતર્ગત તો એક છો તમો, અહીં રાખું કે ત્યાં મોકલું,
તો એમ મુજને ભાસે છે, તમો વ્રજ પધારો તો ભલું.

ઘડીભર થંભી, હાથમાં લીધેલો હાથ દબાવી, કંઇક મર્મમાં પ્રભુ છેલ્લે ખૂબ ગળગળા થઇ ભારપૂર્વક કહે છે :

તમ વિના એ સંદેશો કહો, કોણ સંગે કહાવીએ,
તમ સમોવડ અવર નથી કો, આપ જઇ કહી આવીએ.
ગુહ્ય ગોઠમાં તમ વિના કોઇ, અવરનું કારજ નથી,
દયાના પ્રભુ પ્રાણવલ્લભે, વચન એમ કહ્યાં કથી.

એટલું કહેતામાં તો પ્રભુ વ્રજનાં સ્મરણોમાં જાણે ખોવાઇ ગયા. સખા!મારું આ કામ એક તું જ કરી શકે એમ છે. તું વ્રજમાં જા. ત્યાં મારાં માતા-પિતા રહે છે. હા, એ નંદ-યશોદા જ મારાં સાચાં મા-બાપ છે. એમના જ ખોળામાં હું ખેલ્યો-કૂદ્યો છું. ખૂબ પ્રેમથી માતા જશોદા મને પોતાના હાથે નવડાવતાં, વસ્ત્ર ધરાવતાં, ભોજન કરાવતાં. આંખની કીકીની જેમ એમણે મારું જતન કર્યું છે. કલેઉ કરવામાં ઘડીક મોડું થતું, તો એમનો જીવ અધ્ધર થઇ જતો. હું વનમાં ગાયો ચારવા જતો, ત્યારે દૂર સુધી નંદ બાબા મારી પાછળ દોડતા. યશોદામૈયા પણ અપલક નેત્રે તાકી રહેતાં ઘરનાં કામ કરતી વેળા મારી ગેરહાજરી એમને સતત સાલતી. બસ, આખો દિવસ વારંવાર વન તરફ ચિંતિત નજરે જોયા કરતાં.

તનક-તનક તૈં પાલિ બડે કિયે બહુતૈ સુખ દિખરાયે ।

ગોચારનકો ચલત હમારે પાછે કોસક ધાયે ॥
યે બસુદેવ દેવકી હમસોં કહત આપને જાયે ।
બહુરિ વિધાતા જસુમતિ જૂ કે હમહિં ન ગોદ ખિલાયે ॥

વસુદેવ-દેવકીજી મને પોતાનો પુત્ર કહે છે, પણ ખૂબ જતન કરી મને ઉછેરનાર યશોદા મૈયાની શી વાત કરવી ? રોજ પ્રાતઃકાળે માખણ-રોટી જોઇ, એમને મારું સ્મરણ થતું હશે. આથી બેચેન પણ બની જતાં હશે. અત્યારે મારા વિના એમની શી દશા થઇ હશે ! એમને સારી રીતે સમજાવી, સાંત્વન આપવાનું કામ એક તું જ કરી શકે એમ છે !

નંદ-યશોદા આદિ અશેષજી, તેમને કરી આવો યોગ-ઉપદેશ જી,
અધ્યાત્મ બ્રહ્મજ્ઞાન બતાવો જી, વ્રજવાસીના શોક સમાવો જી.

‘ઉદ્ધવ ! તેં મને હમણાં પૂછ્યું હતું ને કે હું બેચેન કેમ છું ? સાચી વાત કહું ? સાંભળ. આ ગઇ કાલે જ ગોકુળથી એક અજાણ્યો યાત્રિક આવ્યો હતો. એ મને ખાસ મળવા આવ્યો. એણે કહ્યું, ‘શ્યામસુંદર ! માતા જશોદા આપના વિયોગમાં ખૂબ દુઃખી છે. જે કોઇ માણસ કે પશુ-પંખીને જુએ, એમની પાસે દોડી જાય છે અને કહે છે, તમે મધુપુર જાઓ છો ? તો મારો આટલો સંદેશો લેતાં જાઓ. પણ એ સમાચાર દેવકીજીને જ આપજો. મારા બાળુડા કનૈયાના કાનમાં એનો ભણકાર પણ પડવો ન જોઇએ. નહીંતર એને શ્રમ પહોંચશે. આટલું સાચવજો.’ આ ઉપરથી માતા વાત્સલ્યરસની કલ્પના કરતાં હું કમકમી ઊઠું છું. એ પથિકે શબ્દશઃ મને કહ્યું -

સઁદેસૌ દેવકી-સો કહિયૌ ।
હૌં તો ધાઈ તિહારે સુતકી, મયા કરત નિત રહિયૌ ॥
જદપિ ટેવ તુમ જાનતિં ઉનકી, તઊ મોહિં કહિ આવૈ ।
પ્રાતહિ ઉઠત તુમ્હારે સુતકૌં, માખન-રોટી ભાવૈ ॥
તેલ ઉબટનૌ અરુ તાતૌ જલ, દેખત હી ભજિ જાવૈ ।
જોઈ જોઈ માંગત, સોઈ સોઈ દેતી, ક્રમક્રમ કરિકે ન્હાવૈ ॥
‘સૂર’પથિક સુનિ મોહિં રૈનદિન, બઢ્યૌ રહત ઉર સોચ ।
મેરો અલક લડૈતો મોહન, હ્વૈહૈ કરત સંકોચ ॥

‘એ સમાચાર સાંભળીને મારું હૈયું વલોવાઇ ગયું. સાચું કહું છું ઉદ્ધવ!ખૂબ પ્રેમથી માતા જશોદાને તું સમજાવજે. એમને બરાબર સંભાળી લેજે. મને અહીં કશી જ તકલીફ નથી, એ પણ માતા જશોદાને ખાસ કહેજે. નંદ બાબાને પણ મારા પ્રણામ કહેજે.

‘વળી ગોપીઓને પણ મારા વિયોગનું દુઃખ હશે. અહીં એમની યાદથી જ હું બેચેન રહું છું; ત્યારે એમની દશા તો જળ વિનાની માછલી જેવી થઇ હશે. ઘણીવાર મેં તારી આગળ એમના પ્રેમની અને સર્વસમર્પણની વાત કરી છે. એમને તો વૃંદાવનની કુંજો, શ્રીયમુનાજીનું જળ, વનની કેડીઓ - અરે, ત્યાંના અણુ-અણુમાં મારાં દર્શન થતાં હશે અને વિરહની વેદના વધુ ઘેરી બનતી હશે. જો મારા પાછા જવાની આશા એમને ન હોત, તો અત્યાર સુધીમાં એમણે પ્રાણ છોડી દીધા હોત! એમને પણ તું યોગ્ય રીતે દિલાસો આપી, સાર-વાત સમજાવી શાંત કરજે.

‘મારા ગોપસખાઓ, મારી ગાયો, વ્રજવાસી સ્ત્રીપુરુષો, ત્યાંના પશુ-પક્ષી, વૃક્ષ અને વેલીઓ બધાં જાણે ઘડીભર માટે પણ મને વીસરી શકતાં નથી. તારા ત્યાં જવાથી જ એમનામાં પ્રાણનો સંચાર થશે. મારા ચિત્તમાંથી પ્રિય રાધાજી એક ક્ષણ માટેય ખસતાં નથી. કોણ જાણે ત્યાં એમની શી દશા થઇ હશે!રાત-દિવસ, સૂતાં-જાગતાં, ઊઠતાં-બેસતાં, હર પળ મને એ વ્રજની યાદ આવ્યા જ કરે છે.

જદુપતિ લખ્યો તેહિ મુસકાત;
કહત હમ મન રહી જોઇ સોઇ ભઇ યહ વાત.
બચન પરગટ કરન લાગે પ્રેમ-કથા ચલાય;
સુનહુ ઉદ્ધવ મોહિં બ્રજકી સુધિ નહીં બિસરાય.
રૈનિ સોવત ચલત જાગત લગત નહિં મન આન;
નંદ જસુમિત નારિ-નર બ્રજ જહાં મેરો પ્રાન.
કહત હરિ, સુનિ ઉપઁગસુત!યહ કહત હૌં રસરીતિ;
સૂર ચિત્ત તેં ટરતિ નાહીં રાધિકા કી પ્રીતિ.

‘અંકલ!આ પદોમાં ‘ઉપંગ-સુત’શબ્દ ઉદ્ધવજી માટે વપરાયો છે?’પરીક્ષિત પોતાની હાજરી નોંધાવતો હોય, એમ અચાનક બોલી ઊઠ્યો.

કલકલ નિનાદ સાથે જે રસ-પ્રવાહ અસ્ખલિત વહેતો હતો, એમાં જાણે વચ્ચે મોટી શિલા આવી ગઇ હોય, અને તીવ્ર ઘોષ કરતા જલ-તરંગ ઊઠે, એવો આંચકો સૌએ ખાધો. રામજીભાઇ આનંદ્યા. મુગ્ધ કિશોરવય વટાવી મનોહર વસંત-ઉદ્યાનમાં

ડગ માંડતો આ કુમાર પણ આટલા ધ્યાનથી સાંભળે છે, એનો એમને સંતોષ હતો.

'સહેજ મલકાઇને રામજીભાઇ બોલ્યા - હા પરીક્ષિત, ઉદ્ધવજીનું જ બીજું નામ છે ઉપંગ-સુત. વસુદેવના નાના ભાઇ દેવભાગનું બીજું નામ હતું 'ઉપંગ.'નસ-તરંગ નામના વાજિંત્રને પણ'ઉપંગ'કહે છે.'

'એ નસ-તરંગ વળી શું છે ? અનુભાઇ ઉવાચ.

'વાંસની ચીપને છેડે દોરો અથવા ઘોડાના પૂંછડાનો વાળ બાંધી આ વાજિંત્ર બનાવાય છે. ગુજરાતની લોકબોલીમાં એને 'ઘોરાડિયું કે ઘોરાલિયું'કહે છે. તમે કોઇ લોકમેળામાં ગયા હો, તો કદાચ આ લોકગીત સાંભળવાનો લહાવો પણ મળ્યો હશે : **જાઉં જાઉં મેટાળને મેળે, ઘોરાલિયું ઘમકે છે.**

'દેવભાગ અથવા ઉપંગના પુત્ર હોવાથી ઉદ્ધવજી ઉપંગસુત કહેવાય છે. સૂરદાસજીએ આ નામનો પ્રયોગ ઘણાં પદોમાં કર્યો છે. શ્રીભાગવતજીમાં શુકદેવજીએ પણ'ઔપગવિ'ના સુંદર સંબોધનનો ઉપયોગ કર્યો છે.'

'આ નસ-તરંગ વાજિંત્રને અહીં ઉદ્ધવજી સાથે કંઇ સંબંધ ખરો?'વામનભાઇ સહેજ દ્વિધામાં હોય, તેમ બોલી ઊઠ્યા.

'ઉદ્ધવ એટલે ઉત્સવ હોય, ત્યાં નાચગાન પણ હોય. નાચગાન અને વાજિંત્ર વચ્ચે જે સંબંધ, તે અહીં ઉદ્ધવ અને 'ઉપંગ' વચ્ચે સંબંધ. નસતરંગમાંથી જે મધુર સ્વર ગુંજે, તે ઉત્સવના પ્રાણરૂપ હોય છે. અહીં સાંકેતિક રીતે એ જ વાત કહેવાઇ છે.'રામજીભાઇ બોલ્યા.

'હવે આ બ્રેક પડ્યો જ છે, તો ચા-પાણી કરી લઇએ!'અનુભાઇએ નિર્ણયાત્મક રીતે જ કહી દીધું.

દસેક મિનિટનો વિરામ સૌને પ્રકૃતિસ્થ થવામાં ઉપયોગી નીવડ્યો.

●

૫. ઉદ્ધવ, બેગિ હી બ્રજ જાહુ

વિરામ પછી બધાં ફરી ગોઠવાયાં, ત્યાં જ વામનભાઇએ પૂછ્યું, 'રામજીભાઇ, શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આ જે પ્રેમકથા કહી, એનો મર્મ શો હશે?'

'એનો ઇશારો તો આપણે હમણાં જે પદ જોયું, તેની પ્રથમ પંક્તિમાં જ દેખાય છે - **'જદુપતિ લખ્યો તેહિ મુસકાત.'** આમાં મૂછમાં હસતાં હસતાં પ્રભુ ઉદ્ધવજીને મનમાં કંઇક અને પ્રગટ કંઇક, એવી રીતે વાત કરે છે. આમેય શ્રીકૃષ્ણ છે ભારે નાટકિયા. એમની લીલાનો પાર પામવો ખૂબ મુશ્કેલ છે. એથી તો એમને 'નટવર'કહ્યા છે. ભગવાન શંકર નટરાજ છે, પણ આ તો નટવર છે. નટોમાં સૌથી શ્રેષ્ઠ. **'બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં.'** શ્રીકૃષ્ણ તમામ કલાઓના સ્વામી છે. કલાધર છે. સઘળી કલાઓ તેમને વશ છે, તેથી તો એમને **'નિષ્કલ'** અને **પૂર્ણપુરુષોત્તમ** કહ્યા છે.

ઉદ્ધવજીના મનમાં પ્રભુ એવું ઠસાવવા માગે છે કે આ કામ માંત્ર તમે જ કરી શકો એમ છો. આ વાતો સાંભળીને ઉદ્ધવજીને એમ લાગે છે કે શ્રીકૃષ્ણ માતા જશોદાના હાથની માખણ-રોટી અને ગોપીઓનાં દૂધ-દહી યાદ કરે છે, તે એમની ઘેલછા છે. એમની મમતા હજી છૂટતી નથી. મોહના ચક્કરમાંથી હજી બહાર નીકળ્યા નથી. ઠીક છે, એ કહે છે તો જઇ આવું. ગામડાની એ ભોળી અને અજ્ઞાન સ્ત્રીઓને ચપટી વગાડતામાં સારવાત સમજાવી દઇશ. આમ વિચારી મનમાં મલકાવા લાગ્યા. પછી પ્રગટપણે શ્રીકૃષ્ણને પણ જાણે સમજાવતા હોય તેમ બોલી ઊઠ્યા -

> હઁસિ ઉપઁગસુત વચન બોલે, કહા હરિ પછિતાત,
> સદા હિત યહ રહત નાહીં, સકલ મિથ્યા જાત;
> 'સૂર'પ્રભુ યહ સુનૌ મોસૌં, એક હી સૌં નાત.

'અરે ભૈયા!શા માટે નકામા દુઃખી થાઓ છો?આ જેમના સ્નેહને સંભારી તમે

વલોપાત કરો છો, તે તો બધાં અનિત્ય છે અને એ સ્નેહ પણ મિથ્યા છે. નિત્ય તો એકમાત્ર બ્રહ્મ છે, જે સર્વત્ર વ્યાપેલો છે, સદા વિદ્યમાન છે અને સંસારમાં એકમાત્ર સાચો સંબંધી છે.' પછી કહે છે,'...ભૈયા, એક કામ કરો. તમે એ ગોપીજનોને એક ચિઠ્ઠી લખી દો. કુશળ-સમાચાર લખો અને સર્વવ્યાપી એક પરબ્રહ્મમાં ચિત્ત જોડી, શાંતિથી જીવે એમ પણ કહી દો. તમે પણ એમની ચિંતા કરવાનું છોડી દો. અહીં રાજ-કાજનું કાર્ય ક્યાં ઓછું છે કે તમે આવાં સંસ્મરણો વાગોળવામાં અટવાઇ જાઓ છો!'

'ભાઇ ઉદ્ધવ!તારી એ વાત વિચારવા જેવી ખરી. પણ પત્રમાં શું લખવું, એ જ સમજાતું નથી...'એટલું કહી શ્રીકૃષ્ણ ઘડીભર ચુપ રહ્યા. મનોમન વિચારવા લાગ્યા, આને કેમ કરી સમજાવું કે આ બધી લખવા-વાંચવાની નહીં, અનુભવવાની વાત છે - **'લિખા-લિખીકી હૈ નહીં, દેખાદેખી બાત.'** પ્રેમની રીત પણ એને શી રીતે સમજાવવી?

કાગદ લિખૈ સો કાગદી, કી વ્યવહારી જીવ;
આતમ-દૃષ્ટિ કહા લિખૈ, જિત દેખૈ તિત પીવ.

કાગળ લખનાર તો લહિયા છે. એ તો સંસારી જીવોની રીત છે. પ્રેમના રાજ્યમાં આવી ઔપચારિકતા ન હોય. અહીં કાગળના ઘોડા ન ચાલે. [illegible]રાખરીના ખેલમાં તો **'પ્રેમનાં પલાણ'** જ કરવાં પડે!આત્મદૃષ્ટિએ તો મારામાં અને મારા ભક્તોમાં કોઇ ભેદ જ નથી. પ્રેમી ભક્તને તો જ્યાં જ્યાં નજર ઠરે, ત્યાં ત્યાં પ્રેમાસ્પદનાં જ દર્શન થાય. ત્યાં કોણ કોને લખે અને શું લખે?છતાં પ્રગટપણે કહે છે,'ઉદ્ધવ!મને એ બધું નહીં ફાવે. તું જ ચિઠ્ઠી લખી નાખ ને!હું સહી કરી આપીશ.'

ઉદ્ધવજીની છાતી ગજગજ ફૂલવા માંડી. એમણે કહ્યું,'તમારી આજ્ઞા થશે, તો હું સરસ ચિઠ્ઠી લખીશ. પણ તમે આ બધી ચિંતા છોડી દો.'

શ્રીકૃષ્ણને આ જ તો જોઇતું હતું. તેઓ ઉદ્ધવને વિષે દુન્યવી જીવોને પરમ પ્રેમનો પાઠ શીખવવા માંગે છે. વિશુદ્ધ પ્રેમ પ્રભુની કૃપાથી મળે છે. દુનિયાદારીમાં આ શુદ્ધ પ્રેમનો વિરોધી શબ્દ છે મોહ. ઘણી વાર સમજણના અભાવે પ્રેમ અને મોહ વચ્ચેનો ભેદ જીવને સમજાતો નથી;કારણ કે પહેલી નજરે બંને એકસરખા જ દેખાય છે, પણ બંન્ને વચ્ચે આસમાન-જમીનનો ફેર છે. આથી વ્યવહારમાં



પ. ભ. શ્રી ધનશ્યામભાઇ નનુભાઇ ભંડેરી
પ. ભ. શ્રી કુસુમબેન ધનશ્યામભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
(U.S.A.)

મોહને જ પ્રેમ અને પ્રેમને મોહ ગણી ભારે ગરબડ કરવામાં આવે છે. મોહ એ જીવનો ધર્મ છે, તેથી અનિત્ય છે. પ્રેમ ઈશ્વરનો ધર્મ છે, તેથી નિત્ય છે. મોહભંગ થાય ત્યારે જ પ્રેમ પરખાય છે. આથી જ કહ્યું છે **સબસે ઊંચી પ્રેમસગાઈ.** આ પ્રેમ પરસ્પર હોય છે અને અનન્ય પણ હોય છે. મોહ એકપક્ષીય હોય છે, તેથી તે વ્યભિચારી (નિષ્ઠા વગરનો) હોય છે. પ્રેમમાં ધૈર્ય હોય છે, મોહમાં ચંચળતા હોય છે. પ્રેમનું ફળ છે શાંતિ, મોહનું ફળ છે વ્યગ્રતા. આમ, પ્રેમ એ શુદ્ધ સુવર્ણ છે. જયારે મોહ માત્ર ગિલેટ છે. એ ઊતરી જાય એટલે વસ્તુનું અસલ પોત પરખાઈ જાય. આ ભેદ પ્રભુ ઉદ્ધવજીને સમજાવવા માટે આવી સહેતુક લીલા કરે છે.

ઉદ્ધવની આ વાત સાંભળી **'જદુપતિ અતિ હી સુખ પાયો.'** ઉદ્ધવના ભાવને વધુ પંપાળતાં પ્રભુ પ્રગટપણે કહે છે, **'પ્રેમ મિટાઈ જ્ઞાન પરબોધહુ, તુમ હૌ પૂરન જ્ઞાની.'** તમે મારાં માતા-પિતાને પ્રેમની અનિત્યતા સમજાવો, તથા ગોપ-ગોપીઓને જ્ઞાનનો બોધ આપો;કારણ કે તમે પૂર્ણ જ્ઞાની છો. આ કામ તમે જ સિદ્ધ કરી શકશો.'

ઉદ્ધવજીને આનંદ થયો કે શ્રીકૃષ્ણ આખરે મારા જ્ઞાનનો મહિમા સમજ્યા ખરા!-
'સૂર ઉપઁગસુત મન હરષાને, યહ મહિમા ઈન જાની.'

આમ કરવા પાછળનો હેતુ ઉદ્ધવના મનમાં રહેલા જ્ઞાનના અહંભાવને પંપાળીને એમને વ્રજમાં જવા તત્પર કરવાનો હતો. ઉદ્ધવજીને આસમાને ચઢાવવાથી, સ્વેચ્છાએ તે હરખભેર વ્રજમાં જાય એવી આ લીલા હતી.'

'આને લીલા શી રીતે કહેવાય?'રાધાબહેને પૂછ્યું.

'ઉદ્ધવજી એ તો જાણે છે કે પરબ્રહ્મ અનાદિ છે, અનંત છે. તે જ એકમાત્ર સચ્ચિદાનંદ-સ્વરૂપ છે. જીવ નાશવંત છે. એમને એ પણ ખબર છે કે જીવ સચ્ચિદાનંદનો જ અંશ છે, પણ જીવમાં અને બ્રહ્મમાં વાસ્તવિક રીતે કોઈ ભેદ નથી, એ સત્ય એમની સમજમાં બેઠું નથી. જ્યારે ગોપીજનો તો પ્રભુને પોતાનાથી જુદા ગણવા તૈયાર જ નથી;એટલું જ નહીં, પ્રભુ સાક્ષાત્ એમની સાથે હસે-ખેલે, એમની પાસે માગી માગીને આરોગે, એવા આંખના વિષય છે એમ માનીને જ ચાલે છે. આ ભાવ ઉદ્ધવમાં જગાડવો છે અને ગોપીઓને એમની સાથે ક્રીડા કરતા કૃષ્ણ જ પરબ્રહ્મ છે, એની પ્રતીતિ કરાવવી છે. આમ પરસ્પર સત્સંગથી જ આ

જી શકાય
રજૂ કરી.
મજવામાં
વજ્ઞાનને
વિષયને
ાણ સંતો
ો આખો
સમજી
ાની એક
કર્યો.
દીક્ષાના
ાભુજીના
ત-દર્શન
ાાંય કોઈ
ાંતો પણ
નવવાણી
સ્પષ્ટતા
વાક્યો,

હેતુ સિદ્ધ થઇ શકે.

આથી શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે -

ઉદ્ધવ ! યહ મન નિશ્ચય જાનો!
મન-ક્રમ-બચ મૈં તુમ્હેં પઠાવત બ્રજકો તુરત પલાનો ॥
પૂરન બ્રહ્મ, સકલ, અવિનાશી તાકે તુમ હૌ જ્ઞાતા ।
રેખ, ન રૂપ, જાતિ, કુલ નાંહી જાકે નહિં પિતુ-માતા ॥
યહ મત દૈ ગોપિન કહૈં આવહુ બિરહ-નદીમેં ભાસતિ ।
'સૂર'તુરત યહ જાય કહૌ તુમ બ્રહ્મ બિના નહિં આસતિ ॥

અજર-અમર-અવિનાશી બ્રહ્મ જ પરમ સત્ય છે અને આપણા સૌમાં તેમજ સચરાચરમાં એ વ્યાપેલો છે, એવું વ્રજજનોને સમજાવવા' શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને આજ્ઞા કરે છે;જેથી વ્રજજનીનો વિરહતાપ શાંત થાય. પણ ભીતરના ભાવને છુપાવી શ્રીકૃષ્ણ પ્રગટપણે કહે છે -

ઉદ્ધવ!બેગિ હી બ્રજ જાહુ ।
સુરતિ સઁદેસ સુનાય મેટો બલ્લભિનકો દાહુ ॥
કામ પાવક તૂલમય તન બિરહ-શ્વાસ સમીર ।
ભસમ નાહિંન હોન પાવત લોચનનકે નીર ॥

'ઉદ્ધવ!ઝટ વ્રજમાં જાઓ. પ્રેમથી મારો સંદેશો આપી વ્રજાંગનાઓનો વિરહતાપ શાંત કરો. મારા વિરહમાં ગોપીઓ એટલી દુબળી અને ફીકી પડી ગઇ છે કે જાણે ઢીંગલી!વળી મારા દર્શનની આતુરતા અગ્નિનું કામ કરે છે;અને ગરમ શ્વાસ વાયુની ગરજ સારે છે!એ તો સારું છે કે આંસુનો વરસાદ સતત વરસતો રહે છે, જેથી એ ઢીંગલીઓ બળીને ખાખ નથી થઇ ગઇ!મારા દર્શનની એકમાત્ર આશા જ એમને હજી સુધી ટકાવી રહી છે અને કંઇક સાન-ભાન જાળવી રહી છે. જો એમના મનનું સમાધાન નહીં થાય, તો એ શી રીતે જીવી શકશે?વધુ શું કહું?પણ જળ વિના માછલીની જેવી દશા થાય છે, એવી જ દશા મારા વિના ગોપીઓની થઇ છે. તમે અંગત મિત્ર છો, માટે જ આ ગુપ્ત વાત પણ તમને કહી દીધી -

અજૌં લૌં યહિ ભાંતિ હ્વૈહૈ કછુક સજગ સરીર ।
ઇતે પર બિનુ સમાધાને ક્યોં ધરૈં તિય ધીર ॥

કહૌં કહા બનાય તુમસોં સખા સાધુ પ્રબીન ?
સૂર સુમતિ બિચારિયે ક્યોં જિયૈં જલ બિનુ મીન ॥

'આ બ્રહ્મજ્ઞાનની વાત આવી અટપટી કેમ હશે?એને સહેલાઇથી સમજી શકાય એવી સાદી-સીધી ભાષામાં ન કહી શકાય?'અનુભાઇએ એમની મૂંઝવણ રજૂ કરી.

'અનુભાઇ, તત્વજ્ઞાનની ભાષા કંઇક અટપટી હોય છે. શાસ્ત્રીય રીતે સમજવામાં એના પારિભાષિક શબ્દો આડા આવે છે. જોકે આપણા સંતોએ આ તત્વજ્ઞાનને ખૂબ જ સાદા શબ્દોમાં સમજાવ્યું છે. લોકપરિચિત દૃષ્ટાંતો દ્વારા આ અઘરા વિષયને હસ્તમલકવત્ બનાવ્યો છે; એટલું જ નહિ, ભાગ-ત્યાગ-લક્ષણાથી અભણ સંતો પણ ખૂબીપૂર્વક બ્રહ્મજ્ઞાન સમજાવી દે છે!એ સમજાય તો સગુણ-નિર્ગુણનો આખો વિવાદ જ શમી જાય અને વેદાંતનો અદ્વૈત સિદ્ધાંત પણ સહેલાઇથી સમજી શકાય.'રામજીભાઇએ કહ્યું.

'આ ભાગ-ત્યાગ-લક્ષણા એ શું છે?'રાધાબહેને કહ્યું.

'અઘરી અને અપરોક્ષ વાતને સહેલાઇથી સમજાવવા માટેની સંતોની એક આગવી પદ્ધતિ છે.'રામજીભાઇએ સંક્ષેપમાં ઇશારો કર્યો.

'તો પછી એવી સરળ રીતે જ સમજાવો ને!'માલાબહેને આગ્રહ કર્યો.

'આ વાત આપણે છેલ્લે સમાપન વખતે વિચારીશું. એ વખતે બ્રહ્મસંબંધ દીક્ષાના સંદર્ભ સાથે આ વાત સમજવામાં વધુ સરળતા થશે. વળી, એને શ્રીમહાપ્રભુજીના 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'ના સંદર્ભમાં જ વિચારીશું. શુદ્ધાદ્વૈત-દર્શન સાથે સંતમત-દર્શન એટલું તો બંધબેસતું છે કે આપણે દિંગ થઇ જઇએ. એ બંને દર્શનોમાં ક્યાંય કોઇ વિરોધ નથી. બંનેમાં એકસમાન સૂત્ર પરોવાયેલું છે. બ્રહ્મદીક્ષાના સિદ્ધાંતો પણ બંનેમાં સરખા જ છે, માત્ર બંનેની પદ્ધતિ આગવી છે. છતાં આ સંતોની અનુભવવાણી પણ પ્રમાણરૂપ છે.'

'પ્રમાણ' કોને ગણવું ?' અનુભાઇએ નવો પ્રશ્ન મૂક્યો.

'એ વિશે શ્રીમહાપ્રભુજીએ 'તત્ત્વદીપ નિબંધ'ના શાસ્ત્રાર્થ પ્રકરણમાં સ્વયં સ્પષ્ટ કરી છે - 'ઉપનિષદ સહિત વેદ, શ્રીમદ્ભગવદ્ગીતામાં આવેલા ભગવદ્-વાક્યો

વેદવ્યાસજીનાં બ્રહ્મસૂત્રો અને **શ્રીમદ્ ભાગવત**નાં શ્રી વ્યાસજીએ સમાધિમાં મેળવેલાં વાક્યો - આ ચાર પ્રમાણ છે. આમાં અગાઉનામાં જે કાંઇ સંદેહ થાય, તેનો ખુલાસો તે - તે પછીનાં ગ્રંથો કરે છે. **આ ચાર પ્રમાણસને અનુસરનારું જે કાંઇ હોય, તે સઘળું પ્રમાણ ગણવું.** એનાથી વિરુદ્ધ જે કાંઇ હોય તે જરા જેટલું પણ પ્રમાણ તરીકે ન ગણાય.' આમાં વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવતને અનુસરનારું સઘળું 'પ્રમાણ'છે - એમ સ્પષ્ટ આજ્ઞા છે. આ સંદર્ભમાં જ આપશ્રીએ શાસ્ત્રાર્થ પ્રકરણમાં ઉપરનાં ચાર પ્રમાણો ઉપરાંત **'રામાયણૈઃ સહિત ભારત-પંચરાત્રૈઃ '** દ્વારા રામાયણ, મહાભારત, નારદ-પંચરાત્ર વગેરે શાસ્ત્રવચનોના વેદ-અવિરોધી ગ્રંથોને પણ 'પ્રમાણ'ગણ્યા છે.

એ જ રીતે **પુષ્ટિ-પુષ્ટિ, પુષ્ટિ-પ્રવાહ, પુષ્ટિ-મર્યાદા ને શુદ્ધ પુષ્ટિ** જીવોનાં લક્ષણો પણ આપશ્રીએ બતાવ્યાં છે. એ લક્ષણો મુજબ અર્જુન મર્યાદા-પુષ્ટિ છે, જ્યારે અંબરીષ પુષ્ટિ-મર્યાદા ભક્ત છે. હિરણ્યાક્ષ, હિરણ્યાકશિપુ, રાવણ,કુંભકર્ણ, શિશુપાલ, કંસ, પૂતના વગેરે પ્રવાહપુષ્ટિ જીવો છે;તો ગુહ અને શબરી પુષ્ટિ-પ્રવાહ ભક્તો છે;એટલે પુષ્ટિમાર્ગમાં દીક્ષા લીધી હોય, માત્ર એવા જીવો માટે જ આ શબ્દો વપરાતા નથી, પણ એમાં જીવમાત્રનો સમાવેશ છે. લક્ષણોને આધારે એટલે અધિકારભેદ અનુસાર આ વર્ગીકરણ કરાયું છે. **જ્યાં જ્યાં ભગવાનની કૃપા અનુભવાય, ત્યાં સર્વત્ર 'પુષ્ટિ'છે.**

પુષ્ટિ-પુષ્ટિ જીવો સર્વજ્ઞ છે. તેમની ભક્તિ શુદ્ધ સાત્વિક હોય છે. પ્રવાહ-પુષ્ટિ જીવો કર્મકાંડ વગેરે પ્રવૃત્તિમાં મચ્યા રહે છે. તેમની ભક્તિ તમાસ ગણાય છે;જ્યારે પુષ્ટિ-પ્રવાહ જીવો તામસમિશ્ર સાત્ત્વિક ભક્તિવાળા હોય છે. પુષ્ટિ-મર્યાદા એ રાજસ મિશ્રિત સાત્ત્વિક ભક્તોની કક્ષા છે. જ્યારે શુદ્ધ ભક્તિ જીવોનું લક્ષણ તો માત્ર 'પ્રેમ'છે. તેઓ નિર્ગુણ ભક્તો છે. તેઓ માત્ર ભગવદ્-સ્વરૂપમાં જ આસક્ત હોય છે. આવા જીવો જગતમાં દુર્લભ છે. શ્રુતિરૂપા ગોપીજનો આવાં નિર્ગુણ પ્રેમી ભક્તો છે અને એમને આ **પ્રેમભક્તિ માર્ગનાં ગુરુ કહ્યાં છે - પ્રેમની ધજારૂપ** ગણ્યાં છે. આથી ગોપીભાવે જે કોઇ અનન્ય પ્રેમ-ભક્તિમાં મસ્ત છે, તે સૌ શુદ્ધ પુષ્ટિજીવો જ છે, એ આપ્તવાક્ય છે - પ્રમાણ છે. આપણે જ્યાં સુસંગત હશે, ત્યાં સંતોની અનુભવ-વાણીનો પણ વિનિયોગ કરીશું.



પ.ભ. શ્રી કૃષ્ણદાસ પરસોતમદાસ શેઠ
પ.ભ. શ્રી ઉર્મીલાબેન કૃષ્ણદાસ શેઠ
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
મદ્રાસ

'હવે ચાલો, એ સલૂણા શ્યામ પાસે. જુઓ, ઉદ્ધવજીને શું કહે છે ! શ્યામસુન્દર કહે છે,'ઉદ્ધવ ! એક તમે જ મને વ્રજજનોના ઋણમાંથી ઉગારી શકો એમ છો. એમના મારા ઉપર એટલા બધા ઉપકાર છે કે હું એમાંથી છૂટી શકું તેમ નથી...

સુનુ સખા હિત પ્રાન મેરેં, નાહિનૈ સમ તોહું ।
કૈસેહૂ કરિ ઉરિન કીજૈ, ગોપિકનિ સોં મોહિં ॥

અને જુઓ!મથુરામાં રાજકાજ ચલાવવા શ્રીકૃષ્ણ જેમની સલાહ લે છે, એવા યાદવોમાં અત્યંત બુદ્ધિશાળી ઉદ્ધવને પણ અત્યારે શ્યામસુંદર વ્રજમાં જઇને શું કરવું, કોની સાથે કેમ વર્તવું વગેરે માર્ગદર્શન પણ આપે છે ! એમને ડર છે કે જ્ઞાનના ગુમાનમાં જો આ જુવારનો સાંઠો કોઇને પ્રણામ નહીં કરે, તો એનું અભિમાન ઓગળશે નહીં અને એનું કલ્યાણ થશે નહીં. આથી લીલા-પુરુષોત્તમ ઠાવકા થઇને ઉદ્ધવજીને કહે છે -

પહિલે કરિ પરનામ નંદ સોં સમાચાર સબ દીજો ।
ઔર વહાં વૃષભાનુ ગોપ સોં જાય સકલ સુધિ લીજો ॥
શ્રીદામા આદિક સબ ગ્વાલન મેરે હુતો ભેંટિયો ।
સુખ-સંદેસ સુનાય હમારો ગોપિનકો દુઃખ મેટિયો ॥

ત્યાં નંદબાવા અને વૃષભાનુ સરખા વડીલોને સૌપ્રથમ મળજો. પ્રણામ કરી ક્ષેમકુશળ પૂછજો, પછી મારા ગોપસખાઓને પણ મળજો. શ્રીદામા, મધુમંગલ, મનસુખ, અર્જુન, તોક વગેરેની ખબર પૂછજો. મારી પ્રિય ગાયો- ગંગા, શ્યામા, ધૂમર વગેરે પણ તમને જોઇને ભાંભરશે. એમની પીઠ પર વહાલથી હાથ ફેરવી એમને સુખ આપજો. અમારા આવવાના સમાચાર ગોપીજનોને આપજો અને એમનો પણ તાપ મિટાવજો.

નંદબાવાને ખાસ કહેજો કે તમે આટલા બધા કઠોર કેમ બન્યા છો ? ત્યાં વ્રજમાં તો આંગળી પકડી ચાલતાં શીખવાડ્યું. ગૌચારણ વખતે ઘણા કોસ અમારી પાછળ પાછળ દોડતા ! અને અહીં બંને ભાઇઓને છોડીને ગયા તે ગયા જ ! જાણે પારકી થાપણ પાછી સોંપી ગયા ન હોય ! અહીં નગરમાં અમારો જીવ અકળાય છે, પણ શું કરીએ ? રાજકાજમાંથી નવરાશ જ નથી મળતી ને ! પણ એટલું જરૂર કહેજો કે **'આજુ-કાલ્હિ હમ આયે.'** માતા જશોદાને પણ કહેજો કે શરીર સાચવીને

રાબર
ાં જ
ીધો,
કહ્યું.
ઘણાં
વતી
માતા
દઇ,
યેલા.
ગયા.
ો પણ
ી ઘેર
વ્રજમાં
ા રોજ
ગુસ્સો
બાંધી
ીઓને

કામકાજ કરે.

નીકે રહિયો જસુમતિ મૈયા ।

આવેંગે દિન ચારિ-પાંચમેં હમ હલધર દોઉ ભૈયા ॥
જા દિનતેં હમ તુમતેં બિછુરે કાહુ ન કહ્યો 'કન્હૈયા' ।
કબહૂં પ્રાત ન કિયો કલેવા, સાંઝ ન પીન્હીં ધૈયા ॥

માતાને કહેજો કે અમે બંને ભાઇ ચાર-પાંચ દિવસમાં ત્યાં આવીશું. અહીં આવ્યા ત્યારથી એમના મુખે **'કનૈયા'** શબ્દ સાંભળવા મળ્યો નથી. સવારે કદી કલેઉ કર્યું નથી. સાંજે 'ધૈયા'પીવાનો લાભ પણ મળ્યો નથી. અને હાં, જશોદા મૈયાને ખાસ તાકીદ કરજો કે મારાં વેણુ-વેત્ર બરાબર સાચવીને રાખે. બીજાં પણ મારાં રમકડાંમાંથી વેળા-કવેળા આવીને રાધા કશું ચોરી ન જાય, તેની પણ પૂરી સાવધાની રાખે!

વળી, તમે વ્રજાંગનાઓને મળીને એમનો વિરહતાપ દૂર થાય એ રીતે ધીરજથી સમજાવજો. જ્ઞાન આપી, એમના અંતરમાં અજવાળાં પાથરજો.'

ઉદ્ધવજી હવે ચકરાવે ચડ્યા. એક બાજુ તો શ્રીકૃષ્ણ મને ગોપીજનો, ગોપસખા તથા માતા-પિતાના પ્રેમ અને વાત્સલ્યની દુહાઇ દે છે. ત્યાંનાં સંસ્મરણો તો છૂટતાં નથી અને બીજી બાજુ એમને નિર્ગુણ-નિરાકારનું જ્ઞાન આપવા વ્રજ મોકલે છે!છતાં ઉદ્ધવજી ખુશ થયા કે આખરે યદુપતિને દુન્યવી સુખભોગ મિથ્યા છે, એ મારી વાત સમજાણી ખરી!

ઉધૌ મન અભિલાષ બઢાયો ।
જદુપતિ જોગ જાનિ જિય સાંચો નયન અકાસ ચઢાયો ॥
નારિન પૈ મોકો પઠવત હૌ કહત સિખાવન જોગ ।
મનહીં મન અબ કરત પ્રસંસા હૈ મિથ્યા સુખભોગ ॥

શ્રીકૃષ્ણ વારંવાર વ્રજનાં સંસ્મરણો વાગોળે છે. સૌને સાંત્વન આપવા ફરીફરી ભલામણ કરે છે. આથી ઉદ્ધવજી અકળાયા. ઘેર જવા માટે ઊઠવા ગયા, ત્યાં શ્યામસુંદરે લપકીને હાથ પકડી લીધો, 'અરે ભાઇ!એક ખાસ વાત તો કહેવાની ભૂલી જ ગયો. જો ગોપીઓ મારા સવાય કોઇ અન્ય પુરુષ સાથે વાત કરતી નથી. તેઓ તો એકમાત્ર મને જ એમનો પ્રિયતમ - ના, ના, પોતાનો આત્મા જ ગણે છે. મારા માટે જ એમણે તણખલાની જેમ સઘળા લૌકિક-વૈદિક ધર્મોનો ત્યાગ કર્યો છે. માટે બરાબર સંભાળજે.'

'જેવી આજ્ઞા'કહી ઉદ્ધવજી ઝડપથી નીકળ્યા. મહેલની બહાર નીકળતાં જ દાઉભૈયા મળ્યા. ઉદ્ધવજીને આમ ભાગતા જોઇ, એમણે પણ હાથ પકડી લીધો, 'કેમ ભૈયા ! આ શાની ભાગદોડ છે ?'

'કાલે સવારે વ્રજમાં જવું છે. ઉતાવળમાં છું.'ઉદ્ધવજીએ હાથ છોડાવતાં કહ્યું. છતાં બલભદ્રજી એમને એક બાજુ ખેંચી ગયા. એકાંતમાં બેઠા. એમણે પણ ઘણાં સંસ્મરણો વાગોળ્યા. માતા જશોદાને યાદ કરી રડી પડ્યા. પછી પોતાની વતી માતાને પ્રણામ કહેવા વિનંતી કરતાં ઉમેર્યું, 'મૈયા જશોદા તો મારાં રોહિણી માતા કરતાંયે મને વધુ વહાલ કરતાં. અરે!એક વાર તો કનૈયાને ગોદમાંથી ઉતારી દઇ, દોડીને ઉમળકાભેર મને ગોદમાં બેસાડેલો, ત્યારે તો નંદબાવા પણ ખિજાઇ ગયેલા. એવો છે એમનો સ્નેહ!'

ઉદ્ધવજી વ્રજમાં જાય છે, એ સમાચાર વીજળીવેગે મધુપુરમાં ફેલાઇ ગયા. વસુદેવ અને દેવકીજી એ જાણી ખૂબ ખુશ થયાં. ઉદ્ધવજીને બોલાવ્યા. એમણે પણ ઝટપટ ચિઠ્ઠી તૈયાર કરી, ઉદ્ધવજીના હાથમાં પકડાવી -

પાતી લિખિ ઉધૌ કર દીન્હીં ।
નંદ-જસોદહિં હિત કરી દીજો, હઁસિ ઉપઁગ-સુત લીન્હીં ॥

કુબ્જાને પણ સમાચાર મળ્યા. રસ્તો આંતરીને ઉદ્ધવજીને પકડ્યા. હેતથી ઘેર દોરી ગઇ. વિનયથી કહ્યું, મંત્રીજી ! મારા પણ સમાચાર લેતા જાઓ. વ્રજમાં સૌને મારા વતી પ્રણામ કરજો. મારી ચિઠ્ઠી રાધાજીને પહોંચાડજો. અહીં તો રોજ સવાર પડે છે ને મારે લોકનાં મહેણાં સાંભળવાં પડે છે. ત્યાં રાધાજી પણ ગુસ્સો કરતાં હશે ! પણ હું શું કરું ? મેં થોડાં જ એમના શ્યામ સુંદરને પાલવે બાંધી રાખ્યા છે ? આપ તો પરમ બુદ્ધિમાન છો. મારા વતી રાધાજીને અને અન્ય ગોપીઓને સારી રીતે સમજાવજો.

ઊધૌ, યહ રાધા-સૌં કહિયો ।
જૈસી કૃપા સ્યામ મોહિં કીન્હીં, આપ કરત સોઇ રહિયો ॥
મો પર રિસ પાવતિં બિનુ કારન, મૈં હો તુમ્હરી દાસી ।
તુમ હીં મનમેં ધૌં દેખો, બિનુ તપ પાયો કાસી ॥

રામજીભાઇ કુબ્જાના આ ભાગ્યને વખાણતા ક્ષણભર ચૂપ રહ્યા. સહેજ સળવળાટ શરૂ થયો. એમની નજર સામેની ઘડિયાળ પર અથડાઇ. બરાબર બાર વાગ્યા હતા. રામજીભાઇ એમના મનની વાત સમજી ગયા. હસીને બોલ્યા. 'આવી ગયાં ને પાછાં અમદાવાદમાં ?'

સૌ મોકળા મને હસી પડ્યાં. માલાબહેને કહ્યું, 'આજે તમારે સૌએ અહીં જ પ્રસાદ લેવાનો છે.'

'આભાર. ઘેર અમારી રાહ જોવાતી હશે. અમે નીકળીએ. બપોરે ત્રણ વાગ્યે પાછાં આવી જઇશું. જય શ્રીકૃષ્ણ.'મોહનભાઇ બોલ્યા.

પરસ્પર જય શ્રીકૃષ્ણ થયા. માલાબહેને રામજીભાઇને પૂછ્યું, 'તમે કેટલા વાગે પ્રસાદ લેવા બેસશો ?'

'તમે સૌ લઇ લો. મને કણિકા પધરાવી આપો. આજે મારે ઉપવાસ છે. 'રામજીભાઇએ કહ્યું.

'એમને પ્રસાદી દૂધ આપો. પછી આપણે પ્રસાદ લઇએ.' અનુભાઇ બોલ્યા. ત્યાં ડોરબેલ રણક્યો. પરીક્ષિતે જઇ દ્વાર ખોલ્યું. કિશનભાઇ પરીક્ષિતને લાડ કરતાં અંદર આવ્યા.

'વાહ ! કિશન, તમે નસીબદાર છો. હજી વ્રજયાત્રાનો કોચ ઊપડ્યો નથી. બરાબર સમયસર આવી પહોંચ્યા છો !' અનુભાઇ ખીલી ઊઠ્યા.

પાંચ ભાઇઓમાં અનુભાઇ ઘરનો મોભ. કિશનભાઇ ચોથા નંબરના. પીસતાળીસની વય. ક્યાંક-ક્યાંક રૂપેરી ઝાંઇવાલી દાઢી-મૂછથી મંડિત તપેલા તાંબા જેવો ચહેરો. મિકેનિકલ એન્જિનિયર. ઇટાલી જઇ પાષાણ-વિદ્યામાં પારંગત થયેલા. અત્યારે સંગેમરમરના શ્વેત પાષાણોની વચ્ચે જ પલાંઠી વાળીને બેઠા છે. અરવલ્લીની તળેટીમાં, યાત્રાધામ અંબાજીમાં. અત્યારે ત્યાંથી જ સીધા આવ્યા હતા. સ્વભાવે મિતભાષી અને મૃદુભાષી. અતિ વિનમ્ર. આવતાવેંત એમણે રામજીભાઇને જય શ્રીકૃષ્ણ કર્યા.

થોડી ઔપચારિક વાતો થઇ. બધાં પ્રસાદ લેવા બેઠાં. રામજીભાઇ સોફા પર અઢેલીને બેઠાં બેઠાં કંઇક વિચારોમાં ખોવાઇ ગયા.

૬. બિન ગોપાલ બૈરિન ભઇં કુંજૈં

અચાનક દૂરથી ખૂબ જ ધીમા અવાજે ગાવાનો સ્વર સંભળાયો. રામજીભાઇના પગ યંત્રવત્ અવાજની દિશામાં ઘસડાયા. થોડુંક ચાલ્યા. ત્યાં અવાજ કંઇક સ્પષ્ટ થતો ગયો;પણ નજર આગળ જાણે ધુમ્મસ છવાયેલું હતું. કશું સ્પષ્ટ દેખાતું નહોતું, પણ અવાજ એક નિકુંજમાંથી આવતો હતો...

બિન ગોપાલ બૈરિન ભઇં કુંજૈં ।

તબ યે લતા લગતિ અતિ સીતલ, અબ ભઈ વિષમ જ્વાલકી પુંજૈં ॥
બૃથા બહતિ જમુના, ખગ બોલત, બૃથા કમલ ફૂલૈં, અલિ ગુંજૈં ।
પવન પાનિ ઘનસાર સંજીવનિ દધિસુત કિરન ભાનુ ભઈ ભુંજૈં ॥
એ ઊધો, કહિયો માધવ સોં બિરહ કદન કરિ મારત લુંજૈં ।
સૂરદાસ પ્રભુ કો મગ જોવત અઁખિયાં ભઈ બરન જ્યોં ગુંજૈં ॥

દર્દભર્યા સારંગ રાગમાં ઘુંટાતો એકેએક શબ્દ જાણે સજીવ થઇ લહેરાતો હતો. સ્વરમાં વિરહનું દર્દ હતું. સામેનો શૂન્યાવકાશ જાણે કે શ્યામસુંદરની ગેરહાજરીથી સૂની પડેલી લીલા-નિકુંજોની એકલતાની ચાડી ખાતો હતો. આ એ જ નિકુંજો હતી, જ્યાં ગોપાલનાં અનેક સંસ્મરણો ઢબુરાયાં હતાં.

શ્રીકૃષ્ણ વગરની કુંજો વિરહી ભક્તો માટે વેરણ બની હતી. જે વેલીઓ ત્યારે અમૃતવેલ બની શીતળતા આપતી હતી, તે અત્યારે અંગેઅંગને દઝાડતી અગનવેલ બની હતી. કલકલ નિનાદ કરી વહેતાં શ્રીયમુનાજીનાં જળ, ખાલી વાસણમાં કાંકરો ખખડે એમ માથના દુઃખાવારૂપ બની, ખીલવું એ બધું શ્યામ વગર શા કામનું?અરે, શીતળતા જેમનો સ્વભાવ છે એવાં વાયુ, જળ, કપૂર, સંજીવની, ચંદ્રનાં કિરણ - એ બધાં દાહક સૂર્ય બની તન-મનને શેકી રહ્યાં છે;જાણે હાથમાં છરી લઇ, કોઇ અસહાય અપંગ માણસ ઉપર તૂટી પડ્યું ન હોય!મનભાવન શામળિયાની રાહ જોઇ-

જોઇને હવે તો આંખો પણ ચણોઠી (ગુંજા) જેવી રાતીચોળ થઇ ગઇ છે !

અને એકાએક એ નિકુંજમાંથી ડૂસકાં સંભળાયાં. રામજીભાઇ દબાતા પગે નજીક ગયા. ત્યાં બે સખીઓની વાતચીતના શબ્દો કાને અથડાયા.

'માધવી ! આમ આખો દિવસ આવા વિચારોમાં ડૂબેલી રહીશ, તો તું પાગલ થઇ જઇશ.'

'મંગલા, તું અહીંથી જા. હું કશા વિચારમાં નથી. બસ, મન ઉદાસ થઇ જાય છે, એટલે ગાઇ પડાય છે.'

'બહુ ચાલાક છે ! અરે, તારી આ આંખોમાં બધું ઝળકે છે, હોં ! તું ભલે વાત છુપાવે, આ આંખો કશું છુપાવતી નથી. એ તો દિલનું દર્પણ છે.'

ઝૂઠે જાનિ ન સંગ્રહે મન મુંહ નિકસે બૈન ।
યાહી-તેં માનહુ કિકે બાતુન કૌં બિધિ નૈન ॥

'સખી, આ ભૂંડાં નેણની વાત મૂક ને પડતી. જ્યારથી એ નટવરનાગરને જોયા, ત્યારથી આ આંખલડીયે પરાઇ થઇ ગઇ છે. મોહનને સામે જુએ ત્યારે નાચવા માંડે અને ન જુએ ત્યારે તરફડવા માંડે છે. એવી નફ્ફટ થઇ ગઇ છે આ આંખ કે મારું કશું માનતી જ નથી. શું કરું?'

અઁખિયાં હરિ કૈં હાથ બિકાની ।
મૃદુ મુસુકાનિ માલ ઇનિ લીન્હીં, યહ સુનિ સુનિ પછિતાની ॥

સખી!મથુરા જઇને આપણા શ્યામસુંદર કેમ આટલા કઠોર થઇ ગયા હશે ?એમના ગુણાનુવાદ ગાતાં ગાતાં જીભ છોલાઇ ગઇ અને આંખોમાં ઝાંખપ આવી ગઇ, તોય એ નિર્દય થઇને કેમ તડપાવ્યા કરે છે?

અઁખિયાં તો ઝાંઇ પરી, પંથ નિહારિ નિહારિ ।
જીભડિયાં છાલા પડ્યા, નામ પુકારિ પુકારિ ॥

'હવે તેં જ્યારે પેટછૂટી વાત કરી, તો હું પણ ખોટું નહીં બોલું. મારી દશા કંઇ તારા કરતાં સારી નથી. માધવી, મારી આંખમાં તો એ નટખટ એવો ભરાઇ બેઠો છે કે પાંપણો પલકાર મારવાનુંયે ભૂલી ગઇ છે. આંખની કીકીઓ પણ સાવ નિર્લજ્જ બની ગઇ છે. લાજ-શરમ છોડીને રાત-દિવસ



ગો.વા. ગભરુભાઇ નાનચંદભાઇ મહેતા
પ. ભ. મણીબેન ગભરુભાઇ મહેતા
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
ભાવનગર

એને શોધવા માટે આ સૂની કુંજગલીઓમાં ભટક્યા કરે છે. હવે તો એ નગુણી મારાયે વશમાં રહી નથી!

હરિમુખ નિરખિ નિમેખ બિસારે !
તા દિનતેં મનો ભયે દિગંબર ઇન નૈનન કે તારે ॥
ઘૂંઘટપટ છાંડે બીથિન મહઁ અહનિસિ અટત ઉઘારે ।
કરૈં કહા યે કહ્યો ન માનત, લોચન હઠી હમારે ॥

આ ગોપીજનો તો શ્રુતિરૂપા અને ઋષિરૂપા જ છે. દ્વાપરયુગમાં શ્રીરામ જ્યારે વનવાસ પધાર્યા, ત્યારે મુનિ શરભંગની અવસ્થા આવી જ થઇ હતી ને? 'ચિતવત પંથ રહેઉં દિનરાતી.' જ્યારે પ્રભુ પધાર્યા ત્યારે એમની સ્તુતિ કરતાં તેઓ કહે છે, 'સંશયરૂપી સાપને પકડનાર જ્ઞાનરૂપી ગરૂડ, વિચિત્ર તર્ક-વિતર્કથી પેદા થતા વિષાદનો નાશ કરનાર, આવા ગમન મટાડનાર, દેવસમૂહને આનંદ આપનાર હે નિર્ગુણ-સગુણ-વિષમ અને સમ-સ્વરૂપ શ્રીરામ! આપ જ્ઞાન, વાણી અને ઇંદ્રિયોના વિષય નથી. આપ તો અનુપમ, નિર્મળ, દોષરહિત, અનંત અને ધરતીનો ભાર ઉતારનાર છો. આપને મારા નમસ્કાર હો.

નિર્ગુણ સગુણ વિષમ સમરૂપં । જ્ઞાન ગિરા ગોપીતમનૂપં ॥
અમલમખિલમનવદ્યપારં । નૌમિ રામ ભંજન મહિ ભારે ॥

અત્યારે જાણે આ ગોપીજનોને એ પૂર્વજન્મનું સ્મરણ થઇ આવ્યું હોય અને ભગવાને શરણાગત ભક્તનાં જે સહજ લક્ષણ બતાવ્યાં હતાં, તેનાં જ જાણે દર્શન થતાં હતાં. શેષનાગના અવતાર એવા લક્ષ્મણજીને ભક્તિનાં લક્ષણ સમજાવતાં શ્રીરામચંદ્રજીએ કહ્યું હતું -

મમ ગુન ગાવત પુલક સરીરા । ગદગદ ગિરા નયન બહ નીરા ॥
કામ આદિ મદ દંભ ન જાકેં । તાત નિરંતર બસમેં તાકેં ॥
બચન કર્મ મન મોરિ ગતિ ભજનુ કરહિં નિઃકામ ।
તિન્હ કે હૃદય કમલ મહઁ કરઉં સદા બિશ્રામ ॥

મારા ગુણાનુવાદ ગાતાં જેમનાં શરીર પુલકિત થઇ ઊઠે, વાણી ગળગળી થઇ જાય, નેત્રમાંથી પ્રેમાશ્રુ વહેવા માંડે; વળી જેમનામાં કામ, ક્રોધ, મદ, લોભ જેવા દોષો ન હોય, એવા ભક્તને હું વશ થઇને રહું છું. મન-કર્મ-વચનથી જેઓ મારા

આશ્રિત બની નિષ્કામ ભાવે મારું ભજન કરે છે, એવા પ્રેમી ભક્તોના હૃદયકમળમાં હું હંમેશાં વાસ કરું છું.

શ્રીભાગવતજીમાં પણ સ્વયં ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે -

કથં વિના રોમહર્ષ દ્રવતા ચેતસા વિના ।
વિનાઽનન્દાશ્રિકલયા શુદ્ધયેદ્ ભકત્યા વિનાઽશયઃ ॥
વાગ્ ગદ્ગદા દ્રવતે યસંય્ ચિત્તં રુદત્યભીક્ષ્ણં હસતિ ક્વચિચ્ચ ।
વિલંજ ઉદ્ગાયતિ નૃત્યતે ચ મદ્ભક્તિયુક્તો ભુવનં પુનાતિ ॥

હે ઉદ્ધવ!જ્યાં સુધી ભક્તનાં શરીરમાં રોમાંચ જાગતો નથી, ચિત્ત પીગળીને ગદ્ગદ્ થતું નથી, આંખમાંથી આનંદાશ્રુ ઊભરાતાં નથી તથા આંતર-બાહ્ય ભક્તિના પૂરમાં ચિત્ત તરબોળ થતું નથી, ત્યાં સુધી તે ભક્તને મારાં દર્શન થઇ શકતાં નથી. જેની વાણી પ્રેમથી ગદ્ગદિત થઇ હોય, ચિત્ત પીગળીને પ્રેમ-ભક્તિનાં પ્રવાહમાં વહેતું હોય, જે ખડખડાટ હસવા માંડે, ક્યારેક શરમ-સંકોચ છોડી જોરજોરથી ગાવા-નાચવા માંડે - એવો મારો ભક્ત, પોતાની જાતને જ નહિ;સમગ્ર સંસારને પવિત્ર કરી દે છે.

માધવીની દશા આનાથી કંઇ જુદી નથી. એ ભાવવિભોર થઇ બોલવા માંડી, 'સખી ! શું વાત કરું ? મારી દશા તો એવી થઇ છે કે એ શ્યામસુંદરને આંખોમાં જ કેદ કરી લઉં. કીકીનો પલંગ પાથરી એના ઉપર પ્રેમથી પધરાવું. પાંપણોના પડદા પાડી દઉં, જેથી કોઇ એમને જોઇ ન જાય.

નૈનોં કી કરી કોઠરી, પૂતરી પલંગ બિછાય ।
પલકોંકે ચિક ડારિકે, પિયકો લિયા રિઝાય ॥

'સખી ! સાચું કહું. અત્યારે મારા મનમાં થોડોક સ્વાર્થભાવ જાગ્યો છે; છતાં એને સ્વાર્થ પણ કેમ કહેવાય ? એ તો સાદી-સીધી વાત છે કે પ્રભુ મારા જ છે અને એમના સિવાય હું બીજા કોઇનું ચિંતવન કરતી નથી. પછી પ્રભુ મારા સિવાય બીજા કોઇની સામે જુએ, એ હું શી રીતે સાંખી લઉં ? પેલી કુબ્જાએ કોણ જાણે મારા શ્યામસુન્દર પર શાં કામણ કર્યાં હશે !

આવહુ મેરે નયનમેં પલક બંદ કરિ લેઉં ।
ના મૈં દેખોં ઔર કોં ના તોહિ દેખન દઉં ॥

એટલામાં તો કોઇકના આવવાનો અણસાર થયો. ઝાંઝરનો મધુરો રણકાર સંભળાયો. રામજીભાઇ એક વૃક્ષની ઓથે છુપાઇ ગયા. બે સખીઓ વાતો કરતી આવતી હતી. માધુરીને લાગ્યું, જાણે શ્યામસુંદર પધારી રહ્યા છે. બહાર આવીને જુએ છે તો વૃંદા અને સુનંદા આવતી હતી. એણે બૂમ પાડી, 'અલી ! ક્યાં નીકળી છો ?'

'અરે માધુરી ! તેં મંગલાને ક્યાંય જોઇ ?' વૃંદાએ કહ્યું.

'હા ! અહીં મારી જોડે જ બેઠી છે. આવ ને. અમારે પણ નીકળવું જ છે. આપણે સાથે જ જઇશું.'

વૃંદા અને સુનંદા કુંજમાં આવીને બેઠી. મંગલા તો હજી પ્રાણપ્રેષ્ઠના વિચારોમાં જ ખોવાયેલી બબડતી હતી.

હરિ દરશન કો તરસત અઁખિયાં ।
ઝુક ઝુક ઝાંખ ઝરોખન ઝાંખત મીડત જૈસે મખિયાં ॥
બારબાર સિર ધુનધુન ઝૂરત જૈસે જલ બિન ઝખિયાં ।
'સૂર'સ્વરૂપ બિના ક્યોં જીવેં કાટ કિનારે નખિયાં ॥

વૃંદા અને માધુરી ચુપચાપ બેસી ગયાં. પણ સુનંદાનાં ઝાંઝર ઝણકી ઊઠ્યાં. એકદમ ચમકીને મંગલાએ આંખ ઉઘાડી. ચહેરા પર નવવધૂ-શા શરમના શેરડા ઉઝરડાઇ ગયા. આ જોઇ વૃંદા હસી પડી. ઠાવકી થઇને કહે છે, 'એમાં શરમાય છે શાને ? એ કા'નકુંવરે આપણી સૌની દશા એકસરખી કરી મૂકી છે. અમે તને શોધવાનું તો બહાનું કાઢ્યું હતું. ખરેખર તો આ નિકુંજની રસલીલાઓ જ અમને અહીં ખેંચી લાવી છે. બહેન ! એ નટખટનાં નખરાં વારે વારે યાદ આવે છે. કેમેય કરીને એ દિવસો ભુલાતા નથી.'

વ્રજનો વિહારી, બહેની!મુને સાંભરે રે, હવે ક્યાં દેખું રે દીનદયાળ?
મોલીડું બાંધ્યું રે, મોહન મલપતો રે, આંગણિયે વાતા વેણ રસાળ.
જમુનાને તીરે ગૌધેન ચારતો રે, તાંહાં અમો ભરવા જાતાં નીર,
પાલવડો ના મૂકે પ્રભુ પાતળો રે, હઠીલો હળધરજીનો વીર.

આ સાંભળી સુનંદા બોલી, 'બેન ! પ્રભુની સાથેના એ દિવસો અને એમનાં નખરાં મારા પણ કાળજાને કોરી ખાય છે. તને યાદ છે ?'

અબળાને દેખી રે હરિ સામા આવતા રે, મારગ માગતા મહીનાં દાણ;
હસીને વચન હરિ મારાં સાંખતા રે, ભાખે મીઠડાં વેણ, કરે વખાણ.

ત્યાં તો જાણે એ સૌના હૃદયનો પડઘો ઝીલી લીધો હોય અને એમને સાવચેત થવા સૂચવતો હોય એવો સારંગનો સૂર સંભળાયો. દૂરથી સંભળાતા એ શબ્દો જાણે એમને દાઝ્યા પર ડામ જેવા લાગ્યા -

કાન્હ બિનોદી રે ! મધુબનિયાં ।
અબ કાહેકોં ગોકુલ આવહિ, ભાવતિ નવ-જોબનિયાં ॥
બાલ-દસા તેં મૈં જુ ખિલાયે, લઍં રહતિ હી કનિયાં ।
સુનિ રી સખી!કહાં લગુ બરનૌં ઉન્હીંકી પ્રીતિ અપનિયાં ॥

જેમણે શ્યામના નામની ચુંદડી ઓઢી લીધી છે, એવી આ આરતવાન ગોપીઓ પોતાના પ્રિયતમને શોધવા નીકળી હોય અને કોઇ એમ કહે કે એ તો ભેખ લઇને ચાલ્યો ગયો છે, એના આવવાની આશા છોડી દે. તો એના હૈયાને કેવી વેદના થાય?પણ આ ગોપીજનો તો ચાતકની જેમ અનન્ય નિષ્ઠાથી પ્રિયતમના પધારવાની રાહ જોતી બેઠી છે. એના હૈયામાં તો રહી રહીને જાણે પડઘાયા કરે છે :

કાનુડા!ચૂંદડી ઓઢી તારી, કહી દઉં છું દિલડું ખોલી;
માન્યો તને મારો ભરથાર, વ્હાલા તુજ ચરણે મારો સંસાર.

ગોપીજનોના તાર સાથે જેમના તાર ભળી ગયા છે, એવા અનુભવીઓએ સાચું જ કહ્યું છે - **'પ્રેમ પંથ ઐસો કઠિન સબ કોઉ નિબહત નાહીં.'**

જાણે આ પ્રેમવિજોગણની વ્યથા સમજીને જ સંતો કહે છે -

ભીંજૈ ચુનરિયા પ્રેમ-રસ બૂંદન ।
આરત સાજકે ચલી હૈ સુહાગિન પિય અપનેકા ઢૂંઢન ।
કાહેકી તોરી બની ચુનરિયા કાહેકો લગે ચારોં ફૂંદન ॥

આ ચુંદડીના તાણાવાણાની જેને પરખ છે, એવા ભગવદીય જ એનો જવાબ આપી શકે કે 'ભાઇ ! આ ચુંદડી તો પાંચ તત્ત્વોની બની છે અને એના ઉપર પ્રભુ નામનાં ફૂમતાં લગાવ્યાં છે. જ્યારે પ્રેમના એ મહેલમાં ઊંચી અગાસીએ ગઇ, ત્યારે પ્રભુના એ દિવ્ય મહેલના દ્વાર આપોઆપ ખૂલી ગયાં. આથી ભક્તના આનંદનો પાર ન રહ્યો. મસ્તીમાં એ ઝૂમવા લાગ્યો.



ગો.વા. ઘનશ્યામસિંહ ખેમારજીભાઇ વાઘેલા
પ. ભ. શ્રી બહાદુરસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
ભાવનગર

પાંચ તત્તકી બની ચુનિરયાં નામકે લાગે ફૂંદન ।
ચઢિગે મહલ ખુલ ગઇ રે કિબરિયા કબીર લાગે ઝૂલન ॥

વૃંદા એની આપવીતી કહેતાં બોલી ઊઠી, 'બેન!મુજ અભાગણનાં ભાગ્યા ફૂટ્યાં કે રાત આખી એમની રાહ જોવામાં જાગતી પડી રહી અને જ્યાં એક ઘડી આંખ મીંચાણી ત્યાં એ નટખટ લટકાં કરતો આવી પહોંચ્યો, પણ મને ઊંઘતી જોઇ પાછો વળ્યો -

પાછલી રાતના નાથ પાછા વળ્યા, શું કરું રે, સખી ?- હું ન જાગી;
નિરખતાં નિરખતાં નિંદ્રા આવી ગઈ, વહાલોજી દઇ ગયા વાચ, રાખી.

ત્યાં સુનંદા ટહુકી, 'બહેન ! મેં તો મારાં સાસુથી છાનાં શણગાર સજ્યા. પુષ્પોથી પલંગ સજાવ્યો. મનમાં હતું કે આજે વહાલાજી સાથે રંગે રમશું. પણ નિંદરે મનેય પરવશ કરી દીધી. સહેજ મટકું માર્યું ત્યાં **'સેજડીએ આવ્યા વા'લાજી.'** અને હું એમનાં ઓવારણાં પણ ન લઇ શકી.ધિક્કાર છે એવી ઊંઘને કે જે વહાલાથી વિયોગ કરાવે. હવે તો મને લાગે છે કે વિરહની આગમાં બળી બળીને તરફડવું, એ બેવડા મરણ કરતાં એક વાર મોતથી મરી જવું સારું.

મરનુ ભલૌ બરુ બિરહતૈં યહ નિહચય કરિ જોય ।
મરન મિટૈ દુખુ એક કૌ બિરહ દુહૂં દુખુ હોય ॥

એટલામાં માધુરી ઊભી થતાં બોલી. 'ચાલ બાઇ ! આ વાતો તો ખૂટવાની નહીં. ઊલટું એ વાતો યાદ કરી કરીને વધારે દુઃખી થવાનું.

વિરહબિથા કી કથા અકથ અથાહ મહા ।
કહત બને ન જો પ્રબીન સુકબિન - સોં ॥

આ વિરહની વ્યથા-કથા તો એવી અગાધ છે કે વાણી એને વર્ણવી શકે એમ નથી. ભલભલા પંડિતો અને કવિઓની કલમ પણ જ્યાં અટકી ગઇ છે, ત્યાં આપણા જેવી ગમારનું શું ગજું ? એ તો 'બોબડાને ગોળ ખવડાવી'એનો આનંદ પૂછવા જેવું છે ! બિચારો બોબડો શું બોલે ?

એ સખીઓને ઊઠતી જોઇ રામજીભાઇ ફરી વૃક્ષની આડમાં લપાઇ ગયા. ત્યાં તો એમને પાછળની કુંજમાંથી હસવાનો અવાજ સંભળાયો. દબાતા પગલે એ

કુંજની પછવાડે પહોંચ્યા. પાંચ સરખી સાહેલીઓ બેઠી છે. લતાઓની ઓટમાંથી ઝીણી આંખે બધું સાફ દેખાય છે; પણ એમમે આંખને બદલે કાન જ સરવા કર્યા. સંવાદ સ્પષ્ટ સંભળાયો -

'જો ભદ્રા ! કાલથી મને તો એવા ભણકારા વાગ્યા કરે છે કે આ હમણાં આપણા શ્યામસુંદર આવી પહોંચશે. વારેવારે મન એમના જ વિચારોમાં અટવાઇ જાય છે અને એ વખતે બધું ભૂલી જાઉં છું. શ્યામના મીઠા બોલ, નખરાં કરીને કંઇ ને કંઇ મિષે મળવા દોડી આવતા એ પ્રસંગ, એમની લટકાળી ચાલ, ભલભલાને લોભાવે એવી મધુર મુસ્કાન, અનોખી પ્રીતિની રીત, વહાલભરી ચાતુરી એ બધું યાદ આવવા માંડે છે...

છિનહિં છિન સુરતિ હોતિ રી માઇ;
બોલનિ મિલનિ ચલનિ હઁસિ ચિતવનિ પ્રીતિ-રીતિ ચતુરાઇ.

'વિશાખા ! તારી વાત સાચી છે. પણ તેં પેલી ધન્યાની સ્થિતિ જોઇ છે ? અરે, એ તો સાવ પાગલ જેવી થઇ ગઇ છે. સવારે મને એણે જ કહ્યું, એ સાંભળીને તો હું હસીને બેવડ વળી ગઇ !'

'શું કહ્યું'તું ભદ્રા ? અમને તો સંભળાવ.' પદ્માએ પૂછ્યું.

'કહેતી'તી કે સવારે એ એની ગાયને દોહવા બેઠી. સામે જ શ્યામસુન્દર દેખાયા. દોહવાનું મૂક્યું પડતું ને દોડી એ છલિયાને મળવા ! આગળ શ્યામ સુન્દર ને પાછળ ધન્યા!દોડતી દોડતી છેક કુસુમ સરોવરે જઇ પહોંચી. ત્યાં તો શ્યામજી ગાયબ ! પાછળથી હસવાનો અવાજ સંભળાયો. પાછું વળીને જોયું, તો એ ચિબુક પર હાથ ટેકવીને ઊભેલો. એ દોડી એની પાછળ. દોડતી દોડતી છેક ઘેર પહોંચી. આમ આખો દિવસ ઘર ને કુસુમવનના આંટા મારતી રહી. આ જોઇ પડોશમાં રહેતી શૈબ્યાએ પૂછ્યું, 'અલિ, શું થયું ? આ દોહતાં દોહતાં ક્યાં નાઠી'તી ?'

ભોંઠી પડેલી ધન્યા ઘડીભર તો કંઇ ન બોલી શકી. પણ શૈબ્યાએ જ્યારે ખૂબ આગ્રહ કર્યો, ત્યારે બોલી : 'બહેન ! શું કરું ? દોડવા બેઠી ત્યાં સામે શ્યામસુન્દર જોયા. આથી એવી ઇચ્છા થઇ કે એને પકડીને એની છાતીમાં સમાઇ જાઉં. પણ એ તો હાથ આવતો જ નથી. મને નાહકની દોડાવે છે. દોડતાં દોડતાં થાકી જાઉં, ત્યારે પાછળ દેખાય છે. પાછી વળીને દોડું છું, તો ક્યાંક સંતાઇ જાય છે !'

'પણ એને બૂમ તો પાડવી'તી ! પૂછી નાખવું'તું ને કે એ આમ હડીઓ કેમ ચઢાવે છે ?'

'શું પૂછું ? એ સામે નથી હોતો, ત્યારે તો ઘણા વિચાર આવે છે;પણ સામે એની ઝલક દેખાય, ત્યાં બધું ભૂલી જવાય છે. બસ, બાવરી બનીને એની પાછળ પાછળ દોડ્યા કરું છું !'

'બિચ્ચારી ધન્યા ! પણ અલી, એમાં હસવા જેવું શું છે ? તને જો એ નટખટ દેખાય, તો તારી દશા પણ એવી જ થાય, હોં ! પાછળ દોડવાથી કદી પ્રભુ ન મળે. અને વિરહની મારી દુઃખિયારી આંખને ક્યાંય સુખ નથી. સામે શ્યામળો હોય, ત્યારે તે શરમની મારી ઢળી પડે છે ને સામે નથી હોતો, ત્યારે જોવા વલખાં મારે છે. ત્યાં મુખમાંથી શબ્દ તો ફૂટે જ શી રીતે ?

ઇન દુખિયા અઁખિયાનુ-કોં સુખ સિરજ્યોઇ નાહીં ।
દેખૈં બને ન દેખતે, અનદેખૈં અકુલાહિ ॥

આટલું કહેતાંમાં તો ભદ્રાની આંખો ભરાઇ આવી. જાણે એના હૈયામાં ઘુમરાઇ રહેલી વેદનાની ચાડી ન ખાતી હોય !

પ્રેમ છિપાયા ના છિપે જા ઘટ પરગટ હોય ।
જો પૈ મુખ બોલે નહીં, નૈન દેત હૈં રોય ॥

'ભદ્રા ! તે તું આમ આડું જોઇને ઘૂમટો તાણી લે, એથી કાંઇ તારા હૈયાની વાત છુપાવી નહીં શકે ! આ આંસુ તો એની ચાડી ખાય જ છે;પણ ઘૂમટાના આ ઝીણા આવરણ તળે, શ્યામસુન્દરના રૂપ-સૌન્દર્યના નશામાં ડૂબેલી તારી રાતીચોળ આંખોમાં ભીતરના ભાવનું પ્રતિબિંબ ઝલકે છે. આંસુ તો પ્રેમની વસંતમાં પાંગરેલા છોડ પરનું પુષ્પ છે ! બહેના, તારી આ કાળી ભમ્મર કીકીઓ તો શ્યામ-રંગે રંગાઇને વધુ શ્યામ બની છે. તારા પ્રેમની નિર્મળતાનો શ્વેત રંગ આંખને વધુ ઉજ્જવલ બનાવે છે. તારાં આ અણિયાળાં નયન મનંમોહનના રાગમાં રંગાઇ રતૂમડાં બન્યાં છે. જાણે તારા ગુલાબી ચહેરા પર બે ભમરા, રસ લૂંટવામાં મગ્ન બનીને જામી પડ્યા ન હોય ! મૂઆ ધરાતા જ ન હોય, તેમ ત્યાંથી જરીકે ખસતા જ નથી. શામળિયાએ જરૂર કંઇક એવી ભૂરકી નાખી છે કે આ આંખો એને જ વશ થઇ ગઇ છે. તારો તો એ આંખો પર કશો કાબૂ જ નથી રહ્યો, પછી શા સારું આમ મોં સંતાડવા મથે છે ? તારી દશા કૃષ્ણદાસ પણ જરૂર જાણી ગયા લાગે છે -

ઘૂંઘટ મેં ન સમાત, નયન દરસન-મદમાતે ।
શ્યામલ, સેત, સુ-અનિયારે, ગિરિધર-રંગરાતે ॥
મનહું મધુપજુગ બદનકમલ બિલસત ન અછાતે ।
'કૃષ્ણદાસ'પ્રભુ સ્વબસ કિયે, બૂઝતિ હૌં તાતે ॥

અને રામજીભાઇનું વિચાર-ચકડોળ પણ ઘુમરાવા માંડ્યું. એમના ચિત્ત પર રહીરહીને બિહારીના શબ્દો અથડાવા માંડ્યા.

ચમચમાત ચંચલ નયન બિચ ઘૂંઘટપટ ઝીન ।
માનહુ સુરસરિ વિમલ જલ ઉછરત જુગ મીન ॥

સખીનાં **'સેત-સ્યામ-રતનાર'** એવાં **'નયન રંગે ત્રિવિધ રંગ'** કાંઇ છાનાં થોડાં રહે?ઝીણી ઓઢણીના ઘૂમટામાંથીયે એના શ્યામને શોધતાં ચંચલ નયન એવાં ચમકતાં હતાં, નિર્મળ ગંગાજળમાં બે માછલીઓ કૂદાકૂદ કરતી ન હોય !

'વિશાખા, હવે મૂકને આ પંચાત ! એ શ્યામસુંદરના મુખારવિન્દની શોભા આગળ તો આખા જગતનું સૌન્દર્ય પણ એક બુંદ સમાન ભાસે છે. કાલે તું જ તો એનાં વખાણ કરતાં થાકતી નહોતી -

મોહન મુખારવિંદ પર મનમથ કોટિક વારૌં રિ માઇ ।
જહઁ જહઁ અઁગમ દૃષ્ટિ પરતિ તહઁ તહઁ રહત લુભાઇ ॥

અને એટલે જ તો હાયબળાપો કરતાં કહેતી હતી -

બનબન ફિરના બેહતર હમકો રતનભવન નહીં ભાવૈ હૈ ।
લતા તરે પડ રહને મેં સુખ, નાહિન સેજ સુહાવૈ હૈ ॥

અહીં એટલા જ માટે તો બધાંને ભેગાં કરવાનું કહ્યું હતું અને હવે તું જ મારી દયા ખાય છે ? બહેન, આ ગોકુળિયા ગામમાં અત્યારે એવી તો કોણ કઠણ કાળજાની હશે, જેને શ્યામસુન્દરનો વિરહ નહીં સાલતો હોય !'

અરે ! કબીર જેવા સંતના હૃદયમાંથી પણ એ**'ગોકુલ - નાયક'**ઘડીભર માટે દૂર થતા નથી, અને જ્યાં નજર નાખે ત્યાં એનાં દિવ્ય રૂપ દેખાય છે, તો પછી આ ગોકુળની ભોળી ભરવાડણો તો એને ભૂલે જ ક્યાંથી ?

ગોકુલ-નાયક વિઠલા, મેરો મન લાગૌ તોહિં રે;
બહુત દિન બિછુરેં ભયે, તેરી ઔસરિ આવે મોહિં રે.

સખીઓ પરસ્પર પોતપોતાના હૈયાનો ઊભરો ઠાલવતી જાય છે. એકબીજીને ઠપકો આપવાને મિષે પોતાના જ ભાવને અભિવ્યક્ત કરી દે છે, ને પછી શરમાઇ જાય છે. કહે છે,'સખી!તું આમ મેલીઘેલી શું કામ રહે છે?નથી શણગાર સજતી કે નથી વાતમાં ઊમળકો આણતી!જ્યારે જુઓ ત્યારે મોઢું તો તંબુડા જેવું ફૂલેલું!નહીં આંખમાં કાજળ કે નહીં લલાટમાં ચાંલ્લો !વાળ પણ ચકલીના માળા જેવા ને સુક્કાભંઠ. આ શરીર પણ સુકાઇને કાંટા જેવું થઇ ગયું છે!આંખો ઊંડી ઊતરી ગઇ છે. તારા માથે શું વીતતું હશે, એ અમે સમજીએ છીએ...'

બીજી સખી કહે છે, 'બેન ! હું તો આખી રાત પાસાં બદલીને જ પસાર કરું છું. ઘડીક આંખ મીંચું ત્યાં એ નટખટ નખરાં કરતો ઊભો જ હોય ! ને આંખ ઉઘાડું ત્યાં ગાયબ ! સખી, એ સલૂણા શ્યામ વિના તો રાત કાળી નાગણ થઇ ડસવા આવે છે. જ્યારે ચંદ્ર પ્રકાશે છે, ત્યારે એમ લાગે છે કે એ નાગણ ડસીને અવળી ફરી ગઇ ન હોય ! એના ડસેલા પર કોઇ જંતરમંતર કામ નથી આપતાં. અંગઅંગ ઠંડા પડતાં જાય છે. જાણે પ્રાણ પ્રયાણ કરી રહ્યા હોય, એમ વારંવાર હાથ-પગ પછાડીને કાળી વેદના ભોગવું છું !'

ત્રીજી સખી કહે છે, 'બહેન ! ત્યાં જ તું માર ખાઇ જાય છે ને ! આપણે તો એઇને પથારીમાં પડ્યાં એવાં પાણીમાં ! નિરાંતે ઊંઘીએ છીએ. જ્યાં આંખ મિંચાઇ નથી, ત્યાં નટવરનું નાટક ચાલુ. છાનોમાનો મારી પાસે આવે. હળવેકથી ટપલી મારી જગાડવા પ્રયત્ન કરે. બે-ચાર વાર ટપલી મારવા છતાંય ન જાગું; એટલે ગાલે તીણી ચીમટી ખણે!પણ આંખ ઉઘાડે એ બીજાં ! મનમાં એવી બીક રહ્યા કરે કે જો આંખ ઉઘાડીશ તો શ્યામસુન્દર ગાયબ થઇ જશે. એટલે બે-ચાર ચીમટી ખણે તો ભલે ખણે; પણ આંખ ઉઘાડવાની જ નહીં ને ! આ તો અનુભવિયાંએ આપણને શીખવ્યું છે, પછી ભૂલી કેમ જાય છે ?

સુપને મેં સાંઇ મિલે, સોવત લિયા જગાય ।
આઁખિ ન ખોલૂં ડરપતા, મત સુપના હૈ જાય ॥'

ત્યાં બીજી સખી ખડખડાટ હસતાં બોલી ઊઠી,'અરે પગલી!તું તો સપનાની

વાત કરે છે; પણ હું તો ધોળેદહાડે જાગતી હોઉં, ત્યારેય પાણી પીતાં ડરું છું. નંદિકશોરની એ લીલાઓ કાળજામાં એવી તો કોતરાઇ ગઇ છે કે એમાંથી કોને યાદ કરું ને કોને ભૂલું ? એથી પાણી પીતાંય ડર લાગે છે કે રખે ને એનાં એ સ્મરણો ધોવાઇ જશે તો ?

સાંઇ કેરે બહુત ગુન, લિખે જો હિરદે માંહિ ।
પીઉં ન પાની ડરપતા, મત વૈ ધોયે જાહિ ॥

અને બળ્યું, આ દિવસે પાણી નથી પીતી ને;એટલે રાતે ઝટ ઊંઘ નથી આવતી! બાકી એક ક્ષણ પણ ચેન ક્યાં પડે છે ? ઘડીભર પણ એ ભૂલ્યો નથી ભુલાતો!એ શ્યામસુન્દર જેવો 'તારક' છે, એવો જ 'હારક'(મનહર) છે; પણ અત્યારે તો 'મારક' બન્યો છે, બહેન !

કૈસેં જિએગી વિરહિણી પિયા બિન, કીજે કૌન ઉપાય ?
દિવસ ન ભૂખ રૈન નહિં સુખ હૈ, જૈસે કરિ જુગ જામ.
ખેલત ફાગ છાંડિ ચલ સુંદર, તજ 'કબીર'ધન-ધામ;
વન-ખંડ જાય નામ લૌ લાવો, મિલિ પિયસે સુખ પાય.

ત્રીજી કહે, 'સખી ! આ વ્રજમાં તો આપણને બેવડું નુકશાન થયું. એક તો કલ્પતરુ જેવા શ્યામસુંદર મધુપુરમાં સિધાવી ગયા અને નફામાં આ રાત-દિવસ વિરહમાં તરફડવાની સોગાત આપતા ગયા. એની સાથે પ્રીતિ કરીને આપણે તો બહેન ! ખરેખર છેતરાઇ ગયાં.'

'અને બહેન ! મને તો રાત્રે કોઇ વનવાસી પંખીનો અવાજ સાંભળી, શ્યામસુંદરનો મિલન-સંકેત હોય, એવો ભાસ થાય છે. એ સાંભળીને ઊંઘ ઊડી જાય છે. રાત જુગ જેવડી થઇ પડે છે, પણ આપણું કહ્યું કોણ માને ? ન તો આપણા કહેવાથી પંખી બોલતાં અટકશે, ન તો ચંદ્ર ચાંદની વિખેરવાનું છોડી દેશે! અરે પેલાં મોર ને ચાતક, કોયલ ને પપૈયા તો દાઝ્યા ઉપર ડામ દેવાનું કામ કરે છે. સાચું કહું છું, જો શ્યામસુન્દર નહીં આવે, તો હું તો કાશીએ જઇ કરવત મેલાવીશ ! કાં તો ઝેર પી લઇશ. હવે જીવનીયે શું કરવાનું ? કાં તો ગિરિરાજ પર ચઢી કૂદી પડવાનું ને કાં તો જમુનાજીમાં જઇને ડૂબી મરવાનું! મને તો બીજું કાંઇ સૂઝતું નથી.



ગો.વા. તારાબેન રસિકલાલ દેસાઇ
પ. ભ. શ્રી રસિકલાલ છગનલાલ દેસાઇ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
દાહોદ

અબ યા તનહિ રાખિ કા કીજૈ?
સુનિ રી સખી!શ્યામસુંદર બિન બાટિ બિષમ બિષ પીજૈ ॥
કૈ ગિરિયે ગિરિ ચઢિકૈ, સજની!કૈ સ્વકર સીસ સિવ દીજૈ ।
કૈ દહિયે દારુન દાવાનલ, કૈ તો જાય જમુન ધઁસિ લીજૈ ॥

'અરે બહેન ! તું તો સાવ કાયર નીકળી ! આ આપણાં રાધાજીને જો ! એ તો સદા એકાંતમાં શ્યામસુંદરના સ્મરણ-રમણમાં જ ખોવાયેલું રહે છે. જ્યારે જુઓ ત્યારે કોઇ વૃક્ષ તળે આંખો ઢાળીને વિચારમાં જ બેઠેલાં દેખાય છે. કોઈની સાથે કશી વાત પણ નહીં. છતાં લલિતાજીએ એમનું મૌન તોડવા દાવ અજમાવ્યો. હંસાને સમજાવીને સાથે લઈ ગયાં. પછી દૂરથી રાધાજી તરફ આંગળી ચીંધતાં બોલ્યાં, 'જો હંસા ! તું જરા સાચવીને વાત ચાલુ કર. હું હમણાં જ ત્યાં પહોંચું છું.' એમ બહાનું કાઢી છટકી ગયાં.

ભોળી હંસા પહોંચી. પ્રણામ કરી કુશળ સમાચાર પૂછ્યા. પછી એમની સ્થિતિની ચિંતા વ્યક્ત કરતાં, શ્યામસુંદર વિશે બે ઘસાતા શબ્દો પણ કહ્યા -

ઉસ કૈતવ કે લિયે કર રહી, ક્યોં તુમ સખિ ! વિલાપ ?
માયા-મમતા રહિત, ગૂઢતમ જિસકે કાર્યકલાપ.
કાલા, કુટિલ-ભ્રકુટિ, કપટી અતિ, કુલિસ-હૃદય, નિર્મોહ;
મોહિત કર, હર મન-ધન સત્વર, દેતા વિષમ વિછોહ...
પ્રેમરહિત વહ નિઠુર નિરુપમ, નહીં ભરોસે જોગ,
ભૂલો ઉસે છોડ સબ આશા, ક્યોં કરતી દુઃખભોગ?

'અરે સખી!એ ઠગારા માટે તમે શા માટે આમ વિલાપ કરો છો?એને તો માયા-મમતા જેવું કશું સ્પર્શતું જ નથી. એનાં બધાં કામ ખૂબ ભેદભરમવાળાં હોય છે. એ કાળો, મનને હરી લેતી તીરછી ભ્રકુટિવાળો, અતિ કપટી, વજ્ર જેવા હૈયાવાળો અને નિર્મોહી છે. એનું કામ બીજાઓને મોહિત કરી, તરત એમના મનરૂપી ધનને હરી લેવાનું અને પછી ભયંકર વિજોગનું દાન કરવાનું છે. એની નિષ્ઠુરતાનો જોટો જડે એમ નથી. પ્રેમનો તો એનામાં છાંટોયે નથી. આથી એ ભરોસો રાખવા જેવો નથી. એના આવવાની આશા ઠગારી જ નીવડશે;માટે એને ભૂલી જવામાં જ સાર છે. શા માટે દુઃખ ભોગવો છો?'

રાધાજીએ એને ના-સમજ ગણી, પ્રેમથી એની પીઠ પસવારી. પછી સ્નેહથી કહ્યું, 'બહેન ! મારા પ્રિયતમની આવી નિંદા કરીને તું શા માટે મારા હૃદયને ઠેસ પહોંચાડે છે ? એ મનમોહનનાં મીઠાં સંભારણાં યાદ કરી તારા અને મારા હૈયાને શાતા આપ. તને ખબર નથી, પણ મારા શ્યામસુંદર તો સદ્‌ગુણોના સાગર અને રસ(પ્રેમ)ના મહાસાગર છે. એ તો પરમ ઉદાર છે. એ સૌને સ્નેહ કરે છે, પણ મારા પ્રત્યે તો સદાય અદ્‌ભુત પ્રીતિ ધરાવે છે. એ પ્રીતિ નિત નવાં રૂપ ધારણ કરી, મને દિવ્ય આનંદનું દાન કરે છે. એ પ્રીતિ અત્યંત ગૂઢ છે, રસપૂર છે, ગુપ્તવાહિની છે, અસીમ છે, અનુપમ છે. મારા પ્રાણોમાં ભૂગર્ભમાં વહેતા અદૃશ્ય જળપ્રવાહની જેમ મધુર અમૃત-શા રસની ધારા નિરંતર વહ્યા કરેછે, જેમાં હું હંમેશાં આકંઠ ડૂબેલી રહું છું. આથી મને બહારનો કીચડ સ્પર્શી શકતો નથી. બહાર દેખાતો પ્રેમ તો નકલી છે. એની સીમા ઇન્દ્રિયોના વિષયભોગ સુધીની જ છે, જે મનની ચાદરને મેલી કરે છે.'

રાધાજી ઘડીભર ચુપ રહ્યાં. પછી બોલ્યાં, 'હંસા ! મને ખબર છે કે તને લલિતાએ જ મારી પાસે મોકલી છે. સાંભળ ! તને હજી અંતરદૃષ્ટિ મળી નથી. તમે બધાં કેવળ બહારના પદાર્થો જ જોઇ શકો છો, એથી મારા મનમાં વસેલાના ભીતરી ભાવ જોઇ-સમજી શકતાં નથી. આથી જ તને એવી શંકા જાગી કે શ્યામસુંદરમાં પરમ પવિત્ર પ્રેમનો અભાવ છે. તમને એમના દોષો જ દેખાય છે, જેથી વીણીવીણીને એનું જ વર્ણન કરો છો. પગલી ! હું તને શી રીતે સમજાવું કે ખરેખર તો હું જ દોષોની ખાણ છું. મારા પ્રિયતમમાં તો બસ એક જ દોષ છે;અને તે એ કે તેઓ 'તદ્દન નિર્દોષ' છે. તું હજી નાદાન છે, ખૂબ ભોળી છે. તને પ્રેમની આ અટપટી ભાષા નહીં સમજાય. પણ હું સાચું કહું છું. સાવ નિર્દોષ હોવું એ પણ એક દોષ છે અને તે દોષ શ્યામસુંદરમાં પણ છે. એ મારા માટે હંમેશાં જાતજાતનાં સંતાપ સહ્યા કરે છે કોણ જાણે કેટકેટલાં કઠોર વચન, કેટલી કુત્સતિ વાણી અને અસહ્ય નિંદા એમને સાંભળવાં પડે છે; છતાં એ પોતે કદી ક્ષોભ પામતા નથી. એમના પ્રત્યે ઉપેક્ષાભાવ દર્શાવે છે. મને આટઆટલું સુખ અને પ્રેમ આપવા છતાંય બહારથી એવો દેખાવ કરે છે કે જાણે એમને કશો પ્રેમ જ નથી ! બહેના, આ જ તો સાચા પ્રેમનું સ્વરૂપ છે. પ્રેમનું કદી પ્રદર્શન ન કરાય. એ તો સહજ હોય છે અને મૂલ્યવાન હીરાની જેમ હૃદયના ભંડારમાં જ એને સુરક્ષિત સાચવી રાખવું

પડે છે.

'મને ન તો કશું દુઃખ છે, ન તો કશી ચિંતા. કોઇ ભય કે આશંકા પણ નથી. નેત્રોમાંથી વહેતાં આ આંસુનું રહસ્ય તો માત્ર મારા શ્યામસુંદર જ સમજે છે. હંસા!તારો મારા પ્રત્યે સદ્‌ભાવ છે, તે હું જાણું છું. મને સુખ પહોંચાડવા માટે જ તેં મારા પ્રિયતમના અવગુણ કહી બતાવ્યા, પણ એથી મારા હૃદયમાં જાણે બાણ વાગ્યાં હોય એવી પીડા થઇ. મારા પ્રિયતમની નિંદા હું સહી શકતી નથી અને મારા પ્રત્યેના તારા પ્રેમને અવગણી પણ શકતી નથી. આથી જ તને અણગમતા બે શબ્દો કહ્યા છે. મારી વાત બીજી સખીઓને પણ કહેજે, જેથી એ તારા જેવી ભૂલ ન કરે.'

આટલું કહી રાધાજી મૌન બન્યાં. ફરી આંખો ઢાળી, શ્યામસુંદરના ચિંતનમાં ખોવાઇ ગયાં. હંસા હળવેકથી ઊઠીને છટકી!લલિતાજીએ જ્યારે હંસાના મુખે આ વાત સાંભળી, ત્યારે તે દિંગ રહી ગયાં. તેમના મુખમાંથી અચાનક ઉદ્‌ગાર સરી પડ્યા.

રાધે ! તૂ સબ ગુન કી ખાનિ ।
ગુનનિધિ બલબીર કહૈઁ જોરી બિધિ બનાઇ આનિ ॥
અતિ કૃતજ્ઞ સુમિરત પિય પરી હૈ પહિચાનિ ।
જો કછુ કરતિ સુખ-વિલાસ લેતિ રસહિ માનિ ॥

સાચે જ **'શ્યામસર'** ના ભોક્તા અધિકારી-જનો જ પ્રભુની આ અલૌકિક લીલાને અને એમના દિવ્ય સ્વરૂપને સમજી શકે -

સ્યામા સ્યામા, સ્યામા સ્યામ ।
સ્યામા સ્યામ હૃદય મહઁ પૂરન સ્યામા સ્યામ નૈન અભિરામ ॥
સ્યામા સ્યામ સુજસ જગપૂરિત જોરી દેખિ લજિત રતિ કામ ।
'કૃષ્ણદાસ'પ્રભુ ગિરિધર સ્યામા, સ્યામા સ્યામ રસિકતા...॥

ત્યાં તો કિશનભાઇ અને અનુભાઇ પ્રસાદ લઇને આવી પહોંચ્યા. અનુભાઇનો એમની સ્વાભાવિક અદાથી બોલાયેલો ઘેરો અવાજ સંભળાયો, 'શાના વિચારમાં ડૂબ્યા છો, રામજીભાઇ ?'

રામજીભાઇ એકદમ જાણે હોશમાં આવતાં બોલી ઊઠ્યા, 'બસ શ્યામ રંગમાં ડૂબ્યો હતો.'

'અરે વાહ ! કેવો છે એ શ્યામરંગ ? અમે પણ જરા જાણીએ તો ખરા !' કિશનભાઇ સહજભાવે બોલી ઊઠ્યા.

'ભાઇ ! વિચિત્ર છે એ શ્યામરંગ. એ જાણવાની નહીં, માણવાની વસ્તુ છે. અલૌકિક ભગવદ્-પ્રેમમાં રંગાઇ ગયેલા ચિત્તની ગતિ ભલા, કોણ સમજી શકે ? એ શ્યામ-રંગમાં રંગાઇને, જે કોઇ એ રસ-સાગરમાં ડૂબતો જાય છે, તેમ તેમ વધુ ને વધુ ઉજ્જવળ, વધુ ને વધુ પવિત્ર બનતો જાય છે. એ ગતિ કોઇ વીરલા સંતજન જ જાણી શકે છે. આપણે તો આપણી કાલીઘેલી ભાષામાં માત્ર એનાં કંઇક ગુણગાન ગાઇએ એટલું જ !' એટલું કહેતાં કહેતાં તો રામજીભાઇનો કંઠ ભરાઇ આવ્યો. એમણે કૃષ્ણભક્ત બિહારીદાસને યાદ કર્યા.

યા અનુરાગી ચિત્ત કી ગતિ સમુઝૈ નહિં કોઇ ।
જ્યોં જ્યોં બૂડૈ સ્યામ રંગ ત્યોં ત્યોં ઉજ્જલુ હોઇ ॥

પછી રામજીભાઇએ પોતાની સ્મરણ-યાત્રાનો અણસાર આપ્યો. એ સાંભળી અનુભાઇએ કહ્યું, 'તો પછી એ યાત્રા અમને પણ કરાવો ને !'

'ભલે ! બપોરની બેઠકમાં એ સંસ્મરણોને જ વાગોળશું.'

★

ઊધો! અઁખિયાં અતિ અનુરાગી ।
ઈકટક મગ જોવતિ અરુ રોવતિ, ભૂલેહુ પલક ન લાગી ॥
બિન પાવસ પાવસ ઋતુ આઇ દેખત હૌ બિદમાન ।
અબ ધૌં કહા કિયો ચાહત હૌ?છૌંડહુ નીરસ જ્ઞાન ॥
સુનુ પ્રિય સખા સ્યામસુંદર કે જાનત સકલ સુભાવ ।
જૈસે મિલૈં સૂર પ્રભુ હમકો સો કછુ કરહુ ઉપાવ ॥

★

૭. પાતી લિખિ, ઉધો કર દીન્હીં

ત્રણ વાગે બધાં આવી પહોંચ્યા.રામજીભાઇએ વ્રજની નિકુંજોમાં અનુભવેલી વાત કહી સંભળાવી. પછી બોલ્યા, 'ચાલો,હવે ઉદ્ધવજીની પાસે.આપણે ચૂપચાપ એમને પગલે પગલે ચાલવાનું છે. મૌન રહીને જ એમની ગતિવિધિ નિહાળવાની છે. વ્રજમાં ગયા પછી પણ ત્યાં ચાલતો સંવાદ જ સાંભળવાનો છે.'

શ્રી કૃષ્ણથી છુટા પડ્યા પછી મોડેથી ઉદ્ધવજી ઘેર પહોંચ્યા.જવા માટેની તૈયારી કરી લીધી. પ્રસાદ લઇ આડા પડ્યા. કોણ જાણે કેમ, આજે એમની નિંદર વેરણ થઇ હતી. એમને થયું કે વ્રજમાં એવું તે શું છે કે પ્રભુ એનાં ગુણગાન કરતાં થાકતા નથી. વ્રજાંગનાઓની વાત કરતાં તો જાણે બહાવરા બની જાય છે. તેઓ ઘણું વિચારવા મથ્યા, પણ વ્રજનો મહિમા ચિત્તમાં બેઠો જ નહીં. એ ગડમથલમાં જ આંખ મળી ગઇ.

બ્રાહ્મમુહૂર્તમાં ઊઠ્યા. ઝટપટ તૈયાર થયા, સેવા એ પહોંચી રાજમહેલમાં આવ્યા, ત્યારે બીજો પ્રહર પૂરો થવામાં હતો. અહીં મહેલમાં મથુરેશ્વર શ્રીકૃષ્ણ પણ જાણે એમની જ રાહ જોતા હોય તેમ દ્વારમાં જ ઊભા હતા. ઉદ્ધવજીનો હાથ પકડી અંદર મહેલમાં લઇ ગયા.પછી વ્રજમાં લઇ જવા માટે તૈયાર કરી રાખેલા પત્રો આપ્યા.

સ્યામ કર પત્રી લિખી બનાઇ ।
નંદબાબા-સોં બિનય, કર જોરિ જસુદા માઇ ॥
ગોપ-ગ્વાલ-સખાનિકોં હિલિમિલ કંઠ લગાઇ ।
ઔર બ્રજ-નર-નારિ જે હૈં તિનહિં પ્રીતિ જનાઇ ॥
ગોપિકનિ લખિ જોગ પઠયો, ભાવ જાનિ ન જાઇ ।
'સૂર'પ્રભુ મન ઔર યહ કહિ, પ્રેમ લેત દૃઢાઇ ॥

પ્રભુ જ્યારે નિજભક્ત પર કૃપા કરવા બેસે, ત્યાર શાની મણા રાખે ? આજે પણ આ પ્રિય સખા ઉપર **'અઢળક ઢળિયો રે શામળિયો'**.પ્રભુએ પોતાનાં પ્રસાદી માળા અને પીતાંબર આપતાં ઉદ્ધવજીને કહ્યું, 'એક ખાસ વાત સાંભળ. નંદ બાબા અને યશોદા માતાના પ્રેમને તો હું વીસરી શકું એમ નથી. પણ વ્રજની ગોપીઓનો ઉપકાર પણ ભૂલી શકું એમ નથી. રાસલીલા વખતે જે રાસસ્થલીમાં પહોંચી શકી નહોતી.એવી સોળ હજાર ગોપીઓએ મારા વિયોગમાં દેહ છોડી દીધા. એમના ઋણમાંથી શેં છુટાય ? પણ જે થોડીક ગોપીઓ મારા પાછા ફરવાની આશામાં રાહ જોતી જીવે છે, તેને ખૂબ ધીરજથી જ્ઞાન આપી સમજાવજે. બરાબર આશ્વાસન આપજે. એમને પૂરો વિશ્વાસ જાગે કે તું મારો અંગત મિત્ર છે, તેમાટે હું મારાં વસ્ત્ર અને આભૂષણ તને આપું છું. '

આટલું કહી ભગવાને મુકુટ અને સઘળાં આભૂષણ જાતે જ પહેરાવ્યાં. આ વેશમાં ઉદ્ધવજી જાણે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હોય એવા ભાસતા હતા. બંનેમાં ફરક માત્ર એટલો રહ્યો કે પ્રભુના વક્ષઃસ્થળમાં જે **'ભૃગુપદ-લાંછન'** છે, તે ઉદ્ધવજીને નહોતું. આ બધી ગડમથલમાં જ અડધી વેળા વીતી ગઇ. આજે પ્રસાદ પણ પોતાની સાથે જ લેવડાવ્યો.થોડોક વિશ્રામ લીધો.દરમિયાન ઉદ્ધવજીને ઘણી વાતો ફરી ફરી સમજાવતા રહ્યા. પછી ઉદ્ધવજીને કહે, 'હવે દિવસ ઢળવામાં છે. મારો રથ બહાર તૈયાર છે. તમે હવે ક્ષણનોય વિલંબ કર્યા વગર ઝટ ઉપડો.'

ગહરુ જનિ લાવહુ ગોકુલ જાઇ ।
તુમહિ બિના વ્યાકુલ હ્વૈહૈં, જદુપતિ કરી ચતુરાઇ ॥
અપનો હી રથ તુરત મઁગાયો, દિયૌ તુરત પલનાઇ ।
અપને અંગ અભૂષણ કરિકરિ, આપુન હી પહિરાઇ ॥
અપનૌ મુકુટ પીતમ્બર અપનૌ, દેત સબૈ સુખ પાઇ ।
'સૂર'સ્યામ તદ્રુપ ઉપઁગસુત, ભૃગુપદ એક બચાઇ ॥

ઉદ્ધવજી રથમાં બેઠા, પ્રભુ જાતે જ વળાવવા આવ્યા. એમનો સ્વર અવરુદ્ધ થઇ ગયો હતો.આંખોમાં મોતી ઝળકી રહ્યાં હતા. હાથ ઉંચો કરી જાણે ઉદ્ધવજીના ઉત્કર્ષની ધ્વજા ફરકાવી રહ્યા હતા.

રથ ચાલ્યો. સૌને યથાયોગ્ય સાંત્વના આપવા ફરીથી ગળગળા અવાજે સ્મરણ કરાવ્યું.થોડેક સુધી તો પ્રભુ રથની પાછળ દોડતા રહ્યા ! પોતે યદુનાથ છે, એ પણ વીસરી ગયા. ભક્ત-વત્સલ ભગવાનની આ તે કેવી લીલા ! ભગવાન ભક્તની પાછળ પાછળ ડોલતા ફરે છે, એવા પરમ પ્રેમને પુષ્ટિ-ભક્તિ કહી છે. આવી અહેતુક કૃપાનો અનુભવ ૮૪-૨૫૨ વૈષ્ણવો પૈકી ઘણાઓને થયો છે, એ આપણે જાણીએ છીએ.

●

જબહિં ચલે ઉદ્ધવજી મધુબનતેં, ગોપિનિ મનહિં જનાઇ ગઇ ।
બારબાર અલિ લાગે સ્ત્રવનનિ, કછુ દુઃખ કછુ હર્ષ ભઇ ॥

મથુરાથી રથ નીકળ્યો, એજ સમયે વ્રજમાં પણ વ્રજાંગનાઓને શુભ શુકન થવા લાગ્યા.એમને જરૂર થયું,'જરૂર અમારા નાથ પધારે છે અથવા એમના સમાચાર લઇને કોઇક આવે છે !'

પરમ પ્રેમ હોય ત્યાં આગમનનાં એંધાણ અચૂકપણે વર્તાઇ આવે. કેટલીક ગોપીઓને તો પ્રભુએ ઉદ્ધવજીને વ્રજમાં જવા માટેની આજ્ઞા કરી, ત્યારે જ આવો આભાસ થઇ ગયો હતો. તેઓ સાથે મળીને પરસ્પર આ વધામણી આપતાં હતાં. કેટલાંક તો રાતભરની પ્રભુની લીલાઓને વાગોળતાં બેઠાં.રાત ક્યાં વીતી ગઇ એની પણ ખબર ન પડી. એક સખી કહે છે -

આજ મારી આંખડી ફરુકે રે ડાબી,
જાણ્યું મારો વહાલોજી મળશે રે આવી.

શુભ શુકન જાણી ગોકુલમાં જાણે ઉત્સવ જેવું વાતાવરણ બન્યું છે. કોઇ કહે છે, ભમરો કાનમાં આવીને નંદલાલના પધારવાની વધાઇ આપે છે.

કૈ મધુબન તેં નંદ-લાડિલૌ,કૈ અબ દૂત કોઉ આવૈ ।
ભૌર એક ચહું દિસિતેં ઉડિઉડિ,કાનન લગિલગિ આવૈ ॥

તો એક ગોપી કહે છે, 'હે કાગ !તું કોઇકના આગમનના સમાચાર લઇ, દૂત બનીને આવ્યો છે, તો ભલા ઊડી ન જતો !જો શ્યામસુંદર ગોકુળ પધારશે. તો એ અમારું અહોભાગ્ય હશે. એની વધામણી આપવા બદલ હું તને દહીં-ભાતનો

કટોરો આપીશ અને પહેરામણીમાં પાઘડી તરીકે મારી ઓઢણી ઓઢાડીશ.

તૌ તૂ ઉડિ ન જાઇ રે કાગ !
જૌ ગુપાલ ગોકુલ કૌં આવૈં, તો હ્વૈહૈ બડભાગ ।
દધિ-ઓદન ભરી દોનો દૈહોં, અરુ અંચલકી પાગ ॥

આજે ગોકુલના દરેક ઘરમાં એક જ ચર્ચા છે-શ્યામસુંદર પધારે છે. જેણે જેણે વાત સાંભળી, તે સૌ ખાતરી કરવા એકબીજા પાસે દોડી ગયાં. ટોળાં જામતાં ગયા. નંદભવનમાં ભીડ વધવા માંડી. માતા જશોદા અને નંદરાયજીના હરખનો પાર નથી. ગોપબાળકો સમેત વ્રજનાં આબાલવૃદ્ધ નર-નારી જાણે સાગરનાં મોજાંની જેમ લહેરાઇ રહ્યાં હતાં.

સૌને ઉમંગ માતો નહોતો. વધામણીનાં ગીત પણ સંભળાતાં હતાં. સૌ આતુર નયણેમથુરાના માર્ગ તરફ તાકી રહ્યાં હતાં. એકએક પળ એકએક જુગ જેવડી લાગતી હતી. બપોરનું ભોજન પણ કોઇએ નિરાંતે લીધું નહોતું.

આવા મહોત્સવના પ્રસંગે ભૂખ પણ ભાગી જાય, એમાં શી નવાઇ ? ત્યાં તો મનોરમા દોડતી આવી.એના અંગેઅંગમાં ઉમંગ લહેરાતો હતો. ચહેરો ખીલી ઊઠ્યો હતો. તે હાંફતા હાંફતા બોલવા માંડી, 'સાંભળ્યું છે કે આપણા શ્યામસુંદર પધારે છે. યમુનાજીના તટ સુધી એમનો રથ આવી પહોંચ્યો છે. હા, એક ગોપબાળકે હમણાં જ મને કહ્યું, એટલે હું તો બધું પડતું મૂકીને, જેવી બેઠી હતી તેવી જ દોડી આવી છું-

જૈસી હુતિં ઉઠિ તૈસિય દૌરીં છાંડી સકલ ગૃહ-કામ ।
રોમ પુલક,ગદગદ ભઈં તિહિ છન સોચિ અંગ અભિરામ ॥

●

ઉદ્ધવજીનો રથ યમુનાતટે પહોંચ્યો, ત્યારે ગોરજટાણું થવા આવ્યું હતું. ઉદ્ધવજીએ રથને થંભાવ્યો. આજે એમને કંઇક વિચિત્ર અનુભૂતિ થઇ. તે શ્રી ઠકુરાણીઘાટ પર આવ્યા. શ્રી યમુનાજીને પ્રણામ કરી, જલપાન કર્યું. વ્રજયાત્રાનો આરંભ પણ ઠકુરાણી ઘાટથી જ થાય ને ? શ્રી યમુના મહારાણી તો શ્રીઠાકોરજીનાં ચતુર્થ પ્રિયા ! પ્રેમભક્તિનાં સાક્ષાત્ રસરૂપ. એ રસ ઉદ્ધવજીએ ચાખ્યો; એટલે જ્ઞાનના થનગનતા ઘોડા કંઇક શાંત થયા. પછી આગળ વધ્યા. એમના મનમાં ચાલતા સઘળાય વિચાર



પ. ભ. શ્રી જગદીશચંદ્ર મોહનલાલ શાહ
પ. ભ. શ્રી સુરેખાબેન જગદીશચંદ્ર શાહ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
અમદાવાદ

શમી ગયા. ચિત્તમાં અલૌકિક શાંતિનો સંચાર થયો. હૈયે આનંદના ઓઘ ઉમટ્યા. વ્રજની આ ભૂમિમાં પગ મૂકતાં જ થયેલા આ દિવ્ય અનુભવથી ઉદ્ધવજીના સઘળા સંકલ્પ-વિકલ્પ મટી ગયા. જાણે વ્રજરજમાં સ્નાન કર્યાનું ફળ મળ્યું ન હોય !

શ્રી યમુનાજીનાં શ્યામ જળ પણ જાણે વિરહવિદગ્ધા વ્રજાંગનાઓનાં કાજળપૂરિત નયનોમાંથી વહેલા જળમાં ઘોળાઇ વધુ શ્યામ ન બન્યાં હોય ! અહીંના વૃક્ષો,લતાઓ,પુષ્પો જાણે રસિકોની ફોજ હોય અને પ્રેમભીનાં હૈયાંને સત્કારવા શિસ્તબદ્ધ ઊભાં હોય એમ લાગતું હતું. સમગ્ર વાયુમંડળમાં શ્રીકૃષ્ણ પ્રભુના દિવ્ય લીલાવિગ્રહની સૌરભ પ્રસરેલી હતી.

શ્રુતિ ભગવતી કહે છે, ' આ વ્રજમંડળની ગાયો સાક્ષાત્ ઉપનિષદો છે. ગોપીઓનાં ગોરસ બ્રહ્મરસ છે. ગોપ-ગોપીઓ શ્રીકૃષ્ણનાં અંગરૂપ છે. નિત્ય ગોલોક સાક્ષાત્ ગોકુલરૂપે શોભે છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વ્રજરૂપે પ્રકાશે છે. વ્રજ શ્રીકૃષ્ણમય છે. શ્રીકૃષ્ણ વ્રજમય છે. આથી જ અહીં પ્રેમ, આનંદ અને પરમ શાંતિનું સામ્રાજ્ય પથરાયેલું છે.

●

અચાનક મધુમંગલની નજર દૂર ઊડતી ધૂળની ડમરી પર ગઇ. થોડીક વારમાં આંખ આગળ રથની આકૃતિ ઉપસવા માંડી. એણે બૂમ પાડી, 'અરે, અર્જુન !જો તો ખરો, રથ આવતો લાગે છે.'

'અરે હા ! જરૂર એ આપણા શ્યામસુંદર જ હશે. આજ તો સવારથી ગોકુલમાં ઉત્સવ મનાવાઇ રહ્યો છે'ભોજ બોલી ઊઠ્યો.

ત્યાં શ્રીદામાએ કહ્યું, 'હા હા ! જુઓ ને, એજ રથ છે. શ્યામ વર્ણ છે, એજ પીતાંબર, એજ માળા, એજ મુગટ, એજ કુંડળ !'

કોઉ આવત હૈ તન સ્યામ ।
વૈસેઇ પટ, વૈસિય રથ-બૈઠનિ, વૈસિય હૈ ઉર દામ ॥

અરે ! આ કનૈયો એકલો કેમ છે ?શું દાઉ ભૈયા નહીં આવ્યા હોય ?'

'અરે ભાઇ ! એ તો છે જ ઉતાવળીયા. એકલા વહેલા નીકળી ગયા હશે અને નંદભવનમાં માતાની ગોદમાં મસ્તક મૂકી અલકમલકની વાતો કરતા હશે.'મધુમંગલે બુદ્ધિ દોડાવી.

રથ નજીક આવતો જોઇ બધા ગોપસખાઓ રથની દિશામાં દોડ્યા. નજીક પહોંચતા જ જશવંત બબડી ઊઠ્યો, 'હત્તારી ની ! આ તો આપણો કનૈયો નથી. ભાઇ, આપણા ભાગ્યમાં એની સાથે હવે ખેલવા-ખાવાનું ક્યાંથી હોય ? એ તો મથુરાનો રાજા બની ગયો ને !' પછી મનોમન વિચારવા લાગ્યો, 'તો પછી કનૈયા જેવાં વસ્ત્રાભૂષણવાળા આ ભદ્રપુરુષ કોણ હશે ? રથ અને ઘોડા તો જરૂર અમારા શ્યામસુંદરના જ છે.'

આ ગોપબાળકોને દોડતાં સામે આવતાં જોઇ ઉદ્ધવજીએ રથ રોક્યો. નીચે ઊતરી મનોમન પ્રણામ કરી, ભાવથી એકએક કરી સૌને ભેટ્યા. ગોપબાળકોને નવાઇ લાગી. આનંદ પણ થયો. થોડોક સંકોચ દૂર થતાં શ્રીદામાએ પૂછ્યું, 'આપ કોણ છો ? ક્યાં જવું છે. ?'

'હું શ્રીકૃષ્ણનો સેવક છું. એમનો ખાસ સંદેશો લઇને, નંદભવન જવા નીકળ્યો છું. શ્રીકૃષ્ણે તમને બધાંને પણ ખૂબ પ્રેમથી યાદ કર્યા છે અને સમાચાર કહેવડાવ્યા છે કે તેઓ થોડાક દિવસોમાં જ તમને મળવા આવશે. બલભદ્રજી પણ સાથે પધારશે.તમારા વિના એમને મધુપુરમાં ગોઠતું નથી. તમારી બધાંની અતિ યાદ આવવાથી જ એમણે મને ખાસ મોકલ્યો છે.' ઉદ્ધવજીએ નિખાલસપણે કહ્યું.

'અરે, કનૈયો તો અમારા વિના પળભર પણ રહી શકતો નહોતો. આખો દિવસ તો વનમાં ગાયો ચારતાં અમે સાથે જ રહેતા. પણ રાત્રેય એ અમને નહોતો ભૂલતો. ઊંઘમાં અમારું નામ દઇ, બબડ્યા કરતો, તો પછી આટલા દિવસ એ અમારા વિના રહી શી રીતે શક્યો ? શું એ અમને ભૂલી ગયો છે કે પછી મથુરામાં જઇને નિષ્ઠુર બની ગયો છે?'શ્રીદામાએ પોતાના મનની વાત સાફ શબ્દોમાં કહી દીધી.

'અરે,કનૈયો મારા ખભા પર ઊભો થઇ જઇને ઊંચા આંબા પરથી કેરી તોડી લેતો, ત્યારે કેવો રાજીના રેડ થઇ જતો ?' વિશાલ બોલ્યો.

'અને અમને વનભોજન માટે જાતજાતની સામગ્રીઓ સિદ્ધ કરી લાવવા કહેતો. અમે સૌ એને ભાવતી સામગ્રી સિદ્ધ કરી લાવતા. એ બધાંયની સામગ્રીમાંથી થોડુંક ચાખતો અને માથું હલાવી કંઇક ને કંઇક ઊણપ શોધી કાઢતો. પણ પેલા કુંભનની બેજરની રોટી ને ટેટીનું શાક ઝાપટી જતો. એનાં વખાણ કરતાં થાકતો નહીં. એ અમારો લંગોટિયો ગોઠિયો આવો નઠોર બને, એમ અમે નથી માનતા ! તોકનો અવાજ તરડાઇ ગયો.

'અમે અમારા આ મધુમંગલને લાડુ ખૂબ ભાવે. બ્રાહ્મણ છે ને ? એક દિવસ કનૈયાએ એને દેવ બનાવવા પરાણે પકડ્યો. એના ઉપર બધાયે યમુનાતટની રેત નાખી ગળા સુધી રેતીમાં પૂર્યો. પછી એના માથા પર જમુના-જળનો અભિષેક કર્યો. ફૂલ-પાંદડાં ચડાવ્યાં. કનૈયો ભીની રેતીનો મોટો લાડુ બનાવવા માંડ્યો. મધુમંગલ ગભરાઇ ગયો. જેમ તેમ કરી, એ રેતીના ઢગમાંથી નીકળીને જાય નાઠો !' સુબલ હસતાં હસતાં બોલ્યો.

'એક વાર ઉનાળાના આકરા તાપમાં ખેલતાં ખેલતાં કનૈયાનો ચહેરો લાલઘૂમ થઇ ગયો. મેં ખેલ બંધ કરી, ભાંડીરવન પાસે જવા માટે કહ્યું. કનૈયો ખિજાઇ ગયો.મને પણ સહેજ માઠું લાગ્યું. બીજા સખા મારી મશ્કરી કરવા લાગ્યા. રિસાઇને હું ત્યાંથી ચાલવા માંડ્યો. સખા મને રોકવા મથ્યા, પણ હું ઊભો ન રહ્યો. ત્યાં તો ભદ્ર ભૈયા! ની ચીસ સંભળાઇ. કનૈયો મારી પાછળ પાછળ દોડતો આવતો હતો. મારા પગ ત્યાંજ સજ્જડ થઇ ગયા.કનૈયો આવીને મને ભેટી પડ્યો. કહે, "આટલી અમથી વાતમાં રિસાઇ ગયો ? અને એની આંખમાં આંસુ છલકાઇ ઊઠ્યાં. હું પણ જોરથી રડી પડ્યો. કનૈયાએ મને છાતીસરસો ચાંપી માંડ છાનો રાખેલો. એ કનૈયાને આજે અમારાં આંસુ પણ પીગળાવી શકતાં નથી ! શું એ ખરેખર મોટો રાજા બની ગયો છે ?" ભદ્ર પોતાની મૂંઝવણ વ્યક્ત કરતાં બોલી ઉઠ્યો.

ઉદ્ધવજી આ દૃશ્ય જોઇ ગદ્‌ગદ્ થઇ ઊઠ્યા. એમણે સાક્ષાત્ અનુભવ્યું કે આ ભૂમિ દિવ્ય પ્રેમભૂમિ છે. સામે ગાયો વાછરડાંના સ્નેહવશ ભાંભરતી દોડતી હતી. પાછળ ગોપબાળકો કૃષ્ણલીલાનું ગાન કરતા ચાલતા હતા. ઉદ્ધવજીને 'આગે ગાય, પીછે ગાય. ઇત ગાય ઉત ગાય 'નાં પ્રત્યક્ષ દર્શન થયાં.આવાં દર્શન થાય એજ સાર્થકતા. આ તો વ્રજભૂમિ. પરમ પ્રેમની ભૂમિ.ભગવાન પણ જ્યાં પોતાનું ઐશ્વર્ય ભૂલી, ભોળી ભરવાડણના મધુર ભાવને વશ થઇ જાય, એ રાસરસિકેશ્વર શ્રીશ્યામસુંદરની લીલાભૂમિ. અહીંનો એકએક કણ શ્યામ રસથી રસાયેલો છે. અહીંના અણુઅણુમાં અનંત આનંદનો અસ્ખલિત પ્રવાહવહે છે.

આ બધા ગોપ-બાળકોની વાતો સાંભળતાં સાંભળતાં ઉદ્ધવજી રથને દોરતા, એમની સાથે ચાલતા હતા. એમનો પ્રેમ જોઇ ઉદ્ધવજી મુગ્ધ થતા જતા હતા, વારેવારે ગાયો પણ પાછળ જોઇ, મથુરા તરફ મુખ કરી ભાંભરતી ક્ષણેક રોકાઇને પછી ચાલવા માંડતી. વનપંખીઓના કલરવ, લીલા કુંજાર વૃક્ષોનાં પાંદડાનો મર્મર

ધ્વનિ,જમુનાજી તટ પર અથડાઇને ઊછળતાં મોજાંનો શોર-એ બધાં જાણે રાત-દિવસ શ્યામસુન્દરને પોકારતાં હોય, એવો આર્તનાદ સંભળાતો હતો-

કુંજનમેં ભૌરપુંજ ગુંજરત સ્યામ સ્યામ
બોલત વિહંગ ત્યોં કુરંગ સ્યામનામ હૈ ।
ધેનું તૃન મુખ ધરિ સ્યામઇ પુકારતી હૈં,
જમુના-તરંગ સોર સ્યામ સબ જામ હૈ ॥

કુંજોમાં ભ્રમરનાં ગુંજારવ, પંખીઓના કલરવ અને હરણાંના ધ્વનિમાં પણ 'શ્યામ, શ્યામ 'નો નાદ ઊઠે છે. ગાયો મુખમાં ઘાસ લઇ દીનભાવે શ્યામને જ પોકારે છે. યમુનાજળમાં તરંગોમાંથી પણ શ્યામ-નામનો ઘોષ પડઘાય છે. જ્યાં જુઓ ત્યાં સર્વત્ર બસ 'શ્યામ'નું જ રટણ થતું જણાય છે. જ્યારે ઉદ્ધવજીએ વ્રજમાં પ્રવેશ કર્યો, ત્યારે ગાયોનાં ધણ ગોકુળમાં પાછાં ફરતાં હતાં અને તેમની ખરીઓથી ઊડેલી વ્રજરજથી સમગ્ર વાતાવરણ રજમંડિત બની ગયું હતું. આમતેમ ફરતાં ગાયોનાં વાછરડાંથી શોભતું હતું. ક્યાંક ગાયોને દોહવાનો અવાજ આવતો હતો. ગોકુળમાં પાછા ફરતાં ગોપબાલોની વાંસળીના સૂર સંભળાતા હતા; જાણે શ્રી કૃષ્ણ અને બલભદ્રનાં અલૌકિક કર્મો અને લીલાનું ગાન એ વેણુ કરતી ન હોય ! ગોપીજનો પણ શ્યામસુંદર પધારવાના છે, એ સમાચાર સાંભળી સારી રીતે શૃંગાર સજીને આમતેમ હરતાં-ફરતાં નજરે ચડ્યાં. મોટાભાગની ગોપીઓ ગોદોહનનો સમય થયો હોઇ સ્વગૃહે પાછી ફરી હતી. દરેક ઘેર તુલસીના ક્યારા વાતવરણને દિવ્યતા અર્પતા શોભતા હતા.

છેલ્લાં વોળાવ્યાં વાછરુ ને ઘેન કરે હીસોરા જી ;
વૈષ્ણવ ગાયે હરિના ગુણ, તહાં ચોદિશ તુલસીક્યારા જી.

વાતવાતમાં વાટ ક્યારે કપાઇ ગઇ, એનો કોઇને ખ્યાલ ન આવ્યો. થોડીવારમાં તો એક દિવ્ય સુગંધથી ઉદ્ધવજીનું મન મસ્ત બની ગયું. જુએ છે તો સૌ ગોકુળિયા ગામ વચ્ચે આવી પહોંચ્યા છે. ગોપબાળકો દૂરથી નંદભવન બતાવી, બીજા દિવસે મળવાનું કહી પોતપોતાની ગાયો હંકારી ઘર તરફ ચાલી નીકળ્યા. ઉદ્ધવજી રથ લઇ નંદભવનના દ્વારે પહોંચ્યા.

નંદભવન ! હા, આ નંદભવનમાં જ ભગવાને પૂતનાને મુક્તિ આપી હતી.

આ ભવનમાં જ માતા યશોદાની ગોદમાં પોતાને સમર્પિત કરી દીધા હતા. ભક્ત જ્યારે ભગવાનને સમર્પિત થઇ જાય છે, ત્યારે ભગવાન પણ ભક્ત પ્રત્યે સમર્પિત થઇ જાય છે, જ્યાં સ્વયં હરિ ગોદમાં ખેલતા હોય, ત્યાં મુક્તિ બાપડી શી વિસાતમાં ? મુક્તિ તો આ આંગણની ધૂળમાં જ ભળી ગઇ છે. અહીંની રજેરજમાં મુક્તિનો વાસ છે. વ્રજરજ અને શ્યામસુંદર એકબીજામાં ઓતપ્રોત છે.

આ વ્રજવાસીઓનું તો સમગ્ર જીવન ભગવદ્રુપ છે., ભગવદ્-સેવાર્થે છે. ભગવાનના ચરણની રજ અનાદિકાળથી આજ સુધી શ્રુતિઓ શોધતી જ રહી છે, છતાં એમને જે સૌભાગ્ય સાંપડ્યું નથી, તે આ ગોકુળની અભણ-અલ્લડ ગોવાલણોનેસાંપડ્યું છે. આનંદવિભોર બનેલી એક ગોપી એની સખીને કહે છે, 'હે સખી ! સાંભળ. મેં નંદના આંગણમાં એક વિચિત્ર કૌતુક જોયું.' પેલી સખી પૂછે છે,' એવું તે વળી શું જોયું ?' ત્યારે પેલી ગોપી ગળગળી થઇને જવાબ આપેછે, 'બહેન ! સઘળા વેદોએ જેનું નિરૂપણ કર્યું છે, એ પરબ્રહ્મને મેં ગોધણની ધૂળથી ખરડાયેલા શ્રી અંગે નંદભવનના આંગણમાં નાચતો જોયો !'

શૃણુ સખિ કૌતુકમેકં નન્દનિકેતાને મયા દૃષ્ટમ ।
ગોધૂલિ-ધૂસરાંગો 'નૃત્યતિ વેદાંત-સિદ્ધાન્તઃ ॥

આથી જ તો સ્વયં બ્રહ્માજીને પણ ઇચ્છા થાય છે કે ' હે પ્રભુ !આ વ્રજ-ભૂમિમાં, એમાંયે ખાસ તો ગોકુળમાં, જો કોઇ પણ જીવયોનિમાં મારો જન્મ થાય, તો એ મારાં સદ્દ્ભાગ્ય હશે ; કારણકે ગોકુળમાં જન્મ લેવાથી આપના કોઇક પ્રેમી ભક્તોનાં ચરણોની ધૂળ મારાં અંગ ઉપર જરૂર પડશે. હે પ્રભુ ! આપનાં પ્રેમી ભક્તોનાં ચરણોની ધૂળ મારાં અંગ ઉપર જરૂર પડશે. હે પ્રભુ ! આપનાં પ્રેમી વ્રજભક્તોનું સમગ્ર જીવન એ આપનું જ જીવન છે. આપ જ એમના જીવન-સર્વસ્વ છો. એથી એ ભક્તોનાં ચરણોની ધૂળ આપનાં ચરણોની ધૂળ સમાન જ છે અને આપનાં ચરણોની ધૂળ તો અનાદિકાળથી વેદ પણ શોધતા રહ્યા છે.'

વેદની એ ઋચાઓ જ ગોકુળમાં ગોપીજનો અને ગાયોરૂપે અવતરી છે. એ વ્રજના ભાગ્યનાં શાં વખાણ કરવા ?ઉદ્ધવજી એવા ગોકુળમાં પ્રભુના ગોલોકધામમાં જ અત્યારે પધાર્યા છે. એથી એમના હૈયામાં પણ કંઇક પ્રેમભાવ પાંગરવા માંડ્યો છે.

સંધ્યા-સમય અને ગોરજથી છવાયેલ આકાશ. આવા ઘટાટોપમાં સ્પષ્ટ તો કશું દેખાય નહીં;પણ નંદભવનના આંગણે આવતો રથ અને શ્યામસુંદર જેવો જ વેશ-વર્ણ જોઇ એક ગોપબાળા દોડી ગઇ નંદભવનમાં;અને એકી શ્વાસે બોલી ઉઠી, 'મૈયા, મૈયા !હમારે કાન્હો પધારે હૈં.'

નંદરાયજી બેઠકખંડમા બિરાજ્યા હતા. યશોદામૈયા ખિરકમાં ગાયો સંભાળવા ગયાં હતાં. નંદબાબા આ સમાચાર સાંભળતાવેંત એકદમ આનંદઘેલા થઇ ગયા હતા.ઉતાવળે પગલે દ્વાર પર આવ્યા. હાથની છાજલી કરી આંખો ખેંચીને એ ઘરડાના વિસામા સરખા કનૈયાને જોવા મથ્યા, પણ એમને કનૈયાનેબદલે કોઇ બીજું જ જણાયું. એટલામાં યશોદાજી પણ સમાચાર સાંભળી હરખઘેલાં થઇ ભવનમાં પાછાં પધાર્યાં.બાળુડાના વિરહમાં માતાનું શરીર કૃશ બની ગયું છે,છતાં 'કનૈયો આવ્યો'એ શબ્દ સાંભળતાં જ એમના અંગઅંગમાં ઉત્સાહ વ્યાપી ગયો. સાચવીને રાખેલી કનૈયાની વેણુ અને લાકડી શોધવા લાગ્યાં. 'કાનો માગે તો શું આપું?એવી અવઢવ એમના મનમાં હતી. આથી એ શોધી કાઢી **'ભાજી માત લકુટ-મુરલી લૈ.'**

યશોદાજી નંદબાબાની પરખે આવીને ઊભાં રહ્યાં. નંદબાબાએ કહ્યું,'વેશ તો આપણા કનૈયા જેવો જ છે, પણ કનૈયો હોય એમ લાગતું નથી. યશોદામૈયાને પણ એવો જ ભાસ થયો. અને જાણે પોતાનું સઘળું લુંટાઇ ગયું હોય તેમ માથે હાથ દઇ, નિસાસો નાખતાં જમીન પર બેસી ગયાં.

ઉદ્ધવજી નંદબાબાને જોઇ ઉત્સાહથી આગળ વધ્યા. બાબાને અને યશોદામૈયાને પ્રણામ કર્યા. પછી હાથ જોડી ઉદ્ધવજી બોલ્યા, 'બાબા હું ઉદ્ધવ છું. મથુરાથી શ્રીકૃષ્ણે મને મોકલ્યો છે. આપના કુશળ-સમાચાર પુછાવ્યા છે અને આપને માટે સંદેશો પણ મોકલ્યો છે. કૃષ્ણ અને બલરામ બંને ભાઇ થોડાક જ દિવસમાં અહીં આવશે, એમ કહેવડાવ્યું છે અને આપસૌને વારંવાર પ્રણામ પાઠવ્યા છે. હું ઉદ્ધવ પણ આપને પ્રણામ કરું છું.'

નંદબાબાએ ઉદ્ધવજીને પ્રસન્નતાથી છાતીસરસા ચાંપ્યા. ખૂબ પ્રેમથી એમને આવકાર્યા. હાથ પકડી ભવનમાં દોરી ગયા. પલંગ પર બેસાડ્યા. પ્રભુના સખા અને મહેમાન સમજી સાક્ષાત્ શ્રીકૃષ્ણ સમાન એમનો આદર સત્કાર કર્યો. પછી પાસે બેસી ખૂબ પ્રેમથી પ્રસાદ લેવડાવ્યો.

દૈ કરિ અરઘ લએ ભીતર તે, ધનિ-ધનિ કહિ દિન આજ ।
ધનિ-ધનિ 'સૂર'ઉમઁગ-સુત આયે, મુદિત કહત બ્રજરાજ ॥

ઉદ્ધવજીને કંઇ બોલવાની તક જ ન મળી. નંદબાબા અને યશોદામૈયા જાણે અપૂર્વ આનંદમાં ઝૂમતાં હતાં. પોતાની વય પણ ભૂલી ગયાં હતાં. સાક્ષાત ઉત્સવ-સ્વરૂપ ઉદ્ધવજી આંગણે પધારે અને સદાય આનંદથી ઊભરાતા નંદભવનમાં ઉમંગનું મોજું ન લહેરાય તો જ નવાઇ !

ભગવદીય આંગણે પધારે, એનાથી રૂડો ઉત્સવ બીજો કયો હોઇ શકે ?આવા ટાણે તો જે સુખ ને આનંદનો અનુભવ થાય છે, તે લૌકિક આનંદના ગણાતા પ્રસંગોમાં પણ થતો નથી. કોઇને ઓચિંતું ખૂબ ધન મળી જાય અથવા કોઇ વાંઝણીને ત્યાં દીકરો અવતરે અને જેવો આનંદ થાય, તેનાથી પણ આ વિશેષ આનંદ હોય છે. કોટિ તીર્થોમાં નહાવાથી પણ જે સુખ નથી મળતું, તે ભક્તના ચરણોદકનું પાન કરવાથી થાય છે. આવા ભક્તોના મુખનાં દર્શન કરવાથી તો અનેક દુઃખ ભૂલી જવાય છે. નંદબાબાને અને યશોદામૈયાને પણ અત્યારે આવો અદ્ભુત આનંદ ઊપજ્યો છે.

'સાચી વાત છે, આજે જન્માષ્ટમીનો દિવસછે, પ્રભુનું પ્રાગટ્ય થવાનું છે. એ અવસર પર જ સાક્ષાત્ ઉત્સવ-સ્વરૂપની પધરામણી, એ આપણે માટે પણ ધન્યતાનો પ્રસંગ જ છે.'માલાબહેન એકદમ ટહૂકી ઊઠ્યાં.

રામજીભાઇ નંદભવનમાંથી અચાનક અમદાવાદની ધમાલનગરીમાં આવી પહોંચ્યા હોય,એમ વિસ્મયથી તાકી રહ્યા. એમનો અસ્ખલિત વહેતો વાણીપ્રવાહ અટકી ગયો. એમની નજર સામેની દીવાલ પર ગઇ. સાડા છ થવા આવ્યા હતા. એમણે પૂછ્યું, 'હવે વિરામ જ કરીશું ને ?'

'હા,પણ આજે શ્રીકૃષ્ણનો પ્રાક્ટ્યોત્સવ છે. નંદભવનમાં મહોત્સવ થશે. આપણે રાત્રે બેઠક ચાલુ રાખીએ તો ? અનુભાઇએ પ્રસ્તાવ મૂક્યો.

સૌએ એ પ્રસ્તાવ વધાવી લીધો. સૌનો મનોરથ જોઇ રામજીભાઇને પણ આનંદ થયો. એમણે સસ્મિત એવાત સ્વીકારી લીધી. રાત્રે નવ વાગે આવવાનું નક્કી કરી સૌ વીખરાયાં.

●

૮. હમતેં કછુ સેવા ન ભઇ

રાત્રે સાડા આઠ વાગતામાં તો શ્રોતા ભગવદીયો આવવા માંડ્યા. નવ વાગતાં સુધીમાં દશ-બાર ભગવદીયો એકઠાં થયાં. માલાબહેને સૌને આવકાર્યા. આનંદ પણ વ્યક્ત કર્યો. કિશનભાઇ બોલી ઊઠ્યા, 'ભાઇ, બધાને રસ પડ્યો લાગે છે.જુઓને , આ શ્રોતાઓની ભીડ વધવા માંડી.'

અનુભાઇએ સહજ રીતે ટીખળ કરતાં કહ્યું, 'આમેય આજે મધરાત સુધી આ સૌને જાગવાનું તો છે જ; એટલે ત્યાં સુધી લૌકિક વાતોમાં કે વ્યવહારનાં કામોમાં ગૂંથાયેલાં રહેવા કરતાં આવો સત્સંગનો અનાયાસ લાભ ઘેરબેઠાં મળતો હોય અને એ લેવાનું ચૂકે તે અમદાવાદી નહીં.'

આ સાંભળી સૌ હસી પડ્યાં. અનુભાઇએ બધાંનો પરિચય કરાવ્યો. નવ-આગંતુક સૌ એમના પરિચિત-વૃંદનાં જ હતાં. સૌને જયશ્રી કૃષ્ણ કરી, રામજીભાઇએ સ્મિત કરતાં કહ્યું, 'તો પછી જઇશું નંદભવનમાં ? ત્યાં નંદ બાબા અને જશોદામૈયા એમના ક્હાન-કુંવરની વાતો કરવા ખૂબ આતુર છે. એમની આરતી અતિ ઉત્કટ બને તે પહેલાં જ આપણે પણ એ પરમ ભગવદીયોની સત્સંગ-વાર્તામાં પહોંચી જવું જોઇએ. હૃદયમાં વિરહનો ઉત્કટ ભાવ જાગે,ત્યારે પ્રભુને પણ ભક્તના મનોરથ મુજબ સ્વરૂપ ધરી સામે પધારવું પડે છે. આજે તો નંદલાલનો આવિર્ભાવ થવાનો જ છે ! આપણને પણ એમનાં દિવ્ય દર્શનનો લાભ મળે એવો મનોરથ સેવીએ.'

ચાલો, નંદભવનમાં પહોંચતા પહેલાં જન્માષ્ટમીની વધાઇ ગાઇએ.'રાધાબહેનેઆનંદમાં અભિવૃદ્ધિ કરતાં કહ્યું. એમનો સ્વર લહેરાઇ રહ્યો.

મહામહોચ્છવ શ્રીગોકુલ ગામ ।
પ્રેમમુદિત જુવતી જસ ગાવત સ્યામસુંદર કો લૈ લૈ નામ ॥
જહાં તહાં લીલા-અવગાહત ખરિક ખોરિ દધિમંથન ઠામ ।
કરત કુલાહલ નિસિ અરુ બાસર આનંદમેં બીતત સબ જામ ॥



ગો.વા. મદનલાલ ડાહ્યાભાઈ ભગત
પ. ભ. શ્રી એચ. એમ. ભગત
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
અમદાવાદ

નંદ ગોપસુત સબ સુખદાયક મોહન મૂરતિ પૂરન કામ ।
'ચતુર્ભુજ'પ્રભુ ગિરિધર આનંદનિધિ સખીસ્વરૂપ શોભા અભિરામ ॥

'બોલો, શ્રીકૃષ્ણ-કનૈયાલાલ કી જય કહી રામજીભાઇએ પુનઃસ્મરણ યાત્રાનો દોર આરંભ્યો.

●

નંદાલયમાં પ્રસાદ આદિથી પરવારીને પ્રસન્ન ચિત્તે ઉદ્ધવજી આસન પર બિરાજ્યા. નંદબાબા પણ પ્રેમથી એમની પાસે બેઠા. યશોદામૈયા પણ આતુરતાથી સાથે ને સાથે આવીનેબિરાજ્યાં. નંદબાબાને વાત તો પૂછવી છે શ્રી કૃષ્ણની,કાનકુંવરના કુશળ-સમાચારની, પણ સીધેસીધું પૂછી શકતા નથી.આનંદાવેશથી હૈયું એટલું ભરાઇ આવ્યું છે કે શબ્દો કંઇક જુદા જ નીકળે છે. આનંદના અતિરેકમાં આવું જ થાય.બોલવું હોય કંઇક અને બોલાઇ જાય કંઇક. જોકે એમના હૈયામાં ભાવ તો એટલો જ છેકે અમારી આંખની કીકી-શો અમારો લાલો કુશળ તો છે ને ?કહે છે-

કચ્ચિદઙ્ગ મહાભાગ સખા નઃ શૂરનન્દનઃ ।
આસ્તે કુશલ્યત્યાધૈર્યુક્તો મુક્તઃ સુહૃદવૃતઃ ॥

'હે પરમ ભાગ્યવાન ઉદ્ધવજી !હવે અમારા મિત્ર વસુદેવજી જેલમાંથી મુક્ત થયા છે. તે કુશળ તો છે ને ?તેમના પુત્ર-ભાઇ વગેરે સ્વજનો પણ સૌ કુશળ છે ને ?એમણે ઘણાં વર્ષો સુધી કારાવાસનું દુઃખ વેઠ્યું છે. હવે એમને સુખનો દિવસ જોવા મળ્યો છે એ ભગવાનની કૃપા છે. પાપી કંસના જવાથી યાદવો અને મથુરાનાં લોકો મરજી મુજબ ધર્મનું આચરણ તો કરી શકે છે ને ?' નંદરાયજી આટલું બોલતાં બોલતાં તો ગદ્‌ગદ્ થઇ ઊઠ્યા. પછી યશોદાજી સામે ઘડીભર જોઇ, ઉદ્ધવજીના મુખ સામે તાકી રહ્યા અને ધીરેથી ગળું ખંખારતાં બોલ્યા -

અપિ સ્મરતિ નઃ કૃષ્ણાં માતરં સુહૃદઃ સખીન્ ।
ગોપાન્ વ્રજં ચાત્મનાથં ગાવો વૃન્દાવનં ગિરિમ્ ॥

અનેઅમારો કનૈયો પણ કદી અમને યાદ કરે છે ખરો ? જુઓ, આ એમનાં માતા છે.એમની દશા તો જુઓ. 'અહીં કનૈયાનાં સગાં-સંબંધી છે, ગોપમિત્રો છે તેમજ તેને પોતાનું સર્વસ્વ માનનારાં વ્રજભક્તો અને વ્રજજનો છે. આ ગાયો, વૃંદાવન, ગિરિરાજ એ બધાંને શું કદી યાદ કરે છે ખરો ? ફરી નંદરાયજીને ગળે ડૂમો બાઝ્યો. સહેજ અટકીને કહે છે-' **પૂછત પિતા નંદ ઉધૌ સૌં, કબહું સુધિ કરત**

ગુપાલ હમારી ?' અમે તો ગામડાના જીવ. અમારાથી અજાણતાંમાં ઘણી ભૂલો થઇ હશે. અપરાધ પણ થયા હશે. પણ એ બધાંનો પસ્તાવો કરવાથી હવે શો ફાયદો? સાક્ષાત્ વાસુદેવ મારા ઘેર પધાર્યા, છતાં મેં એક આહીરના બાળકની જેમ તેને રાખ્યો. આમ તો યાદવોના કુલ-પુરોહિત ગર્ગાચાર્ય અહીં પધાર્યા, ત્યારે એમણે એ બાળકના નામકરણ સંસ્કાર વખતે જ એના મહિમાની વાત કરતાં મને કહ્યું હતું.

આસન્ વર્ણાસ્ત્રયો હ્યસ્ય ગૃહ્નતોઽનુયુગં તનૂઃ ।
શુકલો રક્તસ્તથા પીત ઈદાનીં કૃષ્ણતાં ગતઃ ॥
પ્રાગયં વસુદેવસ્ય કવચિજ્જાતસ્તવાત્મજઃ ।
વાસુદેવ ઈતિ શ્રીમાનભિજ્ઞાઃ સમ્પ્રચક્ષતે ॥

'આ તમારા નાના પુત્ર દરેક યુગમાં જન્મ લે છે અને સફેદ,લાલ તથા પીળો એ ત્રણ વર્ણવાળા થાય છે;પરંતુ આ વખતે તે કૃષ્ણ-વર્ણ થયા છે, માટે **'કૃષ્ણ'**કહેવાશે. વળી, તમારા આ પુત્ર પ્રથમ વસુદેવજીના પુત્ર થયા છે, તેથી એને જાણનારા લોકો એને **'વાસુદેવ'** પણ કહે છે. ગુણ અને કર્મને આધારે તમારા આ પુત્રનાં અનંતનામ છે, એ માત્ર હું જ જાણું છું; પરંતુ સંસારના સામાન્ય લોકો એ બધાં નામ જાણી શકતા નથી. ગોપો અને ગોકુલને આનંદ આપનાર આ પુત્ર તમારું શ્રેય કરશે. એના કારણે તમે બધી મુશ્કેલીઓને સહેલાઇથી તરી જશો.'હે ઉદ્ધવ ! ગર્ગાચાર્યની એ વાત, લોકોના સંસર્ગને કારણે હું વીસરી જ ગયો.

હરિ કી લીલા કહત ન આવૈ ।
કોટિ બ્રહ્માંડ છનહિં મેં નાસૈ, છનહિં મેં ઉપજાવૈ ॥
બાલક બચ્છ બ્રહ્મ હરી લે ગયૌ,તાકૌ ગર્વ નવાવૈ ।
ઐસૌ પુરુષારથ સુનિ જસુમતિ, ખીઝતી ફિર સમજાવૈ ॥

'યશોદાજી તો એમના લાલાને પોતાનો જ પુત્ર માને છે, તેથી આવી મહિમાની ગાથા એમને અકારી લાગે છે. તેઓ અકળાઇને બોલી ઊઠે છે, 'ઉદ્ધવજી ! સાચું કહેજો, શું કનૈયો અમારો દીકરો નથી ?ભલે મથુરામાં જઇને હવે એ વસુદેવ-દેવકીનો દીકરો બની ગયો હોય, ભલે દેવકીએ એને જન્મ આપ્યો હોય,પણ પાળી-પોષીને મોટો તો મેં જ કર્યો છે ને ?ભૈયા !મેં તો દેવકીજીને વિનંતી સાથે સંદેશો પણ મોકલ્યો હતો કે તમે જ શ્રીકૃષ્ણનાં જનની છો;પણ એકવારએને અહીં મોકલો;જેથી એનાં દર્શન કરી અમે જીવવાનું બળ મેળવીએ. મેં કહેવડાવ્યું હતું -

તુમ રાની બસુદેવ ગેહિની, હમ અહીર બ્રજબાસી ।
પઠૈ દેહુ મેરે લાલ લડૈતેં,વારૌં ઐસી હાંસી ॥
તુમ જનની જગવિદિત 'સૂર'પ્રભુ, હમ હરિકી હૈં ધાઈ ।
કૃપા કરી પઠવહુ ઈહિ.નાતૈં, જીવૈં દરસન પાઈ ॥

છતા એમણેમારી વાત પર કશું ધ્યાન આપ્યું નથી. લાગે છે કે આ સંકટ-ટાણે સહુ મોં ફેરવીને બેસી ગયા છે ! ઉદ્ધવ ! અમે તો કનૈયાનાં બધાં લાડ પૂરાં કરવા અમારાથી બનતું બધું જ કર્યું છે. એને માટે ગોપીઓનાં કેટકેટલાં મહેણાં સહન કર્યાં છે !અરે, ઘણીવાર તો એમની સાથે ઝઘડો પણ કર્યો છે. હવે અમારો એ લાલો અમને છેતરી આમ ચાલ્યો જાય. એ શું યોગ્ય છે ?જો એ મારો દીકરો હોત,તો આમ ઘડપણમાં અમને અસહાય અવસ્થામાં છોડીને ચાલ્યો ગયો હોત ખરો ?જ્યારથી અમારા ખોળાનો ખૂંદનાર એ કનૈયો અહીંથી ગયો છે, ત્યારથી રાત-દિવસ એની જ યાદ સતાવ્યા કરે છે.'એટલું કહી યશોદાજી ચૂપ થઇ ગયાં.

ત્યાં નંદરાયજી બોલી ઊઠ્યા, 'પ્રિય ઉદ્ધવ !શું એ કનૈયો એની આ દુઃખિયારી માતા અને વૃદ્ધ પિતાને કદી યાદ કરે છે ?અરે, એની સાથે ખેલનારા ગોપબાળકોને અને એની પ્રિય ગાયોને તો એ ભૂલી ગયો લાગે છે; પણ એની આવવાની એકમાત્ર આશામાં જીવી રહેલાં વ્રજવાસીઓને તો એ નહીં જ ભૂલ્યો હોય. ભૈયા !આ વૃંદાવન, આ જમુનાજી, આ ગિરિ-ગોવર્ધન એ બધાં તો આજે પણ તેની રાહ જોઇ રહ્યાં છે. જમુનાજી તો એના વિરહમાં સુકાવા માંડ્યાં છે.' નંદરાયજીનો કંઠ પણ રુંધાઇ ગયો.

પછી કહે છે, 'ઉદ્ધવ!એનું એ મનોહર મુખ, એની કાલીઘેલી વાણી, પોપટની ચાંચ જેવું નાક, એની મધુર મુસકાન એ બધું ફરીથી જોવાનો લાભ આ આંખોને મળશે ખરો ?નંદરાયજી એમનાં ગાણાં ગાવામાં વ્યસ્ત છે. રહી રહીને એ એકજ વાત કરે છે, 'શું અમારો કાનુડો અહીં આવશે ખરો ?'

પાસે બેઠેલાં મૈયા આ બધું સાંભળી અકળાય છે. એમને પણ ઘણીબધી વાતો કરવી છે. એમની ધીરજનો બંધ તૂટ્યો. કનૈયાનું સ્મરણ થઇ આવતાં આંખોમાંથી

આંસુ વહેવા માંડ્યા. સહેજ કાળજું કઠણ કરી એ બોલ્યાં-

ઊધૌ કહૌ સાંચી બાત ।
દધિ, મહ્યૌ નવનીત માધવ, કૌન કે ઘર ખાત ॥
કિન સખા સઁગ સંગ લીન્હેં, ગહે લકુટી હાથ ।
કૌન કી ગૈયાં ચરાવત, જાત કોધોં સાથ ॥

'ભૈયા !સાચું કહેજો. અમારુ મન મનાવવા ખોટી વાત ન કરતા. જુઓ, અમારા કનૈયા વિના આ ગોદ ખાલી છે. એને રોજ સવારે માખણ-રોટી ખાવાની ટેવ ;એટલે રોજ તાજું માખણ કાઢીને રાખી મૂકું છું. રખે ને એ ઓચિંતો આવી જાય અને ખાવા માંગે તો એને શું આપું ? પણ એ આવતો નથી એટલે નિરાશ થઇ જાઉં છું. ભૈયા ! તમે તો મારા લાલનની પાસે રહો છો. એના મિત્ર છો. બધું જાણતા હશો. કહો, એ ત્યાં સુખી તો છે ને ?ત્યાં એને રોજ સવારે કોણ માખણ આપતું હશે?કે પછી એને સવારે કલેઉ મળતું જ નથી ! માત્ર બપોરે જ જમી લે છે. એ દુબળો તો નથી પડ્યો ને ? એનું સુંદર મુખડું કરમાઇ તો નથી ગયું ને ?ત્યાંની રાજકાજની ઝંઝટમાં એ અમને ભૂલી તો નથી ગયો ને ?ત્યાં એ કોની સાથે ખેલતો-ખાતો હશે ?એને લાકડી ને કામળી કોણ આપતું હશે ?ભૈયા!ત્યાં એ કોની ગાયો ચરાવતો હશે ? ગાયો ચરાવવા કોની સાથે જતો હશે ?એના બધા ભેરુબંધ તો અહીં જ છે. શું એમના વગર એને ત્યાં ફાવે છે ?અહીં તો એ વાતવાતમાં હઠ કરતો. મારી સાથે લડતો. ઘેર ગમે તેટલું દહીં-માખણ આપું, તો પણ ગોપીઓના ઘરમાં ઘૂસી જઇ દહીં-માખણ ચોરતો અને ઢોળતો. રોજ એ બધાંની ફરિયાદ મારે સાંભળવી પડતી. ત્યાં એને માટે આવી ફરિયાદ કોણ કરતું હશે ?મા જેવું વહાલ કોણ કરતું હશે ?એની બધી જીદ કોણ પૂરી કરતું હશે ?'અને મૈયાની નજર સામે કનૈયાની બાલલીલાઓ તરવરવા માંડી-

કૌન ગોપી કૂલ જમુના,રહત ગહિગહિ ઘાટ ।
દાન હઠ કે લેત કા પૈ, રોકિ કિનકી બાટ ॥
કૌન ગ્વાલનિ સાથ ભોજન, કરત કિન તેં બાત ।
કૌન કે માખન ચુરાવન, જાત ઉઠિ કે પ્રાત ॥



ગો.વા. હિરાલાલ છબીલદાસ પારેખ
પ. ભ. શ્રી હરેન્દ્રભાઈ હિરાલાલ પારેખ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
ભાવનગર

'ઉદ્ધવજી !અમારા એ નટખટ લાલનની લીલાઓ યાદ આવે છે ને હૈયું ગદ્‌ગદ્ થઇ ઊઠે છે. જમુનાજીના કિનારે જળ ભરવાને મિષે ગોપીઓ જાય અને અમારા એ લાલાને આંતરે. લાલો ખિજાય એટલે એમનાં મટકાં ફોડી નાખે. પછી એ ગોપીઓ ફરિયાદ લઇને મારી પાસે આવે. આથી એ નટખટ મહી વેચવા જતી ગોપીઓને આંતરે.બળ જબરી કરીને દાણ માગે. કોઇકની સાથે તો ભોજન કરવા બેસી જાય, કોઇકની સાથે અલકમલકની વાતો કરતાં કલાકો સુધી બેસી રહે. ક્યારેક તો હું એમ માનું કે લાલો હજી ઊઠ્યો જ નથી, પણ એ તો ઊઠીને કોઇકના ઘરમાં માખણ ખાવા ઘૂસી ગયો હોય. ભૈયા ! એના એ બધા ઉધમાત નિર્દોષ ભાવે થતા અને ગોપીઓને પણ ગમતા.અટકચાળી ગોપીઓને જાણીબુજીને લાલાને ખીજવતી અને મારી પાસે ખોટી ખોટી રાડ લઇને આવતી.

'ભૈયા! એક દિવસની વાત કરું. હું સવારમાં દહીં વલોવતી હતી. સૂરજ હજી ઊગ્યો નહોતો. લાલાને યાદ કરતી હું દહીં વલોવવામાં મગ્ન હતી. મને એમ કે લાલો હજી ઊંઘ્યો છે. પણ એ તો એકદમ આવ્યો અને એની નાનકડી કોમળ હથેળીથી મારી આંખો બંધ કરી દીધી. એના મધુર સ્પર્શથી હું આનંદથી કમકમી ઊઠી. વલોણું છોડી દઇ મેં ધીરેથી એને પકડ્યો અને મારી ગોદમાં બેસાડ્યો. પછી તાજું દોહીને લાવેલું દૂધ ભરીને એને પીવડાવવા લાગી. દૂધ પીતાં પીતાં એ એકદમ અટકી ગયો અને મારા મોં સામે તાકી રહ્યો. એનું એ સુંદર,કોમળ મુખડું જોઇ હું વારી ગઇ. દૂધથી ખરડાયેલા એના હોઠ અને દાડમના દાણા જેવી તાજી ઉગેલી દંતપંક્તિ એકાકાર લાગતી હતી. હજુ હું પાલવથી એનું મુખ સાફ કરવા જાઉં,ત્યાં તો એ પાછો ડાહ્યોડમરો થઇ ગટક ગટક દૂધ પીવા મંડી પડતો.

'ઉદ્ધવ !એની કેટકેટલી લીલાઓને યાદ કરું. તમે કદાચ સાંભળ્યું હશે. એક વાર હું એને ગોદમાં લઇ દૂધ પીવડાવતી હતી. સામે ચૂલા ઉપર દૂધ ગરમ કરવા મૂક્યું હતું. એમાં એકદમ ઊભરો આવ્યો. મેં લાલાને ખોળામાંથી નીચે ઉતાર્યો. ઊભરાતા દૂધનું વાસણ ઉતારવા ચાલી ગઇ. બસ, મારી આ નાનકડી ભૂલ પર લાલો એવો તો ખિજાયો કે ચૂપચાપ કોઠારમાં પહોંચી ગયો. દૂધનાં બધાં વાસણ ફોડી નાખ્યાં. દહીં ઢોળી નાંખ્યું. માખણ વાનરોને ખવડાવી દીધું. એનું આ પરાક્રમ જોઇ મને પણ ગુસ્સો આવ્યો. મેં એને ખાંડણિયા સાથે બાંધી દીધો. અરે રે !એવી તો કઠોર કાળજાની હું છું.આજે પણ એ વાત યાદ આવે છે ને મારું અંગઅંગ

કંપી ઊઠે છે. શું મારા એ આંખની કીકી જેવા કનૈયા કરતાં દૂધ અને માખણ મારે માટે વધારે કિંમતી છે !ના,ઉદ્ધવ ના. એવું તો હું સ્વપ્ને પણ વિચારી ન શકું. આજે મારી પાસે બધું છે. પણ મારા કાળજાના કટકા સરખો, અમ આંધળાની લાકડી સરખો કનૈયો અમારી પાસે નથી. ત્યારે આ દૂધ અને દહીંના વાસણ જોઇ અંગ અંગમાં આગ લાગે છે. આટલું કહેતા કહેતાં તો યશોદાજી મૂર્છિત થઇને ઢળી પડ્યાં.

ઇતૌ બૂઝત માઇ જસુમતિ પરી મુરછિત ગાત ।
'સૂરદાસ'કિસોર મિલવહુ મેટિ હિય કી તાત ॥

આ દૃશ્ય જોઇ ઉદ્ધવજી ખળભળી ઊઠ્યા. માતાનું વાત્સલ્ય કેવું હોઇ શકે, એ આજે એમણે પ્રત્યક્ષ જોયું. નંદરાયજી એકદમ ઊઠ્યા. યશોદાજીને બેઠાં કર્યાં. પીઠ પર હાથ પસવાર્યો. સાંત્વનાના બે શબ્દો કહ્યા. એમનું હૈયું પણ ભરાઇ આવ્યું. એમણે કહ્યું,'ઉદ્ધવ ! જુઓ છો ને પુત્રવિરહમાં પાગલ બનેલી આ માતાની દશા? શું કનૈયાને આ વૃદ્ધ માતા-પિતાની યાદ નહીં આવતી હોય ?ભૈયા, એમને તો જરૂર અમારી યાદ આવતી હશે; કારણ કે એ માત્ર અમારો દીકરો નથી;એ તો આખાયે વ્રજનો જીવનદાતા છે. એણે જ વખત આવ્યે દાવાગ્નિમાંથી, તૃણાવર્તના ત્રાસમાંથી, ભયંકર મેઘ તાંડવથી, અઘાસુરથી અમારું રક્ષણ કરીને મૃત્યુના મુખમાંથી અમને બચાવ્યા છે. એ રીતે પણ અમે જીવનભર એનાં ઋણી છીએ.અમારા પર આટઆટલા ઉપકાર કરવા છતાં, અમારી આ અસહાય અવસ્થામાં અમને આમ એકલાં અટૂલાં છોડીને એ ચાલ્યો જશે એવી તો કલ્પનાયે નહોતી.' અને નંદરાયજી ગળગળા થઇ ગયા. કનૈયા વગર ઘર સુનૂંસુનૂં લાગતું હતું. એનું સ્મરણ થતા જ નંદરાયજી કમકમી ઊઠ્યા. વળી પાછાં શ્રીકૃષ્ણની પરાક્રમભરી બાલલીલાનાં સ્મરણમાં ખોવાઇ ગયા. શુકદેવજી કહે છે -

સ્મરતાં કૃષ્ણવીર્યાણિ લીલાપાઙ્ગનિરીક્ષિતમ્ ।
હસિતં ભાષિતં ચાંગ સર્વાન્ શિથિલાઃ ક્રિયાઃ ॥

ઉધ્ધજી તો પરમ ભગવદીય છે. ભગવાનનું નામ સાંભળતા જ એમનાં ચિત્તમાં ભગવાનની વિવિધ લીલાઓનું ચિત્ર અંકિત થઇ ઊઠ્યું. **'સ્મરતાં કૃષ્ણવીર્યાણિ'** શબ્દો એમના હૃદયમાં અંકિત થઇ ઊઠ્યા.ભગવાનની વ્રજ લીલામાં જાણે તદ્રુપ થઇ ગયા. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાને વ્રજમંડળમાં જે લીલાઓ કરી છે, જ્યાં જ્યાં એમનાં ચરણ બિરાજ્યાં છે, ત્યાં ત્યાં પોતાનું સમગ્ર સામર્થ્ય સ્થાપિત કરી દીધું છે. એ સ્થાનોનાં દર્શન કરવામાત્રથી જ ભગવદાવેશ થઇ આવે છે. જાણે આપણી નજર સમક્ષ શ્રીકૃષ્ણ બિરાજમાન હોય, એવી દિવ્ય અનુભૂતિ થાય છે. ભગવાનની એ વ્રજલીલા નિત્ય છે. એમનાં લીલાસ્થાનોનાં દર્શન અને સ્પર્શનથી એવો ભગવદાવેશ થઇ આવે છે કે વિપ્રયોગ દશામાં પણ સંયોગ-અવસ્થાનું સુખ અનુભવાય છે. વ્રજ ચોરાસી કોસની યાત્રાનું આજ મહત્ત્વ છે. યાત્રા વખતે વ્રજદર્શન આવા વિશુદ્ધ ભાવ અને પરમ પ્રેમથી કરવું જોઇએ. જો હૃદયમાં દૃઢ આસ્થા અને કૃષ્ણમિલનની તીવ્ર અભીપ્સા હશે, તો જરૂર ભગવદાવેશ થશે. અહીં એકએક સ્થળ, એકેએક વસ્તુ ચિન્મય છે-ભગવદ્-સ્વરૂપ છે,એવો સુદૃઢ ભાવ હોવો એ યાત્રાનું પ્રથમ ફળ. ભગવદીયો જાણે છે કે **'વૃક્ષેવૃક્ષે વેણુધારી...'** આ છે વ્રજમંડળનો મહિમા.

ત્યાં તો ઉદ્ધવજીની ભાવસમાધિમાં ભંગ પાડતા નંદરાયજીના શબ્દો સંભળાયા, 'ઉદ્ધવ !શ્રીકૃષ્ણની એ લીલાકટાક્ષભરી દૃષ્ટિ, એનાં કરેલાં પરાક્રમો,એનું મૃદુ હાસ્ય,એની કાલીઘેલી મધુર વાણી એ બધું યાદ કરતાં અમારી સઘળી ક્રિયાઓ શિથિલ થઇ જાય છે. આથી તો કદીક મથુરા જઇ લાલાનાં દર્શન કરવાની ઇચ્છા થાય છે; ત્યારે અહીં એનાં બાળલીલાંનાં સ્થાનોનાં દર્શનમાત્રથી જ એ મનોરથ પૂર્ણ થઇ જાય છે. લાલો અહીં નથી એવું કદી લાગતું નથી. એ પરમ સુખનો અનુભવ થતાં મથુરા જવાનો વિચાર મનમાંથી ખરી પડે છે. પણ ફરી પાછો પુત્ર પ્રત્યેનો વાત્સલ્યભાવ જાગી ઊઠે છે અને એની મધુર બાલલીલાઓમાં ખોવાઇ જાઉં છું.ભૈયા, ક્યારેક એ પાછળથી આવી મારી આંખો બંધ કરતો. ક્યારેક મારી ગોદમાં બિરાજી મારી દાઢી ખેંચતો, ક્યારેક ઉધમાત કરી ભાગી જતો અને મને તેની પાછળ દોડાવતો. એ બધું આજેય મારી આંખ આગળ તરવરે છે. નાની વયે પૂતનાનો મોક્ષ, ભરેલા ગાડાને ઉછાળી નાંખવું, બકાસુરનો વધ, કાલીયદમન- એ બધું યાદ આવતાં એની અપાર શક્તિનો પરચો યાદ આવે છે. એની નિર્દોષ રમતો, એનું નિર્દોષ મુખડું, વાંકડિયાળા વાળ,ખેંચાયેલા તીરછાં ભવાં જાણે હજીયે મારી સામે નાચ્યા કરે છે. મારા એ શ્યામસુંદરને પેલા ઓટલા ઉપર રમતાં ક્યારે જોઇશ ? સાચું કહું તો, ઉદ્ધવ!જો એના પાછા આવવાની આશા ન હોત, તો અમે ક્યારનાય પ્રાણ ત્યજી દીધા હોત. અત્યારે મને ગર્ગાચાર્યનાં વચન યાદ આવે છે કે પુત્રરૂપે તે સાક્ષાત્ ભગવાન જ છે. એ વચન સાચું જ છે, તેમ છતાં આખરે તો એ અમારો પુત્ર છે ને ?આ ગોદમાં એને રમાડ્યો છે, આ હાથે એને ખવડાવ્યું છે. આંગણામાં

રમી, ધૂળથી ખરડાઇ એ દોડી આવતો અને મારા ખોળામાં ભરાઇ જતો. મારાં કપડાં મેલાં કરી નાંખતો. હા, એ મારો પુત્ર જ છે. દુનિયા માટે ભલે ને એ ભગવાન હોય !'આટલું કહેતાં કહેતાં નંદબાબા વાત્સલ્ય રસસાગરમાં ડૂબી ગયા. નયનમાંથી અશ્રુધારા વહેવા માંડી. મન પ્રભુની લીલામાં પ્રવેશી ગયું. અને તે ચૂપ થઇ ગયા.

પાસે બેઠેલાં યશોદાજી એકચિત્તે આ બધી વાતો સાંભળતાં હતાં. અને ચુપચાપ આંસુ વહાવતાં હતાં. કનૈયાના બચપણની વાતો સાંભળી એમનું વાત્સલ્ય પણ ઊભરાઇ ઊઠ્યું. છાતીમાંથી જાણે દૂધની ધારા વહેતી હોય એમ લાગ્યું. નંદરાયજીને પ્રેમવિભોર થયેલા જોઇ, યશોદાજી પણ સરકીને એમની પાસે આવ્યાં. અત્યાર સુધીમાં એમનો સંકોચ ઓગળી ગયો હતો. વાતનો દોર હાથમાં લેતાં કહે છે, 'ભૈયા !અમારી દશાની શી વાત કરીએ ?

હરિ કૌ મારગ દિન પ્રતિ જોવતિ ।
ચિતવત રહત ચકોર ચંદ જ્યૌં, સુમિરિ સુમિરિ ગુન રોવતિ ॥

અમારા એ લાલાની રાહ રોજ જોઇએ છીએ. આખો દિવસ આંખો મથુરાના માર્ગ પર મંડાયેલી રહે છે. એને ન જોતાં નિરાશ થઇને પાછી વળે છે,ત્યારે ઘડીભર તો એમ થાય છે કે આના કરતાં આ આંખો ન હોત તો સારું. ક્યારેક એની યાદ ઉત્કટ બને છે, ત્યારે જમુનાના કિનારે જઇને કલાકો સુધી બેસી રહું છું. જમુનાજીના જળમાં ઊઠતા તરંગોને ગણ્યા કરું છું. ક્યારેક એવો ભાસ થાય છે કે કાલિય નાગને નાથવા કનૈયો આ ભૂરા જળમાં ક્યાંક છુપાયો હશે. હમણાં બહાર નીકળશે.જ્યારે કલાકો સુધી રાહ જોવા છતાં એ બહાર નીકળતો નથી, ત્યારે આંખો પર ગુસ્સો આવે છે.મારું ચાલે તો મારા સગા હાથે આ આંખોને ફોડી નાખી હોત. અમારે માટે શ્યામલલાને જોવા સિવાય આંખોનું બીજું શું પ્રયોજન ! એટલે એને જોવાની લાલચે જ આ આંખોને સાચવી રાખી છે. શું અમારો એ મનોરથ પૂરો થશે ખરો ?એકાદ વાર પણ એ આવીને મારી આ સૂની ગોદમાં બેસશે ખરો ?

'ઉદ્ધવ !મેં ઘણીવાર મહરને મથુરા જઇ, કનૈયાના સમાચાર પૂછી આવવા આગ્રહ કર્યો. પણ દરેક વેળા તે કંઇક ને કંઇક બહાનું કાઢી મારી વાત ટાળી દે છે. પોતે જતા નથી અને મને પણ જવા દેતા નથી. લાલાને જોવા દિલ ઝંખ્યા કરે છે. એ મુખકમળનાં દર્શન વિના ચેન પડતું નથી. પણ હવે હું એમની એકેય



ગો. વા. ગોરધનભાઇ હંસરાજભાઇ સભાયા
પ. ભ. શ્રી મનસુખભાઇ ગોરધનભાઇ સભાયા
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
માધુપુર

વાત સાંભળવાની નથી. એકલી મથુરા જઇશ. કોઇની રોકી હવે રોકાવાની નથી. લાલાનાં દર્શન વગર ગુંગળામણ થાય છે.'

નંદરાયજી સમજાવે છે, 'અરે ભાગ્યવાન ! મથુરામાં એને રાજવૈભવ છે. કશી વાતની ઊણપ નથી.તને જોશે એટલે એ અહીં આવવાની હઠ કરશે. અહીં આપણે મથુરાના રાજમહેલ જેવું સુખ એને ક્યાંથી આપી શકીશું ? ના ના, મારા લાલાને સહેજ પણ પરિશ્રમ થાય એવું હું નહીં થવા દઉં.'

યશોદાજી કહે છે, 'ના, મહર ! હવે હું નહીં જીરવી શકું. પણ સાંભળો. ત્યાં હું એની નજરે નહીં પડું. ગુપ્ત વેશે જઇશ. વસુદેવજીની દાસી બનીને રહીશ. છુપાઇને મારા લાલાનાં દર્શન કરીશ અને કૃતાર્થ થઇશ- **'એક બાર મિલિ જાહુ 'સૂર'પ્રભુ, ધાઇ હૂકૈં નાત ।'** સૂરદાસજી આ અલૌકિક ભાવના સાક્ષી હોય એમ અદ્ભુત શબ્દચિત્ર દોરી આપે છે -

હૌં તૌ માઇ મથુરા હી પૈ જૈહોં ।
દાસી હ્નૈ વસુદેવ રાઇ કી, દરસન દેખત રૈહૌં ॥
રાખિ રાખિ એતે દિવસનિ મોહિં કહા કિયૌ તુમ નીકૌ ।
સોઉ તૌ અક્રૂર ગયે લૈ, તનક ખિલૌના જી કો ॥

અને યશોદાજીની આંખમાંથી પણ શ્રાવણ-ભાદરવો વરસવા માંડ્યો. આ આંસુ કેવળ ખારા જળનાં આંસુ નહોતાં. પ્રેમરસનો પુનિત પ્રવાહ હતો. માતૃહૃદયમાં અદીઠપણે વહી રહેલ વાત્સલ્યના અમૃતનો પ્રગટ પરચો હતો. યશોદાજી અવશપણે ઘડીભર ઉદ્ધવ સામે તાકી રહ્યાં. પાછાં અનાયાસ શ્યામસુંદરની બાળલીલાના સ્મરણ-રમણમાં ખોવાઇ ગયાં. એમને એટલો તો ભગવદાવેશ થઇ આવ્યો કે મથુરા જવાની હઠ લઇ, નંદજી સામે જે ફરિયાદ આદરી હતી એ વાત સ્વયં ભૂલી ગયાં. વાત શરૂ થઇ મથુરા જવાની હઠથી અને પરિણમી કૃષ્ણલીલાના સ્મરણ-રમણમાં. અદ્ભુત છે આ પ્રેમ-ગતિ. પ્રેમભક્તિની આ જ તો વિલક્ષણતા છે ને ? એકવાર જે એ ભક્તિના પૂરમાં વહેવા માંડે છે,એને આગળ-પાછળની સંગતિનું ભાન રહેતું નથી.

યશોદાજીની પણ આવી જ સ્થિતિ થઇ ગઇ. એમની વાણી થીજી ગઇ, ગળું ભરાઇ આવ્યું . ક્ષણભર પછી જાણે પોતાના દોષનું સ્મરણ થઇ આવ્યું હોય તેમ

બોલ્યાં. 'ઉદ્ધવ ! જીવ-સ્વભાવને લીધે અમારાથી અનેક દોષ થયા હશે. ક્યાંક એને માર્યો હશે. કદીક એની વાત નહીં માની હોય, તો રિસાઇને એ રડ્યો પણ હશે. અરે હા ! એક વાર તો એ એટલો રડેલો,એટલો રડેલો કે એની આંખનું બધું કાજળ ધોવાઇ ગયું. આંખ મસળતાં એના ગાલ અને કમળ-શા હાથ કાજળથી ખરડાઇ ગયા. એટલે તો એ અમારા પર રૂઠ્યો છે અને અહીં આવતો નથી. તમે જઇને કહેજો ! કે એ અહીં આવે. આવીને ભલે રોજ મટકાં ફોડે, શોર મચાવે, ઉધમાત કરે. એક શબ્દ પણ કહું કે વઢું તો મને કહેજો. એ તો અમારો આધાર છે, આંધળાની લાકડી છે. પણ એ અમને છેતરીને ચાલ્યો ગયો, એનું દુ:ખ અમને ઓછું નથી.-

ક્હાન કુંવરે હમને વાહ્યાંજી, એમ કહેતામાં નેત્ર ભરાય જી,
હૃદય રૂંધાયું નવ બોલાયજી ,વિજોગનું દુઃખ ઉર ન સમાય જી.

યશોદાજીની આ ભાવદશા જોઇ નંદરાયજી પણ ગળગળા થઇ ઊઠ્યા. એમના હૃદયમાં પણ બાલલીલાનાં સ્મરણ કોળી ઊઠ્યાં, 'ઉદ્ધવ !કનૈયાએ તો સદા અમારા જ સુખનો વિચાર કર્યો છે. અનેક આપત્તિઓમાંથી અમને ઉગાર્યા છે. આજે માત્ર અમારા સુખ કાજે અમે એને અહીં પધરાવી લાવીએ, એવાં સ્વાર્થી તો અમે નથી. ના ના, ઉદ્ધવ !અમને એનાં દર્શનનો મનોરથ જરૂર છે, પણ અહીં લાવી એને પરિશ્રમ આપવા માગતાં નથી. એના આટલા આટલા ઉપકાર હોવા છતાં અહીં અમારાથી એની કશીજ સેવા થઇ શકી નથી. વાત્સલભાવે એ ત્રિભુવનના નાથને અમે અબોધ બાળક સમજી બહુ મોટી ભૂલ કરી છે. એ તો દીનાનાથ છે, કરુણાસાગર છે. એને કહેજો કે અમારા બધા અપરાધ માફ કરે અને બસ, એકવાર આવીને દર્શન દઇ જાય.

હમતેં કછુ સેવા ન ભઇ ।
ધોખેં હી ધોખેં જુ રહે હમ, જાને નાહિ ત્રિલોકમઇ ॥
ચરન પકરિ કર બિનતી કરિબૌ, સબ અપરાધ છમા કિબૈ ।
ઐસૌ ભાગ હોઇગૌ કબહૂં, સ્યામ ગોદ પુનિ મૈં લીબૈ ॥

આ ભાવદશા છે. આવી દશામાં ભક્ત ક્યારેક ઉન્મત્તની જેમ પ્રલાપ કરે છે, ક્યારેક કાષ્ઠની જેમ પૂતળી જેવો જડ-નિશ્ચેષ્ટ બની જાય છે. અચાનક એના ભાવની લહેર બદલાઇ જાય છે અને હૃદયમાં માહાત્મ્ય-જ્ઞાનનો પ્રકાશ થાય છે.

પછી તે પ્રેમાસ્પદના મહિમાનાં ગાન કરે છે અને માત્ર પોતાના જ અપરાધ જુએ છે -

ચૂક પરી હરિ કી સેવકાઇ ।
યહ અપરાધ કહાં લૌં બરનૌં, કહિ કહિ નંદમહર પછિતાઇ ॥
કોમલ ચરનકમલ કંટક કુસ, હમ ઉન પૈ બન ગાઇ ચરાઇ ।
રંચક દધિ કે કારજ જશોદા, બાંધે કાન્હ ઉલૂષન ભાઇ ॥

'ઉદ્ધવ ! અમારો પુત્ર સમજી, મોહવશ અમે પ્રભુની સેવા કરવાનું ચૂકી ગયાં છીએ. અમારા અપરાધો તો એટલા અગણિત છે કે શું ગણાવું ને શું ના ગણાવું ? પ્રભુનાં કોમળ ચરણકમલનું પણ અમને ધ્યાન ન રહ્યું. કાંટા-કાંકરા અને અણિયાળાં કુશવાળાં વન. છતાં પ્રભુ ત્યાં ખુલ્લા પગે ગાયો ચરાવવા જતા. અમે એમને અતિ પરિશ્રમ કરાવ્યો. અરે ! થોડું દહીં ઢોળવાના વાંકે આ જશોદાએ એને ખાંડણિયા સાથે બાંધ્યો.' આ બધા પ્રસંગો યાદ કરી નંદબાબા પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

ભાવાવેશમાં તે બોલી ઊઠ્યા, 'ભૈયા ! અમને ક્ષમા માંગવાનો પણ શો અધિકાર?અમે એને કશું જ આપી શક્યાં નથી. ઉપરથી એનો અપરાધ કર્યો છે. અમને જો એના માટે પ્રેમ હોત તો એને વઢત ખરાં ! અને પ્રેમ હોત તો એના વગર આજ સુધી જીવતાં રહ્યાં હોત ખરાં ? સાચો પ્રેમ તો પેલી માછલીનો છે કે જે પાણી વગર ઘડીભર જીવી શકતી નથી. તરફડી તરફડીને મરી જાય છે. અરે ! રાજા દશરથને જુઓ.એમને ત્યજીને રામ વનમાં ગયા કે તરત એમણે પુત્રવિયોગમાં પ્રાણ ત્યજી દીધા. જ્યારે અમે ? અમારાં કાળજાં તો વજ્ર જેવાં કઠોર છે કે પુત્રવિયોગમાં હજીયે જીવતાં રહ્યાં છીએ- **'ઉધૌ, કુલિસ ભઇ યહ છાતી.'** આટલું બોલતાંમાં તો નંદરાયજીનું હૈયું ભરાઇ આવ્યું. આંખો છલકાઇ ઊઠી.

ઇતિ સંસ્મૃત્ય સંસ્મૃત્ય નન્દઃ કૃષ્ણાનુરક્તધીઃ ।
અત્યુત્કણ્ઠોઽભવત્તૂષ્ણીં પ્રેમપ્રસરવિહ્વલઃ ॥

શ્રી કૃષ્ણમાં પરમ અનુરાગી એવા નંદરાયજી કૃષ્ણની બાલલીલાને યાદ કરતાં કરતાં પ્રેમવિહ્વલ થઇ ગયા.દર્શન માટે જ્યાં અત્યંત ઉત્કણ્ઠા જાગી, હૃદયમાં દિવ્ય સાનુભવ થયો અને એ બોલતા બંધ થઇ ગયા. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યારે ભાવાવેશ થઇ આવે છે, ત્યારે વાણી મૂક થઇ જાય છે. નંદ-યશોદાની સ્થિતિ

પણ અત્યારે આવી જ થઇ જાય છે.

નંદ-યશોદાનો આ અલૌકિક પ્રેમ જોઇ ઉદ્ધવ ઠરી જ ગયા. જે હોંશથી અહીં આવ્યા હતા, એ ઉત્સાહ ઓસરવા માંડ્યો. ઉદ્ધવમાં ભક્તિભાવ તો હતો જ;પણ એમાં કંઇક સખાભાવનો અંશ હતો. અહીં વ્રજભૂમિમાં પગ મૂકતાં જ એ સખ્યભાવમાં રસનું સિંચન થયું. સખ્યરસનું દર્શન એમને ગોપબાળકો સાથેની પ્રથમ મુલાકાતમાં જ થયું હતું ;પરંતુ નંદભવનમાં જે સ્થિતિ જોઇ, તેથી એમને ખાતરી થઇ કે વ્રજના ઘરેઘરમાં, પશુ-પક્ષી, મનુષ્ય અને લતા-પતા સુધી સૌ કોઇ શ્રીકૃષ્ણના જ ગુણાનુવાદ ગાતાં હતાં. વ્રજના કણકણમાંથી શ્રીકૃષ્ણના નામનો જ ધ્વનિ નીકળતો હતો. અત્યારે નંદ-યશોદા સાથેની વાતચીતમાં ઉદ્ધવને પરમ વાત્સલ્યરસનાં દર્શન થયાં. એમની બુદ્ધિ કુંઠિત થઇ ગઇ કે આમને મારે શું સમજાવવું ?પરંતુ શ્રીકૃષ્ણે જે સંદેશ લઇને એમને મોકલ્યા હતા, એ દૂતકર્મ તો પૂરું કરવું જ જોઇએ. આથી એમણે વિચાર્યું કે ભગવાનના ઐશ્વર્ય વિશે સમજાવીને આ વ્રજ-જનોની મોહનિંદ્રા દૂર કરવી જોઇએ.

આથી ખૂબ સાવચેતીપૂર્વક ઉદ્ધવ બોલ્યા, 'નંદબાબા, આપ ધન્ય છો. મૈયા પણ ધન્ય છે. ભગવાન શ્રીકૃષ્ણમાં આપનો આવો ભક્તિભાવ જોઇ મને આનંદ થાય છે. શાસ્ત્રોએ જેનો મહિમા ગાયો છે તે તીર્થ,તપ,વ્રત,દાન,જ્ઞાન, સમાધિ વગેરે સાધનોથી પ્રાપ્ત થવી મુશ્કેલ એવી પ્રેમલક્ષણા ભક્તિ તો આપને સિદ્ધ થઇ છે ;પરંતુ શ્રીકૃષ્ણ માત્ર આપના પુત્ર જ નથી, તે તો સમગ્ર સંસારનું મૂળ કારણ છે - સાક્ષાત્ પરબ્રહ્મ છે. સંતો કહે છે -

નિગમ નેતિ નેતિ કહે જેને, શિવ-બ્રહ્મા ગતિ નવ કળે,
શેષ નિશદિન ગાય ગુણ તે, ખોળ્યો ન મુનિજનને મળે.
જેણે સરજ્યું આ વિશ્વ સઘળું, પાળીને સંહારશે,
રહ્યો વ્યાપી પૂર્ણ સઘળે, જ્યાં જોશો ત્યાં એ હશે.
સ્થાવર-જંગમ જુઓ કો સ્થળ, એ વિના ખાલી નથી,
ભાળો એ નિજ ઘટમાં વ્યાપક, અંતરજામી સર્વથી.

ઉદ્ધવજી કહે છે, 'રામ-કૃષ્ણ આપને હરઘડી યાદ કરે છે અને થોડાજ દિવસોમાં અહીં પધારશે. એ આપનાથી કંઇ દૂર નથી. એ તો આપના અંતરાત્મારૂપે સદા સાથે જ બિરાજે છે. કાષ્ઠમાં અગ્નિની જેમ સર્વત્ર વ્યાપક છે. એ પરમાત્મા માટે કોઇ પ્રિય કે અપ્રિય નથી. એમની નજરે ઊંચ-નીચના કે નાનામોટાના ભેદ નથી. એમને કોઇ પારકું-પોતીકું પણ નથી. એમને નથી કોઇ માતા, નથી કોઇ પિતા, નથી પત્ની કે નથી પુત્ર. એમને જન્મ પણનથી, શરીર પણ નથી, કર્મ પણ નથી. આથી કર્મના ફળ ભોગવવાપણું નથી. એ તો પોતાના પ્રેમી ભક્તોના રક્ષણ માટે લીલાવતાર ધરે છે.

'જગતમાં સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો છે. પરબ્રહ્મ સ્વરૂપ શ્રીકૃષ્ણ નિર્ગુણ હોવા છતાં ક્રીડા માટે આ ગુણો સ્વીકારે છે. અને આ સંસારનું સર્જન, રક્ષણ અને વિસર્જન કરે છે. જેમ ચકડોળ પર બેઠેલ માણસને બધું ગોળ ગોળ ફરતું લાગે છે, એમ ચિત્ત જ કર્તા-ભોક્તા છે. એનું આરોપણ આત્મા ઉપર કરવામાં આવે છે,. આથી ભ્રાંતિ થાય છે. શ્રીકૃષ્ણ કેવળ તમારા પુત્ર નથી. એ તો સૌના પુત્ર પણ છે, સૌના માતા-પિતા પણ છે, સૌના ઇશ્વર અને આત્મા છે. ભૂત-ભવિષ્ય અને વર્તમાન તથા જોયેલું-સાંભળેલું એ બધું કૃષ્ણ સિવાય કશું જ નથી. એજ સઘળું છે, એ જ સૌમાં છે.' આમ છેલ્લે થોડીક જ્ઞાનવાર્તા કરી ઉદ્ધવજીએ સંતોષ માન્યો.

શ્રીકૃષ્ણના સ્મરણ-રમણમાં આખી રાત ક્યાં વીતી ગઇ, એનો કોઇને ખ્યાલ સુધ્ધાં ન રહ્યો. જ્યારે ગામમાં ઘમ્મર વલોણાંનો સ્વર સંભળાયો, ત્યારે જ યશોદાજી બોલી ઊઠ્યાં. 'અરે !એટલામાં વહાણું વાયું ?હજી હમણાં તો બેઠાં છીએ !ચાલો, નિત્યકર્મથી પરવારી સેવામાં પહોંચીએ.'અને એ ઊભાં થયાં.

'ચાલો, દર્શનનો સમય થવા આવ્યો છે. સૌને મંદિરે પહોંચવું હશે.'રાધાબહેન બોલ્યાં. પરસ્પર જયશ્રીકૃષ્ણ કહી સૌ વિખરાયાં.

૯. ઊધો કો ઉપદેશ સુનો, વ્રજ-નાગરી

લાલા માઈ પાલનેં ઝુલાયૌ ।
સુરનર મુનિ કોટી તૈતીસોં કૌતિક અંબર છાયૌ ॥
જાકૌ અંત ન બ્રહ્મા જાનૈં સિવ-સનકાદિ ન પાયૌ ।
સૌ સુત દેખ્યો નંદ-જશોદા ગોપી માંઝ ખિલાયૌ ॥
નાચત-હઁસત કરત કિલકારી મન અભિલાષ બઢાયૌ ।
'સૂરદાસ'ભક્તન હિત-કારન નાના ભેખ બનાયૌ ॥

વહેલી સવારે રાગ રામકલીનો મધુર સ્વર સાંભળી રામજીભાઈની આંખ ઉઘડી ગઈ. એકદમ ઊભા થયા. નાઈટ લેમ્પના આછા ઉજાસમાં જોયું તો પડખે સૂતેલા કિશનભાઈ પણ ન દેખાયા. દરરોજ સવારે ચાર વાગે ઊઠી, ફરવા જવાની એમને આદત હતી. રામજીભાઈએ આંખો ખેંચી સામે ઘડિયાળમાં જોયું. સાડાપાંચ વાગ્યા હતા. તે નિત્યકર્મથી પરવારવામાં લાગ્યા. ત્યાં તો અનુભાઈ આવ્યા. 'જયશ્રી કૃષ્ણ' કર્યાં. થોડીવાર બેસીને તે ગયા. રામજીભાઈ પરવારીને પ્રભુના લીલા-ચિંતનમાં પરોવાયા. સાતેક વાગ્યે પ્રભુનાં દર્શન પછી, સૌ ચા-નાસ્તાના ટેબલ પર એકત્ર થયાં.

નવ વાગ્યા સુધીમાં અન્ય ભાવિક ભવગદીયો આવી પહોંચ્યા. રાતની જેમ આજેય સંખ્યા વધુ હતી. નવ વાગ્યે રામજીભાઈએ કહ્યું. ' વ્રજયાત્રાનો સમય થયો છે. હવે ખરાખરીનો ખેલ છે. જે ગોપીજનો માટે ઉદ્ધવજી જ્ઞાનની પોટલી લઈ પધાર્યા છે; એમની સાથે સીધો મુકાબલો થવાનો છે.'

'તો પહોંચી જઈએ અને પ્રત્યક્ષ નિહાળીએ કે આજે એ વિરહની દાઝેલી વ્રજાંગનાઓ કેવો પ્રતિભાવ આપે છે !' માલાબહેને હસતાં હસતાં કહ્યું.

રામજીભાઈ કહે, 'મને તો ત્યાં એક અદ્‌ભુત દૃશ્ય દેખાય છે. નરસિંહ મહેતાના શબ્દોના સથવારે ચાલો, એ ગોકુળિયા ગામમાં...'

ગો. વા. શેઠ શ્રી હરિદાસ ધનજી મુલજી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
જામખંભાળીયા
ગો. વા. મુલીબાઈ હરિદાસ ધનજી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
મુંબઈ



ગો.વા. પ્રભાબેન નાગરદાસ પારેખ
પ. ભ. શ્રી રજનીભાઈ, અરૂણાબેન,
ચેતનભાઈ, વર્ષાબેન પારેખ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ

ના
નો
આ
સા
વિ
ચ
કું

વાતલડી કરતાં રે વહાણું વહી ગયું રે, હરિ-ગુણ ગાતાં ન આવ્યો પાર;
પ્રભાતે ઊઠીને રે ગોપીઓ સંચરી રે, કરવા જમુનાજીને જુહાર.
વેણી તે ડોલે રે જેમ નાગણી રે, પાયે ઝાંઝરનો ઝમકાર;
વલોણું વલોવતાં રે ગુણ સાંભરે રે, ખળકે કંકણ-ચૂડી સાર.
રથને તો દીઠે નંદજીના આંગણે રે,ત્યારે પડી પેટડિયામાં ફાળ;
'પ્રાણ અમારા રે પરથમ લેઇ ગયો રે, હવે શું લેવાને આવ્યો કાળ ?'
'આપણ સહુ એકઠાં રે મળીને મારશું રે, એ આવ્યો એકાએક';
'નરસૈંના સ્વામીએ બાઇ !મુને મોકલ્યો રે, ઓધવ કરે ગોપી-શું વિવેક.

વહેલી પરોઢે ઉદ્ધવ નિત્યકર્મ-સ્નાનાદિથી પરવારવા યમુનાકાંઠે ગયા. આ બાજુ ગોપીજનો પણ રાતભર શ્યામ-મિલનની આશામાં ભૂતકાળનાં સંસ્મરણોને વાગોળતાં રહ્યાં. પ્રભુના ગુણાનુવાદ ગમે તેટલા ગવાય, તોય એનો પાર ન આવે.ગોપીઓ પણ સવાર થતાં દૂધ દોહવામાં, વલોણું કરવામાં લાગી ગઇ. જોકે પોતાનાં દૈનિક કાર્યો કરતાં કરતાં પણ તેમના મુખમાં તો શ્રીહરિનું નામ જ હતું. -

મથન કરેં મોહન જસ ગાવેં, સુમિર સુમિર હરિગુન સચુ પાવેં ;
માખનમિશ્રી દહી મલાઇ, ઓટ્યોં દૂધ કપુર મલાઇ.

ગોપીઓ વલોણાથી પરવારી, જળ ભરવા બેડલાં લઇને નીકળી. જવું છે જમુનાજીના ઘાટે, પણ નીકળી નંદભવન આગળ થઇને. કાયમી ટેવ પડી ગઇ હતી. વળી, ગઇકાલના સમાચાર હતા કે શ્યામસુંદર પધારવાના છે; એટલે પ્રતીક્ષા તો હતી જ. નંદભવન આગળ રથ જોયો. ઓળખી ગઇ. અરે ! આતો મથુરાનો જ રથ !એમના પેટમાં ફાળ પડી : 'એકવાર આ રથ લઇને જ અક્રૂર આવ્યા હતા અને અમારા શ્યામસુંદરને લઇ ગયા હતા. શ્યામસુંદરને શું લઇ ગયા, જાણે અમારા પ્રાણ જ હરી ગયા હતા !હવે અહીં શું બાકી રહ્યું હશે, તે લેવા આવ્યા હશે ?'

તર્કવિતર્ક કરતી ગોપીઓ ચિબુક પર આંગળીઓ ગુંથી દૂર ઊભી હતી. ત્યાં સુનંદા બોલી ઉઠી, 'અરી સુરતા! જો અક્રૂરજી આવ્યા હોય, તો આ વખતે તો એમનો ઘડોલાડવો જ કરી નાખીએ. એક બાજુ લઇ જઇ હાડકાં એવાં તો ખોખર કરી નાખીએ કે ફરી અહીં આવવાની ખો ભૂલી જાય.'

'સુનંદા ! તું બહુ ઉતાવળી છે. તારી મા તને વઢકણી કહે છે, એ સાચું જ કહે છે. પહેલાં જરા ખાતરી કરીએ કે કોણ આવ્યું છે ? પછી બીજો બધો વિચાર.'સુરેખા બોલી. પછી કહે, 'પહેલાં આપણે જળ ભરી આવીએ. રસ્તામાં બધો વિચાર કરીશું. હવે અહીં લઇ જવા માટે બાકીયે શું રહ્યું છે ? આપણે તો શ્યામસુંદર આવવાની આશામાં જ આ હાડપિંજર જેવો દેહ ટકાવી રાખ્યો છે. એ જરૂર આવશે. ચાલો, બહેનડીઓ.'

અટકળોને લગામ ઘાલી સૌ સહિયરો જમુનાજીની વાટ વળી, ત્યાં તો દૂરથી શ્યામસુંદર જેવુ કોઇ આવતું જોઇ, વિમલા બોલી ઊઠી, 'ગોપાલી ! જો તો ખરી ! સામેથી આપણા શ્યામસુંદર જ આવે છે ને ? આપણે નંદભવન આગળ જે રથ જોયો, તે લઇને શ્યામસુંદર જ પધાર્યા લાગે છે.'

શ્યામસુંદરનું નામ સાંભળતાં જ ઘણી ગોપબાળાઓની આંખોમાં સહજ ચમક આવી ગઇ. કોઇકને સ્નેહવશ આંસુ ઝળક્યાં. કેટલીક તો મન મારીને ચૂપ રહી, પણ તેની માંડ દબાવી રાખેલી વેદનાના ઘા તાજા થઇ ઊઠ્યા. સામેથી ઉદ્ધવ ચાલ્યા આવતા હતા. એમને જોઇ આશ્ચર્ય થયું.

દૂર થકી એવા દીઠા હરિના જંન જી, કાન્તિ કરુણામય પ્રસન્ન વદન જી.
દંભરહિત ને છે નિર્વિકાર જી, પ્રેમદાએ પરખ્યા કો ભવદિય સાર જી ;
ત્યાં ઓધાજી નિકટઆવિયા જી, હરિસ્મરણ કરતાં ગોપીને નમિયા જી.

નજીક આવતાં જ ગોપીઓ ઓળખી ગઇ. આ શ્રીકૃષ્ણ તો નથી ! તો પછી એમના જેવા જ વર્ણ-વેશવાળા આ મહાનુભાવ કોણ હશે ? શા માટે આવ્યા હશે ? શ્રીકૃષ્ણ જેવીજ વેશભૂષા છે. જરૂર એ શ્યામના સેવક હશે કે પછી સખા હશે ! કંઇક સંદેશો લાવ્યા હશે. કંઇ નહીં તો શ્યામસુંદરના સમાચાર તો જાણવા મળશે જ. આમ વિચારી, એમણે પણ ઉદ્ધવજીને નમન કર્યું. આ ભગવદીયજી જોઇ ગોપીઓનાં હૈયાં ખીલી ઊઠ્યાં. ભગવદીયને જોઇ વૈષ્ણવને અતિ સુખ થાય છે, હૈયે આનંદની છોળો ઊછળે છે. ઉત્સવનો અનુભવ થાય છે. સાચા ભવગદીયની આ જ તો ઓળખ છે.

અષ્ટછાપ ભગવદીયોમાં શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક કુંભનદાસ ઠાકોરજીના અતિ કૃપાપાત્ર. ઠાકોરજી એમને સાનુભવ જતાવે. અનોસરમાં જઇ એમની સાથે ખેલે. એક વાર ઠાકોરજી પધાર્યા. કુંભનદાસને ઉદાસ જોઇ, આજ્ઞા કરી, 'કુંભના !આજ કેમ ઉદાસ છે ?' કુંભનદાસે કહ્યું, 'પ્રભુ ! આજે કોઇ ભગવદીયના સત્સંગનો લાભ મળ્યો નથી, તેથી મન ઉદાસ છે.'

ઠાકોરજીએ હસીને આજ્ઞા કરી, 'હું સ્વયં તારી સાથે ખેલવા આવું છું; છતાં પણ તને ભગવદીયના સત્સંગની અપેક્ષા રહે છે ?'

ઠાકોરજીએ કહ્યું,'કુંભના ! ધન્ય છે તારા વિવેકને. સત્સંગનું સાચું સ્વરૂપ તું સમજ્યો છે. તને સદા ભગવદ્રસનો લાભ મળે અને ભગવદીયનો વિરહ ન થાય એટલા માટે હું તને ભગવદીય પુત્રનું દાન કરું છું.'

ઠાકોરજીની આ કૃપાના ફલરૂપે કુંભનદાસના સાતમા પુત્રરૂપે ચતુર્ભુજદાસનો જન્મ થયો.અષ્ટસખા કવિઓમાં ચતુર્ભુજદાસ પણ સ્થાન પામ્યા. કુંભનદાસજીએ આથી જ, પોતાને સાત પુત્રો હોવા છતાં, એક વાર શ્રી ગુસાંઇજીના પ્રશ્નના ઉત્તરરૂપે કહ્યું હતું કે એમને દોઢ પુત્ર છે.

શ્રી ગુસાંઇજીએ એનો ખુલાસો પૂછ્યો, ત્યારે કુંભનદાસે ખૂબ દીનતા પૂર્વક કહ્યું હતું, 'કૃપાનાથ ! લૌકિક દૃષ્ટિએ મારે સાત દીકરા ખરા; પણ એમાંનાં પાંચ તો લૌકિકમાં આસક્ત છે.' તેથી એમને હું દીકરા ગણતો નથી. જે સેવા અને સ્મરણ કરે તે પૂરો દીકરો અને જે માત્ર યંત્રવત્ સેવા કરે , પણ ભગવદ્-સ્મરણ ન કરે, તે અડધો દીકરો. ચતુર્ભુજ મારો આખો દીકરો છે. એને સંયોગ અને વિપ્રયોગ બંને રસનો સમાન અનુભવ છે, જ્યારે કૃષ્ણદાસ અડધો દીકરો છે; કારણકે એ માત્ર ઠાકોરજીની ગાયોની સેવા કરે છે. એને લીલાનાં રહસ્યોનો અનુભવ નથી.'

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓનું નિત્યના સત્સંગમાં મહત્ત્વનું સ્થાન છે, તે એટલા માટે કે એ ભગવદીયોના જીવન-પ્રસંગોનું રહસ્ય સમજાય. એનું ચિંતન-મનન થાય, એમના જેવો ભગવદ્-ભાવ કેળવાય. આચરણમાં એ ભાવ ઉતરે. જીવન મધુરું અને સાર્થક બને. માત્ર કહેવા-સાંભળવાથી જીવન કૃતાર્થ થતું નથી. એ આચરણમાં પણ ઉતરવું જોઇએ, જીવન-વ્યવહારમાં વણાઇ જવું જોઇએ. જ્યારે એવો ભગવદ્ભાવ દૃઢ થાય, ત્યારે સત્સંગનો મહિમા સમજાય અને ભગવદ્-વિરહનાં અનુભવ પણ થાય, ભગવદર્શન માટેનો તરફડાટ અનુભવાય. સાચા ભવગદીય તો પલકાંતર (આંખનું મટકું મારીએ, એટલો અલ્પ સમય) વિરહ પણ સહી શકતા

નથી.

એકવાર શ્રીગુસાંઇજી કુંભનદાસજીને આગ્રહ કરીને પરદેશ લઇ જવા લાગ્યા. કુંભનદાસને અપ્સરા કુંડ સુધી પહોંચતા સુધીમાં તો વિરહજ્વર ચડ્યો. આંખમાંથી આસું સરી પડ્યાં. ભગવદ્દર્શનની તાલાવેલી થતાં શરીરે રોમાંચ થઇ આવ્યો. ગળગળા કંઠે ગાઇ ઊઠ્યા -

કિતેક દિન હ્વૈ જુ ગયે બિનુ દેખે ।
તરુન કિસોર રસિક નંદનંદન કછુક ઉઠત મુખ રેખે ॥

પાલમાં વિશ્રામ કરતા શ્રીગુસાંઇજીએ આ શબ્દો સાંભળ્યા. કુંભનદાસનો વિરહતાપ આપશ્રી સહન ન કરી શક્યા. બહાર પધાર્યા. આજ્ઞા કરી, 'કુંભનદાસ, તમારો પરદેશ પૂરો થયો. તમે ગોવર્ધન જાઓ. કીર્તન કરી ઠાકોરજીને રીઝાવો.'

આ સાંભળતા જ કુંભનદાસનું રોમરોમ પુલકિત થઇ ઊઠ્યું. તે મૂઠીઓ વાળીને નાઠા. સીધા મંદિરે પહોંચ્યા. ઉત્થાપનનો સમય થવા આવ્યો હતો. તેમણે મન મૂકીને ગાયું -

જો પે ચોંપ મિલન કી હોઇ ।
તો ક્યોં રહ્યો પરે બિન દેખે લાખ કરો જિન કોઇ ॥
જો પેં બિરહ પરસ્પર વ્યાપે, તો કછુ જિય હી બને ।
લોકલાજ કુલહી મરજાદા, એકો ચિત્ત ન ગિને ॥

આ છે સાચા ભગવદીયનાં લક્ષણ, ભગવદ્દર્શન અને ભગવદીયના સત્સંગ વિના એને ક્ષણ પણ ચેન પડતું નથી. સત્સંગ વગર એનું ચિત્ત, લગામ વગરના ઘોડાની જેમ બેકાબૂ બની વાયુવેગે ભાગવા માંડે છે. અનુભવી સંતો સાચું જ કહે છે -

બિનુ સતસંગ મતિ બેઢંગ ।
ફિરત ડાંવાડોલ મન જ્યોં, બિન લગામ તુરંગ ॥
કહા તપ બ્રત દાન સંજમ , કહા નહાએં ગંગ ।
દાસ નાગરિ બિનુ સત્સંગ, સકલ સાધન ભંગ ॥



પ.ભ. શ્રી લક્ષ્મીબેન અશ્વિનભાઈ દેસાઈ
પ.ભ. શ્રી તારાબેન નવનિતલાલ દેસાઈ
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
અમદાવાદ (ઝાલોદ)

ભક્તની ચાહે પ્રાથમિક અવસ્થા હોય કે પક્વ અવસ્થા હોય, સત્સંગ વિના ભાવનું પોષણ થતું નથી. બીજ હોય કે વૃક્ષ-એને જીવનરસની જરૂર પડે જ છે. એ જ રીતે ભગવદ્દરસની પ્રાપ્તિ અને પોષણ માટે સત્સંગ આવશ્યક છે. સત્સંગની ચરમ અવસ્થાએ તો ભગવાન ભોગ્ય બને છે અને સત્સંગી ભગવદીય ભોક્તા બને છે.આવી વિચિત્ર અને વિપરીત દશા એ સત્સંગનું પરમ ફળ છે. આજે ઉદ્ધવજીને જોઇને ગોપીજનો ઘેલાં બન્યાં છે. ભગવદીય પધાર્યા છે, એથી સત્સંગનો અમૂલ્ય લાભ મળશે, ભગવદ્રસની હેલી થશે ;એવા ભાવથી ગોપીજનોનાં હૈયાં મહાઉત્સવની મોજ માણવા હેલે ચડ્યાં છે. એમનો આનંદ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે.

ગમ્યા ગોપીને ઓધવજી, ભગવદી જાણીને ભાવિયા,
કર જોડી ઉદ્ધવે કહ્યું, 'અમો મધુપુરથી આવિયા.
શ્રીકૃષ્ણે મુજને મોકલ્યો, તમ પાસે સત્ય કહું છું કથી,
નિશદિન પ્રભુની પાસે રહું છું, મુજથી કાંઇ અંતર નથી.

શ્રીકૃષ્ણ-સંબંધને કારણે ગોપીજનોને ઉદ્ધવજી ભગવદીય લાગ્યા. એમને શ્રીકૃષ્ણ સમાન ગણી એમનો સત્કાર કર્યો. ઉદ્ધવજીએ પણ હાથ જોડી, વિવેકથી કહ્યું, 'હે વ્રજભક્તો !હું મથુરાથી આવ્યો છું. ઉદ્ધવ મારું નામ છે. શ્રીકૃષ્ણે મને તમારી પાસે સંદેશો લઇ મોકલ્યો છે, તે સત્ય જાણો. હું એમનો મિત્ર છું. તેઓ મને અંતરની બધી વાત કહે છે. તમારી સતત યાદથી એ ખિન્ન રહે છે. તમને મળવા વ્યાકુળ છે. ટૂંકસમયમાં જ પ્રભુ અહીં પધારશે એવું એમણે કહ્યું છે. એ જરૂર આવશે. તમે ધીરજ રાખો.'

ગોપીજનો ચારે બાજુથી એમને ઘેરી વળ્યાં. જાતજાતના પ્રશ્નો પૂછવા લાગ્યાં. ઉદ્ધવજીએ કહ્યું, 'તમે જળ ભરવા નીકળ્યાં છો. એ ઘરકામ પતાવો. હું નંદભવન જાઉં છું. સેવા-પૂજાથી પરવારી, પ્રસાદ લઇ બપોરે તમને મળીશ. શ્રીકૃષ્ણે જે ચિઠ્ઠી તમારે માટે મોકલી છે, તે પણ તમને આપીશ.

ઉદ્ધવજી ઝટપટ નંદભવને પહોંચ્યા. ગોકુળમાં જેમ જેમ ખબર પહોંચતી ગઇ કે નંદભવનના આંગણે રથ ઊભો છે, કોઇ શ્યામસુંદરના સખા સંદેશ લઇને આવ્યા છે ;ત્યારે એમને જોવા અને તક મળે તો વાત કરવા સૌ અધીરાં બન્યાં. ગોપીઓનાં ટોળેટોળાં નંદજીને આંગણે એકઠાં થવા માંડ્યાં.

ભેજેમન-ભાવનકે ઊધવકે આવનકી
સુધિ બ્રજ-ગાંવનિમે પાવનિ જબૈ લગીં ।
કહે 'રતનાકર'ગુવાલિનિકી ઝૌરિ-ઝૌરિ
દૌરિ-દૌરિ નંદ-પૌરિ આવન તબૈ લગીં ॥

ઉદ્ધવજીના આગમનના સમાચાર સાંભળી, ગોકુળ જાણે ઘેલું બન્યું હતું. વ્રજભક્તોના હૈયે અનેક અભિલાષાઓ હતી, અનેક પ્રશ્નો હતા. શ્યામસુંદર પોતે ન પધાર્યા, એનો રોષ પણ હતો.સમાચાર જાણવા માટેની આતુરતા પણ હતી. ઘરનાં સઘળાં કામકાજ પડતાં મૂકી, આંખમાં આંસુ રોકી, સૌ એકીશ્વાસે દોડી આવ્યાં હતાં. એમની સ્થિતિ તો નજરે જોવાથી પણ માંડ સમજી શકાય એવી અદ્‌ભુત હતી -

ઉઝકી-ઉઝકી પદકંજનિ કે પંજનિ પૈ
પેખિ-પેખિ પાતી, છાતી છોહન સબૈ લગીં ।

જ્યાં ઉદ્ધવજી બેઠા છે એ ખંડની બારી આગળ, કમળ જેવાં ચરણના પંજા પર ઊંચી થઈને અંદર જુએ છે કે અમારા માટે લાવેલી ચિઠ્ઠી કાઢે છે કે શું ? એક સખી ચિઠ્ઠી જેવું કંઈક જુએ છે. એની છાતીના ધબકારા વધી જાય છે. એમાં શું લખ્યું હશે, તે જાણવા માટે તે બેચેન બની જાય છે.

ઉદ્ધવજી અહીં આવ્યા તો છે વ્રજજનોના હૃદયમાં સૂક્ષ્મ વાસનારૂપે ભરાઈ રહેલ મોહરૂપી અજ્ઞાનના પ્રગાઢના અંધકારને દૂર કરવા - **'મોહ તમરાસિ નાસી'** જ્ઞાનનો પ્રકાશ પાથરવા આવ્યા છે ; પણ કૃષ્ણ પ્રેમમાં ઉન્મત્ત બનેલ આ ગોપીજનોની દશા જોઈને ઘડીભર દંગ થઈ ગયા. એમને સમજાતું નથી કે આમને કહેવુ શું? આ **'મતિ રતિ -માતી'** વ્રજભકતોની દશા 'કછુ ન સોહ દિન-રાતી'જેવી છે. નથી દિવસે ચેન, નથી રાતે નિરાંત. બસ, કૃષ્ણદર્શનની લાલસા એજ એકમાત્ર એમનો મનોરથ છે. એ સિવાય બીજું કશું સાંભળવા એ તૈયાર નથી. કૃષ્ણ-વિરહમાં તપ્ત આ વ્રજભક્તોના રોમરોમમાં દર્શનનો તલસાટ છે. ત્યાં એમની બુદ્ધિમાં જ્ઞાનનો પ્રકાશ સંભવે શી રીતે ? અનુભવીજનો કહે છે -

નિર્ગુણનો નિર્દેશ અટપટો, રસના શી પેર કહીએ ;
રૂપ વર્ણ વપુ દૃષ્ટ પદારથ, ત્યાં એકો નવ લહીએ.

સમર્પણ-ભાવના કોડિયામાં કૃષ્ણ-પ્રેમરૂપી સ્નેહ (તેલ) છલોછલ ભર્યું છે, એમાં જ્ઞાનની વાટ મૂકી, અનુભવની ચકમકથી જ્યોત જલાવવાની છે. પરંતુ આ ગોપીજનોના હૈયામાંથી વિરહનો જે નિઃશ્વાસ નીકળ્યા કરે છે, તે વાયુ જ્યોતને જલવા દેશે ખરો ?જો દીપક સળગે જ નહીં, તો પ્રકાશ થાય શી રીતે ? **'બુદ્ધિસત્તમ'**- બુદ્ધિમાનોનાં શ્રેષ્ઠ છે. ભગવાનના કૃપાપાત્ર પણ છે. એમણે નક્કી કર્યું કે ભલે ગોપીજનો ગમે તેટલાં મહેણાં મારે, ઉપેક્ષા કરે;પણ મારે ધીરજની ઢાલ ધારણ કરી, એમનાં વાક્‌બાણ સહેવાં જ પડશે. જે વાત કહેવા આવ્યો છું, તે કહેવી તો પડશે જ. ઉદ્ધવજી આજે સેવામાં ચિત્ત જોડી ન શક્યા. ઊભા થઈ બહાર આવ્યા. ગોપીજનો એમને એક તરફ દોરી ગયાં. અધીરાં થઈ બોલવા લાગ્યાં -'ઓધાજી!તમે તો શ્યામસુંદરના સખા છો. એમની બધી વાત જાણતા હશો. એમણે તમને નંદ-યશોદા પાસે મોકલ્યા હશે. હવે અહીં બીજું શું યાદ કરવા જેવું છે.?'

બીજી ગોપી કહે છે, 'શું અમારા માટે પણ કંઈ સમાચાર મોકલ્યા છે કે પછી બધાંને ભૂલી ગયા છે ? હવે એ અહીં નહીં આવે ? ના, ના, એવું તો ન બને. અમારું દિલ કહે છે કે જરૂર એ આવશે. એ આશાએ તો અમે જીવી રહ્યાં છીએ. અમારી દશા તમને નહીં સમજાય. ઉદ્ધવ ! તમે તો કાયમ એમની પાસે રહો છો.અહીંથી જઈને પાછા એમની પાસે જ રહેશો. અમ વિજોગણની વેદના તમને શેં સમજાય ? શું અમારા આ દુઃખના દહાડા પૂરા થશે ખરા ? અમે દુઃખ ભૂલવા જેમ જેમ મથીએ છીએ, તેમ તેમ એ વધતું જ જાય છે. કોને કહીએ ને શું કરીએ ?'

ત્રીજી ગોપી કહે છે, 'અમે તો એમની રૂપમાધુરી જોઈ એમને વશ થઈ ગયાં હતાં. સાંભળ્યું છે કે હવે તો એ મથુરાના રાજા બન્યા છે. મોટા મોટા મલ્લોને પછાડ્યા છે. ક્રૂર કંસને માર્યો છે. અમેએમની મોરલીના નાદે ઘેલાં બન્યાં હતાં, પણ હવે એ મોરલીના બદલે પાંચજન્ય શંખ વગાડે છે. કુંજ ભવનમાં ક્રીડા કરવાને બદલે રણમેદાનમાં યુદ્ધ લડે છે. અરે ! અમારા એ કમળ-શા કોમળ શ્યામસુંદર મથુરા જઈને વજ્ર-શા કઠોર શાથી બની ગયા ? અહીં તો નાનકડા વાઘા-વસ્ત્રનોય ભાર સહી શકતા નહોતા, તે હવે અંગ પર કવચનો ભાર શી રીતે ઉપાડી શકે છે ? અમારા મૂઠી ગુલાલના મારથી બચવા ડરીને ભાગી જતા હતા, એમને હવે ગદાના મારનો ડર નથી લાગતો ? દુનિયામાં લોકો કહે છે કે અમે કૃષ્ણ-પ્રેમમાં પાગલ બન્યાં છીએ; પણ અમને તો દુનિયા જ પાગલ લાગે છે. પ્રેમની વાતને વ્યવહાર-ડાહ્યાં લોક શું સમજે ? સંતો સાચું જ કહે છે -

છિન હી ચઢે છિન ઊતરે, સો તો પ્રેમ ન હોઇ ;
અઘટ પ્રેમ પિંજર બસે, પ્રેમ કહાવે સોઇ.

જે પ્રેમની મસ્તી ઘડીમાં ચડે ને ઘડીમાં ઊતરી જાય, એ સાચો પ્રેમ હોઇ જ ન શકે. તન-મનમાં જે રસ સદા એકધારો વહ્યા કરે, એવો અનંત મસ્તી ઉપજાવનાર પ્રેમ જ સાચો પ્રેમ છે. અમારા માટે તો **'પ્રેમ હરિકૌ રૂપ હૈ, ઔર હરિ પ્રેમ-સ્વરૂપ'**છે.' એમની એ પ્રેમભરી નજરથી જ અમે તો હંમેશ માટે એમનાં બની ગયાં છીએ. ભલે એ કદાચ અમને ભૂલી જાય, અમે એમને કદી ભૂલી શકવાનાં નથી. અત્યારે અમારે માટે એકએક દિવસ યુગ જેવો બની ગયો છે. ક્યાંક કશું ચેન પડતું નથી. પણ કોને કહીએ ? શું અમારા શ્યામસુંદર અમારી સ્થિતિ પર દયા લાવી, દર્શન આપશે ખરા ?

ગોપીજનો કોણ જાણે કેટલાંય સંસ્મરણો વાગોળત ને ઉદ્ધવજીના પગે પાણી ઉતરત. પણ એમની મદદે આવ્યાં યશોદામૈયા. એમણે જોયું કે ગોપીઓ ઉદ્ધવને ઘેરી વળી છે અને શ્યામસુંદરની વાતો કાઢી છે, તે એનો કેમેય અંત નહીં આવે. એમણે ગોપીઓને ધમકાવતાં કહ્યું-'કેમ અલી ! ઘેર કંઇ કામકાજ છે કે નહીં ? આ અત્યારના પહોરમાં બધી ટોળે મળીને ક્યાંથી આવી ચડી ? અતિથિને ભોજન-વિશ્રામ પણ કરવા દેશો કે નહીં ? મથુરાથી એ તમારે સૌને માટે સંદેશ લઇને આવ્યા છે. મોડેથી તેડી જજો એમને. વ્રજનાં વન-ઉપવન બતાવજો અને પેટ ભરીને નિરાંતે વાતો કરજો.'

નાછૂટકે ગોપીવૃંદ વીખરાયું. ઉદ્ધવજી યશોદામૈયાને પ્રણામ કરી, એમના ખંડમાં ચાલ્યા ગયા. બપોરે ભોજન કરી, ઘડીક વિશ્રામ કરવા આડા પડ્યા. થોડીકવારમાં તો ગોપીઓનું ટોળું આવી પહોંચ્યું. આગ્રહ કરીને એમને વ્રજવિહાર કરવા લઇ ચાલ્યું. ચંદ્રકલાએ કહ્યું 'ગોપાલી, આજે તો આપણે અતિથિને કદલીવનમાં પધરાવી જઇએ '.

'હા, ચંદ્રકલા, રાધાજી પણ ત્યાં બિરાજે છે. એમને પણ પધરાવી લાવીશું અને ઉદ્ધવજીનો પરિચય કરાવીશું.' કદલીવનમાં **'ઉદ્ધવ-ક્યારી'** તરીકે પ્રસિદ્ધ સ્થાન ઉદ્ધવ અને ગોપીજનોના સત્સંગ-સ્થાન તરીકે તીર્થરૂપ મનાય છે. લીલી વ્રજ-પરિક્રમા વખતે આ સ્થાનની યાત્રા કરવામાં આવે છે.



પ. ભ. શ્રી મધુબેન નનુભાઇ ભંડેરી
પ. ભ. શ્રી ગોરધનભાઇ નનુભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
મોટી ગરમલી

રસ્તે ચાલતાં આ બટકબોલી ગોપીઓ જાતજાતની વાતો કરતી રહી અને શ્યામસુંદરની નિષ્ઠુરતા યાદ કરી કરી, મનફાવે તેમ મહેણાં મારતી રહી. ઉદ્ધવજીનું જ્ઞાન બરફની જેમ ઓગળવા માંડ્યું. ચુપચાપ તે ગોપીઓની સાથે ચાલતા રહ્યા. કદલીવનમાં પહોંચી, એક સખી રાધાજીને પણ પધરાવી લાવી. ઉદ્ધવજીને એક ઘટાદાર વૃક્ષ નીચે બેસાડ્યા. વિવેકપૂર્વક પ્રેમથી પરિક્રમા કરી. શ્યામસખા જાણી પૂજા કરી. અર્ધ્ય આપ્યો -

અરઘાસના બૈઠાઇ બોહોરિ પરિક્મ્મા દીન્હીં ।
સ્યામસખા નિજ જની, બહોત હિત-સેવા કીન્હીં ॥

ઉદ્ધવજી પણ વ્રજભક્તોના આ ભાવ જોઇ, જે હેતુથી અહીં આવ્યા છે, તેની ભૂમિકા બાંધવાનો પ્રયત્ન કરતાં અનાયાસ બોલી ઊઠ્યાં. -

ઊધૌ કો ઉપદેસ સુનોં બ્રજ-નાગરી ।
રૂપ-સીલ લાવન્ય સબૈ ગુન-આગરી ॥
પ્રેમ-ધુજા રસ-રૂપનીં, ઉપજાવન સુખ-પુંજ ।
સુંદરસ્યામ-બિલાસિનીં, નવ વૃંદાવન કુંજ ॥
-સુનોં, બ્રજ-નાગરી ॥

હજી ઉદ્ધવજી આગળ કંઇ બોલે, ત્યાં તો કલાવતી 'ઉપદેશ' શબ્દ સામે 'ઓબ્જેકશન મી લોર્ડ'ની અદાથી વાંધો ઊઠાવતી બોલી, 'ઉદ્ધવજી' ! ક્ષમા કરજો. તમે શ્યામસુંદરના સખા છો અને અમારા અતિથિ છો; એટલે અમારા પૂજ્ય છો. પણ એક વાત બરાબર ધ્યાનમાં રાખજો. તમે શ્યામસુંદરના દૂત બનીને અહીં આવ્યા છો. દૂતધર્મ એમ કહે છે કે દૂતે પોતાના સ્વામીની વાત જેમ હોય તેમ જ કહેવી જોઇએ. એમાં પોતાના તરફથી કંઇ જોડતોડ કરવાનો દૂતને અધિકાર નથી. જો તે એમ કરે તો દૂતધર્મ લજવાય. પહેલાં એક સ્પષ્ટતા કરો કે શ્યામસુંદરે તમને અહીં સંદેશો લઇને મોકલ્યા છે કે ઉપદેશ આપવા ?'

ઉદ્ધવજીને તો પ્રથમ ગ્રાસે જ મક્ષિકાની સ્થિતિ થઇ. એમણે તરત જ કાન પકડતાં કહ્યું, 'હું શ્યામસુંદરનો સંદેશો લઇને આવ્યો છું.'

કહઁન સ્યામ-સંદેસ એક મૈં તુમ્હ પૈં આયો ।
કહત સમૈં સંકેત કહું ઔસર નહિં પાયો ॥
સોંચત હી મનમેં રહ્યો, કબ પાઉ ઇક ઠાંઉ ।
કહિ સઁદેસ નંદલાલ કો, બોહોરિ મધુપુરી જાઉં ॥
-સુનોં, બ્રજ-નાગરી ॥

ઉદ્ધવજીનો વિવેક અને વિનમ્રતા બંનેનાં અહીં દર્શન થાય છે. સગુણ નિર્ગુણનો વિવાદ આગળ ધરી, સગુણનો વિજય-વાવટો ફરકાવવાના અંધ ઝનૂનમાં કેટલાક મહાનુભાવો એ ભૂલી જાય છે કે શ્રીકૃષ્ણની આ લીલામાં ઉદ્ધવ તો એક એવા સર્વોત્તમ મધ્યસ્થી છે, જે પરમ ભાગવત છે. એકાંતમાં ગોપીજનો સાથે રહસ્યવાર્તા કરવાના અધિકારી છે. જિતેન્દ્રિય અને ધીરજવાન છે. આ પ્રસંગ દ્વારા દુન્યવી લોકોને જ્ઞાન અને ભક્તિ પરસ્પર વિરોધી નહીં, પણ એકબીજાનાં પૂરક છે એ વાત સમજાવવી છે. આથી ઉદ્ધવને જ્ઞાન ગુમાની અને વામણા બતાવી, એમની ઠેકડી ઉડાડનારા ભીંત ભૂલે છે.

ઉદ્ધવજી ગોપીઓને નગણ્ય નથી માનતા. ગામડાની ગમાર, ભોળી અને અબુધ પણ નથી માનતા. એમની સાથેની વાતચીત પૂર્વે પ્રથમ તો તેઓ ગોપીજનોને પ્રણામ કરે છે. ગોપીજનોને એ **'ગુરુ'** માનીને જ ચાલે છે. **પ્રેમ-ભક્તિનો** ઉત્કર્ષ એમના દ્વારા જ સિદ્ધ કરવાનો છે, એ નક્કર સત્ય તે જાણે છે. વાતચીતની શરૂઆતમાં **'ઉપદેશ'** શબ્દનો પ્રયોગ પણ જાણી બૂજીને કરે છે. સાથેસાથે ગોપીજનોના સ્વરૂપનો અણસાર પર આપતાં ગોપીજનો માટે **'નાગરી'** શબ્દ વાપરે છે. તેમને **'રૂપ,શીલ,લાવણ્ય અને ગુણના ભંડાર'** કહી, **'પ્રેમધ્વજા'**ની સુંદર ઉપમા આપે છે. એમનો સત્સંગ **'સુખ-પુંજ'** આત્માના પરમ ધર્મરૂપ સુખ-આનંદના સમૂહ તરીકે નવાજે છે; કારણ કે તે સાક્ષાત્ **'રસરૂપની'- રસ-સ્વરૂપિણી** છે- **'સા પરમ પ્રેમરૂપા.'** તેઓ નિત્ય નવીન શ્રીવૃંદાવન-ગોલોકધામ સમાન છે.

ગોપીજનોના વાસ્તવિક સ્વરૂપનો નિર્દેશ આપે છે 'નાગરી' સંબોધન. અહીં નાગરી એટલે નગરમાં રહેનારી, શહેરી એવો અર્થ નથી; પણ 'ચતુર સ્ત્રી' એવો અર્થ છે; અને તે પણ વ્રજની ચતુર સ્ત્રી. માટે 'બ્રજનાગરી'શબ્દ વાપરે છે. કૃષ્ણભક્ત કવિ બિહારી પણ 'સતસઇ' ના આરંભે શ્રીરાધાજીની વંદના કરતાં આવો જ આદરસૂચક શબ્દ વાપરે છે.

મેરી ભવ-બાધા હરૌ, રાધા નાગરિ સોઇ' ।
જાતન કી ઝાંઇ પરૈં, સ્યામ હરિત-દુતિ હોઇ ॥

અહીં 'રાધા'એટલે જે આરાધના કરવાને યોગ્ય છે, એવી આહ્‌લાદિની શક્તિ કે આનંદદાયિની શક્તિથી યુક્ત એવો ભાવ છે. 'નાગરિ'એટલે પરમ ચતુર સ્ત્રી. કવિ કહે છે કે , જેમના ગૌર વર્ણના શરીરની આભા પડવાથી સહજસુંદર એવા શ્યામવર્ણના શ્રીકૃષ્ણ પણ ફીકા પડી જાય છે, એવાં પરમ ચતુર રાધાજી મારી જન્મ-મરણરૂપ ભવની ભાવટ ભાંગો.

કેટલાક મહાનુભાવો એવો અર્થ પણ વિચારે છે કે રાધાજીની ઝલક માત્રથી શ્રીકૃષ્ણ પ્રફુલ્લિત થઇ ઊઠે છે (શ્યામવર્ણમાં પીત વર્ણ ભળતાં તે વધુ ચમકી ઊઠે છે) એવાં પરમ ચતુર રાધાજી મારું કલ્યાણ કરો.

આમ, 'નાગરી' સંબોધનથી ઉદ્ધવજી ગોપીજનોને પરમ ચતુર તરીકે સ્વીકારીને જ ચાલે છે. સત્સંગ કરવામાં આવું ચતુર પાત્ર હોય તો જ સંવાદ સધાય. ભ્રમરગીત આ હકીકતને પુષ્ટ કરે છે. 'ઉપદેશ' શબ્દમાં 'શિખામણ' એવો સીધોસાદો અર્થ નથી, પણ ઉપ+દેશ પ્રમાણે 'નજીક બેસી વર્તમાન સમાચાર કહેવા 'એવો અર્થ થાય છે. 'દેશ' શબ્દમાં 'વર્તમાન' અથવા 'ખબર'એવો અર્થ અભિપ્રેત છે. આ જ અર્થમાં 'સંદેશ' શબ્દ વપરાય છે.

કોઇ સ્વજન દ્વારા અન્ય સ્વજનને મોકલાતા સમાચાર સંદેશ કહેવાય. એમાં સમાચાર મોકલનાર અને સ્વીકારનાર અમુક નિશ્ચિત પાત્રો હોય છે. દૂરથી આવે તે સંદેશ. અને એજ સંદેશ પાસે બેસી કોઇ સંભળાવે ત્યારે 'ઉપદેશ'એવો અર્થ અહીં ગુંથાયેલો છે. સામાન્ય સમાચાર આપનાર કે લેનાર કોઇ ચોક્કસ પાત્ર હોતું નથી. આથી શરૂઆતમાં ઉદ્ધવજી **'ઉપદેશ'** શબ્દ વાપરે છે; કારણકે કૃષ્ણનો સંદેશ લઇને તે જાતે આવ્યા છે અને પાસે બેસીને પોતે જ તે સંભળાવે છે. આમ, **'ઉપદેશ'** શબ્દમાં **'શિખામણ'** નો સંકેતમાત્ર છે; પંરતુ ગોપીજનો 'ગોપીજનો **'ઉપદેશ'** શબ્દ સામે વાંધો લે છે, ત્યારે ઉદ્ધવજી સહજ રીતે **'સંદેશ'** શબ્દ વાપરે છે. બંનેમાં મૂળ ભાવ એક જ છે.

ઉદ્ધવ કહે છે, 'હું તમારી પાસે શ્યામસુંદરનો એક સંદેશો કહેવા આવ્યો છું. પણ એ કહેવા માટે કોઇ તક મળી નહીં. મનમાં જ વિચારતો રહ્યો કે ક્યારે કોઇ

એકાંત જગ્યાએ મળવાનું થાય, જેથી શ્યામસુંદરનો સંદેશ તમને કહી સંભળાવું અને જલદી મથુરા ચાલ્યો જાઉં.'

સુનતિ સ્યામ કૌ નામ, વામ, ઘર કી સુધિ ભૂલીં -
ભરિ આનંદ-રસ હદૈ, પ્રેમ-બેલી-દ્રુમ-ફૂલીં ।
પુલકિ રોમ સબ અંગ છએ, ભરિ આએ જલ-નૈંન -
કંઠ ઘુટૌ ગદ્ગદ્ ગિરા બોલે જાત ન બૈંન ॥
-બિબસ્થા પ્રેમ કી ॥

શ્યામનું નામ સાંભળતા જ ગોપીઓ દેહ-ગેહની સુધ ભૂલી ગઇ. એમના હૃદયમાં આનંદનો ઓઘ ઊમટ્યો. આનંદરસનો પ્રવાહ એવો તો વહેવા માંડ્યો કે પ્રભુના વિરહતાપથી વિદગ્ધ એમની જે પ્રેમવેલી વિલાવા માંડી હતી, તે એકદમ ખીલી ઊઠી. એમાં રસનો નવસંચાર થયો. એમનાં રોમરોમ પુલકિત થઇ ઊઠ્યાં. અંગેઅંગ ઉમંગથી નાચી ઊઠ્યાં. આંખમાંથી અશ્રુ વહેવાં માંડ્યાં. કંઠ રૂંધાઇ ગયો. મુખમાંથી એક શબ્દ પણ નીકળી ન શક્યો. સૌ જડવત્ બની ગયાં.

ગોપીજનોની આ સ્થિતિ જોઇને ઉદ્ધવજીને પણ રોમાંચ થઇ આવ્યો રાત્રે એમણે નંદ-યશોદાના વાત્સલ્ય-રસયુક્ત પ્રેમનાં દર્શન કર્યાં હતાં. એમની અવસ્થા જોઇ દિંગ થઇ ગયા હતા. અત્યારે ગોપીઓની દશા જોઇ મોંમાં આંગળી નાંખી ગયા. ગોપીજનોને શ્યામસુંદરના સમાચાર પૂછવા છે, પણ કંઇ બોલાતું નથી. શરૂઆત ક્યાંથી કરવી તે સમજાતું નથી. **'કૃષ્ણ'** નું નામ લેતાં જાણે સંકોચ થાય છે. એમને મૂંઝવણ એ વાતની છે કે મથુરા અહીંથી માત્ર ત્રણ કોસ દૂર છે; છતાં એમણે પત્ર લઇને મિત્રને મોકલ્યા. પોતે કેમ ન પધાર્યા ? શું અમારો કંઇ અપરાધ થયો હશે ?

એક ગોપી જરા સ્વસ્થ થતાં કહે છે, ઉદ્ધવ !તમારા એ મિત્રને કહેજો, **'બ્રજ કી સુધિ કાહે બિસરાવત તુમ્હરે બવા કૌ બડોઇ નામ.'**- પોતાને કહેવડાવો છો નંદકુમાર; છતાં એ નંદજી અને નંદજીના વ્રજને પણ ભૂલી ગયા ? આટલું કહેતાં તો એ એકદમ મૌન થઇ ગઇ !

આ પ્રેમમાર્ગ છે-અનુગ્રહનો માર્ગ છે; છતાં પ્રભુ ક્યારેક જીવનું હિત વિચારી સજા પણ કરે છે. ભગવદ્દર્શનથી વંચિત થવું તે સજા જરૂર છે, પણ વિરહનું દાન કરી જીવને પ્રભુ પાસે લઇ જવાનું સામર્થ્ય પણ એમાં જ છે..પ્રભુની સૃષ્ટિમાં ક્યાંય કશો ભેદ નથી. 'રાઇ જિતની સેવા કો ફલ માનત મેરુ સમાન 'એવો આ કૃપામાર્ગ છે. આથી જ વ્રજભક્તો પ્રભુને કહે છે, 'તુમ ત્યાગો બરુ હમ નહીં ત્યાગૈ, તનમેં પ્રાણ સમાયૌ.' કારણકે અમે તન-મન-ધન સમર્પિત કરી, સદા માટે તમારાં થઇ ગયાં છીએ. આ છે સમર્પણભાવની પરાકાષ્ઠા.

ગોપીજનો વિચાર કરે છે કે કંઇક વાત તો કરવી જોઇએ. પણશરૂઆત ક્યાંથી કરવી ?કંઇક વિચારીને એક સખી પૂછે છે -

બૂઝતિ સુધિ નંદલાલ કી, બિહઁસતિ મુખ બ્રજલાલ ।
નીકે હૈં બલબીર જૂ, બોલત બચન રસાલ ॥
- સખા, સુન સ્યામ કે ॥

શ્યામસુંદરના સમાચાર પૂછવા 'બલભદ્રના ભાઇ 'એવો શબ્દપ્રયોગ દર્શાવે છે કે ગોપીજનો શ્રીકૃષ્ણને પોતાના **'પ્રાણ-વલ્લભ'** જ માને છે. ઉદ્ધવજી પણ ટૂંકમાં જવાબ આપે છે, 'રામ અને શ્યામ તથા એમના સૌ સંબંધીઓ કુશળ છે. યદુકુળમાં સૌ કુશળ છે. વ્રજમાં સહુની કુશળતાના સમાચાર પૂછવા જ શ્યામસુંદરે મને મોકલ્યો છે. એમણે કહેવડાવ્યું છે કે **'મિલિહૈં થોરે દિનન.'** થોડાક દિવસોમાં જ વ્રજમાં સૌને મળવા માટે આવીશ. માટે કોઇ અધીરાં ન બને. વળી એમણે તમારા માટે ચિઠ્ઠી પણ મોકલી છે. હર પળ સૌને તે યાદ કરે છે.' આમ કહી સૌને આશ્વાસન આપી શાંત કરવા મથે છે.

'વિરહમાં વ્યાકુળ બનેલી ગોપીઓના ઘાને શબ્દોનો એ મલમ રાહત આપી શકે ખરો ?' વામનભાઇ બોલી ઊઠ્યા.

'એ તો અનુભવીઓ જ જાણે. પ્રેમ કવિઓએ તો કહ્યું જ છે કે **'ઘાયલ કી ગતિ ઘાયલ જાને.'** ઉદ્ધવજી માર્ગ જરૂર કાઢશે.' રામજીભાઇએ કહ્યું.

'ચા-નાસ્તો તૈયાર થવામાં છે. થોડોક વિરામ લઇએ તો ?' માલાબહેને સૂચન કર્યું. સૌએ સહર્ષ સ્વીકારી લીધું.

૧૦. પાતી મધુબન હી તેં આઇ

વિરામ પછી સૌ સ્વસ્થ થઇને ગોઠવાયાં. સૌના ચહેરા પર આતુરતાનો ભાવ ઝળકતો હતો કે ચિઠ્ઠી જોઇને ગોપીઓની પ્રતિક્રિયા કેવી હશે ? એ ભાવને પામી જતાં, રામજીભાઇએ કહ્યું, 'ગોપીઓને શ્યામસુંદર સ્વયં નહી પધાર્યાની ફરિયાદ જરૂર છે, પણ એમને તો ચિઠ્ઠીરૂપે જાણે શ્યામસુંદર પધાર્યા હોય એમ લાગે છે. એટલે તમારા કરતાંયે એમને વધારે આતુરતા છેકે ચિઠ્ઠીમાં શું લખ્યું છે.'

'જુઓ, ઉદ્ધવજીની સામે રાધાજી બિરાજમાન છે. ગોપીવૃંદ એમની ફરતે ગોઠવાયું છે. બાજુમાં બેઠેલ એક ગોપીજન ખૂબ વ્યગ્ર છે. એમનાં કંઠમાંથી સરતા દર્દભર્યા મંદ્ર સ્વરમાં આ શબ્દોનું રટણ કાને પડે છે.-

પાતી, મધુબન હી તેં આઇ।
સુંદર સ્યામ કાન્હ લિખિ પઠઇ, આઇ સુનૌ રી માઇ ॥
કહાં કરૌ સૂનોં યહ ગોકુલ હરિ બિનુ કછુ ન સુહાઇ ।
સૂરદાસ પ્રભુ કૌન ચૂક તેં સ્યામ સુરત બિસરાઇ ॥

ઉદ્ધવજીના હૈયાના તાર ઝણહણી ઉઠે છે. એમને જોઇને વ્રજભક્તોને કૃષ્ણ-સંબંધને કારણે સ્વયં કૃષ્ણ પધાર્યા હોય એવો ભાવ જાગે છે. ત્યારે અંતરનો આ ભાવ વિવેકરૂપે પ્રગટ થાય છે. રાધાજી કહે છે-

ઉધૌ પા લાગૌં ભલે આએ ।
તુમ દેખે જનુ માધવ દેખે, તુમ ત્રય તાપ નસાએ ॥

વ્યવહારમાં પણ પ્રિય-સંબંધવાળી ઘણી વસ્તુઓ પ્રિય લાગે છે. ઉદ્ધવજી ગોપીજનોનો આ સાત્ત્વિક ભાવ જાણી રોમાંચ અનુભવે છે. તેઓ સૌનું અભિવાદન કરતાં એમના ખડિયામાંથી પત્ર કાઢે છે. એ પત્ર જોતાં જ રાધાજીને ભાવોદ્રેક થાય છે. એકદમ તે પત્ર લેવા હાથ તો લંબાવે છે, પણ તરત જ પાછો ખેંચી લે છે. એમના ચિત્તમાં એવો વિચાર ઝબકી ઉઠે છે



ગો.વા. બાલાભાઇ મોતીભાઇ શાહ
ગો.વા. ચંપાબેન બાલાભાઇ શાહ
પ. ભ. શ્રી પ્રવિણભાઇ બાલાભાઇ શાહ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ

કે વિરહજ્વરથી ધગધગતા મારા હાથનો સ્પર્શ થતાં, રખેને પ્રભુનો સંદેશ લઇ આવેલો પત્ર સળગીને રાખ થઇ જાય તો ?

રાધાજી પત્ર લેતાં નથી. એ જોઇ ઉદ્ધવજીને અચંબો થાય છે, ત્યાં તો બે-ચાર સખીઓ એકી સાથે બોલી ઉઠે છે-

હમ કો લિખ્યૌ હૈ કહા ? હમ કો લિખ્યૌ હૈ કહા ?
હમ કો લિખ્યૌ હૈ કહા ?કહૅન સબૈ લગીં ।

લલિતાજી કહે છે, 'ઉદ્ધવજી ! તમે જ એ ચિઠ્ઠી વાંચી સંભળાવો ને !'

પ્રભુમિલન માટેની વ્રજભક્તોની આરત જોઇ ઉદ્ધવજી આશ્ચર્ય પામ્યા. એમને સમજાયું નહીં કે આટઆટલો તાપ હોવાં છતાં તે ચિઠ્ઠી લેતાં કેમ નથી ! ત્યાં એમના ચિત્તમાં પ્રકાશ થયો. એમણે આગ્રહ કરીને પાસે બેઠેલાં એક ગોપીને પત્રનો સ્પર્શ કરાવતાં ક્હ્યું, 'હેભાગ્યવાન ! તમે જાતે જ ખાતરી કરી લો. હાથના સ્પર્શમાત્રથી કાગળ કદી સળગી ન જાય.' પછી એમણે પત્ર આપવા માટે રાધાજી સામે હાથ લંબાવ્યો. રાધાજી પણ ધડકતે હૈયે એ પત્ર લેવા હાથ લંબાવે છે, પણ એમની સ્થિતિ વિચિત્ર છે -**'એક હાથ ગહે પાતી, દૂજે હાથ ધરે છાતી.'**

પત્ર હાથમાં આવતાં જ રાધાજી પત્રમાં પધરાવેલા પ્રભુના હસ્તાક્ષરને જ સાક્ષાત્ પ્રેમાસ્પદ ગણી એને છાતીએ લગાડવા આતુર બન્યાં, પણ જેવો પત્રવાળો હાથ ઊંચો કરવા જાય છે, ત્યાંજ એક ઊંડો નિસાસો નીકળી ગયો. આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. કંઠ રૂંધાઇ ગયો. પત્ર વાંચવા ઇચ્છે છે, પણ વાંચી શકતા નથી. ચૂપચાપ પડખે બેઠેલી સખી સામે ધરે છે અને સંકેતથી કહે છે, 'તું વાંચ.'એ સખીની પણ આવીજ દશા છે. ચિઠ્ઠી વારાફરતી બધી સખીઓના હાથમાં ફરે છે, પણ કોઇ વાંચી શકતું નથી. આ કોઇ સામાન્ય પત્ર નથી. એમાં હસ્તાક્ષર-સ્વરૂપે સાક્ષાત્ ભગવાન બિરાજમાન છે. ભગવાને એમાં પોતાનું સ્વરૂપ પધરાવી દીધુંછે.

કોઉ બ્રજ બાંચત નાહિંન પાતી ।
કત લિખિ લિખિ પઠવત નૅંદનવન કઠિન બિરહકી કાતી ॥
નૈન સજલ, કાગત અતિ કોમલ, કર અઁગુરી અતિ તાતી ।
પરસત જરૈ, બિલોકત ભીજૈ, દુહૂં ભાંતિ દુઃખ છાતી ॥

જે હાથમાં ચિઠ્ઠી લે છે, એની દશા એવી થાય છે કે જાણે વીંછી પકડ્યો હોય. રખેને ડંખ મારે ! કોઇને વળી એ કાતિલ કાતર જેવી જણાય છે. કોઇને ભય છે કે આંગળીઓ વિરહજ્વરથી તપેલીછે, અડવાથી કાગળ સળગી જશે ! કોઇને ભય છે કે શ્યામસુંદરના સ્મરણથી આંખો ભરાઇ આવી છે અને જો વાંચવા જતાં આંસુ વરસી પડશે, તો કાગળ ભીંજાઇ જશે. આમ, એકબાજુ પત્ર વાંચવાની અને એમાં શું લખ્યું છે તે જાણવાની આતુરતા છે, તો બીજી બાજુ કોઇ અદૃશ્ય ડરને કારણે વાંચી શકતી નથી. ફરતી ફરતી ચિઠ્ઠી રાધાજીના હાથમાં પાછી આવી. રાધાજી વ્યાકુળ થઇ ગયાં. શું અહીં આ ચિઠ્ઠી વાંચનાર કોઇ છે જ નહિ. અરે ! કોઇ તો કહો કે એમાં શું લખ્યું છે ? કોઇ અભણ માણસના હાથમાં પ્રિયતમનો પત્ર આવે અને એ જેવી અકળામણ અનુભવે, એવી જ દશા અત્યારે ગોપીજનોની થઇ છે.

બ્રજ મેં પાતી પઢન ન આવૈ।

સુંદર સ્યામ લાલ લિખિ પઠઉ, કોઉ ન બાંચિ સુનાવૈ ॥
જો નિરખત સો લેત સ્વાસ ભરિ, હિયૈં લગત સબ સીઠી ।
ના જાનોં કા હૈ ઈહિ મહિયાં, લૈ ઉર-સોં લપટાવૈ ॥

એક ઊંડો નિસાસો નાખી રાધાજીએ ચિઠ્ઠી છાતીએ લગાડી. એ સ્પર્શસુખનો અનુભવ અલૌકિક છે. એને વાણીમાં વર્ણવી શકાય એવો નથી. કોઇ બોબડો માણસ ગોળ ખાય અને મનોમન હરખાય, પણ પોતાનો આનંદ કહી ન શકે એવી એક મીઠી મૂંઝવણ અત્યારે સૌને થાય છે. આ જોઇ ઉદ્ધવજી પણ વિચારમાં પડ્યા. જ્ઞાનની ગાંસડી લઇ જે આશાથી તે અહીં આવ્યા હતા, તેના ઉપર જાણે પાણી ફરી વળતું હોય એમ લાગ્યું. આખરે ઉદ્ધવજી પોતે જ ચિઠ્ઠી વાંચી, શ્રીકૃષ્ણનો સંદેશો કહી સંભળાવે છે

ન હ્યસ્યાસ્તિ પ્રિયઃ કશ્ચિન્નાપ્રિયો વાસ્ત્યમાનિનઃ ।
નોત્તમો નાધમો નાપિ સમાનસ્યાસમોઽપિ વા ॥
ન માતા ન પિતા તસ્ય ન ભાર્યા ન સુતાદયઃ ।
નાત્મીયો ન પરશ્ચાપિ ન દેહો જન્મ એવ ચ ॥

'હે દેવીઓ ! આપ ખેદ ન કરશો. જેમ કાષ્ઠમાં અગ્નિ અને દૂધમાં ઘી રહેલ છે, તેમ શ્રીકૃષ્ણ પણ પ્રાણીમાત્રના હૃદયમાં વસેલા છે. જો તમે તે આત્મસ્વરૂપનાં દર્શન કરશો,



પ. ભ. શ્રી મનસુખભાઇ નનુભાઇ ભંડેરી
પ. ભ. શ્રી રંજનબેન મનસુખભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
(U.S.A)

તો પરમાનંદ અનુભવશો. પછી તમારે ખેદ કરવાને કંઇ કારણ નહીં રહે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણને કોઇ પ્રિય નથી કે કોઇ અપ્રિય નથી; કેમકે તે સ્વયં નિર્માની છે. તેમને કોઇ ઉત્તમ કે અધમ પણ નથી; કેમ કે તે સહુમાં સમદૃષ્ટિ રાખે છે, છતાં તેમનો જગતમાં જોટો જડે તેમ નથી. વળી, એમને કોઇ માતા, પિતા, પત્ની, પુત્ર વગેરે હોતા નથી. પોતાનો અને પારકો એવા ભેદ પણ નથી. એમનો જન્મ નથી, તેથી દેહ પણ નથી. તેઓ તો માત્ર ક્રીડા કરવા માટે જ અવતાર ધારણ કરે છે; એવા એ પરમાત્મા અજન્મા છે, નિર્ગુણ છે, નિરાકાર છે.'

આવો જ ભાવ વ્યક્ત કરતાં સૂરદાસજી ગાય છે -

ગોપી સુનોં હરિ કો સંદેશ।
કરિ સમાધિ અંતર-ગતિ ચિતવૌ પ્રભુ કો યહ ઉપદેશ ॥
વૈ અબિગત, અબિનાસી,પૂરન,ઘટ-ઘટ રહે સમાય ।
તિહિ નિશ્ચય કૈ ધ્યાવહુ ઐસે સુચિત કમલમન લાય ॥
યહ ઉપાય કરિ બિરહ તજૌગી મિલૈ બ્રહ્મ તબ આય ।
તત્વજ્ઞાન બિનુ મુક્તિ ન હોઇ નિગમ સુનાવત ગાય ॥

ઉદ્ધવજી કહે છે, 'હે દેવીઓ ! ભગવાન તમારાથી દૂર છે, એ તમારું અજ્ઞાન છે. એ તો સર્વત્ર છે, ઘટઘટ-વ્યાપી છે; તેથી અતિ નિકટ પણ છે એ સચરાચરમાં છે; તેથી અતિ દૂર પણ છે. જેમ આંખની કીકી અથવા આંખમાંનું અંજન અંગરૂપ છે, છતાં જોઇ શકાતું નથી; તેમ પ્રભુ અંતરગત હોવા છતાં તમે તેમને જોઇ શકતાં નથી. તે અજ્ઞાનના આવરણને કારણે જ. જ્યારે એ આવરણ ભેદાઇ જાય છે, ત્યારે હૃદયાકાશમાં જ પ્રભુનાં દર્શન થાય છે. શ્રુતિ કહે છે - '**ઈશાવાસ્યમ્ ઈદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્**।'સચરાચરમાં બધે ઈશ્વર સભર ભરેલો છે. જગતમાં બીજું જે કાંઇ દેખાય છે તે સર્વ ક્ષણભંગુર છે. વળી -

હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્ ।
તત્ત્વં પૂષન્નપાવૃણુ સત્યધર્માય દૃષ્ટયે ॥

આથી ભક્તે સદા એવી જ પ્રાર્થના કરવી જોઇએ કે હે ભગવાન ! આપ અખિલ બ્રહ્માંડના પોષક છો. આપના વડે જ સહુને પુષ્ટિ પ્રાપ્ત થાય છે.આપની ભક્તિ જ **સત્ય**

ધર્મ છે. મારું મન એમાં તદાકાર છે, તેથી આપ મારા મનોરથ જરૂર પૂર્ણ કરશો. આપનું દિવ્ય સ્વરૂપ સુવર્ણ-શા ઝગમગાટ વાળા આવરણથી ઢંકાયેલું છે. હું એ આવરણ વિહીન આપના શ્રીમુખનું પ્રત્યક્ષ દર્શન કરવા ઇચ્છું છું. માટે એ દર્શન આડે જે કાંઇ પ્રતિબંધ હોય તેને દૂર કરી પ્રત્યક્ષ પ્રગટ થાઓ. જ્યારે આવાં દર્શન થશે, ત્યારે હે દેવીઓ !તમને સર્વત્ર પરબ્રહ્મ એવા મારાં (શ્રીકૃષ્ણનાં) જ દર્શન થશે.

સોઇ સ્યામ પલક લગે તેં સ્યામ તાહી મેં
તન મેં હોત તબ કત પછિતાતિ હૈં ।
તુમ હી મેં સ્યામ, તુમ સ્યામ હી મેં રમિ રહીં
બાદિ હી બિકલ બિહવલ ભઇ જાતિ હૈં ॥

પાંપણના હર પલકારે શ્યામ જ છે, તો પછી હૃદયના ધબકારે રહેલા શ્યામના અસ્તિત્વની અવગણના કરીને પશ્ચાતાપ કરવાનો શો અર્થ ? અરે ! શ્યામ તમારામાં છે અને તમે જ શ્યામમાં છો. પછી નિરર્થક આમ વ્યાકુળ શા માટે થઇ જાઓ છો ?હે ભાગ્યવાન ! પરમાત્મા ક્યાં નથી ?

જૈસે ઇખ-રસ કી મિઠાઇ ભાંતિ-ભાંતિ ભઇ,
ફેરી કરિ ગારેં ઇખ-રસ હી લહતુ હૈ ।
તૈસૈં હી 'સુંદર'યહ જગત હૈ બ્રહ્મમય,
બ્રહ્મ સો જગતમય બેદ સો કહતુ હૈ ॥

ઉદ્ધવજી એ ચિઠ્ઠીના ચાર અક્ષરની સાથોસાથ એનો સંકેતાર્થ પણ કહી દીધો કહે છે, 'પ્રભુ ક્યાં નથી ?આપણે તો સાકરમાંથી બનાવેલાં જાત જાતનાં રમકડાં જેવા છીએ. એ સાકર ઓગાળો એટલે બધુંજ સાકરરૂપ. એમ બ્રહ્મ જ જગતરૂપ છે અને જગત બ્રહ્મમય છે.'

પત્રની આ સાવ લૂખીલચ વાત સાંભળીને ગોપીજનો નવાઇ પામ્યાં. ઘી વગરની આ રોટલી એમનાં ગળે ઊતરે શી રીતે ? એમાં નથી નંદબાબાને યાદ કર્યા, નથી માતા યશોદા માટે કંઇ લખ્યું. પછી અમારી તો યાદ આવે જ શી રીતે ? ગોપીજનોના હૃદયમાં પહેલેથી જ વિરહની આગ તો જલતી જ હતી. આ ચિઠ્ઠીએ પવનનું કામ કર્યું. એમનો તાપાગ્નિ ભડકી ઉઠ્યો. પણ શ્યામસુંદર તો અહીં છે નહીં કે જેથી એમનો ઉધડો લઇ શકે.

આથી થોડોક સંયમ જાળવી ઉદ્ધવજીને કહે છે, 'મહારાજ ! તમે માનો કે ન માનો, પણ આ ચિઠ્ઠી અમારા શ્યામસુંદરે લખી હોય તેમ લાગતું નથી. ક્યાં એમનો એ પ્રેમ અને ક્યાં આ શુષ્ક જ્ઞાન ! જરૂર તમે કોઇક બીજાને માટે લખાયેલી ચિઠ્ઠી અહીં લઇ આવ્યા છો !'

ત્યાં પાછળથી એક અટકચાળી ગોપી બોલી ઉઠી, 'બૈન ! જરૂર આ પેલી કુબજાનાં વઢાણાં છે - **'કુબજા મિલી કહ્યો યહ બાત.'** આપણા ભોળાભટ શ્યામસુંદરને કામણ-ટૂમણ કરી એણે પોતાને વશ કર્યા છે એટણે જાણી બૂજીને આવી ચિઠ્ઠી લખાવી હશે.'

બીજી સખી કહે છેં, 'ઉદ્ધવજી ! જરૂર આ પેલી કુબડીનાં કારસ્તાન છે. તમે જાણતા જ હશો કે 'જેને અંગે ખોડ, મળે નહીં તેની જોડ.' પીઠ પર ભલે ને એને ખૂંધ નીકળી હોય, પણ મધમીઠી વાતો કરી ભલભલાને વશ કરવામાં એ ચતુર છે. રાજાની દાસી છે ને ? વડવાઇઓની જેમ ધીમે ધીમે એણે પ્રેમજાળ મજબૂત કરવા માંડી છે.

ઊધો ! કાન્હ કહી નહિં હોહીં ।
યહ તો નઇ સખી સિખઇ હૈ નિજ અનુરાગ બરોહીં ॥
સચિ રાખી કૂબરી પીઠ પૈ યે બાતેં ચકચોહી ॥

'સાચી વાત બહેન! હવે તો બનવારી કુબ્જાને વશ થઇ ગયા છે. આ ચિઠ્ઠી 'લિખાવનહારી' પણ કુબજા જ છે. બાકી આ પણ શ્યામસુંદર આવા નિષ્ઠુર તો નહોતા. આપણી સાથે પ્રીતિ કરીને હવે આપણને જ દગો દીધો.

તબ કૈસેં અતિ પ્રેમ સોં, હમેં ખિલાઇ ફાગ ।
અબ ચેરી કે કારનેં, કિયૌ નિમિષ મેં ત્યાગ ॥

ત્યાં બીજી એક વટકાળી ગોપી મોં મચકોડતાં બોલી ઊઠી -

કુબિજા નહિ તુમ દેખી હૈ ।
દધિ બેચન જબ જાતિ મધુપુરી, મૈં નીકેં કરિ પેખી હૈ ॥

'બૈન ! તમે એ કુબરીને શું જાણો ? અરે મેં તો નજરોનજર એને જોઇ છે. અમે જ્યારે દહીં વેચવા મથુરા જતાં, ત્યારે દહીં ખરીદવાની લાલચ આપી અમનેય

ફોસલાવી દેતી. જરૂર એણે નખરાં કરી આપણા શ્યામસુંદરને ફોસલાવ્યા હશે ! શ્યામજી તો છે જ ભોળા. અહીં આપણે એમને **'છછિયાભર છાછ'** ને મિષે ક્યાં નહોતાં નચાવતા ! કુબજા એ પણ લગીર ચંદન આપી. આપણા 'નટવર'ને વશ કરી દીધા છે.'

સૌ ગોપીજનોની સ્થિતિ વિચિત્ર છે. એમને વિશ્વાસ જ નથી આવતો કે આ ચિઠ્ઠી શ્યામસુંદરે લખી છે. જોકે ગોપીઓને અવિશ્વાસ છે, એમ નહીં; પણ જે સંદેશો મોકલ્યો છે તે સ્વીકાર્ય નથી. આથી એ વારેવારે પરિહાસ કરતાં પૂછે છે, **'અમારા પ્રાણનાથ આવું કદી ન લખે. જરૂર પત્ર બદલાઇ ગયો હશે. તમે મથુરા જઇને એમને ફરી પૂછી આવો.'**

ઉદ્ધવ વારંવાર પોતાની વાત સમજાવવા પ્રયત્ન કરે છે અને શ્રીકૃષ્ણે જ એમને અહીં મોકલ્યા છે એમ કહ્યા કરે છે; છતાં ગોપીઓના ભેજામાં આ વાત ઊતરતી જ નથી. એમને ગળા સુધી ખાતરી છે કે એમના શ્યામ સુંદર એમને માટે આવો સંદેશો મોકલે જ નહિ. આથી ક્યારેક એક સખી પૂછે છે કે **'ઊધો ! જાય બહુરિ સુનિ આવહુ, કહા કહ્યો હૈ નંદકુમાર ?'**

તો વળી, બીજી સખી ઉપહાસ કરતાં કહે છે, **'શ્યામ તુમ્હેં હ્યાં નાહિં પઠાયે, તુમ હૌ બીચ ભુલાને.'**- ના, ના. શ્યામસુંદરે તમને અહીં નથી મોકલ્યા. તમને જવાનું કહ્યું છે ક્યાંક અને તમે મારગ ભૂલ્યા છો; જેથી અહીં આવી પહોંચ્યા છો. એમ લાગે છે કે ખરેખર તમને ભ્રમણાનો રોગ થયો છે. અમે હૃદયપૂર્વક તમને વિનંતી કરીએ છીએ -

ઉધો તુમ અપનો જતન કરૌ ।
હિત કી કહત કુહિત કી લાગૈ, કિન બેકાજ રરૌ ॥

ગોપીઓ અત્યારે ઉદ્ધવની વાતમાં વિશ્વાસ મૂકવા તૈયાર નથી; કારણ કે એકવાર કૃષ્ણથી છેતરાઇ છે, આથી આશ્ચર્ય વ્યક્ત કરે છે. છતાં કૃષ્ણ સંબંધને કારણે ઉદ્ધવ ગોપીઓને પ્રિય લાગે છે અને વિલક્ષણ પણ.

ઊધો, હમ આજ ભઇ બડભાગી ।
બિસરે સબ દુઃખ દેખત તુમકો, શ્યામસુંદર હમ લાગોં ॥

આથી અવારનવાર શ્રીકૃષ્ણને લક્ષ્ય કરી, ઉદ્ધવજીનો પરિહાસ કરવામાં ગોપીજનોને આનંદ આવે છે. ઉદ્ધવને બહાને શ્રી કૃષ્ણ ઉપર તો તેઓ વાક્બાણ ચલાવે જ છે;



પ. ભ. શ્રી ગિરધરલાલ નરસિંહભાઇ જીવાણી
પ. ભ. શ્રી વલ્લભભાઇ નરસિંહભાઇ જીવાણી
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
પાટીદડ

સાથોસાથ ઉદ્ધવજીને પણ ઉલ્લુ બનાવે છે-

ઉધો ! જાન્યો જ્ઞાન તિહારો ।
જાનેકહા રાજગતિ-લીલા અંત અહીર બેચારો ॥
આવત નાહિં લાજ કે મારે, માનહુ કાન્હ ખિસાન્યો ।
હમ સબૈ અયાની, એક સયાની કુબજા સોં મન માન્યો ॥
ઉધો !જાહુ બાંહ ધરિ લ્યાઓ સુંદર સ્યામ પિયારો ।
બ્યાહૌ લાખ, ધરૌ દસ કુબર, અંતહિ કાન્હ હમારો ॥

'ઉદ્ધવજી, ખરેખર તમે જ્ઞાની છો. એટલે તમારા મિત્ર મથુરાના રાજા બની શક્યા છે. નહીંતર એ બિચારો આહિરનો છોરો રાજ્ય ચલાવવામાં શું જાણે ?પોતાની અણઆવડત છુપાવવા અને અમારી સાથે કરેલા દગાને કારણે એમને શરમના માર્યા મોં બતાવવા જેવું રહ્યું નથી.વળી, પોતાની અણઘડતા છુપાવવા માટે જ એમણે પોતે અહીં આવવાને બદલે તમને ધકેલી દીધા છે. અમે તો બધી અણસમજુ છીએ. સમજુ તો એક કુબજા જ નીકળી અને શ્યામસુંદરની માનીતી થઇ બેઠી. જુઓ, તમને ખરેખર અમારા માટે કાંઇ લાગણી હોય તો ઝટ પહોંચો મથુરા અને અમારા શ્યામ સુંદરનો હાથ પકડીને અહીં ઘસડી લાવો. એમને કહેજો કે ભલે એ લાખો માનીનીઓને પરણે કે આવી દશ કુબજાઓને ઘરમાં રાખે, એનો અમને કશો વાંધો નથી. એમાં એમને શરમાવા જેવું શું છે, જે અમારાથી મોં છુપાવે છે ? અરે ! આવી દશ કુબજાઓને ઘરમાં રાખે તો પણ અંતે તો હાનકુંવર અમારા જ છે, એટલું ધ્યાનમાં રાખજો.'

ગોપીઓના આ પરિહાસમાં પણ છેલ્લે પ્રેમની ઉચ્ચ દશાનાં જ દર્શન થાય છે. સાચા પ્રેમ વગર દશ કુબડીઓ સાથે પોતાના પ્રિયતમને રહેવા દેવા જેટલી ઉદારતા સંભવે નહિ.

એક સખીના મનમાં અચાનક વિનોદવૃત્તિ જાગી ઊઠી. સહેજ લહેકો કરીને કહે છે, ઉદ્ધવ ! સારું થયું તે તમે અહીં પધાર્યા અને અમ દુઃખિયારી અબળાઓને તમારી ઢંગધડા વગરની વાતો કરીને પેટ ભરીને હસાવ્યાં, જેથી ઘડીભર અમારાં દુઃખ હળવાં થયાં-

ઊધો, ભલી કરી તુમ આયે।
યે બાતેં કહિ કહિ યા દુઃખ મેં બ્રજ કે લોગ હઁસાયે ॥

પ્રેમની આ અદ્‌ભુત-દશા છે. સૂરદાસજી ગોપીજનોની આ વિપ્રલંભ દશામાં પણ હાસલીલા દ્વારા એમના દર્દને વધું ઘૂંટી આપે છે. આંસુ અને દીર્ઘ નિશ્વાસની સ્થિતિમાં અવારનવાર આવાં હળવાં ચિત્રો રજૂ કરી, ગોપીજનોની ચાતુરી અને નિષ્ઠાનો પરિચય કરાવે છે. શ્યામસુંદર અત્યારે ગોપીજનો પાસે નથી. સંજોગવશ એમના મિત્ર અહીં આવી ફસાયા છે. તે હંમેશાં શ્રીકૃષ્ણ પાસે રહેનારા છે. બસ આટલી સંબંધ-ભાવના કૃષ્ણ દ્વારા મોકલાવેલ સંદેશની વિલક્ષણતા સાથે ભળી જતાં, ઘડીભર ગોપી-જનોની ટીખળવૃત્તિ જાગી ઊઠે છે. ક્યારેક આવા મધ્યસ્થી દ્વારા સંયોગ સૂત્રનો અણસાર આપે છે; તો ક્યારેક સ્પષ્ટ શબ્દોમાં એ સંબંધ-ભાવના અભિવ્યક્ત થઇ જાય છે અને આપણને આ વિનોદવૃત્તિ પાછળ સંઘરાયેલ હૃદયવેદનાની આહ સંભળાય છે. એમ કરવામાં ક્યારેક'મધ્યસ્થી બની આવેલા ઉદ્ધવજીને પણ વગર વાંકે છાંટા ઊડે છે -

મધુકર ! જાનત હૈ સબ કોઊ।
જૈસે તુમ ઔ મીત તુમ્હારે ,ગુનનિ નિપુન હૌ દોઊ ॥
પાકે ચોર, હ્રદય કે કપટી,તુમ કારે ઔ વોઊ ॥

ગોપી ઉદ્ધવની વાત શા માટે અસ્વીકાર્ય છે, એનો પણ સ્પષ્ટ ઈશારો કરે છે, 'ઓધાજી !શરીરે રાખ ચોળી, સમાધિ સાધીને નિર્ગુણ-નિરાકારનું ધ્યાન ધરવાની વાત અમારી સાથે રચાવનાર શ્યામસુંદર કરે ખરા ? હે ઉદ્ધવ ! જે કૃષ્ણ પોતાના હાથે અમારા શૃંગાર સજાવતા હતા; એ જ શું અમને રાખ ચોળવાનું કહે ?હજી કાલ સુધી જે અમારા હાથે માખણ આરોગતા અને જો ન આપીએ તો મટુકી ફોડી નાંખતા, દૂધ-દહીં ઢોળી નાંખતા; ક્યારેક અમે મારવા દોડીએ તો કોઠી પર ચડી જતા; એ અમાર નટખટ નંદલાલ નિર્ગુણ, નિરાકાર, જ્યોતિ-સ્વરૂપ ક્યારના બની ગયા ?'

બીજી સખી કહે છે, બેન ! તું નાહક માથાઝીંક શા માટે કરે છે ? આ ઉદ્ધવજી મથુરાથી અહીં આવ્યા છે ને ! એટલે એમને પ્રભુનો વિરહ થયો છે અને એમની દશા પણ આપણા જેવી જ થઇ ગઇ લાગે છે . પ્રભુવિરહમાં જેમ આપણે કંઇકને બદલે કંઇક કરી નાખીએ છીએ, તેમ એ પણ લખ્યું છે કંઇક અને વાંચે છે કંઇક. એમાં એમનો શો દોષ ? આ એમની વિરહદશાનું જ પરિણામ છે - **બ્યાકુલ ભયે ગોપાલ હી બિછુરે.'**

આ છે પ્રેમીની દશા. પ્રેમીને સર્વત્ર પોતાના પ્રિયજનનાં જ દર્શન થાય છે અને પોતાની જેમ સૌ પ્રેમ-વિરહમાં ઝૂરતાં જણાય છે. પછી આવી અવસ્થામાં અચાનક દીનતાનો ભાવ જાગતાં નિષ્ઠાની સ્મૃતિ થાય છે. કહે છે -

ઓધવ સુણોને સ્નેહીની રીત જી, પ્રાણ તજે પણ છોડે ન પ્રીત જી,
સિંહ કરે શત અપવાસ જી, તજી નિજ ભક્ષણ ખાય ન ઘાસ જી.
હારીલ કાઠી ગ્રહી નવ મૂકે જી, પ્રાણ તજે પણ ટેક ન ચૂકે જી,
ચાતક કરે જળ સ્વાતિનું પાન જી, કૂપ સરિતા સહુ ઝેર સમાન જી.

હૈયાનો ઊભરો ઠરતાં ઘડીભર સૌ ચૂપ થઇ જાય છે. રાધાજી વિચારે છેકે ઉદ્ધવજી જે કાંઇ કહે છે, તે ભલે ચિઠ્ઠીમાં લખ્યું હોય કે ન લખ્યું હોય; પણ એ ચિઠ્ઠીમાં હસ્તાક્ષર તો શ્રીકૃષ્ણ પ્રભુના જ છે. એમની નજર એ અક્ષરો પર ચોંટી છે. એમને થાય છે કે આ ચિઠ્ઠી લખતાં પ્રભુને જરૂર અમારું પણ સ્મરણ થયું હશે. આથી પ્રભુ-સંબંધને કારણે પત્રને છાતીસરસો ચાંપે છે.

નિરખત અંક સ્યામસુંદર કે બારબાર લાવતિ છાતી ।
લોચન જલ કાગદ મસિ મિલકે હ્વૈ ગઇ સ્યામ,સ્યામ જૂ કી પાતી ॥

સૂરદાસજીએ આ પંક્તિઓમાં શ્રીકૃષ્ણનો પત્ર જોઇ રાધાજીમાં થયેલા સાત્ત્વિક ભાવના સંચારનો અનુભવ કર્યો છે. ખૂબ સ્વાભાવિક છતાં મર્મ-સ્પર્શી રીતે, શ્લેષ અલંકાર દ્વારા અર્થઘટનતા ઊભી કરી છે. રાધાજી ચિઠ્ઠી હાથમાં લે છે,હૃદય-સરસી ચાંપે છે;પાછી હાથમાં લઇને જુએ છે. પ્રેમ વિવશતાથી આંસુ વહેવા માંડે છે. એનાથી ચિઠ્ઠીમાંની શાહી ફેલાઇ ઊઠે છે અને આખો પત્ર શ્યામ બની જાય છે. આ વાત અંક અને શ્યામ શબ્દો દ્વારા અદ્‌ભુત રીતે વ્યંજિત કરી છે. **અંક =અક્ષર અને અંક =છાતી. શ્યામ =કાળો રંગ અનેશ્યામ=શ્રીકૃષ્ણ.** આમ, એક જ શબ્દ જુદા જુદા અર્થમાં વાપરી હૃદયની પ્રેમદશાનું સુંદર વર્ણન કર્યું છે.

ચિઠ્ઠી જોઇ રાધાજીના હૈયામાં એવો તો પ્રેમોદ્રેક જાગ્યો, જેવો સ્વયં શ્રીકૃષ્ણને પામીને જાગે, એમને માટે શ્રીકૃષ્ણનો પત્ર જ સાક્ષાત્ કૃષ્ણરૂપ બની ગયો. જેમ કૃષ્ણને જોઇ આલિંગન આપવાનો ઉમળકો જાગે, તેમ કૃષ્ણ દ્વારા લખાયેલ પત્રને જોઇ એને વારંવાર આલિંગન આપે છે. પ્રેમદશામાં મત્ત રાધાજીના મનોભાવનું આ ચિત્ર એક ભક્તકવિ જ

આપી શકે. અહીં એક બીજો ભાવ પણ જોડાયેલો છે. રાધાજીને આ પત્ર જોઇ સંયોગાવસ્થાની લીલાઓનું સ્મરણ થઇ આવે છે અને તેઓ દેહભાન ભૂલી જાય છે.

આમાં એવો પણ સંકેત છે કે જેઓ એક વાર શ્યામરંગમાં રંગાઇ જાય છે, તેમના ઉપર પછી બીજો કોઇ રંગ ચડતો નથી-**'સૂરદાસ કારી કામરિ પે, ચઢત ન દૂજૌ રંગ.'**

રાધાજીની આ અવસ્થા જોઇ લલિતાજી એમને સ્વસ્થ કરવામાં રોકાયાં. ત્યાં શશીકલા બોલી ઊઠી, 'ઉદ્ધવજી ! અમારે માટે આ કાંઇ નવું નથી. આ તો રોજનું થઇ પડ્યું. શ્યામસુંદર આટલા નિર્દય અને નગુણા નીકળશે,એવી તો અમને કલ્પનાયે નહોતી. અહીંથી અમે એમને કેટકેટલા સંદેશા મોકલ્યા, પણ કશો વળતો જવાબ જ નહીં ! અમે જે કોઇ ખેપિયા મોકલીએ છીએ તે બધા પણ ત્યાં જ ડૂબે છે. કોઇ વળતા આવતા જ નથી. કાં તો શ્યામસુંદરે એમને ફોસલાવીને ત્યાં જ રોકી લીધા હશે કાં તો પહોંચ્યા પહેલાં રસ્તામાં જ મરી ગયા હશે ! ઉદ્ધવ, એ પોતાના તરફથી તો કોઇને મોકલતા નથી અને અમારા ગયેલાઓને પાછા આવવા દેતા નથી. એમને કાગળ પણ કેટલા લખે ? ઉદ્ધવ, એ પોતાના તરફથી તો કોઇને મોકલતા નથી અને અમારા ગયેલાઓને પાછા આવવા દેતા નથી. એમણે કાગળ પણ કેટલા લખે ? એટલા બધા કાગળ લખ્યા કે એનાથી મથુરાના કૂવા ભરાઇ ગયા હશે. અહીં લખવાની શાહી ખૂટી પડી. કાગળ બધા અમારાં આંસુથી ભીંજાઇ ગયા અને કલમ પણ ક્યાંથી બનાવે ? સરુના વનમાં આગ લાગી ગઇ ! અમારી આંખો આગળ આંસુના એવાં તો તોરણ ઝૂલ્યા કરે છે કે કશું દેખાતું જ નથી, પછી લખે શું ?

સઁદેસનિ મધુબન-કૂપ ભરે ।
જો કોઉ પથિક ગયે હૈં હ્યાઁ તેં ફિરિ નહિં અવન કરે ॥
કૈ વૈ સ્યામ સિખાય સમોધે કૈ વૈ બીચ મરેં ।
અપને નહિં પઠવત નઁદનંદન હરમેઉ ફેરિ ધરે ॥
મસિ ખૂટી કાગદ જલ ભીંજે, સર દવ લાગિ જરે ।
પાતી લિખેં કહો ક્યોં કરિ જો પલક-કપાટ અરે ?

ત્યાં મનોરમા ફરિયાદ કરતાં બોલી, 'ઉદ્ધવજી! પહેલાં તો અહીંથી કોઇ પથિક મથુરા તરફ નીકળતો, ત્યારે અમે એને રોકીને સંદેશો કહેવડાવતાં.

પણ હવે તો એવી દશા થઈ છે કે બીકના માર્યા પથિકોએ આ વ્રજના પાદરમાં થઇને જવાનું



ગં. સ્વ. કપીલાબેન કૃષ્ણદાસ શાહ
પ. ભ. શ્રી કુમુદબેન રજનીકાન્તભાઇ શાહ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
મહુધાવાળા

જ માંડી વાળ્યું છે- **'સૂરદાસ'** સંદેશન કે ડર પથિક ન વા મગ જાત.'

ગોપીઓની આ રકઝકનો ઉદ્ધવજી કંઇ જવાબ આપે, એ પહેલાં જ માલતી કંઇક નવાઇ પામતાં પૂછી બેઠી-

હમ સોં કહત કૌન કી બાતેં ?
સુનિ ઊધો !હમ સમઝતિ નાહિં, ફિરિ બૂઝતિ હૈં તાતેં ॥
કો નૃપ ભયો, કંસ કિન માર્યો, કો બસુદેવ-સુત આહિ ?
યહાઁ હમારે પરમ મનોહર જીજત હૈં મુખ ચાહિ ॥

ઉધ્ધવજી ! સાચું કહેજો, અમને આવો સંદેશો લખ્યો છે કોણે ? અમારા શ્યામસુંદર તો આવું ન જ લખે. અમે રહી ભોળી ભરવાડણો. કંઇ સમજાતું નથી એટલે જ પૂછીએ છીએ. તમે કહ્યું તેમ શ્રીકૃષ્ણ જો નિર્ગુણ-નિરાકાર હોય, તો અમારી સાથે ખેલનાર, કંસને મારનાર અને વસુદેવ - દેવકીના પુત્ર કોણ છે ? અમારા તો એ જ પરમ પ્રિય છે અને એમના મધુર મુખનાં દર્શન કરવાની આશાએ જ અમે જીવી રહ્યાં છીએ.'

ત્યાં પ્રવીણાએ ઠાવકાઇથી કહ્યું, 'ઉદ્ધવજી ! તમે નહીં માનો, પણ અમારા એ છેલછબીલાનાં દર્શન કરવા માટે અમારાં તો રોમેરોમ ઝંખી રહ્યાં છે. એમના વિરહમાં અમે એટલાં આંસુ સાર્યાં છે કે આંખો નિચોવાઇ ગઇ છે. હવે તો આંસુ પણ સાથ નથી આપતાં.'

રોમ રોમ હ્વૈ નૈન ગએ રી।
જ્યોં જલધર પરબત પર બરસત બૂંદ બૂંદ વ્હૈ નિચટિ દ્રએ રી ॥

ચતુરાને પર સંયોગલીલાનાં સ્મરણ થઇ આવ્યાં. ગળગળા અવાજે એણે કહ્યું. 'ઉદ્ધવજી !જ્યારે અમારા શ્યામસુંદર અહીં ગોકુળમાં વસતા હતા, ત્યારે તો તે અમારી એટલી સંભાળ લેતા હતા કે અમને ગરમ વાયુનો સ્પર્શ સુધ્ધાં થવા દેતા નહોતા. અનેક આફતોમાંથી વ્રજજનોને ઉગાર્યા હતાં. જ્યારે અમે વેણુનાદ સાંભળી મધરાતે વનમાં દોડી ગઇ, તે વેળાનાં અમારા સૌભાગ્યની તો શી વાત કરવી ?એમણે અમને જે લાડ લડાવ્યાં છે, એ તો ગણ્યાં ગણાય નહીં એવાં છે. રાત-દિવસ અમે એમના જ રંગમાં રંગાયેલાં રહેતાં. અમારી એ **'રાસ-રસ-રાતી'** સ્થિતિની યાદ આવે છે અને અમારા અંગેઅંગમાં

લાહ્ય ઊઠે છે. અમારા પર આટઆટલી કૃપા કરનાર પ્રભુ આટલા કઠોર બને ખરા ? ઉદ્ધવ!તમે તો એમની પાસેથી આવ્યા છો, અમારા બાળપણના સંગાથી અમને ફરી એ સુખ આપવા પધારશે ખરા ?

ગોકુલ બસત નંદનંદન કે, કબહુ બયારિ ન લાગી તાતી ।
અરુ હમ ઉતી કહા કહૈ ઉધૌ, જબ સુનિ બેનુ નાદ સંગ જાતી ॥
ઉનકૈ લાડ બદતિ નહિ કાહૂ, નિસિ દિન રસિક-રાસ-રસરાતી ।
પ્રાનનાથ તુમ કબહિ મિલૌગે, 'સૂરદાસ' પ્રભુ બાલ સંઘાતી ॥

ગોપીજનોને એમનાં દાનલીલા, પનઘટલીલા, રાસલીલા વગેરેનાં સ્મરણો થઇ આવે છે અને એ દિવસોના કેટકેટલાયે પ્રસંગો યાદ કરી કરીને સુધબુધ ખોઇ બેસે છે. શ્યામનો સંદેશ સાંભળી એમની સામે શ્રીકૃષ્ણની રૂપમાધુરીનાં મેઘધનુષ સાકાર થઇ ઊઠે છે. પરિણામે વિરહાવસ્થાની ચરમ અવસ્થાએ પહોંચી જાય છે. કોઇ વિહ્વલ બનેછે, કોઇ મૂર્છિત થઇ જાય છે, કોઇ ગાવા માંડે છે, કોઇની આંખમાંથી આંસુ સારવા માંડે છે. આ દિવ્ય દર્શન કરતાં નંદદાસજી કહે છે. -

સુનિ-મોહન-સંદેશ રૂપ સુમિરન હ્વૈ આયૌ ।
પુલકિત આનન-કમલ, અંગ-આબેસ જનાયૌ ॥
બિહબલ હ્વૈ ધરની પરી, બ્રજબનિતા મુરઝાઇ ।
દૈ જલ છીંટ પ્રબોધ હીં, ઉધૌ-બૈન સુનાઇ ॥
-સુનૌં, બ્રજ-નાગરી ॥

ગોપીજનોની આ દશા જોઇ ઉદ્ધવજીને પણ રોમાંચ થઇ આવે છે. બેસુધ બનેલ ગોપીજનોને જળ છાંટી ઉદ્ધવજી ભાનમાં લાવવા પ્રયત્ન કરે છે. જયારે તેઓ સ્વસ્થ થાય છે, ત્યારે ઉદ્ધવજી ફરીથી એમને સાંત્વના આપે છે અને સમજાવવા પ્રયત્ન કરે છે કે 'શ્રીકૃષ્ણ અહીં નથી, તેવું તમે કેમ માનો છો ? તે તો સચરાચરમાં વ્યાપેલા છે. માત્ર સચેતન પ્રાણીઓમાં જ નહીં; પણ લોઢું,લાકડું,પથ્થર,જલ,સ્થલ,ધરતી,આકાશ વગેરે -અણુ અણુમાં એમનો વાસ છે. હે વ્રજાંગનાઓ ! એ પરબ્રહ્મ સ્વરૂપને આત્મ-દર્શન કરી જયોતિ-સ્વરૂપે નીરખવાનો પ્રયત્ન કરો.



પ. ભ. શ્રી કાન્તીભાઇ નનુભાઇ ભંડેરી
પ. ભ. શ્રી હંસાબેન કાન્તીભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ

વે તુમ તેં નહિં દૂરિ, ગ્યાન કી આઁખિન-દેખૌ ।
અખિલ બિસ્વ ભરપૂર, રૂપ સબ ઉનહિ બિસેખૌ ॥
લોહ, દારુ પાખાન મેં, જલ-થલ, મહી-અકાસ ।
સચર-અચર બરતત સબૈ, જોતિ બ્રહ્મ-પરકાસ ॥
- સુનોં, બ્રજ-નાગરી ॥

ઉદ્ધવની આ અટપટી વાતો ગોપીજનોને સમજાતી નથી. ચતુરા સખી ફટ કરતોક પ્રશ્ન પૂછે છે, 'ઉદ્ધવ! કોણ બ્રહ્મ અને કોની જ્યોતિ? તમે આ જ્ઞાન કોને સમજાવો છો? આ તો અમે નવીનવાઈની વાત સાંભળી. અમને અચંબો તો એ વાતનો છે કે તમે જે નિર્ગુણ-નિરાકારની વાત કરો છો, એ બ્રહ્મનાં દર્શન તમે કદી કર્યાં છે ખરાં? અને તમે એવાં દર્શન કર્યા પછી જો અમને આવું સમજાવતા હો, તો કૃપા કરી અમને એ સમજાવો કે એ રૂપ-રેખ-વિહીન બ્રહ્મ અમારા શ્યામસુંદર જેવી લીલાઓ કરે છે ખરા?

અપની કહો દરસ વૈસે હી તુમ કબહૂં હૌ પાવત ?
મુરલી અધર ધરત હૈ સો, પુનિ ગોધન બનબન ચારત ?
નૈન બિસાલ ભૌંહ બંકટ કરિ દેખ્યો કબહું નિહારત ?

ઉદ્ધવજી એનો બચાવ કરતાં કહે છે, 'હે દેવીઓ ! તમે જે કહો છો એ પરબ્રહ્મની જ લીલા છે. તમે જે સગુણ-સ્વરૂપની વાત કરો છો, તે પણ વાસ્તવમાં તો નિર્ગુણ જ છે, પણ ઉપાધિને કારણે સગુણ ભાસે છે.'

ચતુરા કહે છે, 'અમે તો અહીં રોજ એમનાં દર્શન કરતાં.પ્રભાતે જ્યારે તે ગાયો ચારવા વનમાં જતા, ત્યારે અમારી આંખો પણ એમની પાછળ પાછળ જતી, અમારું કહ્યું માનતી નહોતી, એની જ આ સજા ભોગવે છે ! પરંતુ એમણે અમને જે પ્રેમરસ પાયો છે, તે અમારા અણુઅણુમાં વ્યાપી ગયો છે. એથી જ અમને જ્યાં નજર કરીએ, ત્યાં કેવળ કૃષ્ણ જ જણાય છે. તમે રહ્યા મથુરાના વાસી. ત્યાં નિયમનું રાજ ચાલે છે. તેથી જ આવી શુષ્ક વાતો કરો છો. પણ સાંભળો, અમારા આ વ્રજમાં પ્રેમનું રાજ ચાલે છે. તેથી શ્યામરસ-ભીની વાત સિવાય અમને કશું સ્પર્શી શકે તેમ નથી.

ઊધૌ, તુમ ન જાનત પ્રેમ।
બસૌ મથુરા રાજધાની, તહાં બ્યાપક નેંમ ॥
કથા નિરગુન ગ્યાન સૂકૌ, રાજનીતિ પ્રબંધ ।
પ્રીતિ-નેંનનિ, રૂપ-રીઝનિ, કહા જાને અંધ ॥

'ઉદ્ધવજી!સાંભળ્યું છે કે જનમના જોગી એવા નારદજીએ પણ પ્રેમની સરખામણી કોઇ બોબડો માણસ ગોળ ખાવાં છતાં એ આનંદ શબ્દોમાં સમજાવી ન શકે, એવા અનન્ય આનંદ સાથે કરી છે. ઘણા કવિઓએ એના ગુણ ગાયા છે અને અમારા આ વ્રજમાં પ્રેમરસમાં મસ્ત બની ઘૂમતા રસખાનજીએ તો કહ્યું છે કે **'પ્રેમ હરિકો રૂપ હૈ, અરુ હરિ પ્રેમ-સ્વરૂપ.'** એ પ્રેમ-સાગરમાં કોઇ મરજીવા જ ઝંપલાવે અને મોજ માણે. આથી તમે અમને પ્રેમનો એ સીધો માર્ગ છોડી, આ અટપટો રસ્તો કાં ચીંધો ?'

વિરહની દાઝેલી કામિની લાગ મળતાં બોલી ઊઠી, 'બેન!લાગે છે કે મથુરામાં વસીને એમનાં હૈયાં પણ કંસ જેવા કઠોર અને ક્રૂર બન્યાં છે. પ્રેમની વાતમાં એ શું સમજે ? અહીં તો પ્રભુનાં દર્શન વિના આંખો જળ વગરની માછલીની જેમ તરફડે છે. અરે ! અંદર જાણે વિરહનો વાયુ ભરાઇ ગયો હોય તેમ આંખો ખુલ્લી જ રહી જાય છે. એક મટકુંયે મારી શકતી નથી -

એકટક રહત નિમેષ ન લાગત, બિથા બિકલ ભઇ ભારી હો,
અઁખિયાઁ બહુત દુઃખારિ હો.

'અમારા આ રોગની એક જ દવા છે. ઉદ્ધવજી ! શ્યામસુંદરના દર્શનરૂપી અંજન અમારી આંખોમાં આંજી દો, જેથી આ નેત્રરોગ મટે, એક રહસ્યની વાત કહું ?બીજા બધા રસનો જે આસ્વાદ કરે છે તેને **'રસના'**(જીભ) કહે છે; પણ જે એકમાત્ર રૂપ-રસનું જ પાન કરે તે **'ચખ'** (આંખ) કહેવાય છે. આથી આંખ સાચી પતિવ્રતા છે. એનો અનન્યાશ્રય જગમાં વખણાય છે.

ઔર રસન લૈ જાન હી, રસના હૂ અભિરામ ।
ચાખત જે ઇક રૂપ-રસ, તાતેં હૈ 'ચખ'નામ ॥

નંદા બોલી, 'ઉદ્ધવજી!તમને ખબર નહીં હોય, પણ અમારી આંખોએ એક વ્રત લીધું છે. શ્યામસુંદરના દર્શન વગર બીજા કોઇનું મુખ ન જોવું. તેથી હું તો



પ. ભ. શ્રી કલ્યાણજીભાઇ વલ્લભભાઇ સાપરીયા
પ. ભ. શ્રી પરાગકુમાર ભુપેન્દ્રભાઇ સાપરીયા
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
મહુવા

છતી આંખે આંખો મીંચીને જ ચાલું છું. એ વ્રત પૂરું કરવા માટે તમે શ્યામસુંદરને જલદી પધરાવી લાવો, જેથી આ આંખો તો ખોલી શકું! અમારા આ વ્રતની તો સૂરદાસજીને પણ ખબર છે, અને તમે એમ કહો છો કે

શ્રી કૃષ્ણ ઘટઘટ-વ્યાપી છે, તો શું એમને આની ખબર નહીં હોય ?'

ઊધો !ઈન નૈનન નેમ લિયો।
નઁદનંદન-સોં પતિબ્રત બાંધ્યો, દરસત નાહિં બિયો ॥
ઈંદુ ચકોર, મેઘ પ્રતિ ચાતક જૈસે ધરન દિયો ।
તૈસે યે લોચન ગોપાલૈ ઈકટક પ્રેમ પિયો ॥

ચપલા કંઈક મરડમાં બોલી, 'ઓધાજી !હું તો કોણ જાણે કેટલાયે દી'થી શ્યામસુંદરના આવવાની રાહ જોતી મથુરાના મારગ તરફ આંખો બિછાવી રાખું છું. છતાં કદી એવું કષ્ટ નથી અનુભવ્યું, જેવું આજે તમારી આ લૂખી વાતો સાંભળીને થયું છે. અમારાં હૃદય તો શ્યામ વિના સૂનાં બન્યાં છે, છતાં તમે જળ વગરની નદીમાં, રેતમાં વહાણ ચલાવવા જેવી વાત કરો છો. નાનકડી દોણીમાં દોહીને અમારી સામે ગટગટ દૂધ પીતા એ કનૈયાનાં દર્શન પહેલાં અમને કરાવો; પછી બીજી વાત કરો. એમનાં દર્શન વગર આ આંખોને ક્યાંય ચેન પડવાનું નથી -

અઁખિયાં હરિ-દરસન કી ભૂખી।
કૈસે રહૈં રૂપ-રસ-રાચી યે બતિયાઁ સુનિ રૂખી ॥
અવધિ ગનત ઈકટક મગ જોવત તબ એતી નહિં ઝૂખી ।
અબ ઈન જોગ-સઁદેસન ઊધો અતિ અકુલાની દૂખી ॥
બારક વહ મુખ ફેરિ દિખાઓ દુહિ પય પીવત પતૂખી ।
'સૂર'સિકત હઠિ નાવ ચલાયો યે સરિતા હૈં સૂખી ॥

ત્યાં રત્નાપ્રભાએ એની સમજણની આભા વેરતાં કહ્યુ, 'ઉદ્ધવજી!આ તમારો યોગ તો શંકરજીના કાશીમાં શોભે અથવા કંસના મથુરામાં ખપે. અહીં ગોકુલમાં તો શ્યામરસ વગર બધું નકામું. ભલે શ્યામસુંદર અમને તજીને અનાથ બનાવી ચાલ્યા ગયા;છતાં અમે તો એમનાં ચરણોની દાસી છીએ. ભલેને રાહુ ચંદ્રનું ગ્રહણ કરે, છતા ચંદ્ર એની શીતલતા છોડતો નથી; તેમ પ્રભુ પણ એમની ભક્તવત્સલતા છોડતા નથી એની અમને ખાતરી છે. અમને પ્રેમભક્તિને બદલે આ યોગનો માર્ગ અપનાવવાનો સંદેશો પ્રભુએ અમારા

કયા અપરાધ બદલ મોકલ્યો હશે તેની તો અમને ખબર નથી; પણ અમારે તો પ્રભુનો પ્રેમ જ જોઈએ છે. એમના પ્રેમ આગળ મુક્તિ બાપડી શી વિસાતમાં? અમે તો એક ગોપીજન-વલ્લભને જ વર્યાં છીએ, બીજાની સામે જોવાથી કે બીજાનું નામ સાંભળવાથી પણ વ્યભિચાર દોષ થાય, તે અમે જાણીએ છીએ અને જગત પણ જાણે છે. જુઓ :

ધિક્ કાઁન જો દૂસરી બાત સુનેં, યહાઁ એકુ હી રંગ રહ્યો મિલિ ડોરૌ ।
દૂસરૌ નામ કુજાત કઢૈં, રસના જો કહૈ તૌ હલાહલ-બોરૌ ॥
'ઠાકુર'યોં કહતી બ્રજબાલ , સુ હ્યાં બનિતાન કૌ સુભાવ હૈ ભોરૌ ।
ઊધૌ જૂ વે અઁખિયાં જરિ જાઉ, જો સાઁવરૌ છાંડિ નિહારતીં ગોરૌ ॥

માટે ઉદ્ધવજી એટલું સમજી લો કે અહીં ગોકુળમાં વસનારાં બધાં ગોપાલ શ્રીકૃષ્ણના જ અનુરાગી છે. **'ગોકુલ સબૈ ગોપાલ ઉપાસી.'**

'આ ગોપીઓ કૃષ્ણનામ સિવાય બીજું કશું સાંભળવા તૈયાર જ નથી, ત્યાં ઉદ્ધવજીની દાળ ગળશે ખરી?' અનુભાઈએ જિજ્ઞાસા વ્યક્ત કરી. એટલામાં પડખે બેઠેલો પરીક્ષિત બોલી ઊઠ્યો, 'પપ્પા, આ ગોપીઓ બહુ જિદ્દી લાગે છે નહી? કહેવાય છે તો ભોળી ભરવાડણો, પણ ભલભલાનાં પાણી ઉતારે એવી છે !

રામજીભાઈએ હસતાં હસતાં કહ્યું, 'પરીક્ષિત, તું પરણ્યો નથી એટલે તને આ નહીં સમજાય. મમ્મી-પપ્પા એ ભેદ તને કહેશે નહી, પણ હું કહી દઉં. ગોપીઓ જિદ્દી નથી, પણ સાચી પતિવ્રતા છે. પુષ્ટિમાર્ગની રીતે કહીએ તો અનન્યાશ્રયી છે. એકવાર સમજીને બ્રહ્મસંબંધ લીધું અને શ્રીકૃષ્ણને સર્વસ્વ સમર્પિત કરી દીધું. પછી જીવનું પોતાનું કશું રહેતું નથી. એને માટે શ્રીકૃષ્ણની કે ઠાકોરજીની અનન્ય શરણાગતિ એજ એકમાત્ર ધર્મ અને એજ એકમાત્ર કર્મ. આ છે પુષ્ટિભક્તિનો મર્મ. આત્મનિવેદન વખતે પ્રભુને જ્યારે સર્વસ્વ સોંપી દેવાની પ્રતિજ્ઞા કરાય છે, ત્યારે ઇન્દ્રિયોના ધર્મો સહિત ઇન્દ્રિયોનું પણ સમર્પણ કરાય છે;એટલે એ સમર્પણ મન-વચન-કર્મથી થાય છે. ગોપીજનો ભગવદીયના આ સેવક-ધર્મના મર્મનું જ અહીં જગતના જીવોના હિત કાજે નિદર્શન કરે છે. આપણે બ્રહ્મસંબંધ વખતે કરેલી પ્રતિજ્ઞા ભૂલી જઈ, માત્ર વાણીથીજ સમર્પણ કરેલું માનીએ છીએ.મન અને કર્મથી નહિ. પરિણામે એની ગંભીરતા સમજતાં નથી. અને એ વાત આચરણમાં ઊતરતી નથી. આથી આપણા માટે ભવગદ્દર્શન દુર્લભ બન્યું છે.

'શ્રીમહાપ્રભુજી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની જે વાત કરે છે તેમાં **માયા સંબંધ-રહિતં શુદ્ધં ઇતિ ઉચ્યતે બુધૈઃ'** જે માયાથી સંબંધિત કે વાસિત નથી તે શુદ્ધ બ્રહ્મ, એવો અર્થ અભિપ્રેત છે. ગોપીજનો અને ઉદ્ધવ બંને આ વાતને સમજે છે, પણ એનો સ્વીકાર કરવાની બંનેની રીત જુદી છે. ઉદ્ધવજી એને જ્ઞાન દ્વારા જાણી શકાય છે એમ કહે છે;જ્યારે ગોપીજનો પ્રેમ-ભક્તિ દ્વારા આસાનીથી તે માણી શકાય છે એમ સ્વાનુભવને કારણે દૃઢતાથી માને છે. અહીં 'જાણવું'અને 'માણવું 'એ બે દૃષ્ટિકોણો વચ્ચે જ આ ટક્કર છે. ગોપીજનો અનુભવી છે;તેથી પોતાની વાત છોડતાં નથી. જાતજાતનાં વ્યાવહારિક ઉદાહરણો આપી, ઉદ્ધવજી સમક્ષ એ વાત રજૂ કરે છે. આખરે તો બંનેનો હેતુ પોતપોતાના પક્ષની વકીલાત કરવાનો છે. છેલ્લે બંને એકબીજાની વાતને સમજીને સ્વીકાર કરી, જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરી આપે છે. જોકે એમાં પ્રેમનું પલ્લું જરૂર ભારે રહે છે.'

'વાહ! તમે તો પ્રેમ-ભક્તિનું રહસ્ય પણ બતાવી દીધું.' માલાબહેને હસતાં હસતાં કહ્યું. પછી એમણે ઘડિયાળ તરફ ઇશારો કરતાં પૂછ્યું,'હવે ?'

હવે, વિરામ. બાકીની કોમેન્ટરી વિરામ પછી, રામજીભાઈએ કહ્યું.

આનંદની એક લહેર સાથે સૌ સ્મિત કરતાં ઊઠ્યાં.

૧૧. નિર્ગુન કૌન દેસ કો બાસી ?

બપોરે ભોજન-વિશ્રામ પછી કિશનભાઇએ પૂછ્યું. 'રામજીભાઇ, એમ લાગે છે કે વ્રજયાત્રા આજે પૂરી નહીં થાય. તો શું તમે આ આનંદયાત્રા અધૂરી મૂકીને જશો ?'

'ના કિશન. રામજીભાઇ ઇચ્છે તો પણ અમે યાત્રા અધૂરી નહીં છોડવા દઇએ. બીજા શ્રોતાઓનો પણ ખૂબ આગ્રહ છે કે રામજીભાઇ એક દિવસ વધુ રોકાઇને પણ આ ભ્રમરગીત-પ્રસંગ પૂરો કરે. આજે બપોરે છૂટાં પડતાં પહેલાં તેમણે મારી સાથે આ જ વાત કરી હતી. સૌને ખૂબ રસ પડ્યો છે.રામજીભાઇ આપણને સૌને નિરાશ નહીંકરે, એવો મને પૂરો વિશ્વાસ છે.' અનુભાઇએ કહ્યું.

'ભાઇ, તમારા વિશ્વાસને તોડવાનો અપરાધ મારાથી શેં કરી શકાય ? ઠાકોરજીની જ એવી ઇચ્છા હશે, એટલે કદાચ અત્યાર સુધીની યાત્રામંદ ગતિએ કરાવી હશે.'રામજીભાઇ સંમત થતાં બોલ્યાં.

એટલામાં શ્રોતા ભવગદીયોનું આગમન શરૂ થયું. થોડીવારમાં તો વ્રજયાત્રાની તૈયારી કરતાં રામજીભાઇએ કહ્યું. 'અનુભાઇ ! તમને શું લાગે છે ? ઉદ્ધવજીની દાળ ગળશે કે નહીં ?'

'ચાલો નજરે જ જોઇએ કે ત્યાં શું ચાલે છે ! જુઓ, અત્યારની બેઠક `વિહ્વલ કુંડ'પર યોજાઇ છે.' રામજીભાઇએ કહ્યું.

'આ વિહ્વલકુંડ શું છે ?' વામનભાઇએ પૂછ્યું.

'નંદગાંવ પાસે આ કુંડ આવેલો છે. કહેવાય છે કે શ્રીકૃષ્ણના મથુરાગમનથી ગોપીજનોને જે ઉત્કટ વિરહ થયો, તે વખતે શ્યામસુંદરની યાદમાં એમણે એટલા આંસુ સાર્યાં કે એ અશ્રુજલથી આખો કુંડ ભરાઇ ગયો. વિરહજલથી બનેલો હોઇ તે કુંડ વિહ્વલ કુંડ કેહવાય છે, જે આજે પણ ગોપીજનોની વિરહોન્મત્ત અવસ્થાનું સ્મરણ કરાવે છે ને યાત્રિકોને ઇંગિત કરે છેકે માત્ર જપ-તપ કે તીર્થયાત્રાથી પ્રભુ પ્રાપ્ત થતા નથી. પ્રભુ મળે છે એમને પામવા માટેની ઉત્કટ આરતથી અને એને સમર્પિત થઇ, એની કૃપા ન મળે ત્યાં સુધી વિરહ-તાપપૂર્વક નિષ્પાપ જીવન જીવવાથી.'રામજીભાઇ એ કહ્યું.

'જેમને ભગવન્નામ સિવાય બીજી લૌકિક વાતો ઝેર જેવી લાગે છે અને ગોપીભાવે જે પ્રભુની અનન્ય શરણાગતિ સ્વીકારે છે, તેને પ્રભુ પણ અવશ્ય સ્વીકારે છે. આ શરણાગતિ બાહ્ય દેખાવ પૂરતી નહિ, પણ હૃદયપૂર્વકની નિષ્ઠાવાળી હોવી જોઇએ. નિષ્ઠા વગર તો જીવનમાં કદી કોઇ કામ સફળ થતું નથી;જ્યારે આ તો અલૌકિક ફળ પામવાનું છે. એમાં દંભનું-બકાસુરનું કે મેલા મનના માનવીનું-અઘાસુરનું કશું ઉપજતું નથી. ભક્તિ કે ધર્મને બાપદાદાની જાગીર માનીને, એનો મનફાવે તેવો અર્થ કરનાર સંકુચિત ભાવવાળા કૂવાનાં દેડકાંઓથી પણ પ્રભુ જોજનો દૂર રહે છે. ભક્તિમાં દીનતા,નિષ્ઠા તથા હૃદયની પવિત્રતા અનિવાર્ય છે. ગોપીજનો પોતાનાં આચરણ દ્વારા આપણને આ જ બોધ આપે છે, તેથી તે પ્રેમલક્ષણા ભક્તિ માર્ગનાં ગુરુ કહેવાય છે. - **'ગોપિકાઃ ગુરવઃ પ્રોક્તાઃ.'** રામજીભાઇ એકી શ્વાસે બોલી ગયા. એમના અવાજમાં કંઇક દર્દ વરતાતું હતું.

સહેજ થંભીને એમણે કહ્યું.'ગોપીજનોનો આક્રોશ ઉદ્ધવજી સામે નથી, તેમ જ્ઞાન સામે પણ નથી. ભક્તિમાર્ગમાં જ્ઞાન એટલે આત્મ-સ્વરૂપને જાણવું. બીજી રીતે કહીએ તો ભગવદ્-સ્વરૂપને જાણવું. આ સ્વરૂપ-બોધ અનિવાર્ય છે. ગોપીજનોને એનો સ્વાનુભવ છે. રાસલીલા એ સ્વરૂપબોધનું જ જીવંત ચિત્ર છે. આથી એનો વિરોધ તેઓ કરે જ નહિ. અહીં માત્ર 'જાણવા'પર જોર દેનાર-શુષ્ક જ્ઞાની, પોથીપંડિતો સામે રોષ છે.'

'એટલું યાદ રાખો કે ઉદ્ધવજી પોથીપંડિત નથી. સાક્ષાત પ્રભુના સખાઅને બૃહસ્પતિના શિષ્ય કદાપિ પોથીપંડિત હોઇ ન શકે. એટલે આ સંવાદ દ્વારા જ્ઞાન અને ભક્તિના વિસંવાદને દૂર કરવાનો ભાગવતકારનો અને ભગવદીય ભક્તકવિઓનો સ્તુત્ય પ્રયાસ છે, જે અહંતા-મમતાથી ભરેલા આજના કલિયુગી જીવો માટે એક દીવાદાંડીરૂપ છે. આ દૃષ્ટિકોણથી જો ભ્રમરગીત-પ્રસંગ મૂલવીશું, તો જ એનું રહસ્ય પામી શકાશે. આ અર્થમાં જ અહીં ગોપજનો ઉદ્ધવજીને સૂરદાસના શબ્દોમાં ટકોર કરે છે-

કાહે કો રોકત મારગ સૂધો ?

સુનહુ મધુપ ! નિર્ગુન-કંટક તે રાજપંથ ક્યો રૂઁધો ?
કૈ તુમ સિખૈ પઠાયે કુબ્જા,કૈ કહી સ્યામઘન જૂ ધોં ।
બેદ-પુરાન સુમૃતિ સબ ઢૂંઢૌ જુવતિન જોગ કહૂઁ ધોં ?
તાકો કહા પરેખો કીજૈ જાનત છાછ ન દૂધો ।
સૂર મૂર અક્રૂર ગયે લૈ બ્યાજ નિબેરત ઊધો ॥

'હે ઉદ્ધવ! પ્રેમલક્ષણા ભક્તિનો આ માર્ગ રાજમાર્ગ છે. તે સીધો અને સરલ છે. જોકે આ પ્રેમપંથ પાવકની જવાળા જેવો પણ છે. એમાંજે કાંઇ અનિચ્છનીય હોય, તે બધું બળીને ભસ્મ થઇ જાય છે. જીવ પણ તપીને શુદ્ધ કંચન જેવો બને છે. અમારો આ તાપ અમારી આંતરશુદ્ધિ માટે જ છે. તમને શું એની પણ અદેખાઇ આવે છે કે જેથી આ રાજમાર્ગ આડે રોડાં નાખી, નિર્ગુણના કાંટા પાથરો છો ? તમને શ્યામસુંદરે આવું સમજાવીને મોકલ્યા છે ? સમજુ માણસ કદી આવું કરે કરા ? કે પછી કામણગારી ખૂંધી કુબડીએ તમારા ઉપર પણ ભૂરકી નાખી છે?

'અરે ઉદ્ધવ! તમે વેદ, પુરાણ, શાસ્ત્રો કે અનુભવી જનોના બધા ગ્રંથ ફેંદી વળો અને શોધી કાઢો કે એમાં ક્યાંય સ્ત્રીઓએ યોગ સાધવાનું છે ખરું? છાશ અને દૂધ કદી ભેગાં રહી શકે કરાં ? છાશ તો દૂધમાંથી કાઢેલા માખણ પછી વધેલા નિઃસાર કૂચા છે. તમે અમને પ્રેમરૂપી નવનીતને બદલે યોગરૂપી છાશ આપવા આવ્યા છો, પણ અમને છાશ અને દૂધનો ભેદ તમે શું સમજાવશો! કે પછી આમાંયે શ્યામસુંદરની કોઇ નવી લીલા છે? અમારી મૂડી તો અક્રૂર લઇ ગયા. હવે તમે શું વ્યાજ વસૂલ કરવા આવ્યા છો ?'

ગોપીઓને મન શ્રીકૃષ્ણ એ જ સાચી મૂડી છે અને શ્રીકૃષ્ણનું સ્મરણ ચિંતન એ વ્યાજ છે. અક્રૂરજી કૃષ્ણને તો લઇ ગયા, હવે એ કૃષ્ણને યાદ કરી ગોપીઓ એમનાં દર્શનની આશાએ જીવે છે; ત્યારે ઉદ્ધવજી યોગની પોઠ લઇને આવ્યા છે. તેથી એક ગોપી અકળાઇને બોલી ઊઠે છે, 'શું મથુરામાં બધા એક જ બીબામાં ઢાળેલા છે કે શું ? વાન તો શ્યામ છેજ, પણ હૈયા પણ શ્યામ ? કપટ એ જ એક કામ !' એટલું કહેતાં કહેતાં તો એની આંખો ડબડબાઇ ગઇ. પછી કહે છે કે, 'તમે જે નિર્ગુણ -નિરાકારની વાત કરો છો, તે અમારા ગળે ઊતરતું નથી. ખોટું



ગો.વા. વૃજલાલભાઈ પ્રેમજીભાઈ લંગાળીયા
પ. ભ. શ્રી ભાસ્કરભાઈ વિ. લંગાળીયા
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
ભાવનગર

ન લગાડશો. આ તો સમજાતું નથી એટલે વારે વારે પૂછવું પડે છે. અભણ ગામડિયાં છીએ ને ?કહો-

જો મુખ નાહિંન હુતો, કહૌ કિન્હ માખન ખાયૌ ।
પાઁઈન બિન ગો-સંગ કહૌ, બન બન કો ધાયૌ ॥
આઁખિન મેં અંજન દિયૌ, ગોબરધન લિયૌ હાથ ।
નંદ-જસોદા પૂત હૈ, કુંવર કાન્હ બ્રજનાથ ॥
- સખા, સુન સ્યામ કે ॥

પોતાના મતને વળગી રહેતાં ગોપીજનો સ્વાનુભવની વાત કરતાં સહજ રીતે દલીલ કરે છે કે તમારા કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણ બ્રહ્મરૂપ છે. બ્રહ્મ નિર્ગુણ-નિરાકાર છે. એ નિરાકારને હાથ-પગ, મુખ-નાક, આંખ-કાન કશું નથી. તે માત્ર જ્યોતિ-સ્વરૂપ છે. તો પછી મુખ વિના માખણ કોણે ખાધું? પગ વગર ગોધણની પાછળ વનેવન કોણ દોડયું? હાથ વગર ગોવર્ધન કોણે ધારણ કર્યો ?ના ના, ઉદ્ધવ !અમારા શ્યામસુંદર એવા મોં-માથા વગરના 'અણઘડ'નથી. એ અમારી આંખના વિષય છે. નંદ-યશોદાના પુત્ર છે.

હમ પરતચ્છ મેં પ્રમાન અનુમાનેં નાંહિ -
તુમ ભ્રમભૌર મેં ભલે હીં બહિબૌ કરૌ ।
કહૈ 'રતનાકર' ગુબિંદ ધ્યાન ધારેં હમ -
તુમ મન-માનોં સસા-સિંગ ગહિબૌ કરૌ ॥

'જ્ઞાની મહારાજ! તમારી બધી વાતો અનુમાન પર આધારિત લાગે છે. જ્યારે અમે તો જેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. એની વાત કરીએ છીએ. તમે ભ્રમના વમળમાં એવા અટવાયા છો કે ગોળગોળ ઘૂમ્યા કરો છો અને ઊંડા અને ઊંડા ઊતરતા જાઓ છો. અટકળિયાઓની દશા આવી જ થાય. નિર્ગુણ-નિરાકારની વાત સસલાના શિંગડા જેવી કાલ્પનિક છે; જ્યારે અમે સર્વાંગસુંદર એવા સગુણ-સાકારનો સ્વાનુભાવ કર્યો છે. સાંભળો -

કર બિનુ કૈસેં ગાય દુહિહૈ હમારી વહ-
પદ બિનુ કૈસેં નાંચિ થિરકિ રિઝાઈ હૈ ।

કહે 'રતનાકર'બદન બિનુ કૈસે ચાખિ -
માખન, બજાઈ બેંનું ગોધન ગવાઈ હૈ ॥

અમારો તો આ સ્વાનુભવ છે. જો તમને સ્વાનુભવ હોય તોઅમને જરા આટલું સમજવામાં મદદ કરો. તમારો ઉપકાર જીવનભર નહીં ભૂલીએ.

નિર્ગુન કૌન દેસ કો બાસી ?
મધુકર! કહિ સમુઝાઈ, સૌંહ દૈ બૂઝતિ સાઁચ, ન હાંસી ॥
કો હૈં જનક, કૌન હૈ જનનિ, કૌન નારિ, કો દાસી ?
કૈસો બરન, ભેસ હૈ કેસો, કિહિં રસ કો અભિલાસી ॥

શ્રી જગન્નાથદાસ 'રતનાકર'અને સૂરદાસજીનાં આ પદ માયાવાદ એટલે કે કેવલાદ્વૈત મતાનુયાયીઓને જડબાતોડ જવાબરૂપે છે. એમના મતે **'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'** એકમાત્ર બ્રહ્મ સિવાય બીજું બધું મિથ્યા છે,મનોમય છે,માયારચિત છે. આથી જેમ અંધારામાંદોરડાને સાપ માની લેવાય છે અથવા સૂર્યપ્રકાશમાં ચળકતી રેતીમાં પાણીનો (ઝાંઝવાનું જળ) આભાસ થાય છે, તેમ જગત પણ આભાસી છે. જ્યાંસુધી બ્રહ્મ-સ્વરૂપને જાણી ન લેવાય, ત્યાં સુધી બધું બ્રહ્મથી ભિન્ન ભાસે છે. આ માયામિશ્રિત અદ્વૈતવાદના વિરોધમાં શ્રીમદ્ વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ આપ્યો. આપશ્રીના મતે કાર્ય અને કારણ બંને રીતે બ્રહ્મ શુદ્ધ છે. માયિક નહીં. શુદ્ધ બ્રહ્મનો લીલાવિલાસ એટલે દૃશ્ય જગત. એમાં ઉપનિષદના **'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'** નો અક્ષરશઃ સ્વીકાર છે.

શ્રીવલ્લભાચાર્યજીએ ઉપનિષદ સહિત વેદ,ગીતા તથા બ્રહ્મસૂત્ર એ ત્રણ પ્રસ્થાનોમાં ચોથું પ્રસ્થાન શ્રીભાગવતનું ઉમેર્યું. જ્ઞાનનાં મૂળ આ ગ્રંથોમાં છે. એમાંથી સમયને અનુરુપ લોકભોગ્ય સિદ્ધાંત સારવી, પુષ્ટિમાર્ગનું પ્રદાન કર્યું. ઉપનિષદો જેને **બ્રહ્મ** કહે છે અને ગીતા જેને **પુરુષોત્તમ** કહે છે તે પરમ તત્ત્વને જ શ્રીભાગવત **પરમાત્મા અથવા શ્રીકૃષ્ણ** કહે છે. એ રીતે શ્રીવલ્લભના મતે કૃષ્ણજ **બ્રહ્મ, ઈશ્વર** અથવા **પરમાત્મા** છે. તે નિર્વિશેષ હોવા છતાં સવિશેષ પણ છે. નિર્ગુણ હોવા છતાં સગુણ પણ છે. વિરુદ્ધધર્માશ્રયી એ **બ્રહ્મ** જ સચ્ચિદાનંદ-સ્વરૂપ છે.એમના સ્વરૂપમાંથી જ સમસ્ત જગતનો આવિર્ભાવ થાય છે;છતાં એ બ્રહ્મમાં કશો વિકાર થતો નથી. આથી જગત પણ કાર્યરૂપે બ્રહ્મ જ છે, કારણ કે જગતની ઉત્પતિ કે નાશ થતાં નથી ;પરંતુ તેનો આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. આમ, જગત માયાને કારણે ઊપજતું નથી, તેથી કાર્ય-કારણ એકમાત્ર બ્રહ્મ જ છે. અહીં બ્રહ્મને ત્રણ સ્વરૂપે દર્શાવાય છે.(૧) **પરબ્રહ્મ અથવા પુરુષોત્તમ - આધિદૈવિક સ્વરૂપ;**(૨) **અંતર્યામી - આધિભૌતિક સ્વરૂપ; અને** (૩) **અક્ષરબ્રહ્મ - આધ્યાત્મિક સ્વરૂપ.** અંતર્યામી સ્વરૂપે તે સૌના આત્મામાં નિવાસ કરે છે. આ અંતર્યામી અને અક્ષરબ્રહ્મ સીમિત આનંદવાળા છે, જ્યારે પરબ્રહ્મ આનંદઘન, સદાનંદ છે. એમનો આનંદ અમાપ, અસીમ, અનંત છે. અક્ષરબ્રહ્મની વાત શ્રીવલ્લભ-મતની વિશેષતા છે. અને પુષ્ટિ માર્ગનો પાયો આ વિશેષતા ઉપર રચાયો છે.

જેમ અગ્નિમાંથી અનેક તણખા નીકળે છે, તેમ અક્ષરબ્રહ્મમાંથી અનેક જગત અને જીવન પ્રગટે છે. અક્ષરબ્રહ્મ ચાર પ્રકારનું છે : **(૧) અક્ષર (૨) કાળ (૩) કર્મ અને (૪) સ્વભાવ.** આ અક્ષરરૂપ પુરુષ અને પ્રકૃતિ સ્વરૂપે પ્રગટે છે. આથી દરેક વસ્તુનું ઉપાદાન અને નિમિત્ત કારણ પણ એ જ બને છે. આ પુરુષને જ જીવ કહે છે. જીવ અનંત છે. પરિમાણમાં અણુરૂપ છે. આ પુરુષ જ જ્ઞાતા, કર્તા અને ભોક્તા પણ છે. તે જ સત્, ચિત્ત અને આનંદરૂપ પણ છે;પરંતુ એનો આનંદ મર્યાદિત છે. આથી જ્યારે પરમાત્મા લીલા કરવાની ઈચ્છા કરે છે, ત્યારે જીવને પોતાના આનંદનો અનુભવ નથી થતો. પરિણામે તે દુઃખી થાય છે. આ દુઃખને કારણે તે બંધનમાં પડે છે; એટલે કે આ દુઃખનું કારણ સ્વરૂપનું અજ્ઞાનનું છે અને એ જ બંધનકારક છે. જ્યારે પરમાત્માની અહેતુક કૃપા થાય, ત્યારે તે આ બંધનમાંથી મુક્ત થાય છે. આવી મુક્ત અવસ્થામાં તે આવે છે ત્યારે જીવ અને ઈશ્વરમાં અભેદ સ્થપાય છે રાસલીલા આ અભેદ અવસ્થાનું જ પ્રતીક છે. આવી અભેદ અવસ્થા પામનાર તાદૃશી કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં આ જ પરમ ફળરૂપ છે. અહીં ગોપીજનો અને ઉદ્ધવજીના સંવાદમાં જે વિરોધાભાસ જણાય છે, તે જીવસહજ આત્મ-વિસ્મરણની સ્થિતિ સમજાવવા માટે છે. સ્વરૂપ આડેનું આવરણ જાય, તો દુઃખ જાય ને પરમ આનંદરૂપ પરમાત્માને પામી શકાય. આ અવસ્થામાં મિલન કે વિરહ, સુખ કે દુઃખ એવાં દ્વન્દ્વ નથી.

આથી ઉદ્ધવજી કહે છે, 'હે ગોપીજનો!તમે જેને શ્યામસુંદર કહો છો, એ જ નિર્ગુણ બ્રહ્મ છે. એમના થકી જ આ આખું બ્રહ્માંડ નીપજ્યું છે, એમને કોઈ માતા-પિતા નથી. તમે જે શ્યામ વર્ણવાળા કૃષ્ણની વાત કરો છો, એ પરબ્રહ્મનો જ લીલાવતાર છે. આથી એમના સ્વરૂપને યોગ અથવા ભાગ-ત્યાગ-લક્ષણારૂપ યુક્તિથી જ પામી

શકાય છે. અનુભવી સંતો એને જ **'જોગ-જુગતિ'** કહે છે. કેટલાંક એને જ **'સહજ સમાધિ'** કહે છે. તમને એ જુક્તિ વગર મુક્તિ નહીં મળે અર્થાત્ સ્વરૂપબોધ નહિ થાય.'

ગોપી કહે છે, 'કોઇ ગરજવાન હોય એને તમે આ બધી યોગની વાતો કહેજો. અહીં તો પ્રેમથી નંદનંદનના ગુણ ગાઓ. અમારાં નેણમાં, વેણમાં, તનમાં, મનમાં બધે એક શ્રીકૃષ્ણ જ રિસાઇ ગયા છે. એ પ્રેમામૃતને ત્યજીને આ યોગની ધૂળ કોણ વહોરે ? સાચા રતનને બદલે કાચનાં કીડિયાં કોણ સ્વીકારે ?તમે કપટીનાં મિત્ર છો, એટલે આવી ભેદભરમ વાળી વાતો કરો છો. યાદ રાખજો, તમે પણ જો એ નિર્ગુણના રવાડે ચડશો તો હાથ ચોળતા રહી જશો. અનુભવ કહે છે કે 'હાથના કર્યાં હૈયે વાગે.'

આ દલીલ સાંભળી ઉદ્ધવજી ઘડીભર ટાઢાબોળ થઇ ગયા. ક્ષણેક પછી કહે છે, 'દેવીઓ! એ ધૂળમાં પણ પ્રભુનો વાસ છે. જો એમ ન હોત તો મહાદેવ એને માથે ન ચડાવત. જેને તમે ધૂળ કહો છો, એ પૃથ્વી પર જન્મ ધરીને તો સત્કર્મ દ્વારા હરિ-પદને પામી શકાય છે. એ પૃથ્વીમાંથી જ આ શરીર બને છે, પૃથ્વીમાંથી જ બ્રહ્માંડ નીકળ્યું છે. અરે ચૌદ લોક, સાત દ્વીપ અને નવ ખંડ એ બધું પૃથ્વીના પ્રતાપે જ છે. પ્રભુની એ ચરણરજના પ્રતાપે તો આ વ્રજનો મહિમા છે. પછી તમે ધૂળને આમ ફેંકી દેવા જેવી કેમ કહો છો ? અનુભવી ભક્તો કહે છે-

`ધૂરિ' ઉડાવત સીસ પૈ, કહુ `રહીમ' કિહિં કાજ ।
જિહિં રજ મુનિ - પતની તરી, સો ઢૂંઢત ગજરાજ ॥

'ઉદ્ધવજી ! જ્યાં સુધી હૈયે હરિ વસતા નથી, ત્યાં સુધી જ કરમ-ધરમની ગરજ છે. જે હરિવિમુખ છે એમને જ કર્મ બંધનરૂપ છે. અમે તો બધું પ્રભુને જ સમર્પી દીધું છે. જે કાંઇ કરીએ છીએ તે પ્રભુ માટે જ કરીએ છીએ. આથી અમારું કશું નથી, પછી અમને કર્મબંધ પણ ક્યાંથી હોય ?

'અરે દેવીઓ !તમે કર્મની નિંદા કરો છો ? ત્રણે લોકમાં કર્મથી બળિયું બીજું કોઇ નથી. ઉત્પત્તિ અને પ્રલય કર્મથી છે. કર્મથી જ મુક્તિ છે અને એના થકી જ ગોલોકવાસ પ્રાપ્ત થાય છે.' ઉદ્ધવજી જોરમાં આવી ગયા.

'હે શ્યામસખા !જે સાકર અને મીઠાનો ભેદ ન જાણતા હોય, એમને તમે આ ભળતી જ પડીકી પકડાવી દેજો. જરા સાંભળો -

કરમ પાપ ઔ પુન્ન, લોહ સોને કી બેરી ।
પાઁઇન બંધન દાઊં, કોઊ માનોં બહુતેરી ॥
ઊંચે કરમ તેં સરગ હૈ, નીચ કરમ તેં ભોગ ।
પ્રેમ બિના સબ પચિ મરે, બિષૈબાસના રોગ ॥
- સખા, સુન સ્યામ કે ॥

'ઉદ્ધવજી !પાપ લોઢાની બેડી છે, તો પુણ્ય સોનાની બેડી છે. આખરે બંને છે તો બંધનકર્તા. અમે પાપ-પુણ્યના ચક્કરમાં પડવા માંગતા નથી. અનુભવ-વાક્ય તો એવું એવું છે કે **'પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્'**-બીજાને દુઃખ ન દેવું ને બને તો ઉપયોગી થવું, એમાં જ જીવનની સાર્થકતા. બાકી સંસારના કર્મો ભોગનાં સાધન ભેગાં કરી આપે અને પરમાર્થના કાર્યો સ્વર્ગ અપાવે. એ સ્વર્ગ પણ શાશ્વત સુખનું સ્થાન નથી. એ તો ઘડીભરનાં રાજસુખ જેવું છે. પુણ્ય ખૂટી પડે એટલે પાછું જન્મ-મરણનું ચક્કર શરૂ અને ભગવદ્પ્રેમ આગળ મુક્તિ બાપડી શી વિસાતમાં ?સાચું માનો, લોકો પરમ પ્રેમના સ્વરૂપને સમજતા નથી; તેથી જ અહંતા-મમતામાં કૂટાઇ મરે છે અને વિષય-વાસનાના રોગનો ભોગ બની અમૂલ્ય જીવન વેડફી નાંખે છે. ભગવાને શ્રીમુખે આજ્ઞા કરી છે - અનાસક્ત કર્મયોગી, કર્મફળનો ત્યાગ (સઘળાં કર્મ મને અર્પણ) કરીને નૈષ્ઠિક શાંતિ પામે છે **(યુક્તઃકર્મફલં ત્યક્ત્વા શાન્તિમોતિનૈષ્ઠિકમ.)'**

ઉદ્ધવજી ગોપીઓની આ ધારદાર દલીલો સામે ઘડીભર તો ચૂપ થઇ ગયા.પછી કંઇક સમાધાનકારી વલણ અપવાનવતા બોલ્યા, 'તમારી આ વાત કંઇક વાજબી લાગે છે, પણ તમે જે નંદનંદનની વાત કરો છો તે પરબ્રહ્મ જ છે. એને સમજ્યા વગર એની લીલાઓ નહીં સમજાય. એ તત્ત્વ એટલું તો સૂક્ષ્મ છે કે એને નરી આંખે તો શું, કોઇ યંત્રની મદદથી પણ જોઇ શકાય તેમ નથી. વળી, તે અનન્ય છે. તેથી તેને કોઇ ઉપમા આપી શકાય તેમ પણ નથી. એને કોઇ આકાર નથી, રૂપ-રંગ નથી ;છતાં કેવળ રૂપવાળો કે રૂપ વગરનો પણ કહી શકાય એમ નથી. તે વિરુદ્ધ-ધર્માશ્રયી છે. તેથી એના નિર્ગુણ-સ્વરૂપને સમજવાથી જ સગુણનો રસ પામી શકાય છે અને તે યોગ દ્વારા અનુભવી શકાય છે. આવો અનુભવ થાય,

ત્યારે હૃદયાવકાશમાં જ એનું રૂપ પ્રકાશી ઊઠે છે -

જાકે મુઁહ માથા નાહીં, નાહીં રૂપ-અરૂપ ।
પુહુપબાસ તેં પાતરા, ઐસા તત્ત્વ અનૂપ ॥

'ઉદ્ધવજી !અમારો યોગ તો એ નંદનંદનના અખંડ નામ-સ્મરણમાં સમાઇ જાય છે અને આ સ્મરણ-રમણ વખતે એ નટખટ અમારી પાસે આવીને પહેલાં જેવાં જ નખરાં કરે છે. અમે તો અનુભવીઓ પાસેથી એવું સાંભળ્યું અને અનુભવ્યું છે કે યોગ એટલે મિલન. અમારા શ્યામસુંદર અમને મળ્યા છે અને મળે પણ છે, એટલે અમને તો અખંડ યોગ સિદ્ધ થયો છે. જુઓ, ઘી-ગોળના અક્ષર બે. અમે તો આટલું સમજીએ-'**હરતાં ફરતાં ધંધો કરતાં ધ્યાન ધણીનું ધરવું રે.**' અમે એ તો કરીએ છીએ, પછી તમે આ ભસ્મ ચોળવાની ને શ્વાસ ખેંચવાની આડીઅવળી વાતો કેમ સમજાવો છો ?તમને આવું કહેતા વિચાર થવો જોઇએ કે જેમના હૈયે વિરહની આગ ધગધગતી હોય અને પ્રાણાયામ કરી વાયુ અંદર ખેંચે, તો એનું પરિણામ શું આવે ?એ આગ દાવાનળ બનીને ભભૂકી ઊઠે કે બીજું કંઇ ?જુઓ, તમારી આ મોં-માથા વગરની વાત સાંભળે એવું અહીં કોઇ નથી.'

અટપટિ બાત તિહારી ઊધો સુનૈ સો ઐસી કો હૈ ?
હમ અહીરિ અબલા, સઠ મધુકર! નિન્હૈં જોગ કૈસે સો હૈ ?
બૂચિહિ ખુભી આઁધરી કાજર, નકટી પહિરૈ બેસરિ ।
મઁડલી પાટી પારન ચાહૈ, કોઢી અંગહિ કેસરિ ॥
બહિરી સોં પતિ મતો કરૈ સો ઉત્તર કૌન પૈ પાવે ?
ઐસો ન્યાય હૈ તાકો ઊધો જો હમૈં જોગ સિખાવે ॥
જો તુમ હમકો લાયે કૃપા કરિ સિર ચઢાય હમ લીન્હેં ।
સૂરદાસ નરિયર જો બિષ કો કરહિં બંદના કીન્હેં॥

'ઉદ્ધવજી!અમે રહી ભોળી ભરવાડણો. એમાંય સ્ત્રીની જાત. ગામડા ગામનાં અભણ માણસ. તમારી આ જોગની વાતો અમને સમજાય શી રીતે ?જે સમજાય નહિ તે સાંભળે પણ કોણ ?તમે આટલા જ્ઞાની થઇને આટલી સીધીસાદી વાત નથી સમજતા ?કાન વગરની બૂચીને બૂટિયું અને નકટીને નથણી પહેરવાનું કહો છો ? આંધળીને કાજળ આંજવાનું અને બોડીને પટિયાં પાડવાનું કહો છો ?આ કેવી હાસ્યાસ્પદ વાત છે! અરે મહારાજ! કોઢીના અંગે કેસર ચોળવાનો કે બહેરી બૈરીને સલાહ પૂછવાનો કોઇ અર્થ ખરો ?તમે જો ભગવાનના પ્રસાદરૂપે કંઇ લાવ્યા હો, તો અમારા માટે એ માથાભેર; પણ તમે તો નાળિયેરના બદલે ઝેરકોચલું લઇને આવ્યા છો. એને તો નવગજના નમસ્કાર કરવા પડે. માટે આ ફીફાં ખાંડવાં રહેવા દો.'

ત્યાં બીજી એક સખી નજીક સરી આવી. પછી મર્મમાં પૂછે છે, 'ઉદ્ધવજી !એક વાત પૂછું ?સાચું કહેજો. તમે જ્યારે મથુરાથી નીકળ્યા, ત્યારે તમને વિદાય આપતી વખતે શ્યામસુંદર મલકાયા હતા ખરા ?

ઊધો ! જાહુ તુમ્હૈં હમ જાને ।
સાઁચ કહૌ તુમકો અપની સૌં, બૂઝત બાત નિદાને ॥
સૂર સ્યામ જબ તુમ્હૈં પઠાયે તબ નેકહુ મુસકાને ॥

ઉદ્ધવજી કહે છે, 'ના.એમની આંખમાં તો આંસુ ઝળકતાં હતા.'

'બરાબર યાદ કરો. ચહેરા પર ગ્લાનિ હતી ?હોઠ ભીડાયેલા હતા.'

'ના....કંઇક આતુરતા હતી અને....હોઠ પર આછું સ્મિત લહેરાતું હતું.'

'બસ,અમારે એટલું જ જાણવું હતુ. સાંભળો, તમારા એ દોસ્ત તમને ઉલ્લુ બનાવી ગયા! આટલા જ્ઞાની હોવા છતાં તમને મોકલતી વખતે એમના સ્મિતનો મર્મ તમે ન સમજ્યા ?અરે, એમણે તમારા જ્ઞાનની ફજેતી કરવા માટે જ તમને અહીં મોકલી દીધા છે. તમારા જ્ઞાનની જો કસોટી જ કરવી હોત, તો તમને ગોકુલ નહીં, કાશી મોકલત. ત્યાં ઘણાં પંડિતો છે. જેમની સાથે તમે જ્ઞાનગોષ્ઠિ કરી શકત. અમે અભણ અબળાઓ જ્ઞાનમાં શું સમજીએ ?અમે તો શ્યામના પ્રેમનાં ભૂખ્યાં. પ્રેમરસથી રસાયેલાં. એટલે અમારી વચ્ચે તો તમે સાવ કોરા છો કોરા !પ્રેમરસને તમે શું જાણો ?'

પ્રેમ વિના પ્રભુ કેમ રીઝશે, મિથ્યા મહેનત શીખવું સુણવું,
હૈયે નથી ત્યાં હોઠ શું કામના, જેમ શૂન્યને સોએ ગુણવું.

'બેન !મને તો એમ લાગે છે કે ઉદ્ધવજીને જ્ઞાનરોગ લાગુ પડ્યો છે;એટલે આપણા શ્યામસુંદર આગળ રોજ આવાં બખડજંતર કર્યા કરતા હશે. સાચી વાત સમજવાને બદલે

પોતાનો કક્કો ખરો કરાવવા માથાકૂટ કરતા હશે. આથી કંટાળીને જ શ્યામસુંદરે હાર માની લીધી હશે અને એમનો ધજાગરો કરવા અહીં મોકલી દીધા હશે, જેથી એમની દવા થઇ શકે !પછી ઉદ્ધવજીને પૂછે છે, 'ખરું ને, મહારાજ ! અને હસતાં હસતાં કહે છે -

સાધુ હોઇ તિહિ ઉત્તર દીજૈ, તુમસૌં માની હારિ ।
યહ જિય જાનિ નંદનંદન તુમ, ઇહાં પઠાએ ટારિ ॥

ગોપીઓનાં હૈયામાં ભાવનાં મોજા ઊછળે છે. ક્યારેક હસીને મર્મમાં કંઇ બોલે છે. ક્યારેક ભાવવિભોર થઇ મૌન બની જાય છે. ક્યારેક સંયોગલીલાના સ્મરણમાં ડૂબી જાય છે, તો ક્યારેક વિયોગનો ઊભરો આવતાં તાતાં તીર જેવા કટાક્ષ પણ કરી લે છે. આવા જ મિજાજમાં એક ગોપી કહે છે, 'ઉદ્ધવજી !તમે આ વણજની ખેપમાં જ્ઞાન, યોગ, નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ વગેરે ઘણી બધી સામગ્રી લઇને અહીં આવ્યા છો. આમ તો એ બધું અમારા ખપનું નથી, પણ એટલી ધરપત રાખજો કે અહીંથી તમને સાવ નિરાશ થઇને પાછાં નહીં મોકલીએ. અમે તમને બોણી જરૂર કરાવીશું.

ઊધૌ !કહ્યો તિહારોઇ કીબૌ ।
નીકેં જિય કી જાનિ અપનપૌ, સમુઝિ સિખાબન દીબૌ ॥

'તમે જેમ કહો છો તેમ અમે યોગ કરીશું, ધ્યાન પણ ધરીશું, શરીરે રાખ પણ ચોળીશું અને તમનેય પરસેવો છૂટે તેવું પંચાગ્નિ તપ તપી આકરી પરીક્ષા આપવાની પણ અમારી તૈયારી છે. આ બધું તમને સ્વજન સમજીને કરીએ, પણ એક વાતની તમારી બાહેંધરી આપવી પડે. એવો જોગ કર્યા પછી અમને અમારા શ્યામસુંદર મળશે ખરા ?બોલો, આપો છો ખાત્રી ?

ઉદ્ધવજી કહે છે, 'દર્શન દેવાં કે નહીં એ તો પ્રભુની ઇચ્છા પર આધારિત છે. એમાં તો પ્રભુની કૃપા જ નિયામક છે. પછી એ દર્શન આપશે જ એવી બાંહેધરી હું શી રીતે આપી શકું ?'

'જો સર્વશક્તિમાન અને સકળ બ્રહ્માંડના સર્જનહાર બધું કરી શકે, તો અમારામાટે મોર-મુકુટની કાછની ધરી દર્શન ન આપી શકે ?

તૌ હમ માનૈં બાત તુમ્હરી ।
અપનો બ્રહ્મ દિખાવહુ ઊધૌ મુકુટ-પીતાંબરધારી ॥



ગો.વા. જયંતિલાલ પ્રેમચંદભાઇ સંગાણી
પ. ભ. શ્રી જશુબેન જયંતિલાલ સંગાણી
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
અમદાવાદ

ભજિહૈ તબ તાકો સબ ગોપી સહિ રહિહૈં બરુ ગારી ।
સૂરદાસ પ્રભુ એક અંગ પર રીઝિ રહીં બ્રજનારી ॥

ઉદ્ધવજી પાસે આનો કોઇ જવાબ નથી; કારણકે આ ગોપીઓની અનન્યતા અદ્‌ભુત છે. એકમાત્ર શ્યામસુંદર સિવાય એમને બીજું કાંઇ સ્પર્શી શકતુંનથી. ભારતેન્દુ બાબુ કહે છે તેમ -

એહિ ઉર હરિ-રસ પૂરિ ગયૌ ।
તનમેં,મનમેં,જિયમેં, સબ ઠાઁમ,કૃષ્ણ હિં કૃષ્ણ ભયૌ ॥
ભર્યો સકલ તન-મન તોહુઁ નહિં, માન્યૌ ઉમડિ બહ્યૌ ।
નૈંનનિ સોં બૈનનિ સોં રોક્યો, નાહિંન પરત રહ્યૌ ॥

ગોપીજનોના ધીરજના બંધ છૂટી ગયા. કોઇ ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડવા માંડી, કોઇ બાલલીલાંના સ્મરણો વાગોળતી રહી. કોઇની નજર સામે,જ્યારે પોતાના હાથે તે પ્રભુને આભૂષણ સજાવતી, એ ચિત્ર અંકિત થઇ ગયું. -

બાલદસા તેં મૈં જુ ખિલાયે લઔં રહતિ હી કનિયાઁ ।
સુનિ રી સખી । કહાઁ લૌં બરનૌં ઉનકી પ્રીતિ અપનિયાઁ ॥
પાંચ બરષ તેં પહિરનિ સિખયે લાલ પટંબર તનિયાઁ ।
અપનેં હાથ પોવતિ પહિરાવતિ કંઠ કનક કે મનિયાઁ ॥

તો કોઇને વળી નિકુંજલીલાની યાદ આવતાં એમાં જ ખોવાઇ જાય છે. એકવાર પોતે રૂસણાં લીધાં અને મોં ફેરવીને બેસી ગઇ. ત્યારે એ વ્રજનાથે ઘણું મનાવવા છતાં પોતે માની નહીં. જુએ છે તો હસીને એમણે એનાં ચરણ પકડી લીધાં. ગુસ્સામાં પાછું વળીને એણે એમના તરફ જોયું, ત્યારે એના મસ્તક પર ઝૂકીને પોતાનો ઉપરણો ઓઢાડી દીધો. આવી અદ્‌ભુત છે એમની કૃપા, પણ પોતે અભાગણ કે એમના સ્વરૂપને જાણી ન શકી. એ ક્ષણ યાદ આવતાં ગોપી ભાન ભૂલી બબડી ઊઠે છે-

નહિં બિસરતિ વહ રતિ બ્રજનાથ ।
હૌં જુ રહી હઠિરૂઠિ મૌન ધરિ, સુખ હી મૈં ખેલત ઇક સાથ ॥
પચિહારે મૈં તઉ ન માન્યૌ, આપુન ચરન છુએ હઁસિ હાથ ।
તબ રિસ ધરિ સોઇ ઉત મુખ કરિ, ઝુકિ ઢાઁપ્યૌ ઉપરૈના માથ ॥

કોઇ વળી પોતે નંદનંદનની આંખોમાં કાજળ આંજી રહી હતી અને આંખમાં આંખ મિલાવી એવી તો તલ્લીન થઇ ગઇ કે પ્રભુની આંખમાં કાજળ આંજવાને બદલે, પોતેજ એ શ્યામરંગમાં રંગાઇ ગઇ! બસ, ત્યારથી તે એક ક્ષણ પણ એમના વિના રહી શકતી નથી. એને થાય છે કે હું અભાગણી મરી કેમ જતી નથી !'

જ્યારે બીજી એક સખી રાસલીલાના સંયોગ-સુખનું સ્મરણ કરીને એકલી એકલી હસતી હતી. ઉદ્ધવજીની હાજરીનું પણ એને ભાન ન રહ્યું -

માનહું મત્ત મતંગ મતે તેં ડરપત રહત મહાવત ।
કબહુક આગૈ કબહુક પાછૈ નૈન સોં નૈન મિલાવત ॥
કબહુક પથ કૌ તનક તનૂકા દૂરી કરન કહઁ ધાવત ।
અતિ સંકિત મોહન ઉર અંતર બાનિક કછુક બનાવત ॥

ગોપીજનોની આ સ્થિતિ જોઇ ઉદ્ધવજી પણ પ્રેમના એ પ્રવાહમાં જાણે અવશપણે વહેતા હોય એમ લાગ્યું. પ્રભુની બાળલીલા અને કિશોરલીલાઓને યાદ કરીકરીને ગોપીજનો દેહનું પણ ભાન ભૂલી ગયાં અને સ્ત્રીસહજ લજ્જાનો ત્યાગ કરી આંસુ સારવા લાગ્યાં :

ગાયન્ત્યઃ પ્રિયકર્માણિ રુદત્યશ્ચ ગતહ્રિયઃ ।
તસ્ય સંસ્મૃત્ય સંસ્મૃત્ય યાનિ કૈશોરબાલ્યયોઃ ॥

સૌ ગોપીજનોની આ દશા છે. દિલમાં એક જ આરત છે - **'હરિ !તેરી લીલા કી સુધિ આવતિ.'** આવી અવસ્થામાં એક જ સંભવિત પરિણામ આવે - **'કમલનયન મોહન મૂરતિકૌ મન મન ચિત્ર બનાવતિ.'**

આવાં પ્રેમોન્મત્ત ગોપીજન જગત સામે ખુલ્લો એકરાર કરતાં ગાઇ શકે કે જો ભગવદ્-સ્વરૂપનો અનુભવ કરવો હોય, તો અમારી જેમ લોક-લાજ અને કુળ-મર્યાદાનાં સઘળાં બંધન તણખલાંની જેમ તોડીને ફેંકી દેવા પડશે. આ તો મરજીવાઓનો મારગ છે. અહીં કાયરોનું કામ નથી.

મૈં અપનો મન હરિ સોં જોર્યો ।
હરિસૌ જોરિ સબનિ સોં તોર્યો ॥
નાચ નચ્યૌ તબ ઘૂઁઘટ કૈસૌ લોક-લાજ-ડરુ પટકિ પછોર્યો ।
આગૈં-પાછૈં સોચ મિટ્યૌ સબ માંઝ હાટ મટુકા સૌ ફોર્યો ॥

કહનોં હોઇ સુ કહૌ સખી રી! કહા ભયો કાહૂ મુખ મોર્યો ।
'પરમાનંદ'પ્રભુ લોક હઁસનિ દૈ લોક-વેદ તિનુકા સો તોર્યો ॥

એક ગોપીજનને પ્રભુ સાથેની સંયોગલીલાનું સ્મરણ થઇ આવતાં તે એમાં આત્મવિસ્મૃત બન્યાં હતાં. તે જ વખતે એક ભમરો ઊડતો ઊડતો આવ્યો અને એમનાં ચરણ ઉપર ગુંજન કરતો ભમવા માંડ્યો. એમને લાગ્યું કે મારું માન છોડાવવા ભગવાને જ આને દૂત બનાવીને મોકલ્યો છે -

કાચિન્મધુકરં દૃષ્ટ્વા ધ્યાયન્તી કૃષ્ણસઙ્ગમમ્ ।
પ્રિય-પ્રસ્થાપિતં દૂતં કલ્પયિત્વેદમબ્રવીત્ ॥

શુકદેવજીની જેમ, સૂરદાસજી પણ આ પ્રસંગના સાક્ષી બન્યા છે -

ઇહિં અંતર મધુકર ઇક આયો।
નિજ સુભાવ અનુસાર નિકટ હ્વૈ સુંદર સબ્દ સુનાયો ॥
પૂછન લાગીં તાહિ ગોપિકા, 'કુબજા તોહિ પઠાયો ?
કૈધોં સૂર સ્યામ-સુંદર કૈં હમૈં સંદેસો લાયો ?' ॥

ગોપીજનોના મનભાવન શ્યામસુંદરનો સંદેશો લઇને આવેલો આ ભ્રમર ગોપીના ફૂલ-ગુલાબી ચરણકમળ પર બેસવા એની ફરતે ઊડ્યા કરે છે અને એમને એ ભમરામાં શ્યામના દૂતનો ભાસ થાય છે -

બૈઠ્યૌ ચાહત પાઁઇ પૈ, અરુન-કમલદલ જાનિ ।
મનુ મધુકર ઉધૌ, પ્રથમહિં પ્રગટ્યૌ આનિ ॥
-પ્રેમ કૌ ભેષ ધરિ ॥

અનાયાસે સાંપડેલી આ સુંદર તકનો લાભ લઇ, પ્રેમજોગણ ગોપીજનો અને રસભોગી ભમરા વચ્ચે, શ્રીકૃષ્ણને નજર સમક્ષ રાખી, ભમરાને મિષે ઉદ્ધવજીને સંબોધી, પરસ્પર તર્ક-વિતર્કથી સભર જે મધુર સંવાદ રચાય છે, તે ભ્રમરગીત. વિરહ-વિદગ્ધ પ્રેમીજનના ભાવ એનો પ્રાણ છે.

તાહિ ભઁમર તેં કહતિ સબૈ પ્રતિ-ઉત્તર બાતેં ।
તર્ક-વિતર્કન્હ-જુકત, પ્રેમ-રસ-રૂપી ઘાતેં ॥

શ્રીમદ્ ભાગવતમાં આ પ્રસંગ પછી ગોપીજનો એ ભમરાને સંબોધીને જે દશ શ્લોક બોલે છે, તે પ્રસંગ 'ભ્રમરગીત' તરીકે જાણીતો છે.

'તો શું ભ્રમરગીત હજી હવે શરૂ થાય છે?' રાધાબેહન જાણે નવાઇ પામતાં હોય, તેમ એકદમ બોલી ઉઠ્યાં.

'હા, શ્રીભાગવતજી પ્રમાણે તો માત્ર આ દશ શ્લોક જ 'ભ્રમરગીત'ના છે ; પરંતુ સૂરદાસજી આદિ અષ્ટછાપ ભક્ત કવિઓએ એનો ખૂબ વિસ્તાર કર્યો છે, જે વાત આપણે શરૂઆતમાં જ કરી હતી. આમ તો દશમસ્કંધ પૂર્વાર્ધના અધ્યાય ૪૬ અને ૪૭માં અધ્યાયના આ ૧૦ શ્લોક પૂર્વેના તથા પછીના અન્ય શ્લોક આ પ્રસંગની ભૂમિકા અને સમાપન તરીકે સાથે જ લેવાય છે, જેમાં છેલ્લે 'ઉદ્ધવગીત' તરીકે જાણીતા છ મહત્ત્વપૂર્ણ શ્લોકોનો પણ સમાવેશ થાય છે.' રામજીભાઇએ થોડીક સ્પષ્ટતા કરી.

'હવે આ મૂળ ભ્રમરગીતને માણવા આગળ વધીએ, તે પહેલાં થોડોક વિરામ લઇશું! ચા-પાણીથી પરવાર્યા પછી આપણે એ આગંતુક ભમરાનો ગુંજારવ સાંભળીએ.' માલાબહેન બોલ્યાં.

માલાબહેન અને તેમની બંને દીકરીઓ ભગવદીયોની ટહેલ કરવામાં પણ ખૂબ સતર્ક હતાં, એની અજાણતાંમાં પણ રામજીભાઇથી નોંધ લેવાઇ.

તેમણે હળવું સ્મિત કરતાં કહ્યું, 'બહેન ! તમે આ ટહેલ કરીને સત્સંગના ફળમાં ભાગ પડાવવાનો વિચાર તો નથી કરતાં ને ?'

'ના, અમે તો માત્ર અમારો ગૃહસ્થ-ધર્મ જ બજાવીએ છીએ. અપેક્ષા રાખવાથી તો ધર્મ પણ ધતિંગ બને છે.' અનુભાઇએ મધુર સ્મિત સાથે, સહજ ભાવે જવાબ આપ્યો.

સૌ મોકળા મને હસી પડ્યાં.

ગો. વા. ભગવાનભાઇ હંસરાજભાઇ સભાયા
પ. ભ. શ્રી નરસીંહભાઇ ભગવાનભાઇ સભાયા
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
મોટી ગરમલી

૧૨. મધુકર ! તુમ હો સ્યામ-સખાઇ

વિરામ પછી સ્વસ્થ થઇ સૌ ગોઠવાયાં. ભમરાને બહાને ગોપીજનોને પોતાના હૃદયની વાત કહેવા માટે હવે એક મનભાવતું બહાનું મળી ગયું છે, ત્યારે ઉદ્ધવ-ગોપી સંવાદ કેવો રંગ લાવે છે તે જાણવાની ઉત્સુકતા સૌના ચહેરા પર દેખાઇ આવતી હતી. અનુભાઇએ પૂછ્યું, 'રામજીભાઇ!આ ભ્રમરના ગુંજારવમાં શું સંઘરાયું હશે?'

'ચાલો, આપણે પ્રત્યક્ષ ત્યાં જઇને જ સંભાળીએ. જુઓ, ઉદ્ધવજી જેને 'વ્રજનાગરી'કહે છે, તે સૌ આ ભ્રમરનું આવતાંવેંત કેવું સ્વાગત કરે છે ?

મધુપ કિતવબન્ધો મા સ્પૃશાઙ્ઘ્રિં સપત્ન્યાઃ
કુચવિલુલિતમાલા-કુઙ્કુમશ્મશ્રુભિર્નઃ ।
વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં
યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદૃક્ ॥

એ ભમરાને જોઇને ગોપીજન એમનો રોષ ઠાલવતાં કહે છે, 'હે મધુપ!કપટીનો મિત્ર હોઇ, તું પણ કપટી છે. મારાં ચરણોને સ્પર્શ ન કરીશ. ખોટા ખોટા પ્રણામ કરી અમને રીઝવવાનો દંભ ન કરીશ. અમે જોઇએ છીએ કે શ્રીકૃષ્ણની જે વનમાળા અમારી શોક્યનાં વૃક્ષઃસ્થળના સ્પર્શથી ચોળાયેલી છે, એનું પીળું કેસર (કુંકમ) તારી મૂછો પર પણ લાગેલું છે. તું પોતે તો કોઇ પુષ્પને પ્રેમ કરતો નથી, પણ આમતેમ ઊડ્યા કરે છે. જેવા તારા સ્વામી, તેવો તું. (વ્રજપતિ મટીને) મધુપતિ બનેલા શ્રીકૃષ્ણ ભલે મથુરાની માનુનીઓને મનાવ્યા કરે. યદુવંશીઓની સભામાં મશ્કરીને પાત્ર એવો એમનો આ કુંકુમરૂપ કૃપા-પ્રસાદ પોતાની પાસે જ રાખે. તારા મારફત એને અહીં મોકલવાની શી જરૂર હતી?'પરમાનંદદાસજી કહે છે -

રે ષટ્પદ ! ઉર અંતર કારે, તુમ જિનિ પરસહુ ચરન હમારે ।
તુમ્હરે પીત બરન મુખ-કેસા, મધુબન જાઇ કરહુ ઉપદેસા ॥

બિજૈસખા-સખિયનિ મિલિ ગાવૌ, દંપતિ મિલિ આનંદ બઢાવૌ ।
કિંચક અધર-સુધારસ દીનૌ, મેલિ ઠગૌરી મનુ હર લીનૌ ॥

સંસ્કૃતમાં ભમરા માટે ઘણા શબ્દો વપરાય છે - ભ્રમર, મધુપ, મધુકર, મધુવ્રત, મધુસૂદન, ભૃંગ, દ્વિરેફ, પુષ્પકીટ, પુષ્પલિટ્, ષટ્પદ, અલિ, રસિક, ઉદ્ધવ, ચંચરીક. આ ઉપરાંત અન્ય ભાષાઓમાં બટકુ, ચાકડો, ભમરડો, ચંચળ, કામી, વસંતઋતુ, વમળ વગેરે અર્થમાં પણ ભ્રમર શબ્દ વપરાય છે.

શ્રીસુબોધિની ટીકા અનુસાર ભ્રમરગીતના આ દશ શ્લોક (૧૨ થી ૨૧) તામસ-તામસ ગોપીજનની જુદી જુદી ભાવદશાના ઉદ્‌ગાર છે. આપણે છેલ્લે એ બધા મૂળ શ્લોક અને એનો ભાવાર્થ એકસાથે વિચારીશું. એટલે અહીં માત્ર એ શ્લોકોના સંદર્ભમાં આ સંવાદ જોઇશું. મૂળ શ્લોકોના ક્રમ પ્રમાણે બોલનાર ગોપીજનોનાં યૂથ આ પ્રમાણે છે -

શ્લોક ૧૨ - તામસ-તામસ; **શ્લોક ૧૩** - તામસ-રાજસ; **શ્લોક ૧૪** - તામસ-સાત્ત્વિક; **શ્લોક ૧૫** - નિર્ગુણ; **શ્લોક ૧૬** - રાજસ-તામસ;**શ્લોક ૧૭** - રાજસ - રાજસ;**શ્લોક ૧૮** - રાજસ-સાત્ત્વિક; **શ્લોક ૧૯** - સાત્ત્વિક-તામસ; **શ્લોક ૨૦** - સાત્ત્વિક-રાજસ; **શ્લોક ૨૧** - સાત્ત્વિક-સાત્ત્વિક.

તામસ, રાજસ અને સાત્ત્વિક શબ્દો વ્યવહારમાં પ્રકૃતિનાં અર્થમાં સમજાય છે; પણ અહીં પરમ પ્રેમની ભાવસ્થિતિના સંદર્ભમાં આ વર્ગીકરણ કરાયું છે, તે પાયાની બાબત ધ્યાનમાં રાખવા જેવી છે. ભક્તિ-માર્ગમાં (૧) ગૌણી ભક્તિ અથવા સાધનમાર્ગમાં પહેલાં ભક્ત ભગવાનને અનુકૂળ બનવા સાધન કરે છે, જેથી તેના જીવસહજ દોષ દૂર થાય અને તે પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે. આમાં સફળતા મળશે જ એવી ખાતરી નથી હોતી, એટલું જ નહિ;ફળ મળવામાં ઘણો વિલંબ પણ થઇ શકે છે; જ્યારે (૨) પરાભક્તિરૂપ કૃપામાર્ગ કે અનુગ્રહ માર્ગમાં પ્રથમ ભગવાનની કૃપા અનાયાસ પ્રાપ્ત થાય છે. કબીરદાસ જેવા સંતો પણ આ જ સત્યનો ઉદ્‌ઘોષ કરતાં કહે છે, "પ્રભુ જ્યારે ભક્તનું વરણ કરે છે, ત્યારે તેના સઘળા દોષ આપોઆપ દૂર થઇ જાય છે. પછી એ ચાદર મેલી ન થાય, એટલું એણે સાચવવાનું!"

મલિમલિ ધોઇ દાગ ન છૂટે, જ્ઞાનકો સાબુન લાય પિયા ।
કહૈં કબીર દાગ કબ છુટિહૈ, જબ સાહબ અપનાય લિયા ॥

ભક્ત જો ભગવાનને અનુકૂળ બનવાને શક્તિમાન ન હોય, તો સ્વયં ભગવાન જ એને અનુકૂળ બની સામેથી કૃપા કરે છે. એટલે અહીં ભગવાન ભક્તને આધીન બને છે. આ છે ભગવાનની અહેતુક કૃપા. આવી કૃપા મેળવવા માટે પાયાની શરત એ છે કે ભક્તે નિષ્ઠાપૂર્વક પોતાનું સર્વસ્વ શ્રીપ્રભુનાં ચરણોમાં ધરી દઇ, અનન્ય ભાવે ભગવાનનો આશ્રય સ્વીકારવો જોઇએ - '**સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ.**'

અહીં ભગવાન આજ્ઞા કરે છે કે જીવન-નિર્વાહ માટે તારે જે સહજ કર્મ છે, તે પોતપોતાના વર્ણાશ્રમધર્મ અનુસાર કરવાનાં જ છે;પરંતુ અહંતા-મમતા જગાવનાર સઘળા પ્રાપંચિક ધર્મો ત્યજી, જે કર્મ કરે તે મને અર્પણ કરી દે. જીવન અને નિત્ય-નૈમિત્તિક કર્મો ઉપરનો માલિકી ભાવ છોડવા માટે જે કાંઇ કરીએ, તે પ્રભુને માટે કરીએ;પોતાના માટે નહીં. પુષ્ટિમાર્ગમાં આત્મનિવેદન યા બ્રહ્મસંબંધ આ પાયાની શરતની પૂર્તિરૂપે જ અનિવાર્ય ગણાયું છે. ગીતાજીમાં ભગવાન સ્વયં શ્રીમુખે આજ્ઞા કરે છે કે -

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ।
તત્પ્રસાદાત્પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ॥

હે અર્જુન!તું સર્વભાવથી એકમાત્ર પરમાત્માને શરણે જા. તેમની કૃપાથી તું પરમ શાંતિ અને ધ્રુવપદ - શાશ્વત પરમપદ પામીશ.

સર્વસ્વનું સમર્પણ એ શ્રીભાગવતનો પણ પાયાનો સિદ્ધાંત છે. એક વાર ભક્ત આવું અશેષ સમર્પણ કરે છે, ત્યારે ભગવાન સામેથી ખાતરી આપે છે કે જ્યારે દીનભાવે તેં શરણ સ્વીકાર્યું છે, તારા જીવન-નિર્વાહની જવાબદારી હું સ્વીકારું છું. આ કોઇ ગુપ્ત કરાર નથી, ભગવાનનું જગજાહેર વચન છે. ભક્તે આ વચનમાં પૂરો વિશ્વાસ રાખી, આ પડકાર ઝીલી લેવાનો હોય છે, જેનો સ્વીકાર ગોપીજનોએ કર્યો છે.

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

ગોપીજનોને તો શ્રીકૃષ્ણ પ્રત્યે પરમ અનુરાગ છે, અનન્ય વિશ્વાસ છે. આથી જ એમને નિત્ય - સંગી તરીકે સ્વીકારે છે. જગતમાં અનેક ઉદાહરણો આપણી

નજર સમક્ષ તરવરે છે, જ્યાં સૌ કોઇની આપત્તિ ટાણે - ખાસ તો ભક્તોના હિત કાજે હરિ ભક્તની પડખે આવીને ઊભા રહે છે. શ્રુતિની સાખ પૂરીને ગોપીજન કહે છે કે આવા સર્વ-શક્તિમાન અને પરમ કારુણિક પ્રભુને ત્યજીને બીજાનો આશ્રય કરવા કોણ જાય?તેઓ બહુ ભારપૂર્વક ઉદ્ધવજીને પણ કહે છે કે ગાવા હોય તો ગોવિંદના જ ગુણ ગાઓ -

ગોવિંદ ગાઢે દિન કે મીત ।
ગજ અરુ બ્રજ પ્રહલાદ, દ્રૌપદી સુમિરત હી નિહચિત ॥
ગુરુ-બાંધવ-હિત મિલે સુદામહિં, તંદુલ પુનિ પુનિ જાચત ।
ભગત બિરહ કૌ અતિહી કાદર, અસુર-ગર્વ-બલ નાસત ॥
સંકટ-હરન-ચરન હરિ પ્રગટે, બેદ બિદિત જસ ગાવૈ ।
'સૂરદાસ'ઐસે પ્રભુ તજિ કૈ, ઘર ઘર દૈવ મનાવૈ ॥

ભગવદ્-ગુણગાન એ જીવસહજ દોષોની નિવૃત્તિ માટેનો અક્સીર ઇલાજ છે. આની પાછળ એક મનોવૈજ્ઞાનિક તથ્ય છુપાયેલું છે. 'કીટ-ભ્રમર'ન્યાય મુજબ ચિત્તમાં જેનું સતત ચિંતન થયા કરે, તે ભાવ દૃઢ થતો જાય છે અને સરવાળે તે સ્વભાવરૂપ બની જાય છે. માણસ જો દોષને દૂર કરવા માટે એનો જ વિચાર કર્યા કરે;તો દોષ દૂર થવાને બદલે સૂક્ષ્મ રીતે તેના થર બાઝતા જાય છે, તે અદૃષ્ટ રીતે ચોંટતા જાય છે. પરિણામે તે સહજ સ્વભાવ બની જાય છે. કામ, ક્રોધ વગેરે મનુષ્યના પ્રબળ શત્રુ છે. એને દૂર કરવા માટે જે સાધન કરવામાં આવે, તેમાં તેનું ચિંતન રહ્યા કરતું હોય છે. આથી એ શત્રુઓ ઉપર કાબૂ મેળવી શકાતો નથી; કારણ કે ક્રોધ દૂર કરવા માટે ક્રોધનું ચિંતન કરવું પડે. ચિંતનથી તે દોષ વધુ દૃઢ થાય. માનો કે કદાચ સભાન પ્રયત્નથી એ દોષ ઉપર થોડોક કાબૂ મેળવી શકાય, તો આ સફળતાનું અભિમાન આવશે. એટલે એક શત્રુને દૂર કરી બીજા શત્રુને આશ્રય આપવા જેવો ઘાટ થશે. આ સ્વાનુભવને કારણે જ પૂર્વાચાર્યોએ 'બકરું કાઢતાં, ઊંટ પેઠું'એ કહેવત આપી. સંતો કહે છે -

ભક્તિ કા મારગ ઝીના રે ।
નહિં અચાહ નહિં ચાહના, ચરનન લૌ લીના રે ॥
સાધન કે રસ - ધારમેં, રહે નિસ-દિન ભીના રે ।
રાગ મેં શ્રુત ઐસે બસે, જૈસે જલ મીના રે ॥



પ. ભ. શ્રી વસંતભાઇ રમણલાલ શાહ (સરપંચ)
પ. ભ. શ્રી મિનાબેન વસંતભાઇ શાહ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ

આથી શાસ્ત્રો અને સંતો કહે છે કે ક્રોધને બદલે કૃષ્ણનું ચિંતન કરો. એનાથી ચિંતનની દિશા બદલાશે. પરિણામે ક્રોધ ભુલાતો જશે. ક્રોધની આ ખાલી પડેલી જગ્યાનું સ્થાન કૃષ્ણ લેશે. આમ સતત કૃષ્ણચિંતનથી ક્રોધ નિર્મૂળ થશે અને ભગવન્નામ દૃઢ થશે. ભગવદ્-સ્મરણ એ દોષોને દૂર કરવા માટેના વૈજ્ઞાનિક ઇલાજ તરીકે સફળ રહ્યું છે. એક વાર મન ભગવદ્-નામમાં ચોંટશે, પછી દુન્યવી વિષયો મનને ઝેર જેવા લાગશે. ગોપીજનોને આવી દશા સિદ્ધ થઇ છે. આથી એમનાં ચિત્તચોરનાં દર્શનની એમને અખંડ ઝંખના રહ્યા કરે છે. પોતાની આ વિવશતાને વ્યક્ત કરતાં તેઓ કહે છે -

મધુકર 'શ્યામ હમારે ચોર ।
મન હરિ લિયો માધુરી-મુરતિ ચિતૈ નયન કી કોર ॥
પકર્યો તેહિ હિરદય ઉર-અંતર પ્રેમ-પ્રીતિ કે જોર ।
ગયે છઁડાય છોરિ સબ બઁધન દૈં ગયે હઁસનિ અઁકોર ॥
સોવત તેં હમ ઉચકિ પરી હૈં દૂત મિલ્યો મોહિ ભોર ।
સૂર સ્યામ મુસકનિ મેરો સર્વસ લૈ ગયે નંદકિસોર ॥

ઉદ્ધવજીની જ્ઞાનવાર્તા સાંભળીને અકળાઇ ઊઠેલાં ગોપીજનો ભમરાને સંબોધીને શ્રીકૃષ્ણ-સંબંધને કારણે **'કિતવબંધુ'** કહે છે. **'કિતવ'**એટલે કપટી. **'ગોપીગીત'** માં પણ શ્રીકૃષ્ણને **કિતવ'**કહ્યા છે. અહીં ઉદ્ધવને પણ એમના જેવા જ ગણે છે. પ્રેમના આવેશ અને વિરહ-વ્યથાથી અકળાયેલાં ગોપીજનોના આ ઉદ્‌ગારમાં પ્રત્યક્ષ રીતે દોષારોપણ જણાય છે. પણ હકીકતમાં એ સ્નેહસભર વ્યાજોક્તિ છે.

લગ્ન-પ્રસંગે સ્ત્રીઓ આનંદના અતિરેકમાં ફટાણાં ગાય છે; જેમાં સામા પક્ષનાં સંબંધીઓ માટે, સામાન્ય રીતે કદી ન વપરાય તેવા શબ્દો વાપરે છે. એમના ઉપર જાતજાતના દોષ મઢે છે અને મશ્કરી કરે છે. પ્રસંગ અને પરિસ્થિતિ જોતાં એમાં કોઈને કશું અજુગતું લાગતું નથી. ગોપીજનોની આ ઉક્તિઓમાં પણ એવો જ ભાવ છે, પ્રેમનો ઊભરો છે. શ્યામસુંદર પ્રત્યેના મધુર ભાવમાં ઉદ્ધવની જ્ઞાનચર્ચા અવરોધ ઊભા કરે છે, તેથી જ તેઓ મીઠો છણકો કરતાં પ્રિયજનના દોષ તરફ સંકેત કરે છે. ઉદ્ધવજીને આ પ્રેમાલાપમાં દોષારોપણનો ભાસ થાય છે. ઉદ્ધવ પ્રેમરસથી રસાયેલા નથી. જ્ઞાન રસદશાનું પોષક નથી. રસદશામાં જ્ઞાનની વાત આક્રોશનો સંચાર જરૂર કરે છે. આ વ્યભિચારી - અસ્થાયીભાવ છે. સ્થાયીભાવ

પ્રેમ જ છે.

પુષ્ટિમાર્ગમાં ભગવદીયને ભ્રમર કહ્યા છે - **'સુભક્ત ભ્રમરં મતમ્.'** શ્રીકૃષ્ણ **'મધુસૂદન'** કહેવાય છે. આ સામાસિક શબ્દ છે : મધુ+સૂદન. એનો પ્રચલિત અર્થ છે મધુ દૈત્યને મારનાર. સાથે સાથે એનો ભાવાત્મક અર્થ છે. મધુ=મધ, પરાગ; શરાબ. ભક્તિ માટે પણ 'મધુ'શબ્દ વપરાય છે. સૂદન=વધ કરવો, દૂર ફેંકવું;અંગીકાર કરવો. આ અર્થમાં શરાબરૂપ 'અહં'ભાવને દૂર કરનાર અને મધુરૂપ ભક્તિરસને અંગીકાર કરનાર તે મધુસૂદન. વળી, ભજનાનંદનો રસ લૂંટનાર તે ભક્ત. આમ, ભક્ત અને ભગવાન બંને રસના ભોક્તા છે. આ દૃષ્ટિએ ભક્ત અને ભગવાન એકરૂપ સિદ્ધ થાય છે. બંને રસ ચૂસનાર છે, ભ્રમર છે. ગોપીજનો આ ભાવાત્મક અર્થમાં જ શ્રીકૃષ્ણ માટે વ્યંજનાથી અને ઉદ્ધવ માટે લક્ષણાથી 'ભ્રમર'સંબોધન કરે છે, જેનો અભિધાર્થ છે ભમરો.

આ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગની એક ખાસ વિશેષતા છે. પરબ્રહ્મ રસ-સ્વરૂપ બને, ત્યારે આસ્વાદ્ય બને છે. શ્રુતિ અનુસાર પરબ્રહ્મ રસ-સ્વરૂપ છે - 'રસો વૈ સઃ'ભક્તો ભજનાનંદ દ્વારા આ રસ માણે છે. અહીં પ્રભુ જ રસરૂપ છે, તેથી ભક્ત ભોક્તા બને છે અને ભગવાન ભોગ્ય બને છે. આવું સૌભાગ્ય માત્ર ભક્તોને જ મળે છે, યોગી કે જ્ઞાનીને નહિ. પ્રભુમિલન એ સાધ્ય છે. તે સિદ્ધ થાય અર્થાત્ જ્યારે લક્ષ્ય ઉપર પહોંચી જવાય, ત્યારે ગતિ પૂરી થાય છે. સંયોગ અવસ્થામાં ભાવદશાનો નશો ઊતરી જાય છે. આથી ભક્તિમાર્ગમાં ભગવાન તરફની ગતિ ચાલુ રાખવા માટે અને પ્રેમને સુદૃઢ બનાવવા માટે વિપ્રયોગ અવસ્થા જરૂરી મનાઇ છે. આથી જ ભગવાન સ્વયં વ્રજમાં ન પધાર્યા;પણ ઉદ્ધવજીને દૂતરૂપે મોકલ્યા. ભ્રમરને જોઇ ગોપીઓને પ્રભુનું સ્મરણ થયું. વિરહભાવ ઉત્કટ બન્યો. બળતામાં ઘી હોમાયું. ગોપીજનો ઊકળી ઊઠ્યાં. ભગવાન પર દોષારોપણ કરવા લાગ્યાં. આ પ્રેમની પ્રગાઢતા અને ઉત્કટતાનું પ્રમાણ છે. જોકે ઘણી વાર અજ્ઞાની લોકો પણ બીજાઓ ઉપર દોષારોપણ કરે છે, પણ એમાં કટુતા હોય છે;જ્યારે ગોપીજનોના આ ગુસ્સામાં પ્રેમનો ઊભરો છે. એને પ્રેમોન્માદ કહી શકાય. આવો ઉગ્રભાવ ભગવદ્-પ્રેમમાં વૃદ્ધિ કરનારો નીવડે છે.

ગોપીગીતમાં તો સંયોગ અવસ્થામાં પણ શ્રીકૃષ્ણને કટુ શબ્દો કહ્યા છે;જ્યારે આ વિપ્રયોગ અવસ્થા છે. એમાં ભ્રમરનું આગમન પૂર્વરાગનું સ્મરણ કરાવે છે.

એમાંથી અસૂયાભાવ જાગે છે. એનું કારણ કુબજાની સ્મૃતિ. પરંતુ રોષનો ભોગ બને છે દૂત બનીને આવેલા ઉદ્ધવ. વ્યવહારમાં પણ નોકરને કોઇ માણસ પાસે અમુક કામ માટે મોકલ્યો હોય અને તે કામ સિદ્ધ ન થાય, નોકર વીલા મોંએ પાછો આવે;ત્યારે માલિક પોતાનો ગુસ્સો નોકર ઉપર જ ઠાલવે છે.

શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી ભ્રમર શબ્દના બે અર્થ આપે છે - **(૧) ભમરો અને કાળ - દૂત.** ભગવાન સ્વયં કાળરૂપ છે : **'કાલોંડસ્મિ લોક-ક્ષયકૃત્'** અને **'અહમેવાક્ષયઃ કાલઃ'**.એ જ રીતે ભગવાન વસંતઋતુ પણ છે. - **'ઋતુનાં કુસુમાકરઃ.'** શ્રીભાગવતજીના ત્રીજા સ્કંધમાં 'કપીલગીતા'માં પણ ભગવાને પોતાને કાળરૂપ કહ્યા છે. આથી કાળ એ પ્રભુનો દૂત છે, કારણ કે તે જીવનાં સત્કર્મો પ્રભુ સુધી પહોંચાડે છે. શાસ્ત્રોમાં ત્રિકાળ સંધ્યાનું વિધાન આ હેતુથી જ કરાયું છે. અહીં ભમરો પણ પ્રભુનો દૂત છે. સમગ્ર 'ભ્રમરગીત'નું અર્થઘટન આ રૂપક મુજબ ઘટાવી શકાય છે. દા.ત., આ પ્રથમ શ્લોકમાં ભ્રમર=કાળ; સપત્ની=આકાશ; કુચ (વક્ષ)=મેઘ;વિલુલિતમાલા=વીજળી;કુંકુમ =વીજળીનો ચમકારો;શ્મશ્રુ (દાઢીમૂછ)= મેઘધારા. આ વર્ણન વર્ષાઋતુનો સંકેત કરે છે. વિરહિણી નારીને વર્ષાઋતુ શોક્યના સાલ સમાન ખૂંચે છે.

બહુરિ પપીહા બોલ્યૌ માઇ ।
નીંદ ગઇ ચિંતા ચિત બાઢી, સુરતિ સ્યામ કી આઇ ॥
સાવન માસ મેઘ કો બરષા, હૌં ઉઠિ આઁગન ધાઇ ॥

આથી જ રસિક કવિજનો ટકોર કરે છે -

વામા વામા કામિની કહિ બોલો પ્રાણેશ ।
પ્યારી કહત ખિસાત નહિ પાવસ ચલત બિદેશ ॥

ભ્રમર શોક્ય (સપત્ની - આકાશ)ના સંસર્ગની નિશાનીરૂપ કેસર લઇને આવ્યો છે, તે તેમને વીજળી સમાન દઝાડે છે. આથી કહે છે કે તું અમારા ચરણનો સ્પર્શ કરીશ નહીં - **'જિનિ પરસૌ મમ પાય'**; કારણ કે **'તુમ્હ હીં સૌ કપટી હુતો, નાગર નંદકિશોર.'** કૃષ્ણ પણ તારા જેવા કપટી હતા. આજે તું પણ અમને છેતરવા જ આવ્યો છે, પણ અમે છેતરાઇએ એમ નથી. અગાઉ જેમનામાં વિશ્વાસ મૂક્યો,

એ શ્યામસુંદરે દગો કર્યો, તેથી ગોપીજનો એમની નિંદા કરે છે.

કોઇ કહે છે,'હે ભ્રમર!શ્રીકૃષ્ણ વ્રજપતિ મટીને હવે મધુપતિ બન્યા છે. પહેલાં ગોપીનાથ કહેવાતા હતા, તે ઊંચુ પદ છોડીને હવે કુબડીના દાસ બન્યા છે અને એ દાસીનું એઠું ખાઇને યદુકુળને પાવન કર્યું છે!તારા સ્વામી ગોપીનાથ કહેવડાવીને તો ઊલટું અમને કલંકિત કરે છે. એ પોતાને કુબજાપતિ કેમ કહેવડાવતા નથી?અમને ખબર છે કે એમના ચાવવાના અને બતાવવાના દાંત જુદા જુદા છે. 'પછી છણકો કરતાં કહે છે -

કાહે કો ગોપીનાથ કહાવત ?
જો પૈ મધુકર કહત હમારે, ગોકુલ કાહે ન આવત ॥

'જો તે અમને પોતાનાં જ માનતા હોત, તો પેલી કુબડી દાસીને રાણી બનાવત ખરા?અને જો અમારા ઉપર દયા આણીને તમને અહીં મોકલ્યા હોય, તો એમને ધન્યવાદ કહેજો. અમને એમની કૃપા પહોંચી ગઇ. ખરેખર જો કૃપાદાન કરવાની દાનત હોત, તો આ પ્રેમપંથમાં સાવ નવા નિશાળિયા છો. એ લીલાની વાત કરતાં પણ અમને સંકોચ થાય છે. શ્યામસુંદર અને અમારી વચ્ચે જે સંબંધ છે, એને ગુપ્ત રાખવામાં જ એમની ભલાઇ ગણાય;છતાં એને પ્રગટ કરાવીને લોક-હસારત શા માટે કરાવતા હશે?

ઊધૌ, ચર્ચા કરી ન જાઇ ।
તુમ ન જાનત પ્રેમપંથ, હમ કહત જિય સકુચાઇ ॥
કથા અકથ સનેહ કી બિન, ઉર ન આવત ઔર ॥

બીજી ગોપી કહે છે, 'હે મધુપ!તેં શ્યામસુંદરનો વેશ શું અમને છેતરવા માટે જ ધારણ કર્યો છે?ભલે તારો વર્ણ શ્યામ હોય, પીતાંબરની જેમ પીળી પાંખો હોય, વેણુની જેમ તું ગુંજારવ કરતો હોય, તો પણ એમ લાગે કે મથુરામાંથી તું કંઇક પરાક્રમ કરીને ભાગી છૂટેલો છે. તારા રતૂમડા હોઠ એની ચાડી ખાય છે કે તું કોઇનું લોહી પીને આવ્યો છે. તો કહે, અહીં વ્રજમાં હવે કોનું લોહી પીવા આવ્યો છે?અરે કપટી!મુખથી તું ભલે મોહનના ગુણ ગાતો હોય, પણ તારા ચહેરા ઉપરથી સહેજે એવું નથી લાગતું કે તને એમનામાં પરમ પ્રેમ હોય. તારી આંખોમાં પણ



પ. ભ. શ્રી નનુભાઇ કાનજીભાઇ ભંડેરી
મોટી ગરમલી
પ. ભ. શ્રી ચીમનભાઇ નનુભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
(U.S.A)

પટ જ ઝળકે છે. હવે અહીં તારો કોઇ ભરોસો રાખે એમ નથી;કારણ કે એક વાર વિશ્વાસ કરીને અમે છેતરાઇ ગયાં છીએ.

અમૃત પાઇ બિષૈ ક્યૂં દીજે, કૂણ ગાંવ રી રીત ।
જાઓ હરિ!નિરમોહિડા રે, આપ ગરજ રા મીત ॥

ઉદ્ધવજી ગોપીજનોની ભાવદશાનું અનુમાન કરી શકતા નથી. આથી પૂછે છે, ભાગ્યવાન !તમે નકામાં પ્રભુને દોષ દો છો. તમે એ તો કહો કે એમણે તમને શો દગો દીધો?'

આના જવાબમાં તામસ+રાજસ ગોપીજન કહે છે, 'શું તમને ખબર નથી?સાંભળો **'સકૃદધરસુધાં સ્વાં મોહિનીં પાયયિત્વા ।'** અમ ભોળી અબળાઓને મોહિની લગાડીને છેતર્યાં. સામે ચાલીને ભગવાને પોતાની પરમ માદક અધરસુધાનું એક વાર પાન કરાવ્યું અને પછી અમને છોડીને ચાલ્યા ગયા. તું (ભ્રમર) જેમ પુષ્પનો રસ ચૂસી જાઈ, પછી એને છોડી દે છે, તેમ તારા મિત્રે પણ દગો કર્યો. તમે કદી કોઇનો સાથ નિભાવ્યો છે, જે અમારો નિભાવશો?તમારાં કરતૂત તો જગજાહેર છે -

મધુકર કારે મીત ભયે?

દિવસ ચારિ કી પ્રીતિ - સગાઇ સો લૈ અનત ગયે ॥
ડહકત ફિરત આપન સ્વારથ પાખંડ ઔર ઠયે ।
ચાઁડે સરે ચિન્હારી મેટી, કરત હૈં પ્રીતિ નયે ॥

ઉદ્ધવજી કહે છે, 'તમને ભગવાને અધરામૃત પીવડાવ્યું એ તો તમારે માટે સૌભાગ્યની બાબત છે. અરે, કોઇ પાણી પીવડાવે તોય આપણે એમનો આભાર માનીએ છીએ;જ્યારે તમે અમૃત પીને પણ આભાર માનવાને બદલે એમની નિંદા કરો છો?'

ગોપી કહે છે, 'એ તમને નહિ સમજાય. પાણી પીનાર એટલા માટે આભાર માને છે કે એની તરસ મટે છે. જ્યારે સુધારસ પીનારને તો નશો ચડે છે. જો કોઇ લાડુમાં ભાંગ નાખીને ખવડાવે, તો એનો અર્થ એ છે કે એની દાનત સાફ નથી. માદક પદાર્થનું સેવન કરાવી, બેભાન બનાવી તે સામા માણસનું બધું લૂંટીને ચાલ્યો જાય છે. બોલો, ઉદ્ધવજી'શું એવા ઠગનો કોઇ આભાર માને ખરું?'

ઉદ્ધવ કહે છે, ‘એ તમારું શું લૂંટી ગયા?’

‘અરે, એકાદ વસ્તુ લૂંટી હોય તો ગણાવીએ ને!અમારું તો એ સર્વસ્વ લૂંટી ગયા છે. અમે નથી રહ્યાં ઘરનાં કે નથી રહ્યાં ઘાટનાં. અમે તો સાવ બેહાલ બન્યાં છીએ.’ ગોપીજને રડમસ અવાજે કહ્યું.

‘તો આમ રડવાથી શો લાભ ? એનો કંઇ ઇલાજ કરાવો.’ ઉદ્ધવે કહ્યું.

ગોપી કહે છે, ‘ઉદ્ધવ!વીંછી કરડ્યો હોય તો એનો ઇલાજ થાય. મદિરા પીધી હોય કે ભાંગ ખાધી હોય એને છાશ પીવડાવીએ;પણ **‘શ્યામ સુધારસ જે પીએ, તાકો સૂધ રહે ના કોય.’** શ્યામસુંદરે અમને ક્યાંયના નથી રાખ્યાં. હે ભ્રમર, શ્યામસુંદર કરતાં તું કંઇક સારો છે; કારણ કે તું પુષ્પનો રસ પીને ઊડી જાય છે, જ્યારે એ તો સુધારસ પીવડાવીને ઊડી ગયા. અરે!અમને તો એ જ નથી સમજાતું કે લક્ષ્મીજી ભગવાનનાં ચરણોની સેવા શા માટે કરતાં હશે ? એમ લાગે છે કે નારદજી એમના જે ગુણ ગાતા ફરે છે, એ સાંભળીને લક્ષ્મીજી ભોળવાઇ ગયાં હશે. સાચું છે, અમે સ્ત્રીઓ સ્વભાવથી જ ભોળાં છીએ. માટે તો શ્યામસુંદર અમને પણ ઠગી ગયા.’

બીજી સખી કહે છે, ‘બેન, જગતના બધા કાળા લોકો કપટી હોય છે. વળી, એ એવા તો ઝેરી હોય છે કે જો ભૂલથીયે એમને અડકી જવાય, તો આખા શરીરમાં બળતરા થવા માંડે છે. એ કાળી વેદનાની કોઇ દવા સાંભળી નથી. શ્યામસુંદર સાથે સોબત કરવાનું અમને એવું જ ફળ મળ્યું છે.

કોહૂ કહૈ સખિ, બિસ્વ માંહિ જેતક હૈં કારે ।
કોટિ-કપટ કી ખાઁન, કુટિલ માનસ બિષહારે ॥
એક શ્યામ તઁન પરસિ કેં જરત આજ લૌં અંગ ।
તા પાછેં યૈ મધુપ ફિરિ, લાયૌ જોગ ભુઅંગ ॥
- કહાં ઈન્હ કોં દયા ॥

‘એમાંય મથુરાના લોકોની તો શી વાત કરવી?આથી કાળા લોકોનો કદી વિશ્વાસ ન કરાય. એ તો ઝેર પાયેલી છરી જેવા હોય છે. આંખમાં અંજન આંજવાને બહાને કંઇક એવી તો ભૂરકી નાખી જાય છે કે જેથી ઠંડક થવાને બદલે લાહ્ય ઊઠે છે અને આંખમાંથી સતત આંસુ વહ્યા કરે છે. આવા કાળાઓથી તો સાક્ષાત્ કાળ પણ કતરાઇને ચાલે છે.’

પછી ઉદ્ધવજી તરફ નયન નચાવતાં હસીને કહે છે, ‘ઉદ્ધવજી ! મારી વાતનું માઠું ન લગાડશો. આમાં તમારો કંઇ દોષ નથી, પણ તમે જ્યાંથી આવો છો એ મથુરાનગરી છે જ એવી ! કૃષ્ણના ત્યાં જવાથી મથુરામાં એવી તો કાળાશ ફેલાઇ ગઇ છે કે ત્યાંથી આવનારા બધા જાણે ગળીના કુંડમાં નાહીને આવતા ન હોય?ત્યાંથી અક્રૂરજી આવ્યા તે પણ કાળા. તમે પણ એવા જ કાળા છો અને આ ભમરો આવ્યો છે તે પણ એવાં જ રૂપ-રંગ લઇને આવ્યો છે. આ ભમરો તો કોણ જાણે એકાદ વાર કંસના ઉદ્યાનમાં ભૂલથી જઇ ચડ્યો હશે ! તોય શ્યામરંગી થઇ ગયો છે. આવા કાળા એમની એ કાળાશ દૂર કરવા માટે અહીં યમુનાજીમાં સ્નાન કરે છે, એથી તો યમુનાજીનું જળ પણ શ્યામ થઇ ગયું છે ! ક્ષમા કરજો, અમને આવો કડવો અનુભવ થયો છે, એટલે દુઃખનાં માર્યાં અમારાથી બોલાઇ જવાય છે -

બિલગ જનિ માનહુ, ઊધો પ્યારે ।
વહ મથુરા કાજર કી કોઠરિ જે આવહિં તે કારે ॥
તુમ કારે, સુફલકસુત કારે, કારે મધુપ ભઁવારે ।
તિનકે સંગ અધિક છબિ ઉપજત કમલનૈન મનિઆરે ॥

આ સાંભળી એક સખી કહે છે, ‘બેન, અનુભવી માણસોની આવી વાતો સાંભળીને મેં તો જળ લીધું છે કે કદી કાળા રંગની પાસે ફરકવું નહિ, કાળાની સોબત નહિ; એટલું જ નહિ; કાળા રંગની કોઇ વસ્તુનો ઉપયોગ પણ કરવો નહિ, જેથી એના સંગનો રંગ જ ન.લાગે.

શ્યામ રંગ સમીપે ન જાવું,
માંરે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું.
જેમાં કાળાશ તે સહુ એકસરખું, સરવમાં કપટ હશે આવું;
કસ્તુરીની બિંદી કરું નહીં, કાજળ ના આંખમાં અંજાવું.
નીલાંબર કાળી કંચુકી ન પહેરું, જમનાનાં નીરમાં ન ન્હાવું;
મરકત મણિ ને મેઘ દૃષ્ટે ન જોવા, જાંબુ વંત્યાક ના ખાવું.

બીજી સખી કહે છે, 'બેન, આપણે ગમે તેટલી પ્રતિજ્ઞાઓ કરીએ તોય એને નભાવી શકાતી નથી. એ કામણગારા સલૂણા શ્યામે કંઇક એવી ભૂરકી નાખી છે કે લીધેલું 'પણ'પળવારમાં છૂટી જાય છે -

'દયા'ના પ્રીતમ સાથે મુખે નેમ લીધો, પણ મન કહે પલક ના નિભાવું.

આથી જ વળીવળીને એનાં ગુણગાન ગવાઇ જાય છે, પણ હે ઉદ્ધવજી!તમે એ કપટીનો પક્ષ લઇ, એના ગુણ કેમ ગાઓ છો? -

અબ લૌં કૌન હેતુ ગાવત હૈં હમ આગે યહ ગીત ।
સૂર ઇતે સૌં ગારિ કહા હૈ જો પૈ ત્રિગુન - અતીત ॥

અત્યાર સુધી ચૂપ બેઠેલાં એક સખી રાધાજીને ઉદ્દેશીને બોલી ઊઠ્યાં, 'સ્વામિનીજી!એનો જવાબ આ ભ્રમર નહિ આપી શકે. એક કપટી બીજા કપટીના પક્ષમાં જ બોલશે. જુઓ, અક્રૂરજી આવ્યા અને આપણા શ્યામસુંદરને પધરાવી ગયા. ત્યાં શ્યામસુંદરને કંઇ ચેન પડતું નથી. તેથી આ બીજા શ્યામ સખાને દૂત બનાવીને મોકલ્યા છે. અહીં શ્યામસુંદરનું રૂપ તમારાં નયન પી ગયાં. આથી શ્યામસુંદર ત્યાં નિસ્તેજ બની ગયા છે, પણ સખી, આ તે ક્યાંનો ન્યાય?તેઓ ધોળે દહાડે મારી આંખોમાં ભૂરકી નાખી, મારું મન ચોરી ગયા, તે પાછું આપવાનું તો નામ લેતા નથી અને વ્યાજખોર વાણિયાની જેમ, બેશરમ બની એમનું રૂપ પાછું લઇ જવા માટે હાથ ધોઇને પાછળ પડ્યા છે. ઉદ્ધવ, કાન ખોલીને સાંભળી લો. લેણ-દેણનો હિસાબ તો બરાબર રાખવો પડે. એક હાથે લો, બીજા હાથે આપો. એમાં કાંઇ શરમ ન રખાય. ભલે ને કોઇ રાજા હોય કે કોઇ રંક. સોદામાં તો સૌ સરખાં!

મોહન માગ્યૌ અપનૌ રૂપ ।
ઇહિ બ્રજ બસત અઁચૈ તુમ બૈઠીં, તા બિનુ ઉહાં નિરૂપ ॥
મેરૌ મન, મેરે અલિ લોચન, લૈ જુ ગયે ધપિ ધૂપ ।
તા ઊપર તુમ લૈન પઠાએ, મનૌ ધર્યો કરિ સૂપ ॥
અપનૌ કાજ સઁવારિ 'સૂર'સૂનિ, હમેં બતાવત કૂપ ।
લેવા-દેઇ ધરાધરિ મેં હૈ, કૌન રંક કો ભૂપ ॥

ઉદ્ધવ ગોપીજનોને શ્રીકૃષ્ણના ઉપકાર ગણાવી, એમનો પક્ષ લે છે અને આવી નિંદા ન કરવા માટે સમજાવે છે, ત્યારે એક બટકબોલી ગોપી કંઇક



પ. ભ. શ્રી પ્રેમિલાબેન ચંદ્રકાન્તભાઇ શાહ
(હાથીખાનાવાળા)
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
મુંબઇ

મર્મમાં હસીને કહે છે,'હે અલિ!તમે વારંવાર એમની વકીલાત શા માટે કરો છો?એ ત્રિગુણાતીત હોય તો એમના ઘરના. એમાં અમારે શી લેવા-દેવા?વારંવાર એકની એક વાતનું રટણ કર્યા કરવાથી શો ફાયદો?તમારા એ ત્રિગુણાતીતને અહીં કોઇ ઓળખતુંય નથી. અમે તો એક અમારા શ્યામસુંદરને જ જાણીએ છીએ -

મથુરા કૌ અધિકાર પાઈ, મહારાજ ભયે હૌ ।
ઐસેં કછુ પ્રભુતા અહૌ જાનત કોઉ નાહિં ॥

ત્યાં તામસ-સાત્ત્વિક ભાવવાળાં ત્રીજાં ગોપીજન બોલી ઊઠ્યાં -'**કિમિહ બહુ ષડઙ્ઘ્રે ગાયસિ ત્વમ્ ?**' હે ષટ્પદ!આમ અમારી ખુશામત કરવાથી તમને શું મળશે?અમે તો આમેય ઘરબાર વિનાનાં બન્યાં છીએ. શ્યામસુંદર પાછળ પાગલ બની અમે ઘરબાર, કુટુંબ-કબીલાનો ત્યાગ કર્યો;એટલે અમારે માટે ઘેર પાછા જવાપણું રહ્યું નથી. જેમના ભરોસે સર્વસ્વ છોડ્યું એ સ્વામી અંગૂઠો બતાવી, અમને છોડી ચાલ્યા ગયા. તેથી એમને ત્યાં પણ આશ્રયની આશા રાખવી ઠગારી છે. આમ અમારે તો આલોક (લૌકિક) અને પરલોક (અલૌકિક) બંને ગુમાવવાનો વારો આવ્યો. અમે પોતે જ જ્યાં રસ્તે રઝળતાં થઇ ગયાં છીએ, ત્યાં તમને ઇનામમાં શું આપી શકીએ અમે ? માટે મથુરામાં પેલી કુબજા આગળ જઇને ગુણ ગાઓ;કારણ કે અમે તો અર્જુનના સખા શ્રીકૃષ્ણનો યશ ઘણી વાર સાંભળેલો છે. મથુરાની માનુનીઓ નવી છે અને ભગવાનની માનીતી છે. તેમની આગળ જઇ, જો ભગવાનના ગુણ ગાશો, તો રાજી થઇને એ તમને મોં-માંગ્યું ઇનામ આપી ન્યાલ કરી દેશે. અમે તો વિરહની મારી તરફડીએ છીએ, ત્યાં તમે અમારા જૂના જખમ તાજા કરી એના ઉપર મીઠું ભભરાવો છો. પહેલાં જે ગોપીનાથ હતા, તે હવે ભલે યદુપતિ બન્યા હોય, પણ મથુરાના રાજા તરીકે કૃષ્ણને કોણ ઓળખે છે?એ તો હજી પણ ગોપીનાથ કે વ્રજેશ તરીકે જ જાણીતા છે;છતાં અમારી પીડા સમજતા નથી. એનું અમને ભારે દુ:ખ છે.'

ઊધો ! અબ નહિં સ્યામ હમારે ।

મધુબન બસત બદલિ-સે ગે વે, માધવ મધુપ તિહારે ॥

ઇતનિહિં દૂરિ ભયે કછુ ઔરૈ, જોય જોય મગુ હારે ।

કપટી કુટિલ કાક કોકિલ જ્યોં અંત ભયે ઉડિ ન્યારે ॥

રસ લૈ ભઁવર જાય સ્વારથહિત પ્રીતમ ચિતહિં બિસારે ।
સૂરદાસ તિનસોં કહ કહિયે જે તનહૂં મન કારે ॥

ઉદ્ધવ કહે છે, ‘હું ભગવાનનો દૂત છું. એમણે મને જે કામ માટે મોકલ્યો છે તે પૂર્ણ કરવાનો મારો ધર્મ છે. આથી તમને વારેવારે વિનંતી કરું છું, પણ તમે મારી વાત કાને ધરતાં નથી. કાર્ય સિદ્ધ થયા વગર હું પાછો શી રીતે જઇ શકું ?’

‘અરે ષટ્પદ્!તું તો ભ્રમર છે. તારે છ પગ છે. જો બે પગવાળા માણસ દોડી શકે, તો તું વધારે દોડી શકે!’ગોપીએ મજાકમાં કહ્યું. અહીં શ્રી નંદદાસજીએ એવો ભાવ દર્શાવે છે કે બે પગવાળા માણસ હોય અને ચાર પગવાળાં પશુ હોય, પણ આ છ પગવાળાને શું કહેવું?

કૌહૂ કહૈ રે મધુપ, નાંહિ ષટ્પદ પસુ દેખ્યૌ ।
અબ-લૌં યા બ્રજદેસ માંહિ કોહુ નાંહિ બિસેખ્યૌ ॥

‘ષટ્પદ્’ એટલે ભમરો અથવા કરોળિયો. કરોળિયો જાળ ગૂંથી એમાં ભોળાં નિર્દોષ જંતુઓને ફસાવી એમનું ભક્ષણ કરે છે. ભમરો રસ ચૂસી ઊડી જાય છે અને ફૂલને નિરુપયોગી બનાવે છે. બંને કપટી છે, સ્વાર્થી છે. આ અર્થમાં ભાષામાં વ્યભિચારી માણસને **‘છપગો’** કહે છે; કારણ કે તે પશુથીયે હીન છે. ગોપીઓનો ઇશારો આ અર્થ **ધ્વનિત** કરે છે. બીજો અર્થ એવો છે કે આગલા બે પગ આગળ તરફ ચાલે, પાછલા બે પગ પાછળ તરફ ચાલે અને વચ્ચેના બે પગ વારાફરતી આગળ-પાછળની ગતિમાં મદદ કરે;છતાં સ્થિર જણાય. એટલે જે એકી સાથે જ્ઞાન, કર્મ અને યોગમાં પગ રાખી શકે તે ષટ્પદ. આધ્યાત્મિક અર્થમાં જેની પાંચેય જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન પ્રભુનાં ગુણગાનમાં જોડાયેલું છે, એવા પરમ ભગવદીય એટલે ષટ્પદ. શ્રી મહાપ્રભુજી અહીં ‘ષટ્પદ’એટલે છ ઋતુઓનું ચક્ર - એ અર્થમાં, અગાઉ‘**કાળ**’નું જે રૂપક સ્વીકાર્યું છે, તેની સંગતિ સાધી આપે છે. અહીં જુદા જુદા શ્લોક વિભિન્ન ઋતુઓનું ગાન કરે છે. સાહિત્યમાં ‘બારમાસા’નો જે પ્રાચીન પ્રકાર છે, તેનાં અહીં સુભગ દર્શન થાય છે.

ગોપી કહે છે, ‘અરે મધુકર! અમારે તો બે જ પગ છે અને તે ભક્તિમાર્ગ પર ચાલે છે. પછી યોગ કે જ્ઞાન જેવા બીજા માર્ગ પર અમે શી રીતે ગતિ કરી



ગો. વા. રવજીભાઇ રામભાઇ ભંડેરી
ગં. સ્વ. મણીબેન રામભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ

શકીએ?' સૂરદાસજી કૃષ્ણપ્રેમમાં આરક્ત ગોપીભાવનું સુંદર ઉદાહરણ કમળની પાંખડીમાં રાતભર પુરાઇ રહેતા અને સવારમાં સૂર્યોદય ટાણે પાંખડી ખુલતાં એમાંથી અન્યત્ર ઊડી જતા ભ્રમરનું આપે છે -

જ્યોં ષટ્પદ અંબુજ કે દલમેં બસત નિસા રતિ માનિ ।
દિનકર ઉયે અનત ઉડિ બૈઠે ફિર ન કરત પિહચાનિ ॥

- પછી ટકોર કરે છે, 'હે ભ્રમર !તમે આવા રસલંપટના ગુણગાન ગાઇને અમ નિઃસાધન દીન અબળાઓ પાસે શું મેળવવાની આશા રાખો છો?'

'કશું પામવાની અપેક્ષા તો નથી, પણ જો આપી શકો તો આશીર્વાદની આશા ખરી. જો કે મને એ નથી સમજાતું કે તમે ભગવદ્-ગુણગાન ગાવાની ના કેમ પાડો છો?'

'અમે આજ સુધી એમનાં ગુણગાન જ સાંભળ્યા કર્યા છે અને એને પરિણામે અમે અમારું સર્વસ્વ છોડી **'એક વર્યા ગોપીજન-વલ્લભ.'** પરંતુ એનું આ ફળ મળ્યું. રાત-દિવસ એમના વિરહમાં ઝૂર્યા કરીએ છીએ અને સપનામાંયે એમને વીસરી શકતાં નથી. એમના વિના જીવતર ઝેર જેવું બની ગયું છે. હવે વધુ ગુણગાન સાંભળીએ, તો કદાચ જીવનથી હાથ ધોઇ નાખવા પડે, એવી બીક લાગે છે. એના કરતાં હૈયામાં એમનાં સ્મરણો સંઘરાયા છે, એનું ચિંતન કરીને બાકીનું જીવન જીવી લઇશું. જીવતાં હોઇશું તો ક્યારેક એમને પામી શકીશું;નહિતર એમના આવવાની આશા તો રહેશે. વિરહમાં ભોગ છૂટી જાય છે, એથી યોગ આપોઆપ સધાઇ જાય છે; એથી અમારે વૈરાગ્યની જરૂર નથી. અમને જરૂર છે અમારા શ્યામની. અમને એમના મધુર મિલનની જ ઝંખના છે.'

'તો પછી ગુણગાન સાંભળવામાં આનાકાની કેમ?'

'અરે ભ્રમર! અમે તો સતત ગુણગાન જ ગાઇએ છીએ. એક ક્ષણ પણ પ્રભુના સ્મરણ વગરની જતી નથી. અમે તો સંયોગાવસ્થાની પરમોચ્ચ રાસલીલા વખતે પ્રભુના કથામૃતને સંજીવની સમાન જીવનદાતા ગણાવ્યું છે, તે જગજાહેર છે - **'તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ :'** પરંતુ એ સ્મરણ-રમણમાં તમારું કર્કશ ગાન ભંગ પાડે છે, માટે જ તમને આ ગુંજારવ બંધ કરી, અમારી સહજ સમાધિમાં વિક્ષેપ ન પાડવા માટે વિનંતી કરીએ છીએ.'ગુન-ગુન'શબ્દ

બોલવાથી હૃદયગાન ન થાય. 'લાડુ'શબ્દ બોલવાથી ન પેટ ભરાય, ન લાડુનો સ્વાદ માણી શકાય. 'આગ'શબ્દ બોલવાથી ન ટાઢ ઊડે, ન રોટલી શેકાય. મોઢે શબ્દો બોલવાથી શું વળે?એ પોપટિયું જ્ઞાન નિરર્થક છે. અનુભવ થાય, ત્યારે જ હૃદયજ્ઞાન સ્ફુરે. અમે નિજ અનુભવનું જે હૃદયગાન કરીએ છીએ, એમાં તમારા શુષ્ક શબ્દો અવરોધ ઊભો કરે છે. પરિણામે, જૂનાં સંસ્મરણો તાજાં થાય છે, પ્રાણ-પ્રેષ્ઠની ગેરહાજરી સાલે છે. આથી જ અમારી પ્રીત ઠુકરાવીને શ્રીકૃષ્ણ નિષ્ઠુરની જેમ ચાલ્યા ગયેલ પરદેશીની વાત સાંભળતાં ડરીએ છીએ.'

'એ વાત સાંભળતાં ડર શા માટે લાગે છે?'

તમને કદાચ અમારી દલીલ ગળે નહીં ઊતરે;છતાં સાંભળો -

કહત કત પરદેસી કી બાત?

મંદિર-અરધ અવધિ બદિ હમસોં, હરિ-અહાર ચલિ જાત ॥
સસિ-રિપુ બરષ સૂર-રિપુ યુગ બર, હર-રિપુ કીન્હૌ ઘાત ।
મઘ-પંચક લૈ ગયે સ્યામઘન, આય બની યહ બાત ॥
નખત, બેદ, ગ્રહ જોરિ અર્ધ કરિ કો બરજૈ હમ ખાત ।
સૂરદાસ પ્રભુ તુમહિં મિલન કોં કર મીંડતિ પછિતાત ॥

(સૂરદાસજીનાં પચાસથીયે અધિક દૃષ્ટકૂટ પદો પૈકી આ એક ખૂબ જ જાણીતું અર્થગંભીર પદ છે. જેમ કબીરદાસની 'ઊલટબાંસી'એટલે કે અવળવાણી પ્રસિદ્ધ છે, તેમ સૂરદાસનાં કૂટ પદ જાણીતાં છે. મધ્યકાલીન સંત-સાહિત્યમાં ઘણા સંતોએ આ અસરકારક કાવ્યશૈલીનો ઉપયોગ કર્યો છે. ઉપરનું પદ સમજવા માટે, પહેલાં એમાંના શબ્દોના ગૂઢાર્થ જોઇ લઇએ, જેથી અર્થ સમજવામાં અનુકૂળતા થાય.

મંદિર=ઘર;અરધ=અડધો ભાગ કે પક્ષ=પખવાડિયું;અવધિ=સમય;બદિ=વાયદો કરીને;હરિ=સિંહ;અહાર(ભૂખ)=ભક્ષ્ય, આહાર (હરિ-અહાર=સિંહનો આહાર, માંસ);સસિ-રિપુ =ચંદ્રનો શત્રુ-દિવસ;સૂર-રિપુ=સૂર્યનો શત્રુ-રાત્રી;જુગ બર=યુગ જેટલો લાંબો સમય;હરિ-રિપુ=શિવનો શત્રુ - કામદેવ;મઘ-પંચક =મઘા નક્ષત્રથી પાંચમું ચિત્રા - ચિત્ત;સ્યામઘન=શ્રીકૃષ્ણ;નખત=નક્ષત્ર (૨૭);બેદ=વેદ (૪);ગ્રહ=ગ્રહ; (૯) જોરિ=ભેગાં કરીને (૨૭+૪+૯=૪૦); અર્ધ=અડધા (૪૦÷૨=૨૦-બીસ =ઝેર); બરજે =રોકે;કર=હાથ; મીંડત=મસળતાં.

'હે ઉદ્ધવ!એ પરદેશીનાં શું વખાણ કરું?અહીંથી જતી વેળા તો પંદર દિવસમાં પાછા આવવાનો વાયદો કરીને ગયા હતા;પરંતુ મહિનો વીત્યો તોય ન આવ્યા. એમ કરતાં વરસ વીતી ગયું. અમે તો એકીટશે એમના પધારવાની રાહ જોઇ રહ્યાં છીએ. હવે તો દિવસ વરસ જેટલો લાગે છે અને રાત્રી તો યુગ જેટલી લાંબી થઇ ગઇ છે. રાત્રે અમારી એકલતાનો લાભ લઇ કામદેવ પ્રાણઘાતક હુમલો કરે છે. એ શ્યામસુંદર જતાં જતાં અમારાં ચિત્ત પણ ચોરીને પોતાની સાથે લેતા ગયા છે, જેથી અમારી ભારે અવદશા થઇ છે. આવા એકલવાયા અસહ્ય જીવનથી અમે એવાં તો થાકી ગયાં છીએ કે ઝેર ખાઇને મરી જઇએ. અમને હવે એમ કરતાં કોણ રોકનારું છે?એ નટવર-નાગરના મિલન માટે તરફડીએ છીએ પણ એ પધારતા નથી, તેથી અમે હાથ મસળતાં રહી જઇએ છીએ. અમને હવે ભારે પસ્તાવો થાય છે કે અમે એ પરદેશી સાથે પ્રીત કરવાની ભૂલ શા માટે કરી બેઠાં?

ઉદ્ધવજી!અમારી એ વેદના તમે શું સમજો?એ તો કોઇ સમદુઃખિયાં જ સમજી શકે. મીરાંબાઇ સ્રી હતાં અને **'ગોવિંદો પ્રાણ અમારો'** કહી, **'જગ ખારો'**કરી બેઠાં. તે પણ છેતરાયાં, તેથી ભવિષ્યમાં એ છલિયાનાં છળકપટનો કોઇ ભોગ ન બને તે માટે જાહેર ચેતવણી આપતાં બોલી ઊઠ્યાં. -

જો મૈં ઐસા જાનતી પ્રીત કિયે દુઃખ હોય ।
જગત ઢિંઢોરા પીટતી પ્રીત ન કીજૌ કોઇ ॥

આ ગોપીજનને પ્રેમની આ ચરમ-અવસ્થાએ એટલો તો ભગવદાવેશ થઇ આવ્યો કે આટલું બોલતાં બોલતાં તે એકદમ મૂર્છિત થઇ ઢળી પડ્યાં.

'રામજીભાઇ, તમને લાગે છે કે ઉદ્ધવજી ગોપીઓની આ પીડા સમજી શકશે?'રાધાબહેને સૌને સમયનું ભાન કરાવતાં હોય એમ ટકોર કરી. આજે આ રકઝક સાંભળવામાં સૌ એવાં તલ્લીન હતાં કે કોઇને સમય ક્યાં વીતે છે, તેનો ખ્યાલ જ ન રહ્યો.

રામજીભાઇએ કહ્યું, 'જ્યાં ઉદ્ધવજી મૂક બને છે, ત્યાં સ્વયં ગોપીજનો એમની વહારે ધાય છે. જુઓ, હવે નિર્ગુણ ભાવવાળાં ગોપીજન વાતને વળાંક આપે છે. આપણે પણ વળાંક લઇએ અને વિરામ કરીએ.'

★

૩. ઊધો ! મન નાહીં દસ-બીસ...

સવારે સૌ સમયસર આવી પહોંચ્યાં. ગોપીજનોની એકધારી ધારદાર દલીલો ભળી બધાં ખૂબ જ ગેલમાં આવી ગયાં હતાં. આજે સૌના ચહેરા પર ઉત્સુકતા રતાતી હતી. રામજીભાઇએ ગઇકાલે બેઠક પૂરી થતાં જે ઇશારો કર્યો હતો, એ તુ પકડીને કિશનભાઇએ પૂછ્યું, ‘રામજીભાઇ!આજે ફરિયાદી પોતે જ પોતાની ીલો વિરુદ્ધ જુબાની આપવાના છે?’

‘કિશનભાઇ, અહીં ખરેખર તો કોઇ ફરિયાદી જ નથી, બસ, વાતને થોડોક ળ મળી ગયો છે, એટલું જ. હવે અવળો વળ ઉતારવો તો પડશે ને?એમાં બંને ડેથી પ્રયત્ન થાય, તો જલદી નિકાલ થાય!’રામજીભાઇએ પ્રશ્નની ભાષામાં જ વાબ આપ્યો.

‘તો પ્રેક્ષક તરીકે પહોંચી જઇશું, વ્રજમાં ?’ અનુભાઇએ કહ્યું.

‘ચાલો, ઘડીભરના એ નાટ્યાત્મક વળાંકનો રંગ પણ જોઇ લઇએ.’રામજીભાઇએ યાત્રાનો આરંભ કરતાં કહ્યું, ‘જ્યારે નિર્ગુણ ભાવદશા સધાય છે, ત્યારે એમાં એક પ્રૌઢતા આવે છે, વાણીમાં સાલસતાનાં દર્શન થાય છે. ક્યાંક વક્રતા નહિ, કટુતા નહિ, દોષારોપણ નહિ. આથી જ તામસભાવમાં ઉદ્ધવજી ઉપર વિરહના તાપમાં શબ્દોની ઝડી વરસાવ્યા પછી, વરસાદની પૂર્વે આવતી વાયુની ઠંડી લહેર સમાન શબ્દો સરે છે.

નિર્ગુણભાવમાં ગોપીજન કહે છે, ‘હે ઉદ્ધવ!ત્રણે લોકમાં એવી કઇ સ્ત્રી છે, જે ભગવાન માટે દુર્લભ હોય?આમેય સ્ત્રીઓ કપટયુક્ત હાસ્યથી ભોળવાઇ, નેત્ર-કેટાક્ષ દ્વારા કરાતા સંકેતના તાંતણે બંધાઇ પુરુષ તરફ ખેંચાતી હોય છે. આ બધી કળાઓમાં શ્રીકૃષ્ણ તો પાવરધા છે જ, નહીંતર **‘કલાધર’** અને**‘નટવર’** શાના ? જ્યાં સાક્ષાત્ લક્ષ્મી જેમનાં ચરણોની ઉપાસના કરે છે, ત્યાં અમારા જેવી નિઃસાધન સ્ત્રીઓનો શો હિસાબ?અમે જાતિનાં હીન અને ભાવમાં દીન છીએ, પણ સમર્પિત



ગો.વા મેઘજીભાઇ ગોવાભાઇ બારદાનવાલા
પ.ભ. શ્રી જમનાબેન મેઘજીભાઇ બારદાનવાલા
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
રાજકોટ

છીએ. ભગવાન તો ઉત્તમશ્લોક છે. જગતમાં દીન-દયાળુ તરીકે એમનો યશ ગવાય છે. આથી એ દીનબંધુ અમારા પર પણ કૃપા જરૂર કરશે. જો અહેતુક કૃપા કરવાનો એમનો સ્વભાવ ન હોત, તો ભક્તો એમના ગુણગાન ગાતા ન હોત!

'અમે જાણીએ છીએ કે ભગવાન રસ્તામાં કંઇ રેઢા નથી પડ્યા કે સૌને ઇચ્છે ત્યારે મળી જાય. પણ ભગવાન જેને ઇચ્છે તેને ગમે ત્યારે, ગમે ત્યાં મળી શકે છે એમને માટે એમાં કશો અંતરાય નથી, કોઇ નિયમ નથી. જેમ પ્રજા રાજાને મળવા ઇચ્છે, તો ઘણા અંતરાય નડે છે, ક્યારેક તે દુર્લભ પણ બને છે;પરંતુ રાજા જો પ્રજાને મળવા ઇચ્છે તો તેમને માટે એ સહજસુલભ છે. જેના ઉપર ભગવાન અનુગ્રહ કરે, તેને તે પ્રાપ્ત થાય છે. એવા ભક્તને પછી સાધનની અપેક્ષા રહેતી નથી. ભગવાન નિ:સાધન ઉપર જ કૃપા કરે છે. કરુણાસિંધુ ભગવાનની એ પ્રતિજ્ઞા છે કે'**નિષ્ઠાપૂર્વક અનન્યભાવે જે દીન મને ભજશે, તેની મનોકામના હું સિદ્ધ કરીશ.'** આથી જ તો ભક્ત એમના ગુણ ગાય છે -

પ્રભુ કૌ દેખૌ એક સુભાઇ ।
અતિ ગંભીર ઉદાર-ઉદધિ હરિ, જાન-સિરોમનિ રાઇ ॥
તિનકા સૌં અપને જન કૌ ગુન માનત મેરુ સમાન ।
સકુચિ ગનત અપરાધ સમુદ્રહિં બૂંદ તુલ્ય ભગવાન ॥
ભક્ત-વિરહકાતર કરુનામય, ડોલત પાછૈં લાગે ।
સૂરદાસ ઐસે સ્વામી કૌં દેહિં પીઠિ સો અભાગે ॥

આ દરમ્યાન ગુંજારવ કરતો ભમરો ગોપીના ચરણને સ્પર્શવા જાય છે, જાણે તેના ચરણમાં મસ્તક મૂકી ક્ષમા ન માગતો હોય!ગોપીને એમ લાગે છે કે અત્યાર સુધી યોગ અને જ્ઞાનની વાતો કરી, અમને અવળે માર્ગે દોરી જવાના અપરાધ બદલ એ માફી માગે છે યા એના સ્વામી સાથે સંધિ કરવા માટે એ ખુશામત કરે છે. આથી હૃદયમાં કંઇક ઊભરો આવતાં ભાવદશા બદલાય છે. રાજસ-તામસ ભાવનો સંચાર થતાં ગોપીજન બોલી ઊઠે છે -

ઐસેઇ જન દૂત કહાવત ।
મોકો એક અચંભો આવત યામેં યે કહ પાવત?
બચન કઠોર કહત, કહિ દાહત, અપની મહત ગઁવાવત ।

ઐસી પરકૃતિ પરતિ છાંહ કી જુવતિન જ્ઞાન બુઝાવત ॥
આપુન નિલજ રહત નખસિખ લૌં એતે પર પુનિ ગાવત ।
સૂર કરત પરસઁસા અપની, હારેહુ જીતિ કહાવત ॥

'અરે ભ્રમર!તમારા જેવા જ લોકો દૂત બનવાને લાયક છે. એક તો કઠોર વચન કહી અમને દઝાડો છો, તમારું માન ગુમાવો છો. અમને નવાઇ તો એ વાતની થાય છે કે આવું કરવામાં તમને શી મજા આવતી હશે?નખશીખ નફ્ફટ હોય એ જ કાંચિડાની જેમ તરત આવા રંગ બદલી શકે!

'હે મધુકર!જો સાંભળ, તને સાફસાફ શબ્દોમાં કહી દઉં છું કે મારા પગ પર તારું માથું ન ટેકવ. મને ખબર છે કે મનમાં ભારોભાર કપટ હોવા છતાં તું વાણીમાં વિનય બતાવે છે. ખુશામત કરવામાં તો તું બહુ પાવરધો જણાય છે. નક્કી આ બધું તું શ્રીકૃષ્ણ પાસેથી જ શીખીને આવ્યો છે. પણ યાદ રાખજે, અહીં તારી દાળ ગળવાની નથી.'

ઉદ્ધવ કહે છે, 'તમને તમારા હિતની વાત કહેવડાવી છે, છતાં તમે આવું જડ વલણ કેમ અપનાવો છો?ગઇ ગુજરી ભૂલી જાઓ અને શ્યામસુંદરે અજાણતાં તમને દુભવ્યાં હોય તો ક્ષમા કરો. હું 'મુકુન્દ'નો દૂત છું. મુકુન્દ તો મોક્ષ આપનાર છે;એટલે તમારે એમની વાત સ્વીકારી લેવી જોઇએ.

હે ગોપી!સુનુ બાત હમારી । હૈ વહ સૂન્ય સુનહુ બ્રજનારી ।
નહિં દાસી ઠકુરાઈનિ કોઈ । જહઁ દેખહુ તહઁ બ્રહ્મહિ સોઈ ।

આ સાંભળી ગોપીને હસવું કે ગુસ્સે થવું એ કાંઇ સમજાતું નથી. પણ મોક્ષની લાલચ આપનાર આ દૂત ઉપર દયા જરૂર આવે છે. ગોપી કહે છે, 'હે ભ્રમર!અમે તો માનતાં હતાં કે તમારા મિત્ર ખરેખર ઉદાર છે અને બીજાઓનાં દુ:ખને સારી રીતે સમજી શકે છે. પરંતુ એમણે તો તમારી સાથે સોમલ-ઘોળેલી ગોળીઓ જ મોકલી છે. જગતમાં તો સૌ જાણે છે કે મોક્ષ શી રીતે મળે ? શું અમારે મોક્ષ મેળવવા માટે આ શરીર છોડી દેવું ? એમ લાગે છે કે તમારા મુકુન્દ મોક્ષ આપવાને બહાને અમને મોતને ઘાટ ઉતારવા માગે છે, પણ અમારે એવા મોક્ષની કશી ગરજ નથી. અમે તો ગરીબ લોક. રાબડીથી રીઝનારાં. અમારે તમારાં રાજમહેલનાં બત્રીસાં પકવાનું શા ખપનાં ?

રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગી નવ ભાવે રે;
અમો રાજનાં ખાસાં ખવાસ રે, મુક્તિ મન ના'વે રે.

'હે મધુકર!ત્યાં રાજમહેલમાં બેઠાં બેઠાં યોગ અને જ્ઞાનના સંદેશા મોકલનાર તમારા મિત્ર કેવા છે, તે અમે સારી રીતે જાણીએ છીએ. તમે ભોળા લાગો છો કે એમની વાતોમાં આવી જાઓ છો ને અમારા જેવી ગમાર અને દૂધ-દહીં વેચી પેટિયું રળનાર ભરવાડણોને માટે ભારેખમ જ્ઞાનની ગાંસડી ઊંચકી લાવ્યા છો. પોતાનો કશો દોષ ન જોનારને તો કદાચ બધે એવું દેખાતું હશે કે 'મોસાળમાં જમણ ને મા પીરસનાર!'એમને એટલું કહેજો કે **'યહ તો ઘર હૈ પ્રેમ કા, ખાલા કા ઘર નાહીં.'**આ કંઇ મામા-માસીનું ઘર નથી, તે ઊઠ્યા એવા દોડ્યા આવ્યા!

હમ તૌ નિપટ અહીરિ બાવરી જોગ દીજિયે જ્ઞાનિન ।
કહા કથત મામી કે આગે જાનત નાની નાનન ॥

'હે ભ્રમર!અમે તો ગરીબ ઘરનાં અને અબળાની જાત. અમારી શી વિસાત? પણ તમારા એ **'યદુપતિ'** તો તમે કહો છો તેમ ત્રિભુવનપતિ છે. એમણે અમારા માટે શું કર્યું?અમે એમના ઉપર મૂકેલા વિશ્વાસનો ભંગ કરી, દગો દઇ ચાલ્યા ગયા. શું એ ભલા માણસનાં લક્ષણ છે?અમારા મોંએ અમે આપવડાઇ કરવા નથી માગતાં, પણ અમે પતિ, પુત્ર, પરિવાર, ઘર, લૌકિક-વૈદિક બધું જ છોડ્યું, એ કોના માટે?જગતમાં તો લોકો ત્રણ આશ્રમ વટાવી, સઘળા ભોગ ભોગવી, અંગ-પ્રત્યંગ શિથિલ બને ત્યારે સંન્યસ્ત આશ્રમ સ્વીકારે;જ્યારે અમારામાંથી તો કેટલાંક બાલ્યાવસ્થામાં જ, હજી જીવનમાં કાંઇ જાણ્યું-માણ્યું નથી, એ અવસ્થામાં એ બધું છોડ્યું. કેટલાંક ભરજોબનમાં બધા રાગ-રંગ છોડી શ્યામસુંદરના રંગમાં રંગાવાનું પસંદ કર્યું. લોકલાજ નેવે મૂકી. જેમને માટે આ બધું કર્યું, એ જ અમારી કદર કરવાને બદલે નિર્મોહીની જેમ અમને તરછોડીને ચાલ્યા ગયા!આવા ઠગારાનો ભરોસો કરાય ખરો?અને એની સાથે કશું સમાધાન થાય ખરું?અમારી દશા વિચારી, તમારી એ મોક્ષની ગોળી ગજવામાં ઘાલો.

સરગ ન ચાહેં, અપબરગ હૂ ન ચાહેં સુનિ,
ભુક્તિ-મુક્તિ દોઉ સોં બિરક્તિ ઉર આનેં હમ ।
કહૈ 'રતનાકર'તિહારે જોગ-રોગ માઁહિ ,
તન, મન, સાઁસનિ કી સાઁસતિ પ્રમાનેં હમ ॥

'અમારા માટે ભલે શ્યામસુંદરને કંઇ લાગણી ન હોય, પણ અમારા તો એ જ એક આધાર છે. લોકોનાં મહેણાં-ટોણાં સહન કરીને પણ અમે તો સદા એક મનમોહનના જ ધ્યાનમાં ખોવાયેલાં રહીએ છીએ. જયારથી તેઓ અમને છોડીને ચાલ્યા ગયા છે, ત્યારથી ઘડીભર પણ ક્યાંય ચેન પડતું નથી. આંખો દર્શન માટે અને કાન વેણુનાદ સાંભળવા માટે તડપ્યા કરે છે.

લરિકાઇ કો પ્રેમ, કહૌ અલિ!કૈસે કરિકૈ છૂટત ?
કહા કહૌં બ્રજનાથ-ચરિત અબ અંતરગતિ યોં લૂટત ॥
ચંચલ ચાલ મનોહર ચિતવનિ, વહ મુસુકાનિ મંદ ધુનિ ગાવત ।
નટવરભેસ નંદનંદન કો વહ બિનોદ ગૃહ બનતેં આવત ॥
ચરનકમલકી સપથ કરતિ હૌં યહ સઁદેસ મોહિં બિષ સમ લાગત ।
સૂરદાસ મોહિ નિમિષ ન બિસરત મોહન મૂરતિ સોવત-જાગત ॥

ઉદ્ધવ કહે છે,'બચપણના ખેલકૂદની જુદી વાત હતી અને આજની વાત જુદી છે. તમે બધાં હવે સમજણાં થયાં છો, માટે જ તમને સાચી સમજ આપવા માટે મને મોકલ્યો છે. તમે શ્રીકૃષ્ણને હજી બરાબર ઓળખ્યા નથી. એજ અચ્યુત છે, એજ પરબ્રહ્મ છે.'

આ સાંભળી એક અટકચાળી ગોપીને ઉપહાસ કરવાનું સૂઝ્યું. હળવેકથી પૂછે છે, 'ઓધાજી!તમે શ્રીકૃષ્ણને ક્યારથી ઓળખો છો?'

'અરે, જયારથી તે સાંદીપનિ ઋષિના આશ્રમેથી વિદ્યાભ્યાસ પૂરો કરીને આવ્યા, ત્યારથી જ હું એમની સાથે છું અને બહુ સારી રીતે ઓળખું છું.'

'બસ!આ તો ચાર દિવસની નવી નવી ઓળખાણ કહેવાય. એટલા સમયમાં તમે એમને બરાબર શી રીતે ઓળખી શકો?'

'ચાર દિવસની કેમ ?'

'ચાર દિવસની એટલે આ જન્મની. પણ તમે તો એમાંય હજી બે ઘડી જ સાથે રહ્યા છો!'

'તો તમે ક્યાં ઝાઝા દિવસ એમની સાથે ગાળ્યા છે, જે એમને



ગો. વા. શેઠ શ્રી મથુરાદાસ દેવીદાસ માધવજી ઠાકરસી
પ. ભ. શ્રી જયસિંહભાઇ દેવીદાસભાઇ ભકતા
વરવાળા (દ્વારકા પાસે)
ના પરિવારના જય શ્રી કૃષ્ણ

ઓળખવાનો દાવો કરી શકો?જો તમે એમને ઓળખતાં હોત, તો એમન વિશે આવું ઘસાતું ન બોલત.'

'અરે જ્ઞાની મહારાજ!તમારે તો ચાર દિવસનીયે ઓળખાણ નથી, જ્યારે અમે તો ચાર જુગથી એમને ઓળખીએ છીએ. તમે ભલે એમને મિત્ર માનતા હો, પણ એ કદી કોઇના મિત્ર થયા નથી કે થવાના નથી. અત્યારે એમણે અમારી સાથે જે કપટ કર્યું એની વાત જવા દો, પણ તમે એમની નિર્દયતા અને દાવપેચથી સાવ અજાણ છો. અમને તો એ જ સમજાતું નથી કે આ કપટ-વિદ્યા એ કોની પાસેથી શીખી આવ્યા છે ? અમે તો અબળાઓ છીએ, એથી લાચાર છીએ. બહુ બહુ તો કાલાવાલા કરી શકીએ. પણ અમે પાણીમાંની માછલીની જેમ પરાધીન છીએ, એટલે પ્રીતમ વગર જીવી શકતાં નથી અને એનાં દર્શન માટે વલખીએ છીએ. છતાં એ અરજ સાંભળવાને બદલે એક તો છોડીને ચાલ્યા ગયા અને ઉપરથી આ જોગનો સંદેશો મોકલી ઘા ઉપર મીઠું ભભરાવે છે -

નિર્મોહિયા - સોં પ્રીતિ કીન્હીં કાહે ન દુઃખ હોય?
કપટ કરિ કરિ પ્રીતિ કપટી લૈ ગયો મન ગોય ॥
કાલ-મુખ તેં કાઢિ આની બહુરિ દીન્હીં ઢોય ।
મેરે જિય કી સોઇ જાનૈ જાહિ બીતી હોય ॥
સોચ, આઁખિ મઁજીઠ કીન્હીં નિપટ કાંચી પોય ।
'સૂર'ગોપી મધુપ આગે દરકિ દીન્હોં રોય ॥

આટલું કહી ગોપી હીબકે ચડી. આંખમાં આંસુ ડબડબાયાં. ઘડીભર લજ્જાથી આડું જોઇ ગઇ. ઓઢણીના પાલવના છેડાથી આંસુ લૂછતાં કહે છે, 'હે શ્યામસખા!આમ રોદણાં રડીને પણ અમે શું કરીએ ? એ તો જન્મ-જન્માંતરોથી છે જ આવા કપટી. અમે તો એમના અગાઉના બધા વેશ અને બધાં નાટક જાણીએ છીએ. તમને ખબર નહીં હોય, પણ આ એમની કપટ કરવાની આદત કંઇ આજકાલની નથી. જુગજૂની છે. સાંભળો એમનાં પરાક્રમ.

કોઊ કે એ નિઠુર, ઈન્હેં પાતક નહિં બ્યાપૈ ।
પાપ-પુંન કે કરનહાર એ આપ-હિ-આપૈ ॥

ઈન્હ કે નિરદૈ-રૂપ મેં, નાહિંન કછૂ બિચિત્ર ।
પૈ-પ્યાવત પ્રાંનન હરે, પુતના બાલ-ચરિત્ર ॥

- મિત્ર એ કૌન કે ?

‘હે ભ્રમર!એ શ્યામસુંદર માટે તમે એમ કહો છો કે એમને કોઇ માતા-પિતા નથી. કોઇ પ્રિય કે અપ્રિય પણ નથી. એ નિર્ગુણ-નિરાકાર છે. તમારી વાત સોળ આની સાચ્ચી. એમને કાંઇ જ સ્પર્શતું નથી. અરે!પાપ પણ સ્પર્શતાં નથી. પાપના કરનાર અને પુણ્યના આપનાર એ જ છે ને?ચોર પણ એ જ અને કોટવાળ પણ એ જ. એ એવા તો નિષ્ઠુર છે કે પોતે જે કાંઇ કરે તે બધું બરાબર!આ અમારી નજર સામે બનેલો દાખલો જ લો ને. તમે પણ જાણતા હશો કે પેલી પૂતના માસી બિચારી એમને લાડથી રમાડવા આવી. બહેનના બેટાને રમાડવાનું અને લાડ કરવાનું કોને મન ન થાય !આવી નંદભવનમાં. બાળકનું સુંદર રૂપ જોઇ એનામાં માતૃભાવ જાગ્યો. એણે એ બાળ-કનૈયાને વહાલથી ખોળામાં લીધો અને સ્તનપાન જ્યાં કરાવવાનું શરૂ કર્યું, ત્યાં તો એ નિષ્ઠરે એના પ્રાણ જ ખેંચી લીધા!હવે તમે જ સમજાવો કે એ પૂતનાનો શો દોષ હતો?શું બહેનના દીકરાને રમાડવા જવું એ દોષ છે?આવી’તી ભાણિયાને રમાડવા અને ભાણિયાએ એના જ રામ રમાડી દીધા!આ છ દિવસના શામળિયાનું પરાક્રમ તો જુઓ!ગળથૂથીમાં જ એણે કપટના શ્રીગણેશ કર્યા. હવે આવા કપટીનો શેં ભરોસો રખાય?’

ત્યાં વિજયા સખી બોલી, ‘બહેન! ગયા અવતારમાં એ દશરથ-પુત્ર બનીને પધાર્યા. એ વખતે પણ ક્યાં સખણા રહ્યા છે? લે, સાંભળ એમની રામકહાણી!

કોહૂ કહૈ રી, આજુ નાહિં આગેં ચલિ આઇ ।
રામચંદ કે રૂપ માંહિં કીન્હી નિઠુરાઇ ॥
જગ્ય કરાવન જાત હૈ બિસ્વામિત્ર સમીપ ।
મગ મેં મારી તારિકા રઘુબંસી-કુલ-દીપ ॥
- બાલ હી રીતિ યૈ ॥

‘આ એમની કપટગાથા કંઇ આજની નથી. એ તો**‘આગે સે ચલિ આઇ હૈ.’**એ મર્યાદા-અવતારમાં પણ એમણે એમની નિષ્ઠુરતાનો પરચો આપ્યો છે. સુગ્રીવના ભાઇ વાલીને એમણે વિના કારણે પશુની જેમ છુપાઇને પાછળથી ઘા કરી મારી નાખ્યો. એમના કરતાં તો પેલો શિકારી સારો, જે માત્ર પાપી પેટ ભરવા માટે જ હરણાંને મારે છે. એ અયોધ્યાપતિને શાની ભૂખ હતી?અરે!એનાયે પહેલાં જ્યારે વિશ્વામિત્ર ઋષિ એમને પોતાના યજ્ઞનું રક્ષણ કરવા, દશરથ રાજા પાસે માગીને તેડી ગયા, ત્યારે જતાં જતાં રસ્તામાં પણ એમના હાથે ખૂજલી આવી, તે પેલી તાડકાને મારી નાખી. શાસ્ત્રમાં સ્ત્રીનો વધ વર્જ્ય છે. છતાં મહાપાતકરૂપ સ્ત્રી-હત્યાનું એ કૃત્ય કર્યું!

‘અને તાપસ-વેશ ધરી વનવાસ ગયા. ત્યારે પંચવટીમાં રાવણની બેન શૂર્પણખા બનીઠનીને એમને પરણવા આવી. પહેલાં તો એને ટટળાવી. પછી કહે, ‘જો બાઇ, હું તો પરણેલો છું અને મારે એકપત્નીવ્રત છે. આથી હું તારો અંગીકાર કરી શકું એમ નથી. પણ જો. પેલા ઝાડ નીચે મારો નાનોભાઇ બેઠો છે. એ લક્ષ્મણ કુંવારો છે.’આમ જુઠું બોલી લક્ષ્મણ પાસે મોકલી. શું લક્ષ્મણ પરણેલા નહોતા?પણ તમારા એ સખા છે જ છલિયા!પેલી બાઇ બિચારી ભોળવાઇ ગઇ. એણે લક્ષ્મણ પાસે જઇને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. લક્ષ્મણે ઠાવકાઇથી કહ્યું, ‘હે સુંદરી! એક વાર તમે શ્રીરામ સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, એટલે તમે મારાં ભાભી ગણાઓ. ભાભી તો માતા સમાન છે. હું તમારી સાથે શી રીતે લગ્ન કરી શકું?એટલે હવે તો ત્યાં જ જાઓ અને શ્રીરામને મનાવો.’

શૂર્પણખા ફરી શ્રીરામ પાસે આવી. ત્યારે રામે કહ્યું, ‘નાના ભાઇ સામે તેં લગ્નનો પ્રસ્તાવ મૂક્યો એટલે અનૂજ-વધૂ કહેવાય. નાનાભાઇની પત્ની દીકરી સમાન ગણાય. મારાથી તારી વાતનો સ્વીકાર શી રીતે થાય?’આમ બંને બાજુથી રખડી પડેલી શૂર્પણખા ગુસ્સે થઇ. કોઇપણ સ્ત્રી ગુસ્સે થાય, એમાં શી નવાઇ?એ એના મૂળ સ્વરૂપમાં આવી. રામે ઇશારો કરી લક્ષ્મણને એને વિરૂપ બનાવવા આદેશ આપ્યો. ત્યાં સ્ત્રી હત્યા તો ન કરી, પણ એને નાક-કાન કાપી કદરૂપી બનાવી દીધી. હે ઉદ્ધવ!તમે જ કહો, એમણે જે નાટક કર્યું અને પરણવાના કોડ લઇને આવેલી એક સ્ત્રીને કદરૂપી બનાવી, એમાં એમની નિષ્ઠુરતા છે કે નહીં?અને તમને ખબર નહિ હોય. આ કૃત્ય એમણે સીતાજીને વશ થઇ એમના કહેવાથી કર્યું. એમાં એમણે લોક-મર્યાદાનો ભંગ કર્યો કે નહિ?આવા છે તમારા એ સખા.’

ત્યાં પડખે બેઠેલી વનમાલા બોલી ઊઠી. 'સખી, રામ તો મર્યાદા- પુરુષોત્તમ ગણાય છે. એમણે આપણા શ્યામસુંદર જેવાં નખરાં પણ નથી કર્યાં;છતાં આવું ભૂંડુ કેમ બોલે છે?જુઓ, ભગવદીયો તો એમને કપટી કૃષ્ણ કરતાં ભલા બતાવે છે -

હરિ-સોં ભલો સો પતિ સીતા કો ।
બન બન ખોજત ફિરે બંધુસંગ, કિયો સિંધુ બીતા કો ॥
રાવન માર્યો, લંકા જારી, મુખ દેખ્યો મીતા કો ।
દૂત હાથ ઉન્હેં લિખિ ન પઠાયો નિગમ-જ્ઞાન ગીતા કો ॥

'બહેન, એ સીતાપતિ આપણા શ્યામસુંદર કરતાં તો ભલા હતા. એમણે આ કપટીની જેમ પોતાનાં જનને છોડી જવાનું કપટ કર્યું નહોતું. ઊલટું સીતાને શોધવા વનવન આથડ્યા, પણ પોતાના કોઇ દૂતને જ્ઞાનની ગાંસડી બંધાવી સીતા પાસે નહોતા મોકલ્યો. એમણે તો જેવી ભાળ મળી કે તરત જ લંકા પર ચડાઇ કરી. સાગર બાંધ્યો. લંકા જલાવી. રાવણને માર્યો અને પોતાની પત્નીને પાછી લઇ આવ્યા. આહા!સીતાના વિરહમાં એ કેટલું ઝૂર્યા હતા?જ્યારે અહીં તો આપણે ઝૂરવાનો વારો આવ્યો અને એ જઇને ભરાઇ બેઠા છે મથુરાના રાજમહેલમાં!!!

કોહૂ કહૈ રી, ઔર સુનોં ગુન ઈન્હ કે આલી ।
બલિ-રાજા પૈ ગયે ભૂમિ-માંગન બનમાલી ॥
માંગી બાંમન-રૂપ-ધરિ, પરબત ભયે અકાઇ ।
સત્ત, ધરમ સબ છાંડિ કેં, ધર્યો પીઠ પૈ માઇ ॥
- લોભ કી નાબ એ ॥

'હે શ્યામસખા!એ વેળા તો છલિયાએ બ્રાહ્મણનો અવતાર લીધો. દુનિયા આખીના યોગક્ષેમની ચિંતા કરનારો અને સૌને મનવાંછિત આપનારો જાતે જાચક બન્યો. માગનારનો હાથ હંમેશાં નીચે જ રહે, એ વીસરી જઇ હાથે કરી ગૌરવ ઘટાડ્યું. કીડીને કણ અને હાથીને મણ દેનારો



ગો.વા. આણંદભાઈ પરબતભાઈ પટેલ
પ. ભ. શ્રી જયરામભાઈ આણંદભાઈ પટેલ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
ભાવનગર

એ ભર્તા હાથે કરી ભિખારી બન્યો. વામનરૂપ ધરી પહોંચ્યો બલિ રાજાના દ્વારે, રાજા યજ્ઞ કરતા હતા ત્યાં. બટુક વેશમાં અતિથિ જાણી રાજાએ આદર-સત્કાર કર્યો અને પધારવાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે એણે કેવું નાટક કર્યું, એ તો જુઓ!કહે છે, 'અમે રહ્યા બ્રાહ્મણ. તેમાંય બટુક. અમારે પરિગ્રહથી શું કામ?પણ જો આપી શકતા હો, તો ખપપૂરતું થોડુંક માગી લઉં. અમારે મહેલ કે રાજ્ય થોડાં જ જોઇએ છે!'

રાજાએ આશ્વાસન આપતાં કહ્યું, 'ભૂદેવ!સંકોચ ન કરશો. જે જોઇએ તે માગી લો.'

'હું માંગુ તે આપવાની પૂરી તૈયારી હોય, તો વિચાર કરી આપો વચન.'

રાજાએ જ્યાં વચન આપવા તૈયારી દર્શાવી, ત્યાં અસુરગુરુ શુક્રાચાર્યે રાજાને ચેતવણી આપી કે બટુક વેશધારી આ બ્રાહ્મણ સ્વયં ભગવાન છે. એ તારું સર્વસ્વ હરી લેશે. માટે વચન ન આપીશ. આ ગુરુ-આજ્ઞાને ઉથાપીને પણ બલિ રાજાએ બટુકને વચન આપ્યું. જોઈતું હોય તે ખુશીખી માગવા પ્રાર્થના કરી. શુક્રાચાર્યે ગુસ્સે થઇ બલિરાજાને શાપ આપ્યો, છતાં રાજા પોતાના વચનને વળગી રહ્યો. બટુકે ત્રણ ડગલાં જમીન માગી. રાજાને અને સૌ દરબારીઓને નવાઇ લાગી. છતાં એને પ્રભુ-ઇચ્છા માની માગણી સ્વીકારી. હાથમાં જળ લઇ સંકલ્પ કર્યો. ઇચ્છા થાય ત્યાં ડગલાં ભરી જમીન સ્વીકારવા પ્રાર્થના કરી અને એ વામનજીએ પોત પ્રકાશ્યું. એણે તો વિરાટ રૂપ ધર્યું. એક ડગલામાં આખી પૃથ્વી માપી લીધી. બીજા પગલાથી સ્વર્ગ સહિત બ્રહ્માંડ માપી લીધું. હવે ત્રીજું પગલું ક્યાં મૂકવું?રાજા પ્રતિજ્ઞા પ્રમાણે વચન પુરું ન કરી શક્યો. આથી, કાગાડાની જેમ વરુણપાશથી બાંધ્યો. છતાં રાજા ડગ્યો નહિ. તેણે કહ્યું, 'ત્રીજું પગલું મારા મસ્તક પર પધરાવો.'એ કપટી વામન વેશધારીને બલિને પાતાળમાં ચોંપ્યો. આમ, વચન માગીને રાજાને છેતર્યો. એનું સર્વસ્વ પડાવી લીધું. પણ બહેન, એ તો બલિરાજા ભલા હતા તે એ કપટીને વશ થયા. બાકી મારા જેવી હોત ને, તો ધરાર કહી દેત કે'હે વેંતિયાજી!જરા થોભો. આ કપટ શોભે નહિ. જે સ્વરૂપે જમીન માગી, એ જ સ્વરૂપે માપી લો. આમ રૂપ બદલો તે બરાબર નથી.'બિચ્ચારો બલિ, થોડો કાચો પડ્યો!પણ એ ઠિંગુજીની ચાલાકી આખું જગત જાણી ગયું. આવા નિર્દય, કપટી અને મહાજાદુગર છે તમારા મિત્ર!

'અરે બહેન,એ અસુરરાજને છેતર્યો એ તો જાણે સમજ્યાં, પણ આ નિર્દયે તો પોતાની સગી માને પણ છોડી નથી. જોને, પરશુરામ-અવતારમાં એણે કેવું કમકિયાં ઊપજે એવું કાળું કૃત્ય કર્યું છે!

કોહૂ કહૈ, ઇન્હ પરસરામ હ્વૈ માતા મારી ।
ફરસા કંધાધારિ ભૂમિ છત્રિન્હ સંઘારી ॥
સોંનિત-કુંજ ભરાઇ કેં, પોખે અપને પિત્ર ।
ઇન્હ કે નિરદ રૂપ મેં કછુ હૂ નાહિં બિચિત્ર ॥
- બિલગ કહા માનિજે ॥

'સાચું બોલજે સખી, માતા સાથે કોઇને કદી કશું વેર હોઇ શકે ખરું?અને પરશુરામની માતા રેણુકા તો સતી-સાધ્વી હતાં. એમણે દીકરાનું કદી કશું અહિત નહોતું કર્યું. કદી નામનોય ઝઘડો નહોતો કર્યો. છતાં બાપના કહેવાથી એ સતી માતાનું મસ્તક વાઢી નાખ્યું!ત્યાર પછી ક્ષત્રિયોએ પરશુરામના પિતાને મારી નાખ્યા. એનો બદલો લેવા એમણે તો લીધો હાથમાં ફરસો અને પૃથ્વીને નક્ષત્રિય કરવા નીકળી પડ્યા. ક્ષત્રિયોના વંશને હણીને એકવીસ વાર ધરતી નક્ષત્રિય કરી નાખી. લોહીના કુંડ ભર્યા અને એમાં પિતાનું તર્પણ કર્યું. બોલો, આ માતાના હત્યારાને શું કહેવું?'

'સખી, છતાં એમને આ કૃત્ય માટે પસ્તાવો જરૂર થયેલો. પાછળથી પિતાને પ્રસન્ન કરી, માતાને જીવતી તો કરી હતી ને?જ્યારે આપણને તો આ નિર્દય જીવવાયે નથી દેતો કે મારી પણ નથી નાખતો!આપણું તો જીવતર ઝેર જેવું બની ગયું છે અને આ ભ્રમર આપણા માટે ધૂણી ધખવાનો સંદેશો લઇને આવ્યા છે. નફ્ફટાઇની પણ કંઇ હદ હોય ને !જેવા એ, એવા એમના મિત્ર. કહેતા ભી દિવાના, સુનતા
૨ ભી દિવાના.'

૭

ઉદ્ધવજી તો આ પ્રેમ-દિવાની ચતુરાઓની વાત સાંભળી થીજી જ ગયા. જીભ
ઘ સિવાઇ ગઇ હતી. અને હજી એમને કંઇ કળ વળે, તે પહેલાં તો એક બીજી ગોપીએ ધડાકો કર્યો, 'હે મધુકર!અહીં એમની કપટ-કથાનો અંત ન માનીશ. ભલભલાને ચક્કર આવે અને બુદ્ધિમાં પણ ન બેસે એવી કરણી છે એમની!નરસિંહ - અવતારમાં પણ એ સખણા નથી રહ્યા -



પ. ભ. શ્રી લલિતકાન્તભાઇ છગનભાઇ પરીખ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
દેવગઢબારીયા

કોહૂ કહૈ રી, કહા હિરનકચ્છપ તેં બિગર્યૌ ।
પરમ ઢીઠ પ્રહ્લાદ, પિતા કે સનમુખ ઝગર્યૌ ॥
સુત અપને કોં દેતિ હો, સિચ્છા-દંડ બઁધાઈ ।
ઈન્હ બપુ-ધરિ નરસિંઘ કૌ નખઁન બિદાર્યૌ જાઈ ॥
- બિના અપરાધ હી ?

'હે મધુપ!પ્રહ્લાદ તો પ્રભુના પરમ ભક્ત. એમણે પૂરા ભાવથી ભક્તિ કરી. એમાં એમણે શું ખોટું કર્યું ? પણ આ નિર્દયે એનો બદલો શો આપ્યો?એના પિતાને મહેલમાંથી ઘસડી લાવી, જગતમાં ન જોયેલું, ન જાણેલું તેવું વિચિત્ર અને વિકરાળ નર-સિંહ રૂપ ધારણ કરી, નખથી એની છાતી ચીરી નાખી!કોણ જાણે હજી તો કેટલાંય આવાં કપટનાં કામ કરશે. અમને તો એનીયે ખબર છે, પણ વાતને વધાર્યાથી શો ફાયદો?થોડું કહ્યું, ઘણું માની લો એમાં જ સાર છે -

ઊધો, તનક સુજસ હરિ કૌ સ્રવનઁન સુન ।
'સૂર'પ્રીતિ જાની તેં હરિ કી, કથા જાત નહીં ગાઈ ॥

'હે મધુકર!એ શ્યામળાની સોબત કરીને અમે તો જબ્બર ફસાયાં છીએ. આવા કપટીની મિત્રતા કરવાથી શો ફાયદો?છતાં કોણ જાણે અમારા તનમાં, મનમાં, નયનમાં એ એવો તો ઘૂસી ગયો છે કે એને વિસરી શકતાં નથી. એનું સ્મરણ કર્યા વગર ઘડીભર પણ ચેન પડતું નથી. લાખ પ્રયત્ન કરીએ છીએ તોય એ લલિતત્રિભંગી આમળેલા ખીલાની જેમ વજ્જરની છાતીમાં એવો તો ઘૂસ્યો છે કે ગમે તેટલું જોર કરીએ તોય અમે એને બહાર કાઢી શકતાં નથી. અમારી આ લાચારીનો એણે પૂરો ફાયદો ઉઠાવ્યો છે.

ઉર મેં માખન ચોર ગડે ।
અબ કૈહુ નિકસત નહિં, ઊધો!તિરછે હ્વૈ જો અડે ॥
જદપિ અહીર જસોદાનંદન • તદપિ ન જાત છઁડે ।
વહાં બને જદુબંસ મહાકુલ હમહિં ન લગત બડે ॥
કો બસુદેવ, દેવકી હૈ કો, ના જાનૈં ઔ બૂઝૈં ।
'સૂર'સ્યામસુંદર બિનુ દેખે ઔર ન કૌ સૂઝૈં ॥

'હે ભ્રમર!અત્યારે તો અમે વિરહમાં તડપીએ છીએ, પણ મહારાસ પૂર્વે ઘડીભરના એમના તિરોભાવને કારણે અમે સુધબુધ ખોઇ બેઠાં હતાં, ત્યારે પણ

અમે તો એકરાર કર્યો હતો કે **'તવ કથામૃતં તપ્તજીવનં, કવિભિરીડિતં કલ્મષાપહમ્'**- પ્રભુની કથારૂપી અમૃત સંસારથી તપેલા જીવોને સંજીવનીરૂપ છે. જીવોનાં પાપોને ધોનાર એ કથાનાં કવિઓએ પણ ગુણગાન ગાયાં છે. આજે પણ અમારી એ જ સ્થિતિ છે કે પ્રભુની લીલા - કથા અમારા માટે જીવવાના એકમાત્ર ઔષધરૂપ બની ગઇ છે. પ્રાણાન્તે પણ અમે તેનો ત્યાગ કરી શકતાં નથી **'દુસ્ત્યજ: તત્કથાર્થ: !'**હવે તો ભગવાનની આ કથા જ અમારું પોષણ કરે છે અને જીવવા માટેનો ઉત્સાહ ટકાવી રાખે છે. એ કથા અનન્ત છે. એને ગાવામાં વાણી સાથ આપતી નથી.'

આટલું બોલતાં બોલતાં તો ગોપીમાં રાજસ-સાત્ત્વિક ભાવનો ઉદય થાય છે અને એ બોલી ઊઠે છે -

યદનુચરિતલીલાકર્ણપીયૂષવિપ્રુટ-
સકૃદદનવિધૂતદ્વન્દ્વધર્મા વિનષ્ટા: ।

'હે ભ્રમર!ભગવદ્-કથામૃતનો મહિમા તમને શું કહું?એનું વર્ણન કરવામાં તો વ્યાસજી જેવા મુનિઓ પણ પોતાની અધુરપ અનુભવે છે. એ સઘળી લીલાઓનું અમે શું વર્ણન કરી શકીએ?અમારાં મન તો એ લીલાએ એવાં હરી લીધાં છે કે અમને બીજે ક્યાંય સુખ મળી શકે એમ નથી. અમારી દશા વહાણ ઉપર બેઠેલાં પંખી જેવી છે. વહાણ મધદરિયે પહોંચે અને એના ઉપરથી ઊડી જવાનો વિચાર કરે તો પણ એ પંખી, ઊડી ઊડીને પાછું વહાણ ઉપર જ આવીને બેસે છે, તેમ શ્યામ-ચરણમાં અમારી રતિ થયા પછી, મન બીજે ક્યાંય લાગી શકતું નથી.

મેરો મન અનત કહાં સુખ પાવૈ ।
જૈસે ઉડિ જહાજ કો પંછી ફિર જહાજ પર આવૈ ॥

ભગવાનની એ લીલાના કથામૃતના એક કણનો પણ જો કોઇ એક વાર આદરપૂર્વક રસાસ્વાદ કરે, તો એનાં સુખ-દુ:ખ, રાગ-દ્વેષ, મારું-તારું વગેરે સઘળાં દ્વન્દ્વ છૂટી જાય છે. જ્યારે આ દ્વન્દ્વોમાંથી એનો છુટકારો થાય છે, ત્યારે ઘણા ભાગ્યશાળી જીવો તો ગૃહસ્થાશ્રમ ધર્મનો પણ ત્યાગ કરી દઇ અકિંચન બની જાય છે. એમનામાં અપરિગ્રહ-વૃત્તિ કેળવાય છે અને પરમહંસની અવસ્થાને પામી મસ્તીમાં ઝૂમ્યા કરે છે. આ કથામૃત એવું ફળરૂપ છે. એ લીલા આંખ સામે એવી તો તરવરે છે કે

જાણે પોતાના પ્રાણપ્રેષ્ઠનાં પ્રત્યક્ષ દર્શન થતાં ન હોય! આ અવસ્થામાં ભક્ત એવો મસ્ત બની જાય છે કે મુખમાંથી કોઇ શબ્દ નીકળતો નથી, છતાં એની સ્મરણયાત્રા ચાલુ હોય છે. અનુભવીઓ કહે છે -

મન મસ્ત હુઆ તબ ક્યોં બોલે ।
હીરા પાયો ગાંઠ ગઠિયાયો, બાર બાર વાકો ક્યોં ખોલે ॥
હલકી થી તબ ચઢી તરાજૂ, પૂરી ભઇ તબ ક્યોં તોલે ।
સુરત કલારી ભઇ મતવારી, મદવા પી ગઇ બિન તોલે ॥

આમ, લીલાનું સ્મરણ અમારે માટે અમૃતરૂપ છે. જેમ પક્ષીઓ પેટ ભરવા માટે ગમે ત્યાંથી ચણ ચણી લે છે, તેમ અપરિગ્રહી બનેલા લોકો માધુકરી (ભિક્ષા)થી પોતાનો જીવન-નિર્વાહ કરે છે. આવા પરમહંસોનાં ચિત્ત પક્ષીની જેમ મુક્તપણે નીલ-ગગનમાં વિહરતાં હોય છે. તાદૃશીપણાની આ અવસ્થાએ તેમને કશું કરવાપણું રહેતું નથી;છતાંય ભગવાનની લીલાકથાને તેઓ છોડી શકતા નથી. આ કથારસ એવો તો રસાયણરૂપ છે કે જીવનનો કાયાકલ્પ કરી નાખે છે. એક વાર એનો ચટકો લાગ્યો, પછી એના વગર જીવી શકાતું નથી. હે ઉદ્ધવ!અમે રહ્યાં ભગવાનનાં ચરણનાં દાસી. એટલે એમના દર્શનની આશાએ મરવાનો વિચાર સુધ્ધાં કરી શકતાં નથી. લીલા-ગાન કરી જીવન ટકાવી રાખીએ છીએ;કારણ કે અમને તો વ્રજ એટલું વહાલું થઇ પડ્યું છે કે વૈકુંઠમાં જવાની અમારી કોઇ તૈયારી નથી. ત્યાં અમને અમારા નંદ-કુંવર થોડા જ મળવાના છે!

ઊધો!પ્રીતિ ન મરન બિચારૈ ।
પ્રીતિ પતંગ જરૈ પાવક પરિ, જરત અંગ નહિં ટારૈ ॥
પ્રીતિ પરેવા ઉડત ગગન ચઢિ ગિરત ન આપ સમ્હારૈ ।
પ્રીતિ મધુપ કેતકી-કુસુમ બસિ કંટક આપુ પ્રહારૈ ॥

'આ વિરહિણી ગોપીઓની દશા જોઇને તો ભલભલાનું કાળજું કંપી ઊઠે, એવી એમની હાલત છે. ન કહેવાય, ન સહેવાય.'માલાબહેન આર્તસ્વરે બોલી ઊઠ્યાં.

'એમ લાગે છે કે તમને પણ વિરહની તડપનનો અનુભવ થયો છે ખરો?'રામજીભાઇએ ટોળમાં કહ્યું. આ સાંભળી સૌ ખડખડાટ હસી પડ્યાં.

'ચાલો, એ બહાને માલાબહેને આપણને વાસ્તવિકતાનું ભાન તો કરાવી દીધું!જુઓ, દીવાલ પર ટાંગેલા કાળદૂત અનવરત ગતિએ આગળ ડગલાં ભરતો જ જાય છે.'એટલું કહી રામજીભાઇએ જ એમની યાત્રા થંભાવી દીધી.

✦

ગં. સ્વ. મંજુલાબેન બાબુલાલ શાહ
પ. ભ. શ્રી મિતાબેન તુષારભાઈ શાહ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
મુંબઈ

૧૪. ગોપી : પ્રેમની ધ્વજા...

વિરામ પછી હજી બધાં ગોઠવાયાં પણ નથી, ત્યાં રાધાબહેને પૂછ્યું, 'રામજીભાઈ, આ ગોપીઓની ગતિ કંઈ સમજાતી નથી. ક્યારેક આક્રોશમાં આવી ઉદ્ધવજી પર આક્રમણ કરે છે, તો ક્યારેક એવી તો રેશમ જેવી થઈ જાય છે કે એમની વાત સાંભળી ભલભલાનાં હૈયાં હલબલી ઊઠે. આવો વિરોધાભાસ કેમ હશે?'

'ગોપી જ્યારે વિરહતાપમાં બાહ્ય અનુસંધાન કેળવે છે, એટલે કે પૂરા હોશ-હવાશમાં હોય છે, ત્યારે એ ઊકળી ઊઠે છે અને જે મળે તેને ઉધડો લેવા માંડે છે, પણ એ દરમ્યાન શ્યામના સ્મરણથી જ્યારે તે અંતર્મુખ બને છે;ત્યારે કાં તો મૌન બની જાય છે. એટલે પોતાના દોષોનું અને અસહાયતાનું ગાણું ગાય છે.'રામજીભાઈએ કહ્યું. 'જુઓ, હવે ગોપીની સાત્ત્વિક-તામસ ભાવ-દશા જોવા મળશે. આઠમા શ્લોકમાં એને પૂર્વસ્મરણો વિવશ બનાવે છે, એટલે કંઈક દીનતાનો અને કંઈક સ્મરણનો તે સહારો લે છે.'

ભ્રમરને સંબોધીને ગોપીજન કહે છે, 'જેમ કૃષ્ણસાર હરણની અજ્ઞાની હરણીઓ લૌકિક આનંદમાં લુબ્ધ બને છે, ત્યારે તેમને છેતરવા માટે જ પારધિ સંગીતના સૂર લહેરાવે છે. એ સંગીતના નાદમાં લોભાયેલી હરણી એને સાંભળવા દોટ મૂકે છે, પણ એને ખબર નથી કે એને ફસાવવા માટે વચ્ચે જાળ પાથરેલી છે. આથી વિષયમાં લોભાઈને તે દોડે છે અને જાળમાં ફસાઈ જાય છે. અંતે પોતાના પ્રાણ ગુમાવે છે. એ જ રીતે, હે ઉદ્ધવ!અમે ભોળાં ગોપીજનોએ પણ શ્રીકૃષ્ણની કપટી વાણીમાં વિશ્વાસ મૂક્યો. ખરેખર એ અમારી ભૂલ જ કહેવાય. જો અમે એમના વાણી-વિલાસમાં ન ફસાયાં હોત, તો આજે અમારી આવી દશા ન થાત. એ તો અમને તરફડતી મૂકીને ગયા તે ગયા;વળતી કોઈ શોધ-સંભાળ જ નહિ!

પ્રીતિ કરિ દીન્હીં ગરે છુરી ।
જૈસે બધિક ચુગાય કપટ-કન પાછે કરત બુરી ॥
મુરલી મધુર ચેંપ કર કાઁપો મોરચંદ્ર ઢટવારી ।
બંક બિલોકનિ લૂક લાગિ બસ સકી ન તનહિં સમ્હારી ॥
તલફત છાઁડિ ચલે મધુબન કો ફિરિકૈ લઇ ન સાર ।
સૂરદાસ વા કલપ-તરોવર ફેરિ ન બૈઠી ડાર ॥

પાંચ જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષય છે. એને તન્માત્રા પણ કહે છે. તે છે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ. આ વિષયો પાંચ મહાભૂત સાથે ગુણથી અને ભોગ-સંબંધે જ્ઞાનેન્દ્રિયો સાથે પણ સંકળાયેલા છે. પાંચ મહાભૂત - આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી છે. આકાશનો ગુણ છે શબ્દ. કર્ણેન્દ્રિય દ્વારા તે રસનો વિષય બને. વાયુનો ગુણ સ્પર્શ, ત્વચા દ્વારા અનુભવાય. તેજ અથવા અગ્નિનો ગુણ રૂપ. નેત્રેન્દ્રિય દ્વારા રસ ભોગવે. જળનો ગુણ છે રસ. તે જિહ્વા દ્વારા અનુભવ કરે છે. પૃથ્વીનો ગુણ છે ગંધ. તે ઘ્રાણેન્દ્રિય દ્વારા અનુભવાય છે;પરંતુ આ બધા જ રસ લૌકિક છે. તેથી એમાંથી અનુભવાતો આનંદ ક્ષણિક હોય છે. એને પ્રાકૃત આનંદ પણ કહે છે.

જ્યાં આવા દુન્યવી વિષયાનંદની હદ પૂરી થાય, ત્યાંથી ઉત્તરોત્તર આનંદ-માળા રચાય. બ્રહ્માનંદ કંઇક સ્થિર અને ઊંચી કક્ષાનો છે. સાત્ત્વિક સાહિત્યના વાચનથી અથવા સત્કર્મ કે સત્સંગ દ્વારા તે પામી શકાય છે. યોગીઓને સમાધિ અવસ્થામાં મળતો આનંદ પણ બ્રહ્માનંદ કહેવાય છે. આ આનંદ સીમિત હોવાથી તેને ગણિતાનંદ પણ કહે છે. સ્વર્ગ-સુખ આ કક્ષામાં જ ગણાય છે. એનાથી ઉપર જે સર્વોચ્ચ આનંદ છે, તે સદાનંદ છે, પરમાનંદ છે. એને સાત્ત્વિક રસાનંદ પણ કહી શકાય. શાસ્ત્રો એને પૂર્ણાનંદ પણ કહે છે. શ્રી મહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રય'ગ્રંથમાં આ પરમ સત્યનું વર્ણન કરેલ છે. પરમાનંદથી આ અવસ્થા મોક્ષથીયે ઊંચી ગણાય છે. પ્રભુ સાથેનું દિવ્ય મિલન- સ્વરૂપબોધ જ આ આનંદની પ્રાપ્તિ કરાવી શકે. રાસલીલા વખતે ગોપીજનોને આવા જ આનંદની પ્રાપ્તિ થઇ હતી. સંસારી લોકો આ અવસ્થાની કલ્પના સુધ્ધાં કરી શકતા નથી; કારણ કે તેઓ પોતાના વિષયાનંદના કાટલે જ એને જોખવા બેસે છે.

ગોપીજનોએ આ આનંદ અનુભવ્યો છે. રસદશામાંથી જ્યારે જ્યારે તે હોશમાં આવે છે, ત્યારે તેમને સંયોગસુખનું સ્મરણ થાય છે અને એ સ્મરણ જ એમને વિયોગનો અનુભવ કરાવે છે. આથી એમને શ્યામસુંદરના એ રૂપને જોવાની સતત ઝંખના રહ્યા કરે છે -

નયનનિ વહૈ રૂપ જૌ દેખ્યો ।
તૌ ઊધૌ યહ જીવન જગકો સાંચુ સફલ કરિ લેખ્યો ॥
લોચન ચારુ ચપલ ખંજન, મનરંજન હૃદય હમારે ।
રુચિર કમલ મૃગ મીન મનોહર સ્વેત અરુન અરુ કારે ॥

★

ચલત ચિતવત, દિવસ જાગત, સપન સોવત રાતિ ।
હૃદય તેં વહ સ્યામ મૂરતિ છન ન ઈત ઉત જાતિ ॥
કહત કથા અનેક ઊધો લોક - લાભ દિખાય ।
કહા કરોં તન પ્રેમ-પૂરન ઘટ ન સિંધુ સમાય ॥
સ્યામ ગાત સરોજ-આનન લલિત અતિ મૃદુ હાસ ।
સૂર ઐસે રૂપ-કારન મરત લોચન પ્યાસ ॥

ગોપી કહે છે, 'હે ઉદ્ધવ! રાસ - રમણ પૂર્વે પ્રભુએ અમને કહ્યું હતું કે 'હે વ્રજાંગનાઓ! તમે નિર્દોષ રીતે મારું જે ભજન કર્યું છે, તેનો બદલો હું બ્રહ્માજીનું આયુષ્ય અર્થાત્ અમર શરીર આપીને પણ ચૂકવી શકું તેમ નથી. જન્મ-જન્માંતર સુધી હું તમારો ઋણી છું.'એમના આ શબ્દો સાંભળી અમને એમ લાગ્યું હતું કે ભગવાન હવે કદી અમારો ત્યાગ નહિ કરે. પરંતુ એ તો અમને છેતરીને ચાલ્યા ગયા. અત્યારે અમને એ સંયોગલીલા દરમિયાન કરેલા તીવ્ર નખસ્પર્શની સ્મૃતિ થતાં એ રૂઝાયેલો ઘા તાજો થઇને અસહ્ય પીડા આપે છે. જાણે અમને અંગઅંગમાં કામજ્વર વ્યાપ્યો હોય, તેમ આખા અંગે બળતરા ઊપડી છે. એમાં તમે પાછા ઘા ઉપર મીઠું ભભરાવો છો. જુઓ, સમય જોઇને વાત કરવી એ જ વિવેક છે. અત્યારે અમારાં મન કાબૂમાં નથી. એટલે તમારી વાતનો કંઇ વિચાર થઇ શકે તેમ નથી. તમારા મિત્ર તો કૂતરાની પૂંછડી જેવા છે. એ કદી સીધા નહિ થવાના.

માટે તમે હવે જોગનું પૂંછડું ઝાલી રાખશો નહિ.

મધુકર ! યે મન બિગરી પરે ।
સમુઝત નાહિં જ્ઞાનગીતા કો હરિ-મુસુકાનિ અરે ॥
બાલમુકુંદ-રૂપ-રસરાચે તાતેં બક ખરે ।
હોય ન સૂધી સ્વાન પૂઁછિ જ્યોં કોટિક જતન કરે ॥

ઉદ્ધવજી કહે છે, 'મન ઉપર થોડોક કાબૂ રાખો, તો કશી તકલીફ નહિ પડે અને મારી વાત ધ્યાનથી સાંભળી શકશો.'

ગોપી કહે છે,'જે મન છે, તેમાં શ્યામસુંદર તીરછા થઇને એવા પેસી ગયા છે કે નીકળતા જ નથી. હવે એમાં જગા હોય તો તમારી વાતનો વિચાર થઇ શકે ને **'નાહિંન રહ્યો મન મેં ઠૌર.'** આથી શ્રીકૃષ્ણના હે રહસ્યમંત્રી, આ બાબતમાં તારે એમની વધારે વકીલાત કરવાની કાંઇ જરૂર નથી. બીજી જે કાંઇ વાત કહેવી હોય તે અમારી દશા સમજીને કહો.

ઊધો!બ્રજ કી દસા બિચારૌ ।
તા પાછે યહ સિદ્ધિ આપની જોગકથા બિસ્તારૌ ॥
વૈ અતિ લલિત મનોહર આનન કૈસે મનહિં બિસારૌં ।
જોગજુક્તિ ઔ મુક્તિ બિબિધ બિધિ વા મુરલી પર વારૌં ॥
જેહિ ઉર બસે સ્યામસુંદર ઘન ક્યોં નિર્ગુન કહિ આવૈ ।
સૂરસ્યામ સોઇ ભજન બહાવૈ જાહિ દૂસરૌ ભાવૈ ॥

ત્યાં તો સંયોગ-સુખના સ્મરણમાં ખોવાઇ ગયેલી એક ગોપી ભાનમાં આવી. એને એવો ભાસ થયો કે ઉદ્ધવજી શ્રીકૃષ્ણને પધરાવી લાવવા માટે મથુરા પાછા ગયા હતા, ત્યાંથી શ્યામસુંદરે અહીં આવવાને બદલે આ ગોપીજનને મથુરા પધરાવી જવા ઉદ્ધવને મોકલ્યા હોય એમ લાગે છે.

આથી એકદમ આશ્ચર્ય પામતાં પૂછે છે, 'હે પ્રિયતમના સખા! એટલી વારમાં તું મધુપુરી જઇને પાછો આવી ગયો ? ખૂબ સારું કર્યું. અમને અમારા એ પ્રાણપ્રેષ્ઠ પાસે તેડી જવા જ તને મોકલ્યો છે ને ?તું તો અમારા પ્રિયતમનો દૂત છે. દૂત સન્માનને પાત્ર ગણાય છે. આથી અમે તારું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ.

તારે જે જોઇએ તે માગી લે. અને અચાનક ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી -

તા પાછેં ઇક બાર હીં રોઇ ઊઠીં બ્રજનારિ ।
હા કરુનામય નાથ હો! કેસવ, કૃષ્ણ, મુરારિ ॥
- ફાટિ હિયરૌ ચલ્યો ॥

એ અવસ્થામાં જ એ ઘડીભર બેહોશ થઇ ગઇ. આ અવસ્થા રાસ-પ્રસંગમાં પણ ગોપીજનોએ અનુભવી છે -

ઇતિ ગોપ્યઃ પ્રગાયન્ત્યઃ પ્રલપન્ત્યશ્ચ ચિત્રધા ।
રુરુદુઃ સુસ્વરં રાજન્કૃષ્ણદર્શનલાલસાઃ ॥

ગોપીજનોની એ ભાવદશાનું વર્ણન કરતાં શુકદેવજીએ કહ્યું છે, 'આમ ગોપીજનો ભગવદ્ગાન અને અનેક પ્રકારના આલાપ કરતાં કરતાં શ્રીકૃષ્ણના દર્શનની તીવ્ર ઇચ્છાથી જોરજોરથી રડવા લાગ્યાં.'

સંયોગ-અવસ્થાનાં સ્મરણ અત્યારે એમનાં હૈયાને વલોવી નાખે છે. થોડીક ક્ષણોમાં ગોપીજન ફરીથી હોશમાં આવે છે.

અત્યારે સાત્ત્વિક-રાજસ ભાવદશામાં તે ફરીથી ઉદ્ધવજીને ખૂબ આત્મીયતા દર્શાવતાં કહે છે, 'હે મિત્ર!શ્રીકૃષ્ણનો સંગ છોડવો ખૂબ મુશ્કેલ છે. તે કદી એકલા તો હોતા જ નથી!અત્યારે પણ તેમના હૃદયમાં લક્ષ્મીજી ચિરનિવાસ કરી રહ્યાં છે. પછી તમે અમને તેમની પાસે શા માટે લઇ જાઓ છો?શું ત્યાં હૃદયમાં લક્ષ્મીજીની હાજરી હોવાથી અમારી સાથે એકાંતમાં પણ હૈયાની વાત કરી શકશે?ના, મિત્ર ના, એ સંભવ નથી.

'વળી, એક વાર અમે જો એમની સન્મુખ જઇ પહોંચીશું, તો તેમને છોડવાનું અમને મન નહિ થાય અને કદાચ એમના સ્વભાવ પ્રમાણે જો ત્યાં અમને ઓળખવાનો જ ઇનકાર કરે અથવા અમારો ત્યાગ કરે, તો તે સહન કરવાની શક્તિ અમારામાં નથી. માટે અમને ત્યાં તેડી જવાનો આગ્રહ ન રાખીશ. અમે તો નિઃસાધન છીએ અને તે છે મથુરાપતિ. અમારો એમની સાથે ક્યાં મેળ ખાય!અમને પણ **લક્ષ્મીજી** સાથે હોય ત્યારે ત્યાં રહેવાનું ન ફાવે. બિનજરૂરી કલહ-કંકાસ થાય, અમારા **પ્રભુને** શ્રમ પડે. એ પણ અમને ન પાલવે. આથી અહીં રહેવામાં જ અમારું હિત છે.'

આટલું કહી એ ગોપીજન ફરી પ્રેમ-વિવશ બની ગયાં.

ઉમગ્યૌ જો તહઁ સલિલ, સિંધુ સૌ તન કી ધારઁન ।
ભીંજે અંબુજ નીર, કંચુકી, ભૂષન, હારન ॥
તાહી પ્રેમ પ્રવાહ મેં, ઊધૌ ચલ્યૌ બહાઇ ।
ભલી ગ્યાન કી મેંડિ-સી, બ્રજ મેં પ્રઘટ્યૌ આઇ ॥
- ફૂલ કૌ તૃન ભયૌ ॥

ગોપીઓની આ હૃદયસ્પર્શી દશા જોઇ ઉદ્ધવજી દિંગ થઇ ગયા. જુએ છે તો સૌની આંખોમાંથી આંસુની ધારાઓ વહી રહી છે. પ્રેમની એ રસધારામાં એમની કંચુકી પણ ભીંજાઇ જાય છે. અરે!ગળામાં પહેરેલાં આભૂષણ અને ફૂલમાળા પણ એ પ્રવાહની ધારામાં ડૂબી ગયાં છે. આ પ્રવાહમાં ઉદ્ધવજી પણ તણાવા માંડ્યા. એમની જ્ઞાનની વાડ વિખરાવા માંડી. એમની પણ જાણે લોક-લાજ લોપાઇ ગઇ હોય, તેમ મસ્તીમાં આવી ગયા અને રસસ્વરૂપનું અનુસંધાન થતાં રસરૂપ - તદ્રુપ બની ગયા.

જસ, રસ મધુર-લુનાઇ 'રતનાકર'કોં -
કાંનન બરસિ ઘટા ઘટ લૌં નદી ચલી ।
બહિ તૃન પાત લૌં તમામ કુલ કાઁનિ ગઇ -
ગુરુ-ગિરિ-રોક-ટોક હ્વૈ જિમિ રદી ચલી ॥

અહીં ગોપીજનોની સાત્ત્વિક-સાત્ત્વિક ભાવદશા સિદ્ધ થાય છે. હવે જાણે કશું જ બન્યું નથી અને ઉદ્ધવજી હમણાં જ સીધા મથુરાથી પોતાના પ્રિયતમનો સંદેશો લઇને આવ્યા છે, એવો દેખાવ કરતાં કહે છે, 'હે સૌમ્ય ! આર્યપુત્ર ! અમારા સ્વામી ગુરુકુલમાંથી પાછા તો પધાર્યા છે ને?હવે મથુરામાં બિરાજી એ પ્રસન્ન તો છે ને? અહીંથી ગયા પછી એમના કશા વાવડ નથી, એટલે પૂછવું પડે છે કે તેઓ કદી પિતા નંદરાયજીને યાદ કરે છે ખરા?અને બચપણમાં જેમના ખોળામાં ખેલતા હતા અને વારેવારે ચીડવી જેમના નાકે દમ લાવી દેતા હતા, એવાં મૈયા જશોદાજીનું સ્મરણ કરે છે?કદીક આ નંદભવનને અને ગોધણમાં એમની સાથે ગાયો ચરાવતા ગોવાળિયાઓની વાતો કાઢે છે ખરા?

'રાજકાજમાંથી સમય મળે ત્યારે ત્યાં સ્વજનો સાથે બેસતા હશે. એમની વચ્ચે જાતજાતની વાતો પણ થતી હશે. કોઇક વાર એમાં વ્રજની વાત પણ નીકળતી હશે. આથી એમના બાળપણના ભેરુઓનાં સંસ્મરણો તાજાં થતાં હશે. કોઇકવાર અમ દાસીઓની વાત પણ નીકળતી હશે;કારણ કે અમે ઘણી વાર જશોદામૈયા પાસે જઇને એમની ખોટી ખોટી ફરિયાદો કરી હતી. ક્યારેક હાથમાં ઝાડુ લઇ એમને ઝૂડવા પાછળ પણ પડતી હતી. ક્યારેક પાણીનું બેડું લઇ જાણીબૂજીને એની સામે થઇને પસાર થતી અને એને ચીડવતી. એ અમારું બેડલું ફોડી નાખતા.'

'એટલે બાળપણના તોફાનના એ દિવસો યાદ આવે, ત્યારે સાથેસાથે અમારી પણ ચર્ચા નીકળે જ. આ તો અમથું જ પૂછીએ છીએ. અમને એમ કે કદાચ અમે ગોપીજનોને પણ એમની દાસી તરીકે યાદ કરતા હોય!'

આ બાળપણના પ્રસંગ યાદ આવતાં ગોપીજનોની નજર સામે ફરી એ દિવસો ચિત્રપટની જેમ તરવરવા માંડ્યા. કેટલાંક ગોપીજન એ પ્રસંગો યાદ કરી કરી ભાવ-વિહ્વળ બની જતાં હતાં.

આ જોઇ ઉદ્ધવજી જાણે ધન્ય થઇ ગયા. એમના હૃદયમાં પણ જે દ્વિધા હતી તે ટળી ગઇ અને ગોપીજનોના સત્સંગથી શુદ્ધ પ્રેમલક્ષણા- ભક્તિનો પ્રકાશ થયો. એમને લાગ્યું કે વજાંગનાઓના દર્શનનું જ ફળ છે -

પ્રેમ બિબસ્થા દેખિ, સુદ્ધિ અતિ ભક્તિ પ્રકાસી ।
દુબિધા ગ્યાન ગિલાન મંદતા સિગરી નાસી ॥
કહતિ અહો નિસચૈ યહેં, હરિ રસ કી નિજ પાત્ર ।
હોં તૌં કૃત કૃત હ્વૈ ગયૌ, ઈન્હ કે દરસન માત્ર ॥
- મેંટિ મલ ગ્લાન કૌ ॥

એમને લાગ્યું કે ખરેખર જગતમાં આ પ્રેમભક્તિનો વિજય-વાવટો ગોપીજનોએ જ ફરકાવ્યો છે. આથી જ તો આરંભમાં ઉદ્ધવજીએ ગોપીજનો માટે'પ્રેમધ્વજા'શબ્દ વાપર્યો હતો.

• ગોપી પ્રેમ કી ધુજા ।
જિન્હ ગુપાલ કિએ અપને બસ, ઉર ધરિ સ્યામ ભુજા ॥
સુક મુનિ બ્યાસ પ્રસંસા કીન્હીં, ઊધૌ સંત સરાહી ।
ભૂરિભાગ ગોકુલ કી બનિતા, અતિ પુનીત ભુઅ માંહી ॥

કહા ભયૌ બિપ્ર કુલ જનમૈં, જો હરિ સેવા નાહીં ।
સોઇ કુલીન 'દાસ પરમાનંદ', જે હરિ-સનમુખ જાહીં ॥

પરમાનંદદાસ કહે છે, 'જેમણે સાક્ષાત્ ગોપાલ શ્રીકૃષ્ણને પોતાના વશમાં કર્યા હતા અને જેમની પ્રશંસા ભગવાન વેદવ્યાસ, શુકમુનિ તથા સંતોએ કરી છે, તેવી ગોકુલની આ વજાંગનાઓ સમગ્ર પૃથ્વી પર પરમ ભાગ્યશાળી છે. બ્રાહ્મણકુળમાં જન્મ લેવા છતાં જો તે ભગવદ્ - સેવા ન કરે, તો એવા ઊંચા કુળમાં જન્મ લેવાથી શો લાભ?કોઇ જન્મથી કુલીન કે હીન બનતું નથી. જે પ્રભુ-સન્મુખ જઇ, નિષ્ઠાપૂર્વક એનો આશ્રય સ્વીકારે તે જ કુલીન છે. ગોપાંગનાઓ એનું જીવંત ઉદાહરણ છે. આથી એ પ્રેમની ધજા સમાન છે.'

'રામજીભાઇ, આ ગોપીઓને પ્રેમની ધજા તો કહી, પણ એનો અર્થ બરાબર સમજાતો નથી.'વામનભાઇએ પૂછ્યું.

'ધજા શબ્દનો અર્થ તો તમે જાણતા જ હશો. ધજા એટલે વાવટો અથવા પતાકા. વાવટો હંમેશાં સૌથી ઊંચે જ લહેરાય. આમ તો જગતમાં સૌથી ઊંચુ સ્થાન ભગવાનનું છે. એ સૌના માથે બિરાજે છે, એટલે તો વ્યવહારમાં પણ'માથે હાથ મૂકીને બોલ'એમ પુછાય છે. એનો અર્થ 'માથે ભગવાન રાખીને બોલ'એવો થાય છે. આમ, ભગવાન જ સર્વોપરી છે. પરંતુ ભગવાન મંદિરમાં બિરાજે છે અને ધજા એ મંદિર ઉપર બિરાજે છે. એટલે ધજાનું સ્થાન ભગવાનના માથા ઉપર છે.

આ ધજા અનન્ય ભક્તનું સ્વરૂપ છે. ગોપીજન આવાં અનન્ય ભક્ત છે. દીન-હીન, નિઃસાધન, સર્વસ્વ પ્રભુનાં શ્રીચરણોમાં સમર્પિત કરી એમનાં ચરણોનાં આશ્રિત છે. જે ચરણાશ્રિત બની શકે, તે જ સૌથી મહાન. વળી, ગોપી ભગવદ્-પ્રેમનું સાકાર રૂપ છે અને સ્વયં ભગવાને પણ કહ્યું છે કે **'હે ગોપીજનો ! આવા અનેક અવતાર લેવા છતાં હું તમારા ઋણમાંથી મુક્ત થઇ શકું તેમ નથી.'** એટલે જ ગોપીને પ્રેમની ધજા કહ્યાં છે.

'બીજી વાત એ વિચારવાની છે કે માત્ર ધજા આકાશમાં લહેરાઇ શકતી નથી. એને માટે દંડ(લાકડી) જોઇએ અને એ લાકડી પણ આધાર વગર ઊભી રહી ન શકે. પ્રેમની ધજામાં જે દંડ છે તે નિષ્ઠાનો છે, અનન્યતાનો છે, અનન્યાશ્રયનો

છે;અને આ નિષ્ઠાની ભૂમિ છે નિષ્કામ પ્રેમ, સર્વસ્વનું સમર્પણ. એના ઉપર જ પ્રેમની, ભક્તિની ધજા લહેરાઇ શકે.

સંતો આ વાતને જરા આસાનીથી સમજાવે છે. તેઓ કહે છે કે આપણે લાડુ ખાવો છે. લાડુ મિષ્ટ પણ છે અને પુષ્ટ કરનારો પણ છે. લાડુ બનાવવા માટે ત્રણ ચીજ જોઇએ - (૧) આટો અથવા લોટ (૨) ઘી અને (૩) ગોળ અથવા સાકર. હવે જો કોઇ એમ કહે કે મારે લાડુ તો ખાવો છે, પણ એમાં લોટ નહિ નાખું. એમ કરવાથી પાયો અર્થાત્ ચાસણી જરૂર થશે, પણ લાડુ નહિ બને. કોઇ ડાયાબિટીસવાળા સાકરનો નિષેધ કરે તો એ લાડવો બનશે, પણ એમાં મીઠાશ નહિ હોય. એ ગોળો મોંમાં પણ નહિ જાય. ગોળ અને આટાનું મિશ્રણ છૂટું રહેશે. એને ઘાટ નહિ આપી શકાય.

'જીવનમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણ બાબતો સંપૂર્ણ સુખી થવા માટે શાસ્ત્રોએ સમજાવી છે. કર્મ તે આટો. જ્ઞાન તે મંથન કરીને તાવેલું ઘી. ભક્તિ ગોળ. કર્મ તો આટાની જેમ હર હાલતમાં જોઇશે જ. એ પાયો (બેઝ) છે. ઘી પ્રમાણસર જોઇએ, જે પુષ્ટિ માટે જોઇએ. તેમ જરૂરી જ્ઞાન પણ જરૂરી છે. જો કોઇ સ્ત્રીને પોતાનો પતિ કોણ છે, તેનું જ્ઞાન જ ન હોય, તો ભારે અનર્થ સર્જાય. મિષ્ટતા માટે ગોળ જોઇએ. કેવળ પતિ કોણ છે તેનું જ્ઞાન હોય, પણ એ પતિ પ્રત્યે પ્રેમ ન હોય, સર્વસ્વનું સમર્પણ ન હોય;તો પતિ એનો સ્વીકાર નહિ કરે. એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મ તે ત્રણે એકબીજા સાથે શબ્દ અને અર્થની જેમ કદી છૂટા ન પાડી શકાય એ રીતે જોડાયેલાં છે. તે પાણી અને તરંગ(લહેર)ની જેમ અવિભાજ્ય છે. એટલે જ્ઞાન અને ભક્તિ, જ્ઞાન અને કર્મ, ભક્તિ અને કર્મ - એ ત્રણે વચ્ચે કોઇ અંતર્વિરોધ નથી. હોવો પણ ન જોઇએ. ઉપનિષદ, ગીતા અને શ્રીભાગવત એ ત્રણેમાં આ ત્રણેયનો સ્પષ્ટ સ્વીકાર છે.'

'તો પછી આ સગુણ-નિર્ગુણનો ઝઘડો શા માટે?'રાધાબહેને પૂછ્યું.

'એમાં કશો જ ઝઘડો નથી. સંત તુલસીદાસજીએ તો નિર્ગુણ-સગુણ એ બંને એક જ બ્રહ્મનાં બે નામ છે, એમ સ્પષ્ટ કહ્યું છે -

અગુન સગુન દુઇ બ્રહ્મ સરૂપા અકથ અગાધ અનાદિ અનૂપા ।
મોરેં મત બડ નામ દુહૂતેં કિયે જેહિં જુગ નિજબસ નિજ બૂતેં ॥

એમાં તો બીજી વાત પણ કહી દીધી કે સગુણ કે નિર્ગુણ બંને એક જ બ્રહ્મ છે;એટલું જ નહીં, આગળ વધીને એમ પણ કહ્યું કે એ બંનેથી મોટું 'નામ' છે નામ જ સકળ જગતને પોતાને વશ કરી રાખે છે. છતાં વિતંડાવાદીઓ 'નામ'ને આગળ ધરી, તર્કનાં જાળાં રચી ઝઘડા ઊભા કરે છે.

આથી જ આ મર્યાદા-રક્ષક સંત-શિરોમણીએ કાશીના પંડિતોથી તંગ આવી જઇ, પોતાના સ્વભાવથી વિરુદ્ધ બુલંદ સ્વરે પડકાર ફેંક્યો -

જ્ઞાન હૈ અજ્ઞાન બિનુ તમ બિનુ કહૈ પ્રકાસ ।
નિર્ગુન કહૈ જો સગુન બિનુ સો ગુરુ તુલસીદાસ ॥

'જગતમાં જો કોઇ અજ્ઞાનનું નિરૂપણ કર્યા વગર જ્ઞાનની વાત સમજાવી શકે, અંધકારની સમજણ આપ્યા વગર પ્રકાશનું સ્વરૂપ બતાવી આપે અને સગુણને સમજાવ્યા વગર અથવા સગુણનાં દૃષ્ટાંત આપ્યા વગર નિર્ગુણનું નિરૂપણ કરી આપે તો હું તેને મારા ગુરુ તરીકે સ્વીકારવા તૈયાર છું.'

હકીકતમાં 'નિર્ગુણ'શબ્દ બોલતાંની સાથે જ ચિત્તમાં 'સગુણ'નું અસ્તિત્વ સાકાર થાય છે. આથી જેઓ સગુણની ઉપાસના છોડીને નિર્ગુણની ઉપાસના કરવા ઇચ્છે છે, તેમને નિર્ગુણ તત્ત્વનું જ્ઞાન થવું ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ નિર્ગુણનું જ્ઞાન દૃઢ કરવા માટે સગુણ અને નિર્ગુણની તુલનાત્મક કસોટી થવી જોઇએ. આવી કસોટી સંવાદરૂપે થઇ શકે, વિસંવાદ - ઝઘડો કરીને ન થઇ શકે. અહીં ઉદ્ધવ-ગોપી વચ્ચે સતત સંવાદ જ છે અને એનું હકારાત્મક પરિણામ પણ આવ્યું છે.

નિર્ગુણ અને સગુણને જરા વધુ સારી રીતે સમજવા માટે એક દૃષ્ટાંત જોઇએ. મેં કાચનો ગ્લાસ ભરીને મંગાવ્યો. એમાંથી અડધું પાણી પીધું. સામે ટેબલ પર ગ્લાસ મૂક્યો. એકને પૂછ્યું, 'આ ગ્લાસ ખાલી છે કે ભરેલો?'એણે કહ્યું, 'અડધો ખાલી છે.'બીજાને પણ એ જ પ્રશ્ન ફરી પૂછ્યો. એણે કહ્યું, 'અડધો ભરેલો છે.'ત્યારે એ બંનેને એકસરખો જવાબ આપવા માટે પરસ્પર સલાહ લેવા સૂચવ્યું. બંને પોતપોતાની વાત પર મક્કમ રહ્યા અને વાતવાતમાં 'હું-હું, તું-તું'પર આવી ગયા. વાતે ઝઘડાનું સ્વરૂપ લીધું. ઉગ્રતા વ્યાપી ગઇ. આ થયો વિસંવાદ. હવે જો બંને સંવાદથી કામ લે, તો તરત સમજાય કે બંનેમાંથી કોઇ અસત્ય બોલતું નથી. બંને સાચા છે. સત્ય તો એક જ હોય અને તે સનાતન પણ હોય. ઝઘડા

ગો.વા. કાશીબેન ડાહ્યાલાલ ઉનડકટ
પ. ભ. શ્રી નિશાબેન અશ્વિનભાઇ ઉનડકટ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
જામનગર

ભલે સત્યના નામે થતા હોય કે ધર્મના નામે, પણ એમાં મુખ્ય કારણ હોય છે પોતાની અહંતા અને અધકચરું જ્ઞાન. અર્ધદગ્ધ લોકોને તો ખુદ બ્રહ્મા પણ કશું સમજાવવાને સમર્થ નથી, એમ ભર્તૃહરિજી કહે છે. વાત સાદીસીધી છે કે અડધો ગ્લાસ ભરેલો છે, એનો અર્થ જ એ થયો કે અડધો ગ્લાસ ખાલી છે!

હવે શબ્દની મર્યાદા પણ સમજી લઇએ. અડધો ગ્લાસ 'ખાલી' છે એમ કહેવાથી ત્યાં કશું જ નથી, શૂન્યાવકાશ છે એમ આપણે માની લઇએ છીએ. પણ વિજ્ઞાન કહે છે કે ત્યાં શૂન્યાવકાશ નથી. ખાલી દેખાતી જગા પણ ખાલી નથી. ત્યાં હવા ભરેલી છે, પણ નરી આંખે તે જોઇ શકાતી નથી. આ અર્થમાં હવા નિરાકાર છે અને દેખાતું પાણી સાકાર છે.

જે દેખાય છે તેનો આપણે ઝટ સ્વીકાર કરીએ છીએ અને એમાં ભૂલ થવાની સંભાવના લગભગ નથી. આથી સગુણ અથવા સાકારની ઉપાસના કે ભક્તિ સુગમ છે, સરલ છે અને સલામત છે. આ દૃષ્ટિએ ગોપીજનોને આંખના વિષય એવા શ્યામસુંદર સ્વીકાર્ય છે; પરંતુ ઉદ્ધવ કણકણમાં વ્યાપી રહેલા એ પરમ તત્ત્વને પામવાથી સાકાર પ્રત્યે આસક્તિ નહિ રહે, એમ સમજાવવા નિરાકારનું જ્ઞાન આપવા ઇચ્છે છે. અલબત્ત, વસ્તુસ્થિતિની દૃષ્ટિએ બંને સાચા છે, પણ આપણી હાલત પેલા અમેરિકનો જેવી છે.

એક વાર જગવિખ્યાત ચિંતક બર્નાર્ડ શો ન્યુયૉર્ક ગયા. ત્યાં એમને સાંભળવા ખૂબ લોકો આવેલા. પ્રવચનની શરૂઆત કરતાં એમણે પોતાની સહજ રમૂજી શૈલીમાં કહ્યું, 'સન્નારીઓ અને સજ્જનો! સૌ પ્રથમ તો મારે એક વાત પર આપ સૌનું ધ્યાન દોરવું છે કે પચાસ ટકા અમેરિકનો મૂર્ખ છે.' આ વાક્ય પૂરું થતાંમાં તો સન્નાટો છવાઇ ગયો. લોકો ઉશ્કેરાઇ ગયા. 'અમને મૂર્ખ કહી અમારું અપમાન કરનાર એ કોણ?' એમ કહી બર્નાર્ડ શોને મારવા ધસ્યા.

બર્નાર્ડ શોએ એટલી જ સ્વસ્થતાથી બે હાથ જોડી ઉચ્ચ સ્વરે કહ્યું, 'સજ્જનો, ક્ષમા કરજો. ચામડાની જીભ છે. બોલવામાં જરા બફાઇ ગયું. ખરેખર તો હું એમ કહેવા માગું છું કે ૫૦ ટકા અમેરિકનો ડાહ્યા છે.' અને એકત્રિત લોકોએ હર્ષની કીકીયારી કરી. સૌ તાલીઓ પાડવા માંડ્યા. હકીકતમાં બંને વખતે બર્નાર્ડ શૉએ એક જ વાત જુદા જુદા શબ્દોમાં કહી હતી. તે એક જ સત્યને વળગી રહ્યા હતા,

પરંતુ તેની પ્રતિક્રિયા શ્રોતાઓ ઉપર જુદી જુદી થઇ હતી. જો અતિ શિક્ષિત અને પ્રગતિશીલ ગણાતા એ અમેરિકનોની આ હાલત હોય, તો આપણા દેશમાં આધ્યાત્મિક સિદ્ધાંતોની શી વલે થાય (અને થઇ પણ છે), તે સમજી શકાય એવી બાબત છે.

એક ગર્ભિત વાત ભ્રમરગીતમાં વણાયેલી છે, તેના તરફ પણ અત્યારે ઇશારો કરી લઉં. 'ભ્રમરગીત'માં ગોપી એટલે ચિત્તવૃત્તિ. સંતો એને **'સુરતા'** અથવા 'સુરતિ'કહે છે. ઉદ્ધવ એટલે બુદ્ધિ. શ્રીભાગવતમાં એમને માટે **'બુદ્ધિસત્તમ'** શબ્દ આ અર્થને પોષક છે. દેવગુરુ બૃહસ્પતિના શિષ્ય તરીકેની અને યાદવોના મંત્રી તરીકેની એમની ઓળખ પણ આ જ ભાવને પુષ્ટ કરે છે. શ્રીકૃષ્ણ, શ્યામસુંદર, ભગવાન અને નિર્ગુણ બ્રહ્મ એ નિજ આત્મા જ છે. આ વસ્તુ સમજાઇ જાય, તો સર્વત્ર ભગવદ્દર્શન થાય. ગીતાજીમાં ભારપૂર્વક આ વાત સમજાવી છે. આ જ સિદ્ધાંત કથા દ્વારા શ્રીભાગવતજી સમજાવે છે. આવી સમજ ગોપીજનોને છે, તેથી તેમને સર્વત્ર શ્યામસુંદરનાં દર્શન થાય છે. ઉદ્ધવ પણ હવે એ દશાને પામ્યા છે. એમને પણ એ દર્શન થાય છે. સર્વત્ર વાસુદેવનું આ દર્શન સંતો પણ કરે છે અને આ ગૂઢ તત્ત્વજ્ઞાન સરલ શબ્દોમાં સમજાવી પણ દે છે -

લાલી મેરે લાલકી જિત દેખોં તિત લાલ ।
લાલી દેખન મૈં ચલી, મૈં ભી હો ગઇ લાલ ॥

આ છે અદ્વૈત દર્શન. જીવ અને પરમાત્મા અથવા બ્રહ્મ વચ્ચે કોઇ ભેદ નથી. તે સમજાવવા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંતો આપણી સામે છે;પરંતુ એ સિદ્ધાંત માત્ર બે જ પંક્તિમાં એક સરલ રૂપક દ્વારા કબીરદાસ કેવી તો ખૂબીથી સમજાવી દે છે! -

જલમેં કુંભ હૈ, કુંભમેં જલ, બાહર-ભીતર પાની ।
ફૂટા કુંભ જલ જલ હી સમાના યહી તત્ત કથૌ ગિયાની ॥

અતિશયોક્તિ વગર એમ કહી શકાય કે આ બે પંક્તિનું રહસ્ય સમજાય, તો પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ સહેલાઇથી સમજી શકાય. જો ઘડામાં પાણી ભરવું હોય તો ઘડાને જળમાં નાખવો પડે. આ થયું સમર્પણ. પછી ઘડાને નમાવવો પણ પડે. આ થઇ દીનતા-દંડવત્. ઘડો નમે તો જ પાણીમાં ડૂબે. અંદર થોડુંક જળ જાય એટલે કે સેવા-સ્મરણનો રંગ લાગે ત્યારે ઘડામાંથી હવા બુડબુડ કરતી બહાર



પ. ભ. શ્રી હરીભાઇ કાનજીભાઇ ભંડેરી
પ. ભ. શ્રી ગીરધરભાઇ હરીભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ
મોટી ગરમલી

નીકળે. આ છે અહંતા-મમતાનો ત્યાગ. ઘડામાંથી હવા નીકળ્યા વગર અંદર જળ નહિ ભરાય. જીવનમાં પણ અહંતા-મમતા ત્યજ્યા વગર ભક્તિરસ નહિ પામી શકાય. પાણી ભરાયું એટલે ઘડો અંદર ડૂબી ગયો. રસમાં રમમાણ થાઓ, ત્યારે તન્મયતા સિદ્ધ થાય. આ જ તાદૃશી અવસ્થા. આ અવસ્થામાં બાહ્ય અનુસંધાન હોતું નથી. આ થયું વ્યસન.

હવે ઘડાને ટક્કર લાગી. લોકવેદ છૂટી ગયાં. ઘડો ફૂટી ગયો. આવરણ ભેદાઈ ગયું. આ થઈ રાસદશા. હવે જળમાં જળ ભળી ગયું. આ છે અભેદ અવસ્થા અથવા અદ્વૈત. આ છે શુદ્ધાદ્વૈત. ક્યાંય માયાનું મિશ્રણ નહીં. આ શરીર એ ઘડો છે એમ શાસ્ત્રોએ કહ્યું જ છે. બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદન કર્યા પછી શ્રી ગુરુદેવ 'સ્વરૂપ' પધરાવી આપે છે. સ્વરૂપ એટલે સ્વ+રૂપ અર્થાત્ પોતાનું રૂપ. તે પર-રૂપ નથી. શ્રી ગુરુદેવ આજ્ઞા કરે છે કે મેં મારું સર્વસ્વ તને સોંપી દીધું. પ્રેમથી એની સેવા કરજે. સર્વસ્વ એટલે સર્વ+સ્વ. સ્વ એટલે કે પોતાનું સર્વ તે આત્મા જ છે. આપણે 'દેહે સો દેવે'એમ શબ્દો બોલીએ છીએ, પણ એ ભાવથી સ્વરૂપને સમજતાં નથી. જ્યારે મારે માથે અમુક સ્વરૂપ બિરાજે છે એમ કહીએ, ત્યારે આપણે ગૃહમંદિરમાં બિરાજેલ સ્વરૂપ તરફ આંગળી કરીએ છીએ. જ્યાં સુધી સામે આંગળી ચીંધીશું, ત્યાં સુધી દ્વૈત છે. આથી તે પરરૂપ છે, અન્ય રૂપ છે, એવી આપણી સમજ બંધાયેલી છે. જ્યારે સ્વરૂપની સાચી સમજ આવશે, ત્યારે આંગળી ચીંધી નહિ શકાય. ગોપીજનની જેમ છાતી પર હસ્ત જશે.

ગોપીજનો આ સિદ્ધ અવસ્થાએ પહોંચેલાં છે. તેથી જ અંતિમ શ્લોકમાં તે એમ કહે છે કે પ્રભુનો સંગ છોડવો અત્યંત કઠિન છે. **'ભગવાન અગર કરતાં પણ વધુ સુગંધિત એવો પોતાનો શ્રીહસ્ત અમારાં મસ્તક પર ક્યારે મૂકશે?'** તેની પૃચ્છા કરે છે. એટલે કે તે પ્રભુના અનુગ્રહને ઈચ્છે છે. અનુગ્રહ એટલે કૃપા. અંતઃકરણમાં બિરાજેલ પ્રભુ જ્યાં સુધી કૃપા કરતા નથી, ત્યાં સુધી 'સ્વ-રૂપ'ને જાણી શકાતું નથી. જાણ્યા વગર માણવાની તો વાત જ ક્યાં રહી?ગોપીજનો તો એને માણી ચૂક્યાં છે અને સતત માણ્યા કરવાની એમની અભીપ્સા છે.

આવી સિદ્ધ અવસ્થાને પામેલાં ગોપીજન ઉદ્ધવને આ દર્શન કરાવે છે, ત્યારે તે સાન-ભાન ભૂલી જાય છે. હોશમાં આવ્યા પછી એમને સર્વત્ર - વ્રજનાં વૃક્ષો અને લતા-પતામાં પણ શ્યામનાં જ દર્શન થાય છે. આ રીતે વ્રજમાં ગોપીજનો અને ઉદ્ધવ વચ્ચે આ સંવાદ છ માસ સુધી ચાલે છે. આખરે મૂક બને છે. આ **'નિર્વાણ'** અવસ્થા છે. બોબડો ગોળ ખાય, પણ એના રસાસ્વાદને વર્ણવી ન શકે!

આથી ઉદ્ધવજીની વાત શુકદેવજી કહી સંભળાવે છે, 'હે ગોપીજનો!તમે પૂર્ણાર્થ છો, કૃતાર્થ છો, લોકપૂજ્ય છો, તમારું જીવન સફળ થયું છે, કારણ કે વાસુદેવ ભગવાનામાં તમારું ચિત્ત તદ્રૂપ થયું છે. તમારા મનને તમે એમનામાં જ અર્પણ કરી દીધું છે, એટલે હવે તમારે કાંઇ કરવાનું બાકી રહેતું નથી.'

ત્યાર પછી ઉદ્ધવજી મથુરા પાછા જવા નીકળે છે. ભારે હૈયે સૌ એમને વિદાય આપે છે. શ્યામસુંદર માટે જાતજાતની ભલામણો કરે છે. ગોપીજનો અને નંદરાયજી તથા જશોદા મૈયા એમની સાથે ભેટ-સોગાદો મોકલાવે છે, અને જાણે આજે મહામહોત્સવનું સમાપન થતાં ખિન્નતા અનુભવે છે.

આપણે પણ આ પ્રસંગ પૂરો કરી, પરસ્પર છૂટાં પડીએ છીએ;ત્યારે શ્રીપ્રભુનાં ચરણોમાં એક જ પ્રાર્થના છે કે આપણને પણ ગોપીજનો જેવી પ્રેમભક્તિ ફલિત થાઓ.

સૌ એક નવી જ હવાના સ્પર્શથી ખીલી ઊઠ્યાં હતાં.

★

પરિશિષ્ટ : ૧
ભ્રમરગીત : ઉદ્ધવ-ગોપી સંવાદ

ઉદ્ધવ-વચન

રાગ સારંગ

હૌ તુમ પૈ બ્રજનાથ પઠાયો । આતમજ્ઞાન સિખાવન આયો ॥
આપુહિ પુરુષ, આપુહિ નારી । આપુહિ બાનપ્રસ્થ બ્રહ્મચારી ॥
આપુહિ પિતા, આપુહિ માતા । આપુહિ ભગિની, આપુહિ ભ્રાતા ॥
આપુહિ પંડિત, આપુહિ જ્ઞાની । આપુહિ રાજા, આપુહિ રાની ॥
આપુહિ ધરતી, આપુ અકાસા । આપુહિ સ્વામી, આપુહિ દાસા ॥
આપુહિ ગ્વાલ,આપુહિ ગાઇ । આપુહિ આપ ચરાવન જાઇ ॥
આપુહિ ભઁવર, આપુહિ ફૂલ । આતમજ્ઞાન બિના જગ ભૂલ ॥
રંક રાવ દૂજો નહિં કોઇ । આપુહિ આપ નિરંજન સોઇ ॥
યહિ પ્રકાર જાકો મન લાગૈ । જરા મરન નાસૈં, ભ્રમ ભાગૈ ॥

ગોપીવચન

સુનુ ઊધો ! હ્યાં કૌન સયાની ? તુમ તૌ મહાપુરુષ બડજ્ઞાની ॥
જોગી હોય સો જોગ બખાનૈ । નવધા ભક્તિ સદા રતિ માનૈ ॥
ભાવભગતિ હરિજન ચિત ધારૈ । જ્યોતિરૂપ સિવ સનક બિચારૈ ॥
તુમ કહ રચિ રચિ કહત સયાની । અબલા હરિ કે રૂપ દિવાની ॥
પ્રસવ-પીર બંઝા નહિં જાનૈ । બિનુ દેખે કૈસે રુચિ માનૈ ॥
ફિરિફિરિ કહે વહૈ સુધિ આવૈ । સ્યામરૂપ બિનુ ઔર ન ભાવૈ ॥
જોગ-સમાધિ જોતિ ચિત્ત લાવૈ । પરમાનંદ પરમપદ પાવૈ ॥
નવકિસોર કો જબહિં નિહારૈં । કોટિ જ્યોતિ વા છબિ પૈ વારૈં ॥
સજલ મેઘ ઘનસ્યામ સરીર । રૂપ ઠગી હલધર કે બીર ॥
સિર મુકુટ કુંડલ, બનમાલા । ક્યોં બિસરૈ વૈ નયન બિસાલા ?
મૃગમદ તિલક અલક ઘુંઘરારે । ઉન મોહન મન હરે હમારે ॥
ભ્રૂકુટિ કુટિલ,નાસિકા રાજૈ । અરુન અધર મુરલી કલ બાજૈ ॥
દાડિમ-દસન-દમક દુતિ સૌહૈ । મૃદુ મુસકાનિ મદન-મન મોહૈ ॥
ચારુ ચિબુક, ઉર પર ગજમોતી । દૂરિ કરત ઉડુગન કી જોતી ॥
કંકન,કિંકિનિ, પદિક બિરાજૈ । ચસત ચરન કલ નૂપુર બાજૈ ॥
બનકી ધાતુ ચિત્ર તેનુ કિયે । વહ છબિ ચુભિ જુ રહી હમ હિયે ॥
પીત બસન છબિ બરનિ ન જાઇ । નખસિખ સુંદર કુંવર કન્હાઇ ॥

રૂપરાસ ગ્વાલન કા સગા । કબ દેખેં વહ લલિત ત્રિભંગી ॥
જો તુમ હિત કી બાત સુનાવૌ । મદનગોપાલહિ ક્યોં ન મિલાવૌ ?

ઉદ્ધવ-વચન

તાહિ ભજહુ કિન સબૈ સયાની ? ખોજત જાહિ મહામુનિ જ્ઞાની ॥
જાકે રૂપ-રેખ કછુ નાહીં । નયન મૂંદિ ચિતવહુ ચિત માહીં ॥
હૃદય-કમલ મેં જોતિ બિરાજૈ । અનહદ નાદ નિરંતર બાજૈ ॥
ઇડા પિંગલા સુખમન નારી । સૂન્ય સહજ મેં બસૈં મુરારી ॥
માત-પિતા નહિં દારા ભાઇ । જલ થલ ઘટ ઘટ રહે સમાઇ ॥
યહિ પ્રકાર ભવ દુસ્તર તરિહૌ । જોગ-પંથ ક્રમક્રમ અનુસરિ હૌ ॥

ગોપી-વચન

યહ મધુકર ! મુખ મૂંદહુ જાઇ । હમરે ચિત બિત હરિ યદુરાઇ ॥
બ્રજબાસિનિ ગોપાલ-ઉપાસી । બ્રહ્મજ્ઞાન સુનિ આવૈ હાંસી ॥
અબ લોં જોગ કબહું નહિં આયો । માનો કુબજા-રૂપહિ પાયો ॥
ખોલિ સુગાહક પાય દિખાયો । માધવ મધુકર-હાથ પઠાયો ॥
અબલા ઠગી સકલ બ્રજ હેરી । સો ઠગ ઠગ્યો કંસ કી ચેરી ॥
રામ-જનમ-તપસી જદુરાઇ । તિહિ ફલ બધૂ કૂબરી પાઇ ॥
સીતાબિરહ બહુત દુઃખ પાયો । અબ કુબજા મિલિ હિયો સિરાયો ॥
જ્ઞાન નિરાસ કહા લૈ કીજે । જોગ-મોટ દાસી-સિર દીજૈ ॥

ઉદ્ધવ - વચન

વહ અચ્યુત અવિગત અવિનાસી । ત્રિગુનરહિત બપુ, ધરે ન દાસી ॥
હે ગોપી! સુનુ બાત હમારી । હૈ વહ સૂન્ય સુનહુ બ્રજનારી ॥
નહિં દાસી ઠકુરાઇનિ કોઇ । જહઁ દેખહુ તહઁ બ્રહ્મહિ સોઇ ॥
આપુહિ ઔરહિં બ્રહ્મહિં જાનૈ । બ્રહ્મ બિના દૂસર નહિં માનૈ ॥

ગોપી-વચન

બાર બાર યે બચન નિવારો । ભક્તિ-બિરોધી જ્ઞાન તુમ્હારો ॥
હોત કહા ઉપદેનિ તેરે ? નયન સુબસ નાહીં, અલિ! મેરે ॥
હરિપથ જોવત નિમિષ ન લાગૈ । કૃષ્ણ-બિયોગિનિ નિસદિન જાગૈ ॥



પ. ભ. શ્રી સતવારા મેઘજીભાઇ નથુભાઇ રાઠોડ
પ. ભ. શ્રી સતવારા રંભાબેન મેઘજીભાઇ રાઠોડ
ના પરિવારના જયશ્રી કૃષ્ણ
ભાણવડ

નઁદનંદન કે દેખે જીવૈં । રુચિ વહ રૂપ, પવન નહિં પીવૈં ॥
જબ હરિ આવૈં તબ સુખ પાવૈં । મોહન મૂરતિ નિરખિ સિરાવૈં ॥
દુસહ બચન અલિ હમહિં ન ભાવૈ । જોગકથા ઓઢૈં કિ બિછાવૈં ॥

ઉદ્ધવ-વચન

ઊધો કહૈં, 'ધન્ય બ્રજબાલા । જિનકે સર્બસ મદનગોપાલા ॥
વહ મત ત્યાગ્યો, યહ મતિ આઇ । તુમ્હરે દરસ ભગતિ મૈં પાઇ ॥
તુમ મમ ગુરુ મૈં દાસ તુમ્હારો । ભગતિ સુનાય જગત નિસ્તારોં ॥
'ભ્રમરગીત'જે સુનૈં સુનાવૈ । પ્રેમભક્તિ સો પ્રાની પાવૈં ॥
સૂરદાસ ગોપી બડભાગી । હરિદરસન કી ઠગૌરી લાગી ॥

ઉદ્ધવ-વચન કૃષ્ણ પ્રતિ
રાગ ગૌરી

દિન દસ ઘોષ ચલહુ ગોપાલ ।
ગૈયન કી અવસેર મિટાવહુ ભેંટહુ ભુજ ભરિ ગ્વાલ ॥
નાચત નહીં મોર વા દિન તેં આયે બરષા-કાલ ।
મૃગ દૂબરે દરસ તુમ્હરે બિનુ સુનત ન બેનુ રસાલ ॥
બૃંદાવન ભાવતો તુમ્હારી દેખહુ સ્યામ તમાલ ।
સૂરદાસ મૈયા જસુમતિ કે ફિરિ આવહુ નઁદાલાલ ॥

રાગ ધનાશ્રી

કહઁ લૌં કહિયે બ્રજ કી બાત ।

સુનહુ સ્યામ !તુમ બિનુ ઉન લોગન જૈસે દિવસ બિહાત ॥
ગોપી,ગ્વાલ,ગાય,ગોસુત સબ મલિન બદન, કૃસગાત ।
પરમ દીન જનુ સિસિર-હેમ-હત અંબુજગન બિનુ પાત ॥
જો કોઉ આવત દેખતિ હૈં સબ મિલી બૂઝતિ કુસલાત ।
ચલન ન દેત પ્રેમ-આતુર ઉર, કર ચરનન લપટાત ॥
પિક, ચાતક બન બસન ન પાવહિં,બાયસ બલિહી ન ખાત ।
સૂર સ્યામ સંદેસન કે ડર પથિક ન વા મગ જાત ॥

રાગ કેદારો

કહૌ તો સુખ આપનો સુનાઊં ।
બ્રજજુવતિન કહિ કથા જોગકી ક્યોં ન ઇતો દુઃખ પાઊં ॥
હૌં ઇક બાત કહત નિર્ગુન કી બાહી મેં અટકાઊં ।
વૈ ઉમડીં વારિધિ-તરંગ જ્યોં જાકી થાહ ન પાઊં ॥
કૌન કૌન કો ઉત્તર દીજૈ તાતેં ભજ્યોં અગાઊં ।
વૈ મેરે સિર પાટી પારહિં, કથા કાહિ ઓઢાઊં ?.
એક આઁધરી હિય કી ફૂટી, દૌરૈ પહિરિ ખરાઊં ।
સૂર સકલ બ્રજ ખટદરસી, હૌં બારહખડી પઢાઊં ॥

રાગ : મલાર

નૈન ઘટ ઘટત ન એક ઘરી ।

કબહું ન મિટત સદા પાવસ બ્રજ લાગી રહતિ ઝરી ।
બિરહ ઇંદ્ર બરસત નિસિબાસર યહિ અતિ અધિક કરી ।
ઉરધ ઉસાસ સમીર તેજ જલ ઉર ભુવિ ઉમઁગિ ભરી ।
બૂડતિ ભુજા રોમ દ્રુમ અંબર અરુ કુચ ઉચ્ચ થરી ।
ચલિ ન સકત થકિ રહે પથિક સબ ચંદન કીચ ખરી ।
સબ ઋતુ મિટી એક ભઇ બ્રજમહઁ યહિ બિધિ ઉલટિ ધરી ।
સૂરદાસ પ્રભુ તુમ્હરે બિછુરે મિટિ મર્યાદ ટરી ॥

કૃષ્ણૃ-વચન ઉદ્ધવ પ્રતિ

રાગ ધનાશ્રી

ઊધો !મોહિં બ્રજ બિસરત નાહીં ।

હંસસુતા કી સુંદરિ કગરી અરુ કુંજન કી છાહીં ॥
વૈ સુરભી, વૈ બચ્છ દોહની, ખરિક દુહાવન જાહીં ।
ગ્વાલબાલ સબ કરત કુલાહલ નાચત ગહિ ગહિ બાહીં ॥
યહ મથુરા કંચન કી નગરી મનિ-મુક્તાહલ જાહીં ।
જબહિં સુરતિ આવતિ વા સુખ કી જિય ઉમગત, તનુ નાહીં ॥
અનગન ભાંતિ કરી બહુ લીલા જસુદા નઁદ નિબાહીં ।
સૂરદાસ પ્રભુ મૌન હ્વૈ, યહ કહિ કહિ પછિતાહીં ॥

પરિશિષ્ટ : ૨

શ્રીમદ્ ભાગવત - દશમ સ્કંધ (પૂર્વાર્ધ)

અધ્યાય ૪૭ : શ્લોક ૧૨ થી ૨૧

ભ્રમરગીત (મૂલ)

ગોપ્યુવાચ

મધુવ કિતવબન્ધો મા સ્પૃશાડઘ્રિં સપત્ન્યાઃ
કુચવિલુલિતમાલા-કુંકુમશ્મશ્રુભિર્ન : ।
વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં
યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદૃક્ ॥૧૨॥
સકૃદધરસુધાં સ્વાં મોહિનીં પાયયિત્વા
સુમનસ ઇવ સ્તત્ત્યજેડસ્માન્ ભવાદૃક્ ।
પરિચરતિ કથં તત્પાદપદ્મં તુ પદ્મા
હ્યપિ બત હૃતચેતા ઉત્તમશ્લોકજલ્પૈઃ ॥૧૩॥
કિમિહ બહુ ષડંઘ્રે ગાયસિ ત્વં યદૂના-
મધિપતિમગૃહાણામગ્રતો નઃ પુરાણમ્ ।
વિજય-સખ-સખીનાં ગીયતાં તત્પ્રસંગઃ
ક્ષપિતકુચરુજસ્તે કલ્પયન્તીષ્ટમિષ્ટાઃ ॥૧૪॥
દિવિ ભુવિ ચ રસાયાં કાઃ સ્ત્રિયસ્તસ્તદ્દુરાપાઃ
કપટરુચિરહાસભ્રૂવિજૃંભસ્ય યાઃ સ્યુઃ ।
ચરણરજ ઉપાસ્તે યસ્ય ભૂતિર્વયં કા
અપિ ચ કૃપણપક્ષે હ્યુત્તમશ્લોકશબ્દઃ ॥૧૫॥
વિસૃજ શિરસિ પાદં વેદ્મ્યહં ચાટુકારૈ-
રનુનયવિદુષસ્તેડધ્યેત્ય દૌત્યૈર્મુકુન્દાત્ ।
સ્વકૃત ઇહ વિસૃષ્ટાપત્યપત્યન્યલોકા
વ્યસૃજદકૃતચેતાઃકિં નુ સન્ધેયમસ્મિન્ ॥૧૬॥
મૃગયુરિવ કપીન્દ્રં વિવ્યધે લુબ્ધધર્મા
સ્ત્રિયમકૃત વિરૂપાં સ્ત્રીજિતઃ કામયાનામ્ ।

બલિમપિ બલિમત્ત્વાવેષ્ટયદ્ ધ્વાંક્ષવદ્ય-
સ્તદલમસિતસખ્યૈર્દુસ્ત્યજસ્તત્કથાર્થ : ॥૧૭॥
યદનુચરિતલીલાકર્ણપીયૂષવિપ્રુટ્-
સકૃદદનબિધૂતદ્વન્દ્વધર્મા વિનષ્ટાં ।
સપદિગૃહકુટુમ્બં દીનમુત્સૃજય દીના
બહવ ઈહ વિહંગા ભિક્ષુચર્યાંચરન્તિ ॥૧૮॥
વયમૃતમિવ જિહ્મવ્યાહૃતં શ્રદ્ધાના :
કુલિકરુતમિવાજ્ઞાઃ કૃષ્ણવધ્વો હરિણ્યઃ ।
દદૃશુરસકૃદેતત્તન્નખસ્પર્શતીવ્ર-
સ્મરરુજ ઉપમન્ત્રિન્ ભણ્યતામન્યવાર્તા ॥૧૯॥
પ્રિયસખ પુનરાગાઃ પ્રેયસા પ્રેષિતઃ કિં
વરય કિમનુરુન્ધે માનનીયોઽસિ મેંગ ।
નયસિ કથમિહાસ્માન્ દુસ્ત્યજદ્વન્દ્વપાર્શ્વં
સતતમુરસિ સૌમ્ય શ્રીર્વધૂઃ સાકમાસ્તે ॥૨૦॥
અપિ બત મધુપુર્યામાર્યપુત્રોસ્તેઽધુના
સ્મરતિ સ પિતૃગેહાન્ સૌમ્ય બન્ધૂંશ્ચ ગોપાન્ ।
ક્વચિદપિ સ કથા નઃ કિંકરીણાં ગૃણીતે
ભુજમગરુસુગન્ધં મૂર્ધ્ન્યધાસ્યત્ કદાનુ ॥૨૧॥

શ્રી શુક ઉવાચ

અથોદ્ધવો નિશમ્યૈવં કૃષ્ણદર્શનલાલસાઃ ।
સાન્તવ્યન્ પ્રિયસન્દેશૈર્ગોપીરિદમભાષત ॥૨૨॥

ભ્રમરગીત : ગુજરાતી અનુવાદ

[શ્લોક ૧૨ થી ૨૧ સુધીમાં શ્રીગોપીજનોએ ભ્રમરને ઉદ્દેશીને ઉદ્ધવજી આગળ દર્શાવેલ વિરહવ્યથાના આ ગીતને 'ભ્રમરગીત'કહેવામાં આવે છે. આ શ્લોકોમાં અન્યોક્તિ અલંકાર હોવાથી તેની સંગતિ ભ્રમરને અને ઉદ્ધવજીને એમ બન્નેને લાગુ પડે છે]

ગોપીજને કહ્યું, 'હે મધુપ!કપટીનો મિત્ર હોઈ, તું પણ કપટી છે. મારાં ચરણોને સ્પર્શ ન કરીશ. ખોટાખોટા પ્રણામ કરી અમને રીઝવવાનો દંભ ન કરીશ. અમે જોઈએ છીએ કે શ્રીકૃષ્ણની જે વનમાળા અમારી શોક્યનાં વક્ષઃસ્થળના સ્પર્શથી ચોળાયેલી છે, એનું પીળું કેસર (કુંકુમ) તારી મૂછો પર પણ લાગેલું છે. તું પોતે તો કોઈ પુષ્પને પ્રેમ કરતો નથી, પણ આમતેમ ઊડ્યા કરે છે. જેવા તારા સ્વામી, તેવો તું. (વ્રજપતિ મટી) મધુપતિ બનેલા શ્રીકૃષ્ણ ભલે મથુરાની માનુનીઓને મનાવ્યા કરે. યદુવંશીઓની સભામાં મશ્કરીને પાત્ર એવો એમનો આ કુંકુમ રૂપ કૃપાપ્રસાદ પોતાની પાસે જ રાખે. તારા મારફત એને અહીં મોકલવાની શી જરૂર હતી?'(તું અમોને છેતરવા આવ્યો છે, પરંતુ અમે તને ઓળખી ગયા છીએ જેથી અમો છેતરાઈએ તેમ નથી) (૧૨)

તું જેમ પુષ્પનો રસ લઈ એને છોડી દે છે તેમ ભગવાને પોતાની પરમ માદક અધરસુધાનું એક વખત પાન કરાવીને તરત, અમારો ત્યાગ કરીને પધારી ગયા. તું પાન કરીને ફૂલને છોડે છે, જ્યારે ભગવાન અધર-સુધાનું પાન કરાવીને અમને છોડે છે;એટલો તમારા બન્નેમાં તફાવત છે. બીજી બધી બાબતોમાં તમે બંને (કૃષ્ણ અને ભ્રમર) સરખા જ છો;તો પછી ચંચલ સ્વભાવવાળાં લક્ષ્મીજી એ ભગવાનનાં ચરણકમલની સેવા કેમ કરતાં હશે?અવશ્ય શ્રીકૃષ્ણ સર્વશ્રેષ્ઠ છે, એમ નારદજી જેવા ભક્તો ગાય છે;તેથી તેમનું ચિત્ત એ વખાણ સાંભળી ભ્રમિત થયું હશે. (સ્ત્રીઓ તો સ્વભાવથી ભોળી હોય છે.) (૧૩)

હે ષટ્પદ!અમે તો ઘરબાર વિનાનાં છીએ. અમારી આગળ એ (ગોપીપતિ મટી) યદુપતિ બનેલા શ્રીકૃષ્ણનાં ઝાઝાં ગુણગાન શા માટે ગાય છે?એમનો યશ કંઈ આજકાલનો નથી, તે તો યુગો પુરાણો છે, અને એમ તે ઘણીવાર સાંભળેલો છે. સદાય વિજયશ્રીને વરેલા અર્જુનના એ સખા શ્રીકૃષ્ણની મથુરાની સખીઓ (લક્ષ્મણા)ની પાસે જઈને એ યશ તું ગાય, તો તેઓ પ્રસન્ન થઈ તને જરૂર મનવાંછિત આપશે. (અમે ઘરબાર વિનાની અબળાઓ શું ભલું કરી શકીએ ?) (૧૪)

ત્રણે લોકમાં ભગવાનને કોઈ સ્ત્રી દુર્લભ નથી;કેમકે સ્ત્રીઓ મોહક હાસ્ય અને

નેત્રકટાક્ષથી કરાતા સંકેતને આધીન હોય છે. એ બધું ભગવાનમાં સિદ્ધ હોવાથી તેમને કાંઇ દુર્લભ નથી. એમનાં ચરણની ઉપાસના તો સાક્ષાત્ લક્ષ્મીજી કરે છે. તેમની આગળ અમારો શો હિસાબ?છતાં એ ઉત્તમશ્લોક છે;અને અમો દીન છીએ, તેથી અમારા પર જરૂર કૃપા કરશે. [જો એમ ન કરે, તો ઉત્તમ ભક્તો એમની કીર્તિનું ગાન ન કરે. તેથી અમારે દૂતની કાંઇ અપેક્ષા નથી.](૧૫)

હે મધુકર!તને સાફ કહી દઉં છું કે મારા પગ પર તારું માથું ન ટેકવ. હું જાણું છું કે તું મનમાં કપટ અને વાણીમાં વિનય એવી ખુશામતખોરીમાં ચતુર છે. જરૂર, આ બધું તું શ્રીકૃષ્ણ પાસેથી જ શીખીને આવ્યો છે. પણ નક્કી જાણજે કે અહીં તારી દાળ ગળવાની નથી. જે શ્રીકૃષ્ણ માટે અમે પતિ, પુત્ર, સગાંસંબંધી રૂપ આલોક તથા સ્વર્ગરૂપ પરલોક - એ સર્વસ્વનો ત્યાગ કર્યો;છતાં એની કદર કરવાને બદલે નિર્મોહીની જેમ તે અમને છોડીને ચાલી નીકળ્યા!હવે તું જ કહે, એમની સાથે સમાધાન થાય?એવા ઠગારાનો ભરોસો શી રીતે કરાય?(૧૬)

હે મધુપ!આ લોભી શ્રીકૃષ્ણે રામાવતારમાં પારધીની જેમ છુપાઇને વિના કારણે વાનરોના રાજા વાલીને માર્યો. શૂર્પણખા કામવશ તેમની પાસે આવી હતી;છતાં તેણે પોતાની સ્ત્રીને વશ થઇ, એ બિચારીનાં નાક-કાન કાપી, તેને કદરૂપી બનાવી દીધી!બ્રાહ્મણને ઘેર વામનરૂપે અવતાર ધારણ કરી એમણે બલિરાજાની પૂજાનો સત્કાર કર્યો. બલિરાજાએ તેમને માગેલી વસ્તુ આપી;છતાં કાગડાની જેમ (કાગડો બલિ ખાઇને પણ બલિ આપનારાને પોતાના બીજા સાથીદારો સાથે મળી ઘેરી લઇ હેરાન કરે છે) તેને વરુણપાશથી બાંધી પાતાળમાં મોકલ્યો. શ્યામ શરીરધારી શ્રીકૃષ્ણની મિત્રતાથી હવે તો તોબા!આવી મિત્રતા કરવાથી શો લાભ?છતાં તેમની લીલા-કથાઓ તો અમારા માટે છોડવી મુશ્કેલ છે.(૧૭)

શ્રીકૃષ્ણની લીલાઓનું વર્ણન વ્યાસજી વગેરેએ કર્યું. તે લીલા-કથામૃતના એક કણનો પણ કોઇ એકવાર આદરપૂર્વક રસાસ્વાદ કરી લે, તો તેનાં સુખ-દુઃખ, રાગદ્વેષ વગેરે દ્વન્દ્વ છૂટી જાય છે. પરિણામે તે દુઃખમય ગૃહસ્થાશ્રમ છોડી દઇ, અપરિગ્રહી થઇ જાય છે;અને પરમહંસ (સંન્યાસી) બની, પક્ષીઓ ચણ ચણે, તેમ ભિક્ષા માગી આજીવિકા ચલાવે છે. એમને સંસારનાં કામો રહેતાં નથી;છતાં શ્રીકૃષ્ણની લીલા-કથા છોડી શકતા નથી. હકીકતમાં તેનો રસ એવો છે કે તેના વિના જીવન ટકી ન શકે, તેથી તેનો ત્યાગ અમારાથી થઇ શકતો નથી. (૧૮)

જેમ કૃષ્ણસાર હરણની આજ્ઞાની હરણીઓ પારધીના મધુર ગાનમાં વિશ્વાસ મૂકી, તેની જાળમાં ફસાઇ જાય છે, તેમ અમે ભોળાં ગોપીજનોએ પણ શ્રીકૃષ્ણની કપટવાણીમાં વિશ્વાસ મૂક્યો. આથી તેમના નખ-સ્પર્શથી થનારી કામ-વ્યાધિનો વારંવાર અનુભવ કરીએ છીએ. તેથી શ્રીકૃષ્ણના ઉપમંત્રી એવા હે ભ્રમર!આ વિષયમાં તું મૌન જ રહે. તારે જો કહેવું જ હોય, તો કોઇ બીજી વાત કહે. (૧૯)

હે પ્રિયતમના સખા!તું જઇને પાછો આવ્યો કે શું?પ્રિયતમે પોતાની પાસે બોલાવવા માટે તને મોકલ્યો છે?તું ભગવાનનો દૂત હોવાથી અમારા સન્માનને પાત્ર છે, તારે જે જોઇએ તે માગી લે. હે અંગ!જેમનો સંગ છોડવો ઘણો કઠણ છે, એવા શ્રીકૃષ્ણ એકલા તો કોઇ સમય હોતા નથી;અત્યારે પણ લક્ષ્મીજી તેમના હૃદયમાં કાયમ નિવાસ કરીને રહ્યાં છે;એ શ્રીકૃષ્ણ પાસે અમને શા માટે લઇ જાય છે? [એમને મળ્યા પછી અમે છોડી નહિ શકીએ અને એમના સ્વભાવ પ્રમાણે તે અમને કદાચ તરછોડી દે!અમે તો નિઃસાધન છીએ. વળી અન્ય સ્ત્રીઓથી કોઇપણ સ્ત્રીને ક્લેશ થાય એ સ્વાભાવિક છે, માટે અહીં રહેવામાં જ અમારું હિત છે.](૨૦)

હે સૌમ્ય!ગુરુકુલમાંથી પાછા પધારીને આર્યપુત્ર શ્રીકૃષ્ણ મથુરામાં પ્રસન્નતામાં બિરાજે છે ને?તેઓ પિતા નંદરાયજીના અને માતા જશોદાજીના ઘરને કે ગોવાળોને કોઇવાર યાદ કરે છે ખરા?અમો ગોપીજનો તેમની દાસીઓ છીએ, એવી વાત કદી કરે છે?ખરેખર એ ભગવાન શ્રીકૃષ્ણ અગર કરતાંય વધારે સુગંધિત પોતાનો શ્રીહસ્ત અમારા મસ્તક ઉપર ધરશે?(અમો અબુધ અબળાઓ એમનાં અંતઃકરણને જાણવા અસમર્થ છીએ. અમને માત્ર એમનો અનુગ્રહનો જ મનોરથ છે.) (૨૧)

શ્રી શુકદેવજીએ કહે છે, 'અહો ગોપીજનો!તમે પૂર્ણાર્થ છો, લોકપૂજ્ય છો;કેમકે વાસુદેવ ભગવાનમાં તમારું મન આટલી હદે પહોંચ્યું છે, એ મનને તમે એમનામાં જ ભેળવી દીધું છે, એટલે હવે તમારે કાંઇ કર્તવ્ય બાકી રહેતું નથી.

ઉદ્ધવ ઉવાચ

એતાઃ પરં તનુભૃતો ભુવિ ગોપવધ્વો
ગોવિન્દ એવ નિખિલાત્મનિ રૂઢભાવાઃ ।
વાંછન્તિ યદ્ ભવભિયો મુનયો વયં ચ
કિં બ્રહ્મજન્મભિરનન્તકથારસસ્ય ॥૫૯॥
ક્વેમાઃ સ્ત્રિયો વનચરીર્વ્યભિચારદુષ્ટાઃ
કૃષ્ણ ક્વ ચૈષ પરમાત્મનિ રૂઢભાવઃ ।
નન્વીશ્વરોઽનુભજતોઽવિદુષોઽપિ સાક્ષાત્ -
શ્રેયસ્તનોત્યગદરાજ ઇવોપયુક્તઃ ॥૬૦॥
નાયં શ્રિયોઽઙ્ગ ઉ નિતાન્તરતેઃ પ્રસાદઃ
સ્વર્યોષિતાં નલિનગન્ધરુચાં કૃતોઽન્યાઃ ।
રાસોત્સવેઽસ્ય ભુજદણ્ડગૃહીતકણ્ઠ -
લબ્ધાશિષાં ય ઉદગાદ્ વ્રજવલ્લવીનામ્ ॥૬૧॥
આસામહો ચરણરેણુજુષામહં સ્યાં
વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા
ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥૬૨॥
યા વૈ શ્રિયાર્ચિતંમજાદિ ભિરાપ્તકામૈ -
ર્યોગેશ્વરૈરપિ યદાત્મનિ રાસગોષ્ઠયામ્ ।
કૃષ્યસ્ય તદ્ ભગવતશ્ચરણારવિન્દં
ન્યસ્તં સ્તનેષુ વિજહુઃ પરિરભ્ય તાપમ્ ॥૬૩॥
વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ॥૬૪॥

ઉદ્ધવ-ગીત : ગુજરાતી અનુવાદ

ઉદ્ધવજી બોલ્યા, 'આ પૃથ્વી ઉપર જો કોઇએ દેહ ધારણ કરી જાણ્યો હોય, તો એક આ ગોપવધૂઓ જ દેહધારી કહી શકાય;કેમકે તેઓ સર્વાત્મા ગોવિંદમાં દૃઢ ભાવવાળાં છે. જે ભાવને પામવા સંસારથી ભય પામેલા મુનિઓ અને આપણે સૌ ઇચ્છવા છતાં હજુ પામી શક્યા નથી. અનંત ભગવાનની કથામાં જેને રસ નથી એવા બ્રહ્મજન્મથી પણ શું ફળ? (59)

ક્યાં આ (દહી, દૂધ વેચવાને માટે) વનમાં ફરનારી; આચાર, જ્ઞાન અને જાતિથી હીન (વ્યભિચાર દોષવાળી) ગામડાંની ગોવાલણો અને ક્યાં ભગવાન શ્રીકૃષ્ણમાં આ અનન્ય પરમ પ્રેમ?એમને ધન્ય છે !આથી સિદ્ધ થાય છે કે જેમ કોઇ અજાણતાં પણ ઔષધરાજ અમૃત પી લે, તો પણ તેના વસ્તુ-સામર્થ્યથી જ તમામ રોગોથી મુક્ત અને અમર બની જાય છે. તે જ રીતે, જો કોઇ ભગવાનનું સ્વરૂપ અને માહાત્મ્ય જાણ્યા વિના પણ તેમનું ભજન કરે, તોય પ્રભુ પોતાના સ્વરૂપબલ - કૃપાથી તેનું પરમ કલ્યાણ કરે છે. (૬૦)

ભગવાને રાસોત્સવ વખતે આ વ્રજાંગનાઓના કંઠને ભુજદંડ (શ્રીહસ્ત) વડે ગ્રહણ કરીને એમના મનોરથ પૂર્ણ કર્યા. એમને કૃપાપ્રસાદનું જે દાન કર્યું, એવું સૌભાગ્ય તો ભગવાનની પરમપ્રિય નિત્યસંગિની લક્ષ્મીજીને પણ પ્રાપ્ત થયું નથી. કમળ જેવી સુગંધવાળી અને કાન્તિયુક્ત દેવાંગનાઓ ઉપર પણ એવી કૃપા કરી નથી. પછી અન્ય સ્ત્રીઓની તો વાત જ શી?(૬૧)

મારા માટે સૌથી શ્રેષ્ઠ વાત એ છે કે હું આ વૃંદાવનધામમાં કોઇ ગુલ્મ (ઝાડી), લતા અથવા ઔષધિ (જડીબુટ્ટી) બની જાઉં. અહા!જો હું એ બની જાઉં, તો મને આ વ્રજાંગનાઓની ચરણધૂલિનું નિરંતર સેવન કરવાનો લહાવો મળતો રહે. એમની ચરણરજમાં સ્નાન કરી હું ધન્ય બની શકું. ધન્ય છે આ ગોપીજનોને!જેમને છોડવા અત્યંત મુશ્કેલ છે, તે સ્વજન-સંબંધીઓ તથા લોક-વેદની આર્યમર્યાદાનો પરિત્યાગ કરી એમણે ભગવાનની પદવી, તન્મયતા, એમનો પ્રેમ પ્રાપ્ત કરી લીધો છે. ભગવાનની નિશ્વાસરૂપ સમસ્ત શ્રુતિઓ, ઉપનિષદો પણ અત્યાર સુધી ભગવાનના પરમ પ્રેમમય સ્વરૂપને શોધતી જ રહી છે ! (૬૨)

જે ભગવચ્ચરણનું લક્ષ્મીજી નિરંતર અર્ચન કરે છે, જેના સર્વ કામ પૂર્ણ થયા છે, તેવા બ્રહ્માજી અને સનકાદિક યોગાભ્યાસ વડે તેમનું હૃદયમાં ધ્યાન કરી પ્રાપ્ત કરે છે, તે શ્રીકૃષ્ણના ચરણારવિંદને રાસગોષ્ઠિમાં ગોપીજનો હૃદયમાં ધારણ કરી પોતાના તપને નિવૃત્ત કરે છે;એટલે લક્ષ્મીજી, બ્રહ્માજી, સનકાદિ યોગીઓ જેને પૂજે છે તે ચરણ ગોપીજનોના તાપ દૂર કરવાનું સાધન થાય છે. એમની સ્તુતિ ક્યાં સુધી કરવી?(૬૩)

(ઉદ્ધવજીને લાગ્યું કે ગોપીજનોને તો શું, એમનાં ચરણકમલોને કે એ ચરણરજને પણ નમસ્કાર કરવાની મારી યોગ્યતા નથી, તેથી કહે છે) નંદરાયજીના વ્રજમાં વસનારાં ગોપાંગનાઓની ચરણરેણુના એક કણને હું વારંવાર પ્રણામ કરું છું. તેને મસ્તક પર ચડાવું છું. અહા!આ ગોપીજનોએ શ્રીકૃષ્ણની લીલાકથાઓ સંબંધે જે કાંઇ ઉચ્ચ સ્વરે ગાન કર્યું છે, તે ત્રણે લોકને પવિત્ર કરી રહ્યું છે અને સદાસર્વદા પવિત્ર કરતું રહેશે. (૬૪)



પ. ભ. શ્રી વીઠલભાઇ નનુભાઇ ભંડેરી
પ. ભ. શ્રી પ્રવીણભાઇ નનુભાઇ ભંડેરી
ના પરિવારના જય શ્રી કૃષ્ણ

ગો.વા. કમળાબેન દવેના સ્મરણાર્થે
ડો. છબીલદાસ દવે
ના પરિવારના જયશ્રી કૃષ્ણ

આ સચિત્ર ગ્રંથના પ્રકાશનમાં દ્રવ્યસહાય આપનાર

પરમ ભગવદીય દાતાઓની નામાવલી

૧૧૦૦૧/-	પ.ભ. શ્રી જિતેન્દ્રભાઇ છબીલદાસ દવે પ.ભ.શ્રી નીતાબેન જિતેન્દ્રભાઇ દવે (બીમ ઓફસેટ પ્રા.લિ.) ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	ગો.વા. હંસાબેન વિનોદચંદ્ર શાહ પ.ભ.શ્રી વિનોદચંદ્ર રમણલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	પ.ભ. શ્રી નર્મદાબેન પરસોત્તમદાસ પેથાણી (ગાવકડા) પ.ભ.શ્રી મનસુખભાઇ વલ્લભભાઇ પેથાણી પ.ભ.શ્રી મુક્તાબેન મનસુખભાઇ પેથાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	પ. ભ.શ્રી જીવણભાઇ વડોદરિયા મલ્ટીસ્કેન ગ્રાફીક પ્રોસેસ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	ગો.વા. ચંદુલાલ કરસનદાસ મશરૂવાલા ગો.વા. શ્રી મંગલાગૌરી ચંદુલાલ મશરૂવાલા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	પ.ભ.શ્રી સંદીપભાઇ મહેન્દ્રભાઇ શાહ પ.ભ.શ્રી પ્રીતિબેન સંદીપભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	પ.ભ.શ્રી નીતિનચંદ્ર ભાઇશંકર જાની પ.ભ.શ્રી ત્રિવેણીબેન નીતિનચંદ્ર જાની ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	પ.ભ.શ્રી મહેન્દ્રભાઇ મોહનલાલ શાહ પ.ભ.શ્રી તરલાબેન મહેન્દ્રભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૦૧/-	ગો.વા. બિપિનભાઇ ચુનીલાલ શાહ અતુલ મેડિકલ સ્ટોર્સ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નડિયાદ અમદાવાદ

૧૧૦૧/-	પ.ભ.શ્રી હરિભાઇ કાનજીભાઇ ભંડેરી પ.ભ.શ્રી ગીરધરભાઇ હરિભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૧૧૦૧/-	પ.ભ.શ્રી નનુભાઇ કાનજીભાઇ ભંડેરી પ.ભ.શ્રી ચીમનભાઇ નનુભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી (U.S.A.)
૧૧૦૧/-	પ.ભ.શ્રીમતી મધુબેન નનુભાઇ ભંડેરી પ.ભ.શ્રી ગોરધનભાઇ નનુભાઇ ભંડેરી ના પરિવારના જયશ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૧૧૦૧/-	પ.ભ.શ્રી મનસુખભાઇ નનુભાઇ ભંડેરી પ.ભ.શ્રી રંજનબેન મનસુખભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	(U.S.A.)
૧૧૦૧/-	પ.ભ.શ્રી ઘનશ્યામભાઇ નનુભાઇ ભંડેરી પ.ભ.શ્રી કુસુમબેન ઘનશ્યામભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	(U.S.A.)
૧૧૦૧/-	પ.ભ.શ્રી કાન્તિભાઇ નનુભાઇ ભંડેરી પ.ભ.શ્રી હંસાબેન કાન્તિભાઇ ભંડેરી(.જી.છ.) ના પરિવારના જય શ્રીકૃષ્ણ	
૧૧૦૧/-	પ.ભ.શ્રી વિઠ્ઠલભાઇ નનુભાઇ ભંડેરી પ.ભ.શ્રી પ્રવિણભાઇ નનુભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	(U.S.A.)
૧૧૦૧/-	ગો.વા. રવજીભાઇ રામાભાઇ ભંડેરી ગં.સ્વ. મણિબેન રામભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૧૧૦૧/-	ગો.વા. ભગવાનભાઇ હંસરાજભાઇ સભાયા પ.ભ.શ્રી નરસિંહભાઇ ભગવાનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૧૧૦૧/-	ગો.વા. ગોરધનભાઇ હંસરાજભાઇ સભાયા પ.ભ.શ્રી મનસુખભાઇ ગોરધનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	માધુપુર
૧૧૦૧/-	ગો.વા. મણિલાલ છોટાલાલ શાહ પ.ભ.શ્રી સુરેન્દ્રભાઇ મણિલાલ સાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મહેમદાવાદ

૧૧૦૧/-	પ.ભ. પ્રેમીલાબેન ચંદ્રકાન્તભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	હાથી ખાનાવાળા
૧૧૦૧/-	પ.ભ.શ્રીકૃષ્ણદાસ પરસોત્તમદાસ શેઠ પ.ભ.શ્રી ઊર્મિલાબેન કૃષ્ણદાસ શેઠ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મદ્રાસ
૧૧૦૧/-	પ.ભ.શ્રી લલિતકાંતભાઇ છગનભાઇ પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	દેવગઢબારીયા
૧૧૦૧/-	ગં.સ્વ. મંજુલાબેન બાબુલાલ શાહ પ.ભ.શ્રી મિતાબેન તુષારભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મુંબઇ
૧૧૦૧/-	ગો.વા. તારાબેન રસિકલાલ દેસાઇ પ.ભ.શ્રી રસિકલાલ છગનલાલ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	દાહોદ
૧૧૦૧/-	ગં.સ્વ. કપિલાબેન કૃષ્ણદાસ શાહ પ.ભ.શ્રી કુમુદબેન રજનીકાન્તભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મહુધાવાળા
૧૧૦૧/-	ગો.વા. મદનલાલ ડાહ્યાભાઇ ભગત પ.ભ.શ્રી એચ. એમ.ભગત ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૧૧૦૧/-	ગો.વા. વ્રજલાલભાઇ પ્રેમજીભાઇ લંગાળિયા પ.ભ.શ્રી ભાસ્કરભાઇ વિ.લંગાળિયા ના પરિવારના જયશ્રીકૃષ્ણ	ભાવનગર
૧૧૦૧/-	ગો.વા. ગભરુભાઇ નાનચંદભાઇ મહેતા પ.ભ.શ્રી મણિબેન ગભરુભાઇ મહેતા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાવનગર
૧૧૦૧/-	ગો.વા. ઘનશ્યામસિંહ ખેંગારજીભાઇ વાઘેલા પ.ભ.શ્રી બહાદુરસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાવનગર
૧૧૦૧/-	ગો.વા. હીરાલાલ છબીલદાસ પારેખ પ.ભ.શ્રી હરેન્દ્રભાઇ હીરાલાલ પારેખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાવનગર
૧૧૦૧/-	ગો.વા. આણંદભાઇ પરબતભાઇ પટેલ પ.ભ.શ્રી જયરામભાઇ આણંદભાઇ પટેલ	ભાવનગર

	ના પરિવારના જય શ્રીકૃષ્ણ	
૧૧૦૧/-	ગો.વા. બાલાભાઇ મોતીભાઇ શાહ પ.ભ.શ્રી ચંપાબેન બાલાભાઇ શાહ પ.ભ.શ્રી પ્રવિણભાઇ બાલાભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૧૧૦૧/-	પ.ભ.શ્રી કલ્યાણજીભાઇ વલ્લભભાઇ સાપરિયા પ.ભ.શ્રી પરાગકુમાર ભૂપેન્દ્રભાઇ સાપરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૧૧૦૧/-	ગો.વા. જયંતીલાલ પ્રેમચંદભાઇ સંગાણી પ.ભ.શ્રી જશુબેન જયંતિલાલ સંગાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૧૧૦૧/-	પ.ભ.શ્રી ગિરધરલાલ નરસિંહભાઇ જીવાણી પ.ભ.શ્રી વલ્લભભાઇ નરિસંહભાઇ જીવાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	પાટીદડ
૧૧૦૧/-	ગો.વા. ગંજીબેન ચુનીલાલ ભોગીલાલ પ.ભ.શ્રી મનોરમાબેન હરિપ્રસાદભાઇ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	પ્રાંતિજ (અમદાવાદ)
૧૧૦૧/-	પ.ભ.શ્રી સતવારા મેઘજીભાઇ નથુભાઇ રાઠોડ પ.ભ.શ્રી સતવારા રંભાબેન મેઘજીભાઇ રાઠોડ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાણવડ
૧૧૦૧/-	પ.ભ.શ્રી બિપિનભાઇ શિવપ્રસાદ ત્રિવેદી પ.ભ.શ્રી પ્રવીણાબેન બિપિનભાઇ ત્રિવેદી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૧૧૦૧/-	ગો.વા. કાશીબેન ડાહ્યાલાલ ઉનડકટ પ.ભ.શ્રી નિશાબેન અશ્વિનભાઇ ઉનડકટ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	જામનગર
૧૧૦૧/-	ગો.વા. શાન્તાબેન કેશવલાલ મોદી પ.ભ.શ્રી સૂર્યકાન્તાબેન જયેન્દ્રકુમાર પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ગોધરા
૧૧૦૧/-	ગો.વા. મેઘજીભાઇ ગોવાભાઇ બારદાનવાલા પ.ભ.શ્રી જમનાબેન મેઘજીભાઇ બારદાનવાલા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	(રાજકોટ)
૧૧૦૧/-	ગો.વા. શામજીભાઇ ગોવિંદભાઇ બારદાનવાલા	

	પ.ભ.શ્રી સાકરબેન શામજીભાઇ બારદાનવાલા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	રાજકોટ
૧૧૦૧/-	ગો.વા. સોમાલાલ ચુનીલાલ શાહ પ.ભ.શ્રી મધુબેન કાન્તિલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ (ઉજેડિયા)
૧૧૦૧/-	પ.ભ.શ્રી કિશોરભાઇ જયંતિભાઇ શાહ પ.ભ.શ્રી દક્ષાબેન કિશોરભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૧૧૦૧/-	ગો.વા. પ્રભાબેન નાગરદાસ પારેખ પ.ભ.શ્રી રજનીભાઇ, અરુણાબેન, ચેતનભાઇ, વર્ષાબેન પારેખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૧૧૦૧/-	પ.ભ.શ્રી વસંતભાઇ રમણલાલ શાહ (સરપંચ) પ.ભ.શ્રી મીનાબેન વસંતભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કાંકણપુર
૧૧૦૧/-	ગો.વા. શિવકુંવર મોતીચંદભાઇ જુઠાણી પ.ભ.શ્રી મોતીચંદભાઇ દવજીભાઇ જુઠાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	(માળિયા-હાટીના)
૧૧૦૧/-	ગો.વા. શેઠ શ્રી મથુરદાસ દેવીદાસ પ.ભ.શ્રી જયસિંહભાઇ દેવીદાસભાઇ ભક્તા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	માધનજી ઠાકરસી વરવાળા (દ્વારકા પાસે)
૧૧૦૧/-	પ.ભ.શ્રી શેઠ શ્રી હરિદાસ ધનજી મૂલજી ગો.વા. મૂળીબાઇ હરિદાસ ધનજી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	જામખંભાળિયા મુંબઇ
૧૧૦૧/-	પ.ભ.શ્રી લક્ષ્મીબેન અશ્વિનભાઇ દેસાઇ પ.ભ.શ્રી તારાબેન નવનીતલાલ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ(ઝાલોદ)
૧૧૦૧/-	પ.ભ.શ્રી જગદીશચંદ્ર મોહનલાલ શાહ પ.ભ.શ્રી સુરેખાબેન જગદીશચંદ્ર શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ

૧૧૦૧/-	શ્રી સાત સ્વરૂપ હવેલી ટ્રસ્ટ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચેન્નાઇ (મદ્રાસ)
૧૧૦૧/-	પ.ભ.શ્રી વશરામભાઇ ભીમજીભાઇ વાસાણી પ.ભ.શ્રી સવિતાબેન વશરામભાઇ વાસાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નગરપિપલિયા
૫૦૧/-	ગો.વા. શંભુભાઇ ધનાબાઇ ઠુંમર પ.ભ.શ્રી બાલાભાઇ શંભુભાઇ ઠુંમર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૫૦૧/-	ગો.વા. નરસિંહભાઇ ભગવાનભાઇ શિરોયા ગો.વા. મણિબેન નરસિંહભાઇ શિરોયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કમી
૫૦૧/-	ગો.વા. મગનભાઇ ભીમજીભાઇ સેલડિયા ગં.સ્વ. શારદાબેન મગનભાઇ સેલડિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચલાલા
૫૦૧/-	ગો.વા. લાલજીભાઇ મૂળજીભાઇ રાદડિયા પ.ભ.શ્રી વિઠ્ઠલભાઇ લાલજીભાઇ રાદડિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમૃતવેલ
૫૦૧/-	ગો.વા. મથુરભાઇ લાલજીભાઇ સભાયા ગં.સ્વ. સવિતાબેન મથુરભાઇ સભાયા ના પરિવાના જય શ્રીકૃષ્ણ	માધુપુર
૫૦૧/-	ગો.વા. અનુભાઇ લાલજીભાઇ સભાયા ગં.સ્વ. લાભુબેન અનુભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	માધુપુર
૫૦૧/-	ગો.વા. વિઠ્ઠલભાઇ લાલજીભાઇ સભાયા ગં.સ્વ. શારદાબેન વિઠ્ઠલભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નાના વિસાવદર
૫૦૧/-	પ.ભ.શ્રી પરસોત્તમભાઇ મનજીભાઇ ડોબરિયા પ.ભ.શ્રી પુરીબેન પરસોત્તમભાઇ ડોબરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	દીતલા
૫૦૧/-	પ.ભ.શ્રી વેલજીભાઇ કેશવભાઇ ખાંટ પ.ભ.શ્રી રંભાબેન વેલજીભાઇ ખાંટ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	રાજકોટ

૫૦૧/-	પ.ભ.શ્રી બાલુભાઇ રામભાઇ સાવલિયા પ.ભ.શ્રી ચંપાબેન બાલુભાઇ સાવલિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	હુડલી
૫૦૧/-	પ.ભ.શ્રી પ્રેમજીભાઇ લવાભાઇ સાવલિયા પ.ભ.શ્રી સવિતાબેન પ્રેમજીભાઇ સાવલિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	હુડલી
૫૦૧/-	ગો.વા. જાદવભાઇ અરજણભાઇ ખોયાણી ગં.સ્વ. શાન્તાબેન જાદવભાઇ ખોયાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમરાપુર-ધાનાણી
૫૦૧/-	ગો.વા. સામજીભાઇ કાનજીભાઇ ભંડેરી પ.ભ.શ્રી લાલજીભાઇ શામજીબાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૫૦૧/-	ગો.વા. મફતલાલ મુલચંદભાઇ ગાંધી પ.ભ.શ્રી સાકુબેન હીરાલાલ ગાંધી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કલોલ
૫૦૧/-	પ.ભ.શ્રી શિરીષભાઇ કાન્તિલાલ શેઠ પ.ભ.શ્રી પ્રજ્ઞાબેન શિરીષભાઇ શેઠ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૧/-	પ.ભ.શ્રી જીવરાજભાઇ પંચાણભાઇ હિંગરાજિયા પ.ભ.શ્રી મંજુલાબેન જીવરાજભાઇ હિંગરાજિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મહોબતપુર (નવાગામ)
૫૦૧/-	પ.ભ.શ્રી ગોકુળભાઇ રણછોડભાઇ રાજાણી પ.ભ.શ્રી લાભુબેન ગોકુળભાઇ રાજાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કેશોદ
૫૦૧/-	પ.ભ.શ્રી દેવજીભાઇ જીવરાજભાઇ બેચરા પ.ભ.શ્રી ગિરધરભાઇ દેવજીભાઇ બેચરા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	સોનવાડિયા
૫૦૧/-	પ.ભ.શ્રી જશવંતલાલ હીરાલાલ શાહ પ.ભ.શ્રી મધુરીકાબેન જશવંતલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ.

૫૦૧/-	શ્રી રજનીકાન્તભાઇ ચંદુભાઇ કોઠારી પ.ભ.શ્રી પ્રેમિલાબેન રજનીકાન્તભાઇ કોઠારી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૧/-	પ.ભ.શ્રી નરેશચંદ્ર રતિલાલ કોઠારી પ.ભ.શ્રી ઇન્દીરાબેન નરેશચંદ્ર કોઠારી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૧/-	પ.ભ.શ્રી ગુણવંતભાઇ હંસરાજભાઇ શેઠ પ.ભ.શ્રી ઇન્દુબેન ગુણવંતભાઇ શેઠ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૫૦૧/-	ગો.વા. પ્રવીણભાઇ મોતીચંદ જુઠાણી જુઠાણી પરિવારના જય શ્રીકૃષ્ણ	માળિયા-હાટીના
૫૦૧/-	પ.ભ.પ્રફુલ્લભાઇ સોમાલાલ શાહ પ.ભ.શ્રી જ્યોત્સ્નાબેન પ્રફુલ્લભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કાંકણપુર
૫૦૧/-	ગો.વા. છોટાલાલ તથા ગો.વા. કમળાબેન પ.ભ.શ્રી દેવીબેન તથા જયંતિલાલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	(દેવગઢબારિયા) (U.S.A.)
૫૦૧/-	ગો.વા. મોહનલાલ ગોરધનદાસ શાહ ગો.વા. ચંદનબહેન મોહનલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વનોડા
૫૦૧/-	પ.ભ.શ્રી હેમંતભાઇ નીતિનભાઇ જાની પ.ભ.શ્રી છાયાબેન હેમંતભાઇ જાની ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી પોપટભાઇ શંભુભાઇ ડુંમર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી વાલજીભાઇ મોહનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી બાલુભાઇ મોહનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	ગં.સ્વ. કાશીબેન સવજીભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી

૨૫૧/-	ગો.વા. નાગજીભાઇ મોહનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	દુધાળાગીર
૨૫૧/-	પ.ભ.શ્રી હરિભાઇ કરશનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી મધુભાઇ ખોડાભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	ગો.વા. શ્રી જેરામભાઇ ઝીણાભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	ગો.વા. દૂદાભાઇ ઝીણાભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	ગો.વા. ગોવિંદભાઇ પ્રેમજીભાઇ અંટાળા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	ગો.વા. લક્ષ્મણભાઇ ભવાનભાઇ કાનાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી મોહનભાઇ શંભુભાઇ કાનાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી લવજીભાઇ ઝીણાભાઇ જીયાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી પ્રાગજીભાઇ છગનભાઇ જીયાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી બાલુભાઇ ખોડાભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી કાનજીભાઇ મૂળજીભાઇ કીકાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	પુંજાપાદર
૨૫૧/-	પ.ભ.શ્રી કાળુભાઇ બાવચંદભાઇ ગઢીયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	સાડિયા
૨૫૧/-	પ.ભ.શ્રી કાન્તિભાઇ કેશુભાઇ વસાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	પાણીયાદેવ
૨૫૧/-	પ.ભ.શ્રી લાલજીભાઇ જીવરાજભાઇ કાથરોટિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચલાલા

૨૫૧/-	પ.ભ.શ્રી કનુભાઇ આંબાભાઇ કાથરોટિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચલાલા
૨૫૧/-	પ.ભ.શ્રી લાભુબેન નાગજીભાઇ માળવિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કેરિયાવાડ
૨૫૧/-	પ.ભ.શ્રી ધોળીબેન ભીમજીભાઇ લાખાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	તરવડા
૨૫૧/-	પ.ભ.શ્રી લાભુબેન ધીરજલાલ ધડુક ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચરખડિયા
૨૫૧/-	પ.ભ.શ્રી કાશીબેન નાનજીભાઇ કથીરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નડીઆદ
૨૫૧/-	ગં.સ્વ. સમજુબેન નરસિંહદાસ કાબરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	સાવરકુંડલા
૨૫૧/	પ.ભ.શ્રી જેરામભાઇ લક્ષ્મણભાઇ કુંભાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી કુંકાવાવ
૨૫૧/-	પ.ભ.શ્રી સમજુબેન વલ્લભભાઇ કુંભાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	બરવાળા બાવીસી
૨૫૧/-	પ.ભ.શ્રી સંતોકબેન વીરજીભાઇ ભીમાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમરાપુર ધાનાણી
૨૫૧/-	પ.ભ.શ્રી સવિતાબેન લવજીભાઇ ગેવરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમરાપુર ધાનાણી
૨૫૧/-	પ.ભ.શ્રી પુનાભાઇ મનજીભાઇ ગેવરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમરાપુરા ધાનાણી
૨૫૧/-	પ.ભ.શ્રી રવજીભાઇ મોહનભાઇ ગેવરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમરાપુર ધાનાણી
૨૫૧/-	પ.ભ.શ્રી કંચનબેન ગિરધરભાઇ સોની ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમરાપુર ધાનાણી
૨૫૧/-	ગો.વા.શ્રી હરજીવનદાસ મોનજીભાઇ તેલી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચલાલા
૨૫૧/-	પ.ભ.શ્રી જેઠાલાલ ગોપાળભાઇ ગજેરા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વંડા

૨૫૧/-	ગો.વા. શ્રી કાશીબેન ગોરધનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	માધુપુર
૨૫૧/-	ગો.વા. ધોળીબેન ભગવાનભાઇ સભાયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી ગોવિંદભાઇ શંભુભાઇ ઠુંમર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી નંદલાલ રણછોડદાસ સુતાર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	દુધાળા(ઘેટી)
૨૫૧/-	પ.ભ.શ્રી હરિબેન ડાહ્યાલાલ પાસાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	આંબરડી (જામ)
૨૫૧/-	પ.ભ.શ્રી આંબાબેન બાબુભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી અંબાબેન મનજીભાઇ ડુંગર ના પરિવારના જયશ્રી કૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	પ.ભ.શ્રી કાશીબેન છગનભાઇ ત્રાપસિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	સાવરકુંડલા
૨૫૧/-	પ.ભ.શ્રી વલ્લભભાઇ નારણભાઇ કાથરોટિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચલાલા
૨૫૧/-	સવિતાબેન નરસિંહભાઇ સોઢા (પિતાશ્રી) ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	ગં.સ્વ.પ.ભ.શ્રી ભાનુબેન નનુભાઇ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમરેલી
૨૫૧/-	પ.ભ.શ્રી નાગજીભાઇ ખોડાભાઇ ગોધાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નવી હળિયાદ
૨૫૧/-	પ.ભ.શ્રી ઉજીબેન કરસનભાઇ હીરાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોટી ગરમલી
૨૫૧/-	ગો.વા. દિનેશકુમાર મગનલાલ શેલડિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચલાલા
૨૫૧/-	પ.ભ.શ્રી એક વૈષ્ણવ પાનસુરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચલાલા
૨૫૧/-	પ.ભ.શ્રી નટવરલાલ હરગોવિંદદાસ શાહ	મુંબઇ

	ના પરિવારના જય શ્રીકૃષ્ણ	
૨૫૧/-	પ.ભ.શ્રી છોટાલાલ જીવરાજભાઇ મહેતા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી મહેશભાઇ એસ. પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી સુશીલાબેન ગોપાલદાસ પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મુંબઇ
૨૫૧/-	પ.ભ.શ્રીમતી હેમાંગીબેન દિલીપભાઇ સંપટ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભુલેશ્વર, મુંબઇ
૨૫૧/-	પ.ભ.શ્રી કાંતિલાલ વિઠ્ઠલદાસ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભુલેશ્વર, મુંબઇ
૨૫૧/-	પ.ભ.શ્રી કાંતાબેન કાંતિલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભુલેશ્વર, મુંબઇ
૨૫૧/-	પ.ભ.શ્રી જશુમતીબેન સૌભાગ્યચંદભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી તારામતી ભૂપેન્દ્રભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી જનકભાઇ મકવાણા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી જિતેન્દ્રભાઇ ગાંધી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મુંબઇ
૨૫૧/-	પ.ભ.શ્રી રસિકભાઇ મણિલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી અમૃતલાલ નંદલાલ પારેખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	રાજુલાવાળા
૨૫૧/-	પ.ભ.શ્રી જિતેન્દ્રભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મુંબઇ
૨૫૧/-	પ.ભ.શ્રી ગોપાલદાસ હીરજીભાઇ મરચન્ટ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર

૨૫૧/-	પ.ભ.શ્રી ગિરધરભાઇ કેશવજીભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી નાગરભાઇ નથુભાઇ કામદાર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી કિશનભાઇ ડી. ઝવેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	ગો.વા. શ્રીમતી જમકુરબાઇ જમનાદાસ (હીંગવાળા) ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	પ.ભ.શ્રી વલ્લભભાઇ ડી. ઝવેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ચેમ્બુર-મુંબઇ
૨૫૧/-	પ.ભ.શ્રી અરવિંદભાઇ એચ. ગાંધી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	
૨૫૧/-	પ.ભ.શ્રી ધીરજલાલ રતિલાલ મહેતા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઘાટકોપર
૨૫૧/-	ગં.સ્વ.પ.ભ.શ્રી તારાબેન રણછોડલાલ પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વિરાર(મુંબઇ)
૨૫૧/-	પ.ભ.શ્રી કિરણભાઇ બિપિનભાઇ ઝવેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી શર્મિષ્ઠાબેન ગિરધરલાલ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	દાહોદ
૨૫૧/-	પ.ભ.શ્રી જયાગૌરીબેન રામજીભાઇ દુધિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કેશોદ
૨૫૧/-	પ.ભ.શ્રી બાલમુકુન્દભાઇ છોટાલાલ પટેલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વડોદરા
૨૫૧/-	પ.ભ.શ્રી મથુરભાઇ હરદાસભાઇ ત્રાંબડિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મેરવદર
૨૫૧/-	ગો.વા. અનંતરાય વલ્લભદાસ સંઘાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કલકત્તા
૨૫૧/-	પ.ભ.શ્રી સૂર્યકાન્તભાઇ મદનલાલ ભગત ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નૈરોબી

૨૫૧/-	ગો.વા: વેલજીભાઇ પ્રેમજીભાઇ અઘેરા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વેજા
૨૫૧/-	ગો.વા. નાથાભાઇ જીવરાજભાઇ ભુવા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	કાલીથડ
૨૫૧/-	ગો.વા. ઉમેદલાલ દામોદરદાસ પરમાર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	મોવિયા
૨૫૧/-	શ્રી સત્સંગ મંડળ સતારા ના સભ્યોના જય શ્રીકૃષ્ણ	સતારા
૨૫૧/-	પ.ભ.શ્રી રવજીભાઇ લક્ષ્મણભાઇ સાપરિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	જામનગર
૨૫૧/-	પ.ભ.શ્રી શિરીષભાઇ સાકરલાલ શેઠ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	દાહોદ
૨૫૧/-	પ.ભ.શ્રી રમેશભાઇ ખાંડાભાઇ વીરપરા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	હડમતવાળા
૨૫૧/-	પ.ભ.શ્રી દામજીભાઇ હરિભાઇ ભાલાલા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વેજાગામ
૨૫૧/-	પ.ભ.શ્રી જાદવજીભાઇ રૂડાભાઇ ભાલોડી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અનિડા(ભાલોડી)
૨૫૧/-	ગો.વા. શ્રી રાડિયા હસમુખભાઇ શામજીભાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાણવડ
૨૫૧/-	ગો.વા. શ્રી મથુરદાસ લીલાધરભાઇ ભગત ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાણવડ
૨૫૧/-	પ.ભ.શ્રી સ્મિતાબેન કુમારભાઇ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	ગો.વા. પ્રવીણચંદ્ર ગોરધનદાસ દંગી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વઢવાણ સીટી
૨૫૧/-	પ.ભ.શ્રી રજનીકાન્તભાઇ નવનીતલાલ તલાટી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી યોગેશકુમાર નટવરલાલ બક્ષી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	(યુ.એસ.એ.)

૨૫૧/-	પ.ભ.શ્રી લવજીભાઇ એચ. માંડલિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	જામનગર
૨૫૧/-	પ.ભ.શ્રી સોની સુંદરજીભાઇ મગનલાલ માંડલિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	જામનગર
૨૫૧/-	પ.ભ.શ્રી જગમોહનભાઇ હરજીવનદાસ પારેખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ (મોરબી)
૨૫૧/-	ગો.વા. જમનાદાસભાઇ લાલજીભાઇ ઠકરાર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વેરાવળ
૨૫૧/-	પ.ભ.શ્રી ગોવિંદભાઇ ડાહ્યાભાઇ ભંડેરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	રાજકોટ
૨૫૧/-	ગો.વા. મોહનલાલ ગોકળભાઇ કણસાગરા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	રાજકોટ
૨૫૧/-	પ.ભ.શ્રી રાધિકાબેન વિનોદચંદ્ર ધીરજલાલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ધારી
૨૫૧/-	પ.ભ.શ્રી શાહીબાગ ભક્તિ પરિવાર ના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી ભદ્રાબેન વિનુભાઇ ઠક્કર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	ગો.વા. શ્રી જયોત્સ્નાબેન અમૃતલાલ બુદ્ધદેવ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	ગો.વા. શ્રી સોની કરસનદાસ વિઠ્ઠલદાસ ધીણોજા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ગોંડલ
૨૫૧/-	ગો.વા. લીલાવતીબેન નાથાલાલ કાનાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાણવડ
૨૫૧/-/-	ગો.વા. ગિરધરલાલ મોહનલાલ (ચુડાવાળા) ના પરિવારના જય શ્રીકૃષ્ણ	વઢવાણ સીટી
૨૫૧/-	પ.ભ.શ્રી કોકિલાબેન માણેકલાલ મિસ્ત્રી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ખંભાત

૨૫૧/-	ગો.વા. શ્રી દેવાંગભાઇ અનિલકુમાર પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ખંભાત
૨૫૧/-	ગો.વા. સુશીલાબેન જમનાદાસ ધોલેરાવાળા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	સાણંદ
૨૫૧/-	ગો.વા. જેઠાલાલ બળદેવદાસ ધોલેરાવાળા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	સાણંદ
૨૫૧/-	ગો.વા. સતવારા તુલસીભાઇ નથુભાઇ પરમાર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાણવડ
૨૫૧/-	પ.ભ.શ્રી વિમળાબેન ચીમનલાલ બેન્કર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી હેમલતાબેન કનૈયાલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી સતવારા મનજીભાઇ ડાહ્યાભાઇ બુમતારિયા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ભાણવડ
૨૫૧/-	ગો.વા. વિલાસબેન વાડીલાલ કોઠારી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	ઝાલોદ
૨૫૧/-	પ.ભ.શ્રી છગનભાઇ વેલજીભાઇ પ્રજાપતિ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નિકાવા
૨૫૧/-	પ.ભ.શ્રી મગનભાઇ સુરાભાઇ રામાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નગર પીપલિયા
૨૫૧/-	પ.ભ.શ્રી ઘનશ્યામભાઇ તારાચંદ પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી આજલ જિતેન્દ્રભાઇ પટેલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી કાન્તિલાલ ગોવિંદલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી પંકજભાઇ સાકરલાલ ચોક્સી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી ઇન્દ્રવદનભાઇ કેશવલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ

૨૫૧/-	પ.ભ.શ્રી મહેન્દ્રકુમાર સોમચંદભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી જેસિંગભાઇ હિંમતલાલ શેઠ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી માલતીબેન મહેન્દ્રભાઇ ઠાકર ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	ગં.સ્વ.શ્રી કાન્તાબેન રસિકલાલ ચોક્સી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી, કુંજલતાબેન બચુભાઇ તલાટી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી કમલેશભાઇ રસિકલાલ પટેલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી નીતિનભાઇ ઠાકોરલાલ જોષી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી ચંદ્રિકાબેન ચીમનલાલ બોડીવાલા ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી કિશોરભાઇ જયંતિલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી કોકિલાબેન મનુભાઇ રાઠોડ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી અવિનાશભાઇ સુબોધચંદ્ર શાસ્ત્રી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી દુધીબેન ભીમજીભાઇ વાસાણી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	નગરપીપલિયા
૨૫૧/-	ગો.વા. જશવંતરાય એચ. દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	સિહોર
૨૫૧/-	પ.ભ.શ્રી મનુભાઇ માણેકલાલ પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી કિશોરભાઇ એચ.પટેલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ

૨૫૧/-	પ.ભ.શ્રી સુભાષભાઇ બાબુભાઇ સોની ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી અમરીષભાઇ ચીમનલાલ પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી આનંદલાલ ત્રિકમલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી ભાર્ગવભાઇ હરિપ્રસાદ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી નવીનચંદ્ર મૂલચંદભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી મણિકાન્તભાઇ ત્રિકમલાલ નાગોરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	ગો.વા. શ્રી હરેશકુમાર ત્રંબકલાલ નાગોરી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી દામિનીબેન હર્ષદભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી રસિકલાલ માણેકલાલ પરીખ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી વિનોદચંદ્ર રમણલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી અશ્વિનભાઇ નવનીતલાલ દેસાઇ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી વિનોદભાઇ પરસોત્તમદાસ પટેલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી કાંતિભાઇ સોમાલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી સુધાબેન હસમુખભાઇ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી શ્રીકાન્તભાઇ સોમાલાલ ગાંધી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ

૨૫૧/-	પ.ભ.શ્રી જયંતિલાલ કેશવલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી મુકેશભાઇ અમૃતલાલ ગાંધી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી દામોદરભાઇ પુષ્કરભાઇ શુકલ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી નવનીતલાલ સાંકળચંદભાઇ ગાંધી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી મુકુન્દભાઇ રતિલાલ શાહ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી વિપુલ ભાઇલાલભાઇ સોની ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી શિરીષભાઇ કાંતિલાલ શેઠ ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	પ.ભ.શ્રી મનસુખભાઇ કાનજીભાઇ મિસ્ત્રી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	
૨૫૧/-	પ.ભ.શ્રી નિરંજનભાઇ જયેન્દ્રભાઇ દોશી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ
૨૫૧/-	'વ્રજમંડળ' C/o.કુસુમબેન અને જ્યોતિબેન દોશી ના પરિવારના જય શ્રીકૃષ્ણ	અમદાવાદ